પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : રવિશંકર રાવળ


કુમાર

તંત્રી : ધીરુ પરીખ
સળંગ અંક
૮૫૯

વર્ષ બોંતેરમું
માહે ઑગસ્ટ
ઓગણીસસો નવ્વાણું



રવીન્દ્રનાથ ઠાકુરની એક કલાકૃતિ • લાગે છે ને કોઈ લજ્જામયી કે લાવણ્યમયી લલના ? પરન્તુ રવીન્દ્રનાથ તો કહે છે : '...લોકો મને મારાં ચિત્રોનો અર્થ પૂછ્યા કરે છે...મને માત્ર એટલો સંતોષ છે કે મારાં ચિત્રો કોઈ વસ્તુ કે વાત બતાવનારા પ્રયત્નમાંથી ઊપજ્યાં નથી. પણ લય-છંદ માટેના સહજ વલણથી રેખાઓ અને રંગના



[ચિત્રકાર] ઝૂલત શ્યામ સંગ રાધે [અરૂપાનંદ ભોઈ

ઓરિસ્સાની પરંપરાગત શૈલીમાં પારંપરિક વિષય લઈ ત્યાંના કલાકાર અરૂપાનંદે આ સુંદર પટચિત્ર તૈયાર કર્યું છે. સુતરાઉ કાપડ પર માટીમાંથી બનાવેલા રંગો દ્વારા આ અનુકૃતિરૂપ સંયોજનયુક્ત ચિત્ર આસ્વાદ્ય બની રહે છે.

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક

An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઈન્સાઈક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૫૦ મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૫૦ + ૧૫ = ૧૬૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ વર્ષથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશ્યું છે એ નિમિત્તે 'કુમાર'ગ્રાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.
સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-
આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.
આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'ના લવાજમમાં વધારો

છેલ્લાં બેએક વર્ષથી મુદ્રણસામગ્રી, મુદ્રણ, ટપાલદરો આદિમાં સતત વધારો થતો રહ્યો હોવા છતાં પણ અમે 'કુમાર'નું લવાજમ યથાવત રાખ્યું હતું અને પૃષ્ઠસંખ્યા સતત વધારતા રહ્યા છીએ. પરન્તુ હવે ઉપરોક્ત સંજોગોમાં અમારે નાછૂટકે લવાજમમાં વધારો કરવો પડ્યો છે.

હવે જુલાઈ ૧૯૯૯થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ.૧૫૦-૦૦ કર્યું છે. આથી ૧લી જુલાઈ ૧૯૯૯થી નવા દરે લવાજમ રૂપિયા ૧૫૦ (દોઢસો) ભરવાનું રહેશે. હવેથી સીધું અમને લવાજમ મોકલનાર ગ્રાહકો માટે ત્રણ વર્ષનું લવાજમ રૂપિયા ૪૦૦ તથા પાંચ વર્ષનું લવાજમ રૂપિયા ૭૦૦ રાખવામાં આવ્યું છે. **૧લી જુલાઈ પછી જેમનું લવાજમ રૂ. ૧૦૦ મળશે તેમને આઠ માસ માટે ગ્રાહક ગણવામાં આવશે.**

અમારું આ લવાજમ વધારો સહુ ગ્રાહકો નિભાવી લેશે તેવી શ્રદ્ધા છે. 'કુમાર'ની ગુણવત્તા અને સ-રસતા દૃઢાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

સ્નેહાધીન
[signature]
તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચેરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૨મું

અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેકટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑગસ્ટ 　 ૧૯૯૯

આ અંકમાં શું

કુમાર સળંગ અંક ૮૫૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૯, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦: પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦, અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

કમ્પ્યૂટર વ્યવસાયી હોવાને કારણે શ્રી પ્રહ્લાદભાઈ પટેલનો 'Y2K' લેખ ખૂબ જ રસપૂર્વક વાંચ્યો. શરૂઆતમાં જ એક હકીકતદોષ છે, જે પ્રત્યે ધ્યાન દોરું છું. કમ્પ્યૂટરને લગતા અંગ્રેજી મેગેઝીનોમાં Y2Kનો અર્થ Year 2000 Krisis તેવો વાંચવા મળ્યો છે. જેમાં Crisisનો 'C' લેવાને બદલે અમેરિકન અંગ્રેજી મુજબ 'K' લેવામાં આવ્યો છે.

માત્ર સાહિત્ય વિષયક લેખો વગેરે પ્રસિદ્ધ કરવાની સાથે સાથે આવા આધુનિક પ્રશ્નોને સ્પર્શતા લેખો પણ ચાલુ રાખવા અનુરોધ કરું છું. - જિજ્ઞેશ (જામનગર)

'કુમાર'ના ૮૫૭માં અંકમાં 'પસ્તીના પાના'ની તા. ૮-૮-૯૧ની નોંધમાં લેખકે જણાવેલ છે કે ૧૯૪૭માં દેશના ભાગલા વખતે બિઆસ અને સતલજ નદીઓમાંનું કેટલું પાણી ભારત વાપરે તેના સ્પષ્ટ કરાર થયેલા છે. આ અંગે થોડી સ્પષ્ટતા અને ઉમેરો જરૂરી છે.

હિંદની આઝાદીની સાથે સાથે દેશનું વિભાજન થતા એવા મોટા પ્રશ્નો ઊભા થયા કે સરકાર તેમાં ગળાડૂબ રહી. રેડક્લીફ એવોર્ડ અને સરહદની આંકણી પણ ૧૫મી ઑગસ્ટ પછી થઈ. પંજાબમાં અને અન્ય પ્રદેશોમાં મોટા પાયે ખૂના-મરકી અને કત્લેઆમાં થતા પંજાબમાંથી ધાડાને ધાડા હિજરતીઓ આવ્યા. આ બધાં મુશ્કેલ પ્રશ્નોનું સમાધાન કરવાનું હતું એટલે નદીઓના પાણીની વહેંચણીનો પ્રશ્ન કામચલાઉ ધોરણે હલ કરવામાં આવેલ.

પરિસ્થિતિ જેમ જેમ થાળે પડવા માંડી તેમ તેમ અન્ય પ્રશ્નોની સાથે સાથે પંજાબની નદીઓના પાણીની વહેંચણીનો પ્રશ્ન પણ હાથ ઉપર લેવામાં આવ્યો. ઘણી ચર્ચા-વિચારણાને અંતે છેક ૧૯૬૦માં આ અંગે કરારો થયા જે નેહરુ-નૂન કરારો તરીકે ઓળખાયા. આ કરારો દેશમાં બહુચર્ચિત થયા નથી પણ થોડા વખત પહેલાં વિશ્વ ગુજરાતી પરિષદમાં આ અંગે ગુજરાતને થયેલા અન્યાય અંગે અમુક સ્વરો સાંભળવામાં આવ્યા.

અખંડ ભારત ભૌગોલિક રીતે ચાર નદીઓના ઝોનમાં વહેંચાયેલ હતું : ગંગા બેઝિન, બ્રહ્મપુત્રા બેઝિન, સિંધુ બેઝિન અને દક્ષિણ હિંદમાં કાવેરી બેઝિન. ગુજરાતનો સમાવેશ સિંધુ બેઝિનમાં થતો હતો. પ્રાગૈતિહાસિક કાળમાં સિંધુ નદી કચ્છના રણમાં થઈને લખપત પાસે અરબી સમુદ્રને મળતી હતી. સિંધુની પેટા-નદીઓ લોથલ પાસે અથવા ધોલેરા-વલ્લભીપુર પાસે ખંભાતના અખાતમાં મળતી હોવાનું કહેવાય છે.

સિંધુ નદી ઉપર સક્કર બેરેજ બાંધવામાં ગુજરાતીઓનો મોટો ફાળો હતો. સિંધુનું પાણી ગુજરાત (કચ્છ અને બનાસકાંઠા)માં લાવી શકાય તે પ્રમાણે ઇજનેરી લેવલો પણ મળતા હતાં. ગુજરાત રાજ્ય સિંધુ બેઝિનમાં હોવાને કારણે આંતરરાષ્ટ્રિય કાયદાના Reparian Right મુજબ સિંધુના પાણી ઉપર ગુજરાતનો હક્ક થતો હતો પણ તે વખતનું ઇજનેરી અજ્ઞાન અને રાજદ્વારી ઉપેક્ષાને કારણે ગુજરાતે આવી કોઈ માગણી કરી નહિ અને આપણે સિંધુના પાણી ઉપરનો હક્ક ગુમાવી બેઠા.

- નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

અમેરિકન કોપરાપાક

ભારતથી અમેરિકા આવી સ્થાયી થયેલી પ્રજાની વસ્તી, આશરે પંદર લાખની હશે. એમાંથી અડધા તો ગુજરાતી છે. અમેરિકાની કુલ વસ્તીના પ્રમાણમાં તો આપણે માંડ એક ટકો હોઈશું.

હવે એક નવો યુવાવર્ગ તૈયાર થઈ રહ્યો છે, જેનાં માતાપિતાં આવા NRI છે, પણ આ બાળકો અહીં U.S.A. ની ભૂમિ ઉપર જન્મ્યાં છે. મજાકમાં આ વર્ગને તમે ભલે ABCD કહો (ABCD એટલે American Born Confused Deshi). વાસ્તવમાં આ યુવાન વર્ગ ખૂબ મહેનતુ અને તેજસ્વી છે. અંગ્રેજીમાં અહીં આ વર્ગ ને 'Coconut Kids' કહેવાય છે. બહારથી બદામી રંગ દેખાય કઠોર. ભારતની પ્રજા જેટલી ઉપરછલ્લી નમ્રતા આમનામાં નથી, પરંતુ અંદરથી કોપરા જેવા સફેદ! બિલકુલ વ્હાઈટ અમેરિકનની બ્રાઉન જેવા.

આ બાળકો એમનાં માતાપિતાને ખુશ રાખવા, 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' જેવા બેચાર શ્લોકો ગોખી રાખે. પણ એમને સાચો રસ છે કમ્પ્યૂટરમાં, ભણતરમાં અને અમેરિકાના વર્તમાન રાજકારણમાં. અમેરિકાની કેટલીક યુનિવર્સિટીમાં તો આ એશિયન કિડ્સ સારી ગ્રેડને લીધે એટલા મોટા પ્રમાણમાં આવવા લાગ્યાં છે કે ક્વોટાપદ્ધતિ રાખીને એશિયનના વિદ્યાર્થીઓનું પ્રમાણ, વિશ્વ-વિદ્યાલયમાં ઘટાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. વ્હાઈટ હાઉસમાં કે ધારાસભાના સભ્યોની ઑફિસોમાં આપણાં બાળકો તાલીમ લઈ રહ્યાં છે; અને ઉજ્જવળ કારકિર્દીની તૈયારી કરે છે.

આ યુવાવર્ગની બીજી એક વિશેષતા છે તે એમનામાં પ્રશ્નો પૂછવાની હિંમત. આપણી આંધળી પ્રણાલિકાઓ સામે બંડ ઉઠાવવાની શક્તિ છે. એક વાર હું મારા દીકરાને 'પરમાત્મા એક જ છે પણ ઋષિઓ ભિન્નભિન્ન નામથી ઓળખે છે' એવું વેદવાક્ય સમજાવતો હતો. ૧૬ વર્ષનો મારો દીકરો, આખું ભાષણ સાંભળ્યા પછી એટલું જ બોલ્યો 'તમારી વાતમાં જો તમને પોતાને જ શ્રદ્ધા હોય તો આ Monkey God, Elephant Godને બીજા દસ અલગ અલગ દેવ-દેવીઓના ફોટા લટકાવ્યા છે તે ઉતારી દો.' એણે પછી મને જે પ્રશ્નો પૂછ્યા તેથી મને પરસેવો થઈ ગયો! 'જો ભગવાન એક છે તો આટલા બધા સંપ્રદાયો કેમ? આપણાં મંદિરોમાં એક મૂર્તિને બદલે અસંખ્ય મૂર્તિ કેમ? આત્મા જો પરમાત્મા છે તો હજારો

(અનુસંધાન પૃ. ૪૭૬)

ગુરુજી, તમે / જયન્ત પાઠક

(ગાન)

ગુરુજી, તમે ખરા હું ખોટો.
નકરા કણ-શા તમે ગુરો, હું પાણીનો પરપોટો. ગુરુજી ૦

રમતાં રમતાં તમે ભણી દો
ચાર વેદના ભેદ;
બે અક્ષર સાચા બોલ્યામાં
અમને ચઢતો ખેદ;
તમે ઉકેલો અંજાણ્યું ને અમે વાળીએ ગોટો! ગુરુજી ૦

જે માટીથી ઘડ્યાં કલેવર
ચેતનને વસવાનાં;
મૂળગેથાં તેમાં મૂકેલાં
ઝીણાં જડતા-વાનાં;
ઘસીએ કે પલ બીજી ઝાંખો - જીવ ત્રાંબાનો લોટો. ગુરુજી ૦

જોયા કરું... / યોસેફ મેકવાન

(ગઝલ)

ખેતરો પોતે ઉડાવે ચાડિયા, જોયા કરું,
સ્વપ્નના પળપળ રચાતા પાળિયા, જોયા કરું.

જો, અચળતા આપણી રદીફ થૈ ગઝલે વહે,
ભાવ સંચારી સમા છે કાફિયા, જોયા કરું.

શુભ-અશુભને હાથ રમતું વિશ્વ ચગડોળે ચઢે,
સંત-મહન્તને વેશ આવે માફિયા, જોયા કરું.

જિંદગીની પારના કૈં અર્થને સમજાવવા-
ભિન્ન રૂપે મોતના આ હાંસિયા, જોયા કરું.

જામ તડકાના પીને 'યોસેફ' વૃક્ષો ઝૂમતાં,
ને સમય આવ્યે કરે ઉલાળિયા, જોયા કરું.

મહાવ્યાલ / ભાનુપ્રસાદ પંડ્યા

(સ્રગ્ધરા • સૉનેટ)

ઘાટી ઝાડી વિશાળી લટથી લટ ગૂંથી ઢૂંકડાં વૃક્ષ ઊભાં,
વેલાઓ વીંટળીને હરકદમ નડી રોકતા, કેડી ક્યાંયે -
ના દેખાયે! છતાંયે સરિત - સરતટો દીસતા ક્યાંક લીલા.
કૂજી થોડું વિરામે મન મૂકી ટહુકે ના વને પંખી આંહી.
એમાં દોડે ત્વરાથી હરિણયૂથ ધરી અંગ પે ટીલી કાળી,
રૂના ગોટા સમાણાં શશક સહુ ચરે કંપતાં રોમરોમે.
શિંગો ઊંચાં ઉગામી ધસમસી લડતાં સાબરો સામ સામે,
ચારે કોરે ઝળૂંબે અકળ ભય તહીં અલ્પ ભાસે સુરક્ષા.

આ કાન્તારે અઘોરી અજબ ગભીર ઘૂમે મહાવ્યાલ છાનો,
પાસે આવે ક્યહીંથી પવનલહર શી ચાલમાં એ અજાણ્યો!
ના ફૂંફાડે, ઉપાડે અગણિત પશુને સામટાં એક આંટે,
વ્યાઘ્રો, સિંહો, ગજેન્દ્રો, ખગ - કવલમહીં સર્વ ઓરાય ડાચે!
આરોગે યુગોથી પ્રતિપલ સરકી તો ય ના એ ધરાતો!
ક્યાં દિક્કાલે અજાણી અતિગહન ગૂફા ભીતરે જૈ છુપાતો?

અમને / સૉલિડ મહેતા

(ગઝલ)

ચીજ એવી કશી જડી અમને,
કે પવન પણ વહે અડી અમને.

માણવી મનભરી ક્ષણેક્ષણને,
ટેવ કેવી કહો પડી અમને!

થાય અફસોસ પ્રેમમાં કાયમ
વાત કરતા ન આવડી અમને!

અટકળોના પડે ભલે પડઘા
ભીંત ઘરની નથી નડી અમને.

થાય છે આજકાલ એ ચર્ચા
કેમ ચાનક નવી ચડી અમને?

રાતદિન શ્વાસમાં ધબકતી એ,
આજ પણ યાદ છે ઘડી અમને.

વિશ્વખૂણે / શૈલ પાલનપુરી

(મુક્તક)

લાખ એકાંતમાં પણ ન અળગા હશો,
એકલા માનશો, સાવ ખોટા હશો.
ક્યાંય પણ વિશ્વખૂણે સ્વયંને જુઓ,
'શૈલ'ને નિત અઢેલી ઊભા હશો.

ગુરુજી, તમે. શિષ્યની ઉક્તિરૂપ આ ગાનમાં વિવિધ દૃષ્ટાંતોની મદદથી શિષ્યની અલ્પતા અને ગુરુની મહત્તાને અભિવ્યક્ત કરાઈ છે. વળી, પ્રાસપૂરમાં 'લોટો' કેવો તાણાઈ આવ્યો! મહાવ્યાલ. પ્રકૃતિના વાતાવરણથી ધબકતા આ સોનેટમાં પ્રથમ અષ્ટકમાં પશુપંખીઓની મધુર રમણા નિરૂપાઈ છે તો ષટ્કમાં કોઈ મહાવ્યાલના અરવ આગમને પેલી રમણીય સૃષ્ટિ કેવી ભરખાઈ જાય છે તેનું સચોટ બયાન છે. આ મહાવ્યાલ એ જ મૃત્યુકવલને? જોયા કરું... આમ તો ચાડિયો પાકનું રક્ષણ કરવા માટે છે, પરન્તુ સ્વયં ખેતરો જ એને ઉડાડી મૂકે તો? સ્વપ્નોની હત્યા થાય છે તેને 'પાળિયા રચાય' દ્વારા સચોટ દર્શાવાઈ છે. આ વિશ્વમાં અજબ આશ્ચર્યો સર્જાય છે : માફિયા સંતોના વેશે ફરે છે. આમ, આશા-નિરાશાના સનાતન માનવ અનુભવને અહીં અભિવ્યક્ત કરાયો છે, અને એને માત્ર 'જોયા કરું…' કહેવામાં દારુણ વેદના સમાયેલી છે. અમને. જેને ઘરની ભીંત નડતી નથી તેને અડીને પવન કેવો પસાર થઈ જાય છે! આવી ખુમારીભરી પળની અનુભૂતિની ગઝલ. વિશ્વખૂણે. આ વિશ્વની અપાર ભીડમાં માણસ પોતાને એકલો-અટૂલો મહેસૂસ કરે છે તે આધુનિક અનુભૂતિની પડછે આ મુક્તકમાં સ્વયંને સર્વમાં અનુભવવાની વાતથી પેલું અટૂલાપણું ટળી જશે એવી સચોટ મર્મોક્તિ છે. - ધી.પ.

'મેં જ્યારે તમારી આંખમાં જોયું કે'

સુધીર દેસાઈ

ઈશ્વરે આપણને આ જે શરીર આપ્યું છે એ શરીરનો એકેએક ભાગ આપણી જોડે વાતો કરી શકે છે, જો આવડે તો. એ જ રીતે એક જ ભાગને બરોબર જુઓ તો એ માણસનું ચારિત્ર્ય પણ ખબર પડી જાય.

માનવીનો અવાજ એની બોલવાની ઢબથી એ માનવીની આખી પ્રકૃતિ આપણી સમક્ષ પ્રકટ થઈ જાય, જો આપણામાં આવડત હોય તો.

અને આ બધામાં સહેલો ભાગ હોય તો તે છે આંખ. આંખથી આંખ મળે કે તરત જ એ વ્યક્તિના મનોભાવ આપણે વાંચી જઈ શકીએ. આ પણ કળા છે. એને સાધ્ય કરવા માટે થોડો યત્ન કરવો જોઈએ.

એમર્સન એના ગ્રંથ 'ધ કોન્ડક્ટ ઑવ્ લાઈફ'માં કહે છે,

'The eyes indicate the antiquity of the soul.'

'આંખો આત્માની પ્રાચીનતાનો નિર્દેશ કરે છે.'

વિચારો કેટલું બધું કરી શકે છે આ આંખો! આપણને આંખો વાંચતા આવડે તો માણસને પરખવામાં આપણે ક્યારેય ભૂલ ન કરીએ. એ માણસ શબ્દો દ્વારા ભલે જુદું કહે, પણ એની આંખો સાચી વાત કહી દેતી હોય છે.

આંખો દ્વારા જ બે અજાણ્યા માનવીઓ પ્રેમમાં પડી જતાં હોય છે.

ઈરવિન ગોફમેન લખે છે :

'Eyes you know, are the great intruders.'

'તમને ખબર છે, આંખો કહ્યા વગર ગમે ત્યાં પ્રવેશી જઈ શકે છે?'

આંખો જોડે જોડાએલ એ સરસ પ્રસંગ જોઈએ.

ઘણાં બધાં વરસો પહેલાંની વાત છે. અમેરિકામાં આવેલ વર્જિનિયાની એક સાંજની વાત છે. સખત ઠંડી પડવી શરૂ થઈ ગઈ હતી. એક વૃદ્ધ માનવીની દાઢી ઉપર બરફ જમા થઈ રહ્યો હતો. આ વૃદ્ધ માનવીને નદી પાર કરવી હતી. ચાલીને જઈ શકાય એવો કોઈ રસ્તો ન હતો અને આટલી ઠંડીમાં પાણીમાં ભીના થઈને જવું શક્ય ન હતું. એ રાહ જોઈ રહ્યો હતો કોઈ મદદ માટે. જેમ જેમ સાંજ પડતી જતી હતી તેમ તેમ ઠંડી પણ વધતી જતી હતી. વૃદ્ધના અવયવો અકડાઈ રહ્યા હતા.

ત્યાં એને કાને દૂરથી આવતો ઘોડાઓના ડાબલાઓનો અવાજ પડ્યો. એનામાં આશાનો સંચાર થયો. કેટલાક ઘોડેસવારો ધીમે ધીમે આવી રહ્યા હતા, એ જ રસ્તે.

એણે પહેલા ઘોડેસવારને જવા દીધો, બીજાને પણ જવા દીધો. એણે કોઈને કાંઈ કહ્યું નહીં, પછી તો ત્રીજો, ચોથો એમ વારા ફરતી બધા ઘોડેસવાર પસાર થવા માંડ્યા. વૃદ્ધ મૂગો જ બેસી રહ્યો.

જેવો છેલ્લો ઘોડેસવાર એની પાસેથી પસાર થતો હતો કે તેણે એની આંખમાં આંખ મેળવીને કહ્યું, 'સાહેબ! આ વૃદ્ધને આ ઠંડીમાં નદી પાર કરાવશો? પગે ચાલીને ભીના થયા વગર જવાય એવો કોઈ રસ્તો નથી એટલે જ આપને વિનંતી કરું છું.'

ઘોડાને ઊભો રાખતા પેલો ઘોડેસવાર બોલ્યો, 'આવી જાઓ, હું પાર કરાવી દઈશ.'

પેલા ઘોડેસવારે જોયું કે વૃદ્ધના પગ એટલા ઊંચા થઈ શકતા ન હતા. ઠંડીમાં ઠીંગરાઈ ગયા હતા. એટલે એ ઘોડા ઉપરથી નીચે ઊતર્યો અને વૃદ્ધને ઘોડા ઉપર ચડવામાં મદદ કરવા લાગ્યો. વૃદ્ધને ઘોડા ઉપર બેસાડી તે પોતે પણ ઘોડા ઉપર બેસી ગયો.

ઘોડેસવારે વૃદ્ધને નદી પાર કરાવી એટલું જ નહીં, એ વૃદ્ધને એને ઘેર લઈ જ ગયો. વૃદ્ધનું ઘર થોડાં માઈલ દૂર હતું. છતાં પણ એણે વૃદ્ધને એને ઘેર જઈને ઉતાર્યો.

નાનકડા ઘરની પાસે વૃદ્ધને ઉતાર્યા પછી પેલા ઘોડેસવારે વૃદ્ધને કહ્યું, 'સર! મેં જોયું કે તમે કેટલા બધા ઘોડેસવારોને પસાર થઈ જવા દીધા, એમને કંઈ પણ કહ્યા વગર. જ્યારે હું તમારી પાસે આવ્યો કે તમે મને નદી પાર કરવાની વાત કરી. મને ઘણું આશ્ચર્ય થાય છે કે આટલી ઠંડીમાં જ્યારે અંધારું વધી રહ્યું હતું ત્યારે તમે શાંતિથી રાહ જોતા હતા છેલ્લા અસવારની. જો મેં તમને ના પાડી હોત તો શું થાત તમારું ત્યાં?'

પેલા વૃદ્ધ માનવીએ કહ્યું, 'હું ઘણા વખતથી આ પ્રદેશમાં ફરું છું. મને લાગે છે કે હું માનવીને ઓળખી શકું છું. મેં બીજા બધા ઘોડેસવારોની આંખોમાં જોયું અને મને તરત જ ખબર પડી ગઈ કે એમને મારી પરિસ્થિતિની કોઈ પરવા ન હતી. મેં જો એમને વિનંતી કરી હોત તો એનો કોઈ અર્થ ન હતો. પણ મેં જ્યારે તમારી આંખમાં જોયું કે મને કરુણાનાં દર્શન થયાં. મને તરત જ થયું કે આ સજ્જન છે અને હું જો એમને વિનંતી કરીશ તો એ આનંદથી સ્વીકારી લેશે.'

હૃદયને ભરી દેતા આવા લાગણીભર્યા શબ્દો સાંભળી પેલા ઘોડેસવારે કહ્યું, 'તમે જે કાંઈ કહ્યું એને માટે હું તમારો ખૂબ ખૂબ આભારી છું. હું ઇચ્છું છું કે ઈશ્વર મને મારા કામમાં એવો ગૂંચવી ન દે કે જેથી હું આવે વખતે કોઈને મદદરૂપ ન થઈ શકું.'

આટલા શબ્દો કહીને ટોમસ જેફરસને પોતાના ઘોડાને વ્હાઈટ હાઉસના રસ્તે વાળી દીધો!

અમેરિકાના પ્રેસિડન્ટ ટોમસ જેફરસનની જિંદગીનો આ પ્રસંગ આજે પણ ઈતિહાસનાં પાનાં ઉપર ઝળહળી રહ્યો છે. □



જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે

ક્રાંતિકાર ઉધમસિંહ

ડૉ. જયકુમાર ર. શુક્લ

પંજાબમાં પતિયાળાના સુનમ ગામમાં ચુહડરામ નામનો રેલવે ફાટકનો ચોકીદાર રહેતો હતો. સુનમથી આઠ કિ.મી. દૂર પપલી ગામના રેલવે ફાટક પર તેની નોકરી હતી. તેને પગાર ઓછો હોવાથી તેની પત્ની નારાયણી કરકસરથી ઘર ચલાવતી અને ચુહડરામ અન્ય મજૂરી કરીને વધારાની આવક મેળવી લેતો. આ નિર્ધન દલિત કામ્બોજ પરિવારમાં ૨૬ ડિસેમ્બર, ૧૮૯૯ના રોજ ઉધમસિંહનો જન્મ થયો હતો. તેનાં માતાપિતાએ થોડા સમય બાદ શીખ સંપ્રદાયની દીક્ષા લીધી. તેણે પોતાનું નામ ટહલસિંહ તથા પત્નીનું નામ હરનામકૌર રાખ્યું.

ઉધમસિંહની પાંચ વર્ષની ઉંમરે તેની માતાનો સ્વર્ગવાસ થયો. તેના દુ:ખી પિતાએ ૧૯૦૮માં નોકરી છોડીને અમૃતસર જઈ અન્ય કામ મેળવવા વિચાર્યું. પરન્તુ અમૃતસર જતાં ટહલસિંહ સખ્ત બીમાર પડ્યા અને થોડા દિવસ બાદ તેમનું અવસાન થયું. તેથી સુનમના એક પ્રતિષ્ઠિત સજ્જન સરદાર ચંચલસિંહે ઉધમસિંહ અને તેના મોટાભાઈ સાધુસિંહને અમૃતસરના અનાથાલયમાં દાખલ કરાવ્યા. ત્યાં તેઓ અભ્યાસ સાથે સુથારીકામ પણ શીખવા લાગ્યા. થોડાં વરસ બાદ માંદગીમાં તેના મોટાભાઈ સાધુસિંહનું પણ અવસાન થયું. માતા, પિતા તથા મોટાભાઈનું અવસાન નજરે જોનાર કિશોરવયના ઉધમસિંહને હવે મૃત્યુનો ડર રહ્યો નહિ.

અમૃતસરમાં ઉધમસિંહને ડૉ. સૈફુદ્દીન કિચલૂના સ્વરાજ્ય આશ્રમનો સંપર્ક થયો. તે અવારનવાર ત્યાં જઈને ત્યાંની પ્રવૃત્તિઓ ધ્યાનથી જોવા-સમજવા લાગ્યો. તે જોઈને તેના મનમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિ જાગ્રત થયાં. લાલા લજપતરાય જેવા મહાન દેશનેતા તથા કેટલાક ક્રાંતિકારોના સંપર્કથી તેના યુવાન હૃદયમાં ક્રાંતિની ચિનગારી પ્રકટી.

મૅટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ, ૧૯૧૮માં ઉધમસિંહે જલિયાંવાલા બાગ નજીક એક આર્ટ-સ્ટૂડિઓ શરૂ કર્યો. ત્યાં ક્રાંતિકારો ભેગા થતા અને જુદી જુદી યોજનાઓ ઘડતા. ભારતીયોએ પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સરકારના વિજય માટે બલિદાનો આપ્યાં હતાં, તેના બદલામાં સરકારે માર્ચ ૧૯૧૯માં દેશને રૉલેટ કાયદાની 'ભેટ' આપી. ગાંધીજીએ તેને 'કાળો કાયદો' કહ્યો. આ કાયદા વિરુદ્ધ સમગ્ર દેશમાં વિરોધનું વાતાવરણ પેદા થયું. સરકાર વિરુદ્ધ સભાઓ, સરઘસો યોજીને દેખાવો કરવામાં આવ્યા. પંજાબમાં આ વિરોધની ચળવળ વધુ જલદ હતી, કારણ કે લેફટેનન્ટ ગવર્નર ઓ'ડવાયરના જુલમો ખૂબ વધી ગયા હતા.

અમૃતસરમાં આ આંદોલનના સૂત્રધારો ડૉ. કિચલૂ અને ડૉ. સત્પાલ હતા. ૯ એપ્રિલ, ૧૯૧૯ના રોજ રામનવમીનો તહેવાર હિંદુઓ તથા મુસલમાનોએ અમૃતસરમાં, રાષ્ટ્રિય તહેવારની જેમ પરસ્પર સહકારથી ઉજવ્યો. હિંદુ-મુસલમાનોની આ અભૂતપૂર્વ એકતા તથા સંગઠન જોઈને પંજાબના લેફટેનન્ટ ગવર્નર સર માઈકલ ઓ'ડવાયરને બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચી જતા જણાયા. તેથી ૧૦ એપ્રિલના દિવસે પંજાબના લોકપ્રિય નેતાઓ ડૉ. કિચલૂ અને ડૉ. સત્યપાલની ધરપકડ કરીને કોઈ અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. તેનાથી લોકોનો રોષ ભભૂકી ઊઠ્યો. સરકારે પણ તેના જવાબમાં જુલમ ગુજારવા માંડ્યો. અમૃતસરમાં લોકોએ હડતાલ પાડી. લોકો સરઘસ કાઢીને ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના બંગલા તરફ ગયા. મૅજિસ્ટ્રેટ તેમને રોકી શક્યા નહિ અને ગોળીબાર કરવામાં આવ્યો. તેથી ઉશ્કેરાયેલા લોકોએ જાહેર અને સરકારી મિલકતોને આગ લગાડી અને યુરોપિયનો પર હુમલા કર્યા. તેઓને કાબૂમાં લેવા વધારે ગોળીબારો કરવામાં આવ્યા અને વધુ માણસો મરણ પામ્યા.

પંજાબના લેફટેનન્ટ ગવર્નરે અમૃતસરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી લશ્કરના બ્રિગેડિયર જનરલ ડાયરને સોંપીને માર્શલ લૉનો અમલ જાહેર કર્યો. તેણે ૧૨ એપ્રિલે શહેરમાં ૧૪૪મી કલમનો અમલ જાહેર કરી પાંચ કે તેનાથી વધુ માણસોને ભેગા થવાની બંધી ફરમાવી. તેની માહિતી શહેરના બધા વિસ્તારોમાં પહોંચી નહોતી. તે અગાઉ શહેરના

નેતાઓએ ૧૩ એપ્રિલ ને વૈશાખીના દિવસે સાંજે ૪.૩૦ વાગ્યે જલિયાંવાલા બાગમાં એક જાહેર સભા યોજવાની જાહેરાત કરી હતી. તેનો હેતુ ગોળીબારથી મૃત્યુ પામેલાંઓને શ્રદ્ધાંજલિ આપવાનો તથા તેમનાં સ્વજનો પ્રત્યે હમદર્દી દર્શાવી, વિદેશી સરકારના દમનનો પ્રતિકાર કરવાનો હતો.

જલિયાંવાલા બાગમાં નિશ્ચિત સમયે યુવાનો, વૃદ્ધો, કિશોરો અને મહિલાઓ સહિત આશરે દસ હજારની મેદની એકઠી થઈ હતી. સભાની કાર્યવાહી શરૂ થઈ અને નેતાઓ પોતાનાં જોશીલાં ભાષણો કરી રહ્યા હતા. તે સમયે જનરલ ડાયર તેના શસ્ત્રસજ્જ સૈનિકોની ટુકડી સાથે ત્યાં ગયો અને બાગના એકમાત્ર દરવાજા પાસે સૈનિકોને ગોઠવી, કંઈ પણ ચેતવણી આપ્યા વિના ગોળીબાર કરવાનો હુકમ કર્યો. ગોળીબારથી સભામાં દોડાદોડી થઈ. લોકો જીવ બચાવવા આમ તેમ દોડવા લાગ્યાં. પરન્તુ બહાર જવાનો માર્ગ ન હોવાથી ઘવાયાં કે માર્યાં ગયાં. આ હત્યાકાંડમાં, સરકારી હેવાલ મુજબ ૩૭૯ માણસો મરણ પામ્યા અને ૧૫૦૦ થી વધારે ઘવાયા. ખરેખર તેનાથી ઘણા વધારે માણસો મરણ પામ્યા હતા. ઘવાયેલાની સારવાર માટે પણ કોઈને ત્યાં જવા દેવામાં આવ્યા નહિ.

યુવાન ઉધમસિંહ પણ પોતાના મિત્રની સાથે ઉપર્યુક્ત સભામા ગયા હતા. તેનો મિત્ર બેફામ ગોળીબારનો ભોગ બનીને શહીદ થયો હતો. કોઈ વિશિષ્ટ હેતુ સિદ્ધ કરવા માટે ઉધમસિંહ મોતના મુખમાંથી બચી ગયા હતા. અનેક માણસોના દર્દભર્યા અવાજ સાંભળી, લાશોની નીચેથી તેમને બહાર કાઢ્યા. કેટલાંક લોકોના જાન બચાવવામાં તેમને સફળતા મળી. આ ઘાતકી અત્યાચારનું દશ્ય નજરે જોઈને યુવાન ઉધમસિંહનો ક્રોધ પ્રજ્વલિત થયો. એટલામાં પેશાવરથી આવેલી નવપરિણીત મહિલા રતનદેવી બેબાકળી બની ત્યાં આવી. તેનો પતિ ડાયરના ગોળીબારનો ભોગ બની મરણ પામ્યો હતો. તેની લાશ મળતી નહોતી. વીર ઉધમસિંહે રતનદેવી પ્રત્યે સહાનુભૂતિ દાખવી. તેના પતિની લાશ શોધી આપી. એટલામાં કોઈ સૈનિકની ગોળી વાગવાથી તે જમણા હાથે ઘવાયો. આ સમગ્ર કરુણ ઘટના માટે ઉધમસિંહે લેફ્ટેનન્ટ ગવર્નર ઓ'ડવાયરને જવાબદાર ગણ્યો. શહીદોના લોહીથી ખરડાયેલી પવિત્ર ધરતીની માટી હાથમાં લઈને તેણે પ્રતિજ્ઞા લીધી કે, 'શહીદોના ખૂનનો બદલો લેવા અને આ પાશવી અત્યાચાર કરનાર બ્રિટિશ સત્તાનો અંત લાવવા મારું સમગ્ર જીવન હું ભારતમાતાને સમર્પિત કરું છું.'

પોતાના જીવનનો એકમાત્ર ઉદ્દેશ સિદ્ધ કરવા તે મન મૂકીને કામે લાગી ગયો. ક્રાંતિવીરોને મળીને તેણે અનેક કાર્યક્રમોની યોજનાઓ ઘડી અને વિદેશી સરકારની વિરુદ્ધ ગુપ્ત સંઘર્ષ અને ષડયંત્રો કરવામાં સતત વ્યસ્ત રહેવા લાગ્યો. ક્રાંતિકારી સાહિત્યનું પ્રકાશન કરીને દેશમાં ક્રાંતિનો પ્રચાર કરવાનું ભારતમાં સંભવિત નહોતું. તેથી કેટલાક ક્રાંતિકારો સાથે વિચારણા કર્યા બાદ પોતાનો હેતુ આગળ ધપાવવાના ઇરાદાથી ૧૯૨૫માં તે 'યુનાઈટેડ સ્ટેટ્સ' ગયો. એક આઝાદ દેશના મુક્ત વાતાવરણમાં રહેવાથી સ્વતંત્રતા અને પરતંત્રતા વચ્ચેનો ભેદ તેને સારી રીતે સમજાયો. આ ઉપરાંત ભારત દેશ અને તેનાં લોકો વિશે વિદેશીઓના વિચારો જાણવાની તેને તક મળી. ભારત ગુલામ દેશ હોવાથી પોતાના દેશવાસીઓની પ્રતિષ્ઠા ઘણી નીચી હોવાનો તેને પ્રત્યક્ષ અનુભવ થયો. તેનું તેણે ખૂબ દુઃખ અનુભવ્યું. યુનાઈટેડ સ્ટેટ્સમાં ગદર ચળવળના નેતા અને તે પ્રવૃત્તિના પ્રાણ સમાન લાલા હરદયાળને તે મળ્યો, તેની સાથે કામ કરવાનો તેને લહાવો મળ્યો. ૧૯૨૯માં તે ભારત આવ્યો ત્યારે તેની પાસેથી ઘણું ક્રાંતિકારી સાહિત્ય લઈને આવ્યો. તે સમયે ક્રાંતિકારી સાહિત્ય દેશમાં ઘુસાડવામાં તેણે મોટું જોખમ લીધું હતું.

સમસ્ત દેશમાં ફેલાયેલા ક્રાંતિકારોના સંગઠન મારફતે તે સાહિત્યનો દેશના લોકોમાં પ્રચાર કરવામાં આવ્યો. તેનાથી લોકોમાં રાજકીય જાગ્રતિ ફેલાઈ. આ દરમિયાન તેનાં સગાં-સંબંધીઓએ તેનાં લગ્ન કરી, સાંસારિક જવાબદારીઓના બંધનમાં તેને બાંધવાના પ્રયાસો કર્યા. પરન્તુ દેશની સ્વતંત્રતાનું ધ્યેય સિદ્ધ કરવામાં સાંસારિક બંધન વચમાં ન આવે તે માટે તેણે તેનો અસ્વીકાર કર્યો. ૧૯૨૭માં તે ફરીથી યુનાઈટેડ સ્ટેટ્સ ગયો અને ત્યાંથી સોવિયેત સંઘ અને જર્મનીનો પણ પ્રવાસ કર્યો. આ દરમિયાન તે વિદેશોમાં સ્થિત ભારતીય ક્રાંતિકારોને મળ્યો અને સારા પ્રમાણમાં ક્રાંતિકારી સાહિત્ય લઈને ૧૯૨૯માં દેશમાં પાછો ફર્યો.

એ જ વરસે લાહોરમાં પરવાના વિના રિવૉલ્વર અને સેંકડો કારતૂસો રાખવાના ગુના હેઠળ એની ધરપકડ કરવામાં આવી. તેના ઉપર કેસ ચલાવી ચાર વરસની સખત કેદની સજા ફટકારવામાં આવી. આ સજા ભોગવવા તેને મુલતાનની જેલમાં રાખવામાં આવ્યો હતો. ત્યાંથી છૂટીને તેણે સુભાષચંદ્ર બોઝની મુલાકાત લીધી. પોતાની ભવિષ્યની યોજના વિષે તેમની સાથે ચર્ચા કરી. તેમની સલાહસૂચના લઈને 'રામ મહંમદ સિંહ આઝાદ' નામથી પાસપોર્ટ કઢાવી તે લંડન ચાલ્યો ગયો.

ઉધમસિંહના લંડન ગયા બાદ, ત્યાંની ફ્રી ઈન્ડિયા સોસાયટીની રાજકીય પ્રવૃત્તિઓને વેગ મળ્યો. લંડનથી તે પૅરિસ, જીનિવા અને બર્લિન ગયો અને ત્યાં વસતાં ભારતીયોને દેશની સ્વતંત્રતાના આંદોલનમાં તન, મન અને ધનથી સહાય કરવા પ્રોત્સાહિત કર્યા. યુરોપનાં કેટલાંક શહેરોમાં તેણે ફ્રી ઈન્ડિયા સોસાયટીની શાખાઓ શરૂ કરી. લંડન પાછા ફરી, જલિયાંવાલા બાગના હત્યાકાંડ માટે જવાબદાર પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નર માઇકલ ઓ'ડવાયરનું ખૂન કરવાનો તેણે નિર્ધાર કર્યો.

આ દરમિયાન સર માઈકલ એડવાયર નિવૃત્ત થયા બાદ ઈંગ્લંડ પાછા ફરી ભારતની બ્રિટિશ સરકાર પાસેથી મોટી રકમનું પેન્શન મેળવતો હતો. ઉધમસિંહે લંડનમાં ઓ'ડવાયરનું નિવાસસ્થાન શોધી કાઢ્યું. તેની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું. બ્રિટિશ સીક્રેટ સર્વિસ ઉધમસિંહની પ્રવૃત્તિઓની તપાસ રાખતી હોવા છતાં, તેણે ઓ'ડવાયરની કારના ડ્રાઈવર અને નોકર તરીકે કામ કર્યું. તે પરિચય તેને કેક્ષટન હૉલની સભામાં પ્રવેશ મેળવવા ઉપયોગી થયો.

લંડનની રૉયલ સેન્ટ્રલ ઍશિયન સોસાયટીના ઉપક્રમે ૧૩ માર્ચ, ૧૯૪૦ના દિવસે કેક્ષટન હૉલમાં 'વર્તમાન પરિસ્થિતિમાં અફઘાનિસ્તાન પ્રત્યેની બ્રિટિશ નીતિ' વિષય પર ભારતમંત્રી લૉર્ડ ઝેટલૅન્ડના અધ્યક્ષપદે એક સભા યોજવામાં આવી હતી. તેમાં મુખ્ય વક્તા તરીકે એશિયાના રાજકારણના નિષ્ણાત મનાતા સર માઇકલ ઓ'ડવાયરને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. ઉધમસિંહ, એક મોટા પુસ્તકનાં પાનાં રિવૉલ્વરના આકાર પ્રમાણે કાપીને, તેમાં કારતૂસો ભરેલી રિવૉલ્વર મૂકીને તે સભામાં ગયો. તેણે મંચ નજીક, દીવાલ પાસેની બેઠક લીધી. સર પી. સાઈકીસના પ્રવચન બાદ, ઓ'ડવાયર બોલવા માટે ઊભો થયો. તેણે ભારતીયો માટે અપમાનજનક શબ્દો બોલી તેમના વિષે ઝેર ઓકવા માંડ્યું. ત્યારે જલિયાંવાલા બાગના હત્યાકાંડનું દૃશ્ય ઉધમસિંહની નજર સમક્ષ ખડું થયું. બદલો લેવાનો આ યોગ્ય અવસર છે એમ સમજીને તેણે પ્રવચન પૂરું થયા બાદ, પોતાની રિવૉલ્વર કાઢીને ઓ'ડવાયર પર ગોળીબાર કરવા માંડ્યા. તે લથડિયા ખાઈને ઢળી પડ્યો અને ત્યાં જ મરણ પામ્યો. ત્યાં થયેલી નાસભાગમાં લૉર્ડ લેમિન્ગટન અને સર લુઈ ડેન પણ ઘવાયા. સભામાં નાસભાગ થઈ. કેટલાંક શ્રોતાઓએ ઉધમસિંહને પકડી લીધો. તેણે પોતાનો હેતુ સિદ્ધ કર્યાનો સંતોષ અનુભવ્યો.

ઓ'ડવાયરના ખૂનના ષડયંત્રની તપાસ કરવા માટે પંજાબથી ખાસ સી.આઈ.ડી. સ્ટાફ લંડન બોલાવવામાં આવ્યો. લંડનમાં રહેતાં ભારતીયો પર વિશેષ દેખરેખ રાખવામાં આવી.


લાલા લજપતરાય


લાલા હરદયાળ


ઓ'ડવાયર

ક્રાંતિકારીઓ તો આ પહેલાં જ લંડન છોડીને જતા રહ્યા હતા. ઉધમસિંહની પૂછપરછ કરવામાં આવી. તેનો એક જ જવાબ મળતો. 'હું બળવાખોર છું, બળવો કરવો એ દરેક ગુલામનો અધિકાર છે.'

ઉધમસિંહને હાથકડી અને પગમાં બેડીઓ પહેરાવી ઓલ્ડ બેલીની સેન્ટ્રલ ક્રિમિનલ કોર્ટમાં ન્યાયાધીશ એટકિન્સન સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેને ૧૮ માર્ચ, ૧૯૪૦ના રોજ ફાંસીની સજાનો ચુકાદો સંભળાવવામાં આવ્યો ત્યારે તેણે મોટા અવાજે કહ્યું, 'મૃત્યુની મને પરવા નથી. હું ચોક્કસ હેતુ માટે મરવાનો છું. મારા મૃત્યુ બાદ, મારા દેશનાં હજારો લોકો અંગ્રેજ કુત્તાઓને હાંકી કાઢશે અનેમારા દેશને આઝાદ કરશે.' ડિટેક્ટિવ ઇન્સ્પેક્ટર સ્વેને સુપરિન્ટેન્ડન્ટ સેન્ડ્સની હાજરીમાં નોંધી લીધેલા નિવેદનમાં તેણે જણાવ્યું હતું કે ઓ'ડવાયરના ખૂનની યોજના તેણે અગાઉથી નહોતી ઘડી. 'તેનું ખૂન કરવા હું રિવૉલ્વર નહોતો લઈ ગયો, પરન્તુ મારે તેનો વિરોધ કરવો હતો...'

જેલમાં ઉધમસિંહે પોતાને રાજકીય કેદી ગણીને તે પ્રમાણેની સગવડો પૂરી પાડવાની માગણી કરી અને તે મેળવવા માટે ૭ જૂન, ૧૯૪૦થી ઉપવાસ કરવા માંડ્યા. બેતાલીસ દિવસના ઉપવાસ બાદ ૧૯ જુલાઈના રોજ તેની માગણી સ્વીકારવામાં આવતાં તેણે ઉપવાસનાં પારણાં કર્યાં. ભારતના પૂર્વ સંરક્ષણ મંત્રી કૃષ્ણમેનન તે સમયે લંડનમાં વકીલાત કરતા હતા. ઉધમસિંહના વકીલ તરીકે અદાલતમાં તે ઉપસ્થિત થયા હતા. ચુકાદો આવ્યા બાદ કૃષ્ણમેનને દયા માટેની અરજી તૈયાર કરી, તેના (અનુસંધાન પૃ.૪૭૩)


જનરલ ડાયર

રોમન ફીવર

મૂળ લેખક : ઍડિથ વ્હોર્ટન રૂપાંતર : હરિત પંડ્યા

રોમની રેસ્તુરાંની વિશાળ અગાશીની પેરપિટ પર સહેજ ઝૂકીને બે અમેરિકી મહિલાઓ નજર સામેના ભવ્ય, વિશાળ ફોરમ ભણી સંતોષભરી આંખે જોઈ રહી હતી.

ત્યાં સીડીમાં ઊભેલી એક બાળાએ કાલાઘેલા સ્વરમાં એની સખીને સંબોધીને કહ્યું, 'ચાલ ત્યારે, જઈશું આપણે?'

'હા, ચાલ ને! એ લોકો એમનું ભરત-ગૂંથણ ભલે કર્યા કરતાં.' એની સહેલીએ એવા જ સૂરમાં પ્રત્યુત્તર વાળ્યો.

'એ લોકો ખરેખર કંઈ ભરત-ગૂંથણ નથી કરતાં. જો કે આપણે આપણી મમ્મીઓ માટે એ સિવાય ખાસ કશું કામ ક્યાં રહેવા દીધું છે?' પહેલો અવાજ ફરી ટહુક્યો. એ પછીના શબ્દો સીડીના વળાંકમાં લુપ્ત થઈ ગયા.

બન્ને મહિલાઓએ મૂઝવણભર્યાં સ્મિત સાથે એકબીજા સામે જોઈ લીધું.

બેમાંની એક મહિલા કદમાં જરા નાની હતી. એનો વાનેય બીજી કરતાં ઊજળો હતો. સીડીમાંથી સંભળાએલા શબ્દોના પ્રત્યુત્તર રૂપે સહેજ ઠપકાભર્યા સ્વરમાં એણે કહ્યું : 'બાર્બરા...!'

બીજી મહિલા જરા હૃષ્ટપુષ્ટ હતી. એની સખી કરતાં એનો વર્ણ પણ લગીર શ્યામ હતો. એનું નાક એના જિદ્દી સ્વભાવની ચાડી ખાતું હતું. એની કાળી, ભરાવદાર ભમરો એના મક્કમ વલણની પુષ્ટિ કરતી હતી. મઝાનું હાસ્ય રેલાવતાં એણે કહ્યું, 'આપણી દીકરીઓ આપણે માટે આવું બધું વિચારતી હોય છે. આપણને મનુ ફાવે એ રીતે વેડફી શકીએ એટલો ફાજલ સમય નવા જમાનાએ આપણને આપ્યો છે.'

'પણ આપણી દીકરીઓ માત્ર આપણને ઉદ્દેશીને જ નો'તી કહેતી. આજકાલ બધી જ દીકરીઓ એમની મમ્મીઓ વિષે આવો જ ખ્યાલ ધરાવતી હોય છે. ને એમની વાતેય ક્યાં ખોટી છે?' કહી એણે એની મજાની બેગમાંથી લાલ રંગના રેશમના દોરાનો દડો કાઢ્યો. દડામાં બે સોયા ખોસેલા હતા.

હૃષ્ટપુષ્ટ મહિલા ફરી હસી. બન્ને વળી સામેનું મનોરમ દશ્ય જોવામાં પરોવાયાં. લંચનો સમય વીતી ગયો હતો. બન્ને મહિલાઓ અગાશીના એક ખૂણા તરફ જઈને આમથી તેમ આંટા મારવા લાગી. રેસ્તુરાંના ચોમેર વિસ્તરેલા નગરનું વિહંગાવલોક થોડાંક સહેલાણીઓ અગાશીમાંથી માણી રહ્યાં હતાં. કેટલાકે ગાઈડ-બુકનાં પાનાં ઊથલાવતાં હતાં. ધીમે ધીમે સહેલાણીઓનાં ઝૂમખાં વિખેરવા માંડ્યાં. થોડી વારમાં તો એ બે મહિલાઓ સિવાય આખી અગાશી ખાલી થઈ ગઈ. અગાશીની ફરફર હવા માણતી એ બે સખીઓ લટાર મારતી રહી.

'અહીં બેસીએ નિરાંતે, કેમ?' ત્યાં પડેલી ખુરસીઓમાંથી બે અગાશીની ધારેની, દીવાલ પાસે ખેસવીને એકમાં ગોઠવાતાં એલીડાએ ગ્રેસને કહ્યું. ગ્રેસની નજર તો સામેના પેલેટાઈન પર જ મંડાએલી રહી.

'આવું રમણીય દશ્ય દુનિયામાં બીજે ક્યાંય જોવા ન મળે.'

'મારે માટે તો આ દશ્ય કાયમને માટે રળિયામણું રહેવાનું છે.' ગ્રેસે કહ્યું. એમ કહેતાં એણે 'મારે' શબ્દ પર જ ભાર મૂક્યો. એટલો હળવો ભાર પણ એલીડાના ધ્યાન બહાર ન રહ્યો. એ ભાર ગ્રેસથી અનાયાસ જ મુકાઈ ગયો હશે એમ એણે ધારી લીધું. જૂનવાણી લોકો પત્રો લખતી વખતે અમુક શબ્દો નીચે ઘણીવાર આડેધડ લીટીઓ નથી દોરતા? એવું જ કંઈક, ને આમેય ગ્રેસ જૂનવાણી જ છે ને!' એલીડાએ મનોમન વિચાર્યું. પછી જરા હસીને કહ્યું :

'આ સ્થળ સાથે તો આપણે વર્ષોથી પરિચિત છીએ, નહીં ? આપણે અહીં પહેલી વાર આવેલાં ત્યારે તો આપણી દીકરીઓ કરતાંય નાનાં હતાં. પછી સહેજ દૂર ઊભેલા વેઇટરને હાથના ઈશારાથી પાસે બોલાવીને એણે કહ્યું : 'અમે રોમ શહેરનાં પુરાણાં ચાહકો છીએ ને જો રેસ્તુરાંના મેનેજરને વાંધો ન હોય તો અમે અગાશીમાં બેસીને સામેનું મનોહર દશ્ય માણવામાં બપોર પછીનો સમય પસાર કરવા માગીએ છીએ.'

એલીડાની શ્યામ ભમરો જરા સંકોચાઈ. વેઇટરે ચાંદનીનો ઉલ્લેખ કર્યો. એ કદાચ એને નહીં ગમ્યું હોય. પણ વેઇટરના ચાલ્યા જવા સાથે જ એણે એના ગુસ્સાને હસી નાખ્યો. પછી ગ્રેસને સંબોધીને કહ્યું, 'ડીનર સુધી અહીં જ રોકાઈએ. નવરાશના સમયમાં કશુંક મૂર્ખાઈભર્યું કરી બેસીએ, એના કરતાં અહીં બેઠાં રહેવું જ ઠીક પડશે. ને છોકરીઓય ગઈ છે તે કોણ જાણે ક્યારે પાછી આવશે! તને ખ્યાલ છે, એ લોકો ક્યારે આવશે? મને તો લગીરે નથી.'

ગ્રેસે સહેજ સંકોચ સાથે કહ્યું, 'આપણને દૂતાવાસ નજીક મળેલા વિમાનચાલકોએ આપણી દીકરીઓને ચાનું આમંત્રણ આપેલું. એટલે હું ધારું છું કે તેઓ ચા માટે રોકાઈ ગઈ હશે. ચંદ્રનો ઉદય થતાં સુધીમાં તો તેઓ પાછી આવી જશે.'

'આપણા જીવનને ચાંદની કેવી પ્રભાવિત કરતી રહી છે! શું આપણી દીકરીઓ પણ ચાંદની માટે આપણા જેવી જ લાગણી ધરાવતી હશે? શું ધારે છે તું?' એલીડાએ કહ્યું.

'સાચું કહું તો હું એ છોકરીઓને ઓળખી જ શકતી નથી. ને આપણે પણ ત્યારે એકબીજાંને ક્યાં પૂરેપૂરાં ઓળખતાં હતાં ?' ગ્રેસે કહ્યું.

'સાચી વાત છે તારી.'

'એલીડા તું આટલી બધી લાગણીશીલ હોઈશ એમ મેં

નહીં ધારેલું.' એની સખી તરફ ત્રાંસી નજરે જોતાં ગ્રેસે કહ્યું.

'ના, હું લાગણીશીલ નો'તી, કદાચ.' કહી એલીડાએ એનાં ભવાં ફરી સંકોર્યાં. એ ઘડીક વિચારી રહી. અમારાં બન્ને વચ્ચે કેવી આત્મીયતા હતી, બાળપણથી! ને છતાં બેય એકબીજાંને સાવ અપરિચિત! બન્નેમાં એકબીજાં માટે અમુક ગ્રંથીઓ ઘર કરી ગએલી. ગ્રેસ વિષે એને કોઈ પૂછે તો એ એમ જ કહેવાની. પચ્ચીસેક વર્ષે ગ્રેસ ખૂબ સુંદર હતી. જો કે હજીય એનું આગવું મોહક વ્યક્તિત્વ એણે ગુમાવ્યું નથી. પણ છોકરી હતી ત્યારે તો એ અદ્દભુત હતી, એની દીકરી બાર્બરાનેય ટપી જાય એવી. જો કે આજનાં ધોરણો મુજબ બાર્બરા એની મા કરતાં વિશેષ પ્રભાવક લાગે; પણ આવાં માબાપની પુત્રી હોવા છતાં બાર્બરા આવું પ્રભાવશાળી વ્યક્તિત્વ ક્યાંથી લાવી હશે? એનો પિતા હોરેસ તો ગ્રેસની પ્રતિકૃતિ જ જોઈ લો. બન્ને, ન્યૂ યૉર્કના જૂના સંગ્રહાલયનાં રૂપાળાં નમૂના જેવાં.

ગ્રેસ અને એલીડા એકબીજાંની સામે રહેતાં, બન્ને અર્થમાં. પૂર્વની ૭૩ નંબરની શેરીના ફ્લેટની બારીઓના પડદા બદલાયા હોય એ વાત સામેની શેરીના ૨૩ નંબરના ફ્લેટના ધ્યાન બહાર ન રહેતી. એ ઉપરાંત સામેના ફ્લેટ દ્વારા થતી નાની-મોટી ખરીદી, એના પ્રવાસો, જન્મદિવસની ઉજવણીઓ, ક્યારેક આવી પડતી માંદગી જેવી રોજિંદા જીવનની ઘટનાઓની એલીડા નોંધ લેતી રહેતી. પણ એના પતિને વૉલ સ્ટ્રીટમાં સારો દલ્લો હાથ લાગ્યા પછી એણે ગ્રેસની ગતિવિધિઓને લક્ષમાં લેવાનું છોડી દીધું, ને પાર્ક એવન્યૂમાં નવો ફ્લૅટ ખરીદીને એ ગ્રેસ કરતાં સારા પડોશીની શોધમાં લાગી ગએલી.

થોડાંક વર્ષો પછી બે મહિનાના અંતરે બન્ને એમના પતિઓને ગુમાવી બેઠી. આશ્વાસન અને દિલસોજીના સંદેશાઓની આપલે બન્નેએ સારી રીતે કરી ને આ પારિવારિક દુ:ખ અને શોકની છાયામાં એમની પુરાણી આત્મીયતા ફરી સજીવન થઈ ઊઠી. એ પછી થોડા સમય બાદ બે સખીઓ એમની દીકરીઓ સાથે રોમની હોટેલમાં અચાનક ભેગી થઈ ગઈ. બન્નેના જીવનમાં આવી પડેલી સમાન કરુણતાએ એમને ફરી એકબીજાંની નજીક આણી દીધાં. ને થોડી વારમાં તો એ લોકો હળવી ગપસપ કરવામાં પ્રવૃત્ત થઈ ગયાં. બન્નેએ સ્વીકાર્યું કે યુવાન દીકરીઓ સાથે હૃદય મિલાવવાનું કામ અઘરું હતું, તો એમનાથી બહુ પાછળ રહી જવાનુંય એમને પાલવે એમ નો'તું.

એલીડાએ ગ્રેસને કહ્યું કે એને પતિનો વિયોગ વિશેષ સાલે છે. ડેલ્ફિનની પત્નીમાંથી એકાએક એની વિધવા બની જવું એ એના જીવનમાં આવેલું એવું પરિવર્તન હતું, જે એનાથી સહ્યું જતું નો'તું. એ જાણે ઊંચા શિખર પરથી ઊંડી ખીણમાં ધકેલાઈ ગઈ ન હોય એમ એને લાગતું હતું. એ પોતાને એના પતિની સમોવડી લેખતી હતી. ને છતાં એની પત્ની હોવાનોય એને ગર્વ હતો. આદર્શ યુગલ તરીકેની ખ્યાતિ સમાજમાં મેળવવામાં એ પોતાને સરખી હિસ્સેદાર ગણતી. ડેલ્ફિનના મૃત્યુને કારણે એના જીવનમાં આવી પડેલ પરિવર્તનને તો કોઈ રીતે ખાળી શકાય તેમ નો'તું. પોતે કૉર્પોરેશનના વકીલની પત્ની હતી. ડેલ્ફિનની બ્રીફ કેસમાં એકાદ-બે આંતરરાષ્ટ્રિય મુકદ્દમા તો હોય જ. એ કારણે રોજ નવી નવી જવાબદારીઓ એના શિરે આવી પડતી અણધાર્યા મહેમાનો બનીને આવતા વિદેશી ધારાશાસ્ત્રીઓ આજે લંડન, તો કાલે પૅરિસ, તો વળી ત્રીજે દિવસે રોમ કે કૅરોની સફર. આ બધી ભાગદોડ દરમિયાન એને મોજમઝા માણવાનુંય ભરપેટ મળતું. પેલી સુંદર વસ્ત્રપરિધાન કરેલી જાજરમાન સન્નારી મિસીસ ડેલ્ફિન છે?' એવો પ્રશ્ન એની પૂંઠે ઉચ્ચારાતો એ સાંભળતી ત્યારે એની ખુશીની કોઈ સીમા રહેતી નહીં.

આ બધા પછી એલીડાને ડેલ્ફિનની વિધવા જ માત્ર બની રહેવાનું વસમું લાગતું. આવા પતિની પત્ની તરીકે એને એની તમામ શક્તિઓ કામે લગાડવાના પ્રસંગો સતત આવતા રહેતા. હવે તો એની દીકરી સાથે જ એને હૃદય મિલાવવાનું હતું. એના દીકરામાં જો કે બાપના બધા ગુણો વારસામાં ઊતરેલા પણ... એ તો નાની વયમાં જ...! પતિની હૂંફને લીધે આ કારી ઘા જીરવી શકેલી. આ કપરા સમયમાં બન્ને એકમેકને સહારો આપતાં રહેલાં. ડેલ્ફિનના મૃત્યુ પછી એને ફક્ત જેનીની મા જ બની રહેવાનું? પણ દીકરી તરીકે જેનીને કશું કહેવાપણું ક્યાં હતું? જેનીનું ધ્યાન રાખવાની જરૂર પડે એમ જ નો'તું.

ગ્રેસની દીકરીની હાજરીમાં એલીડા અસ્વસ્થ થઈ જતી. એને બાર્બરાની ઈર્ષા આવતી. બાર્બરા કરતાં જેની નાની હતી. જેનીમાં યૌવન ઉછાળા મારતું હતું. વળી, એ દેખાવમાંય સુંદર હતી. પણ એનું યૌવન અને સૌંદર્ય જોખમરૂપ ન લાગે. ને એટલે એ થોડી નીરસ લાગે. જેની કોઈ ખોટા માણસને પ્રેમ કરી બેસે, એને શિખામણના બે બોલ કહેવાનો પ્રસંગ આવે, એની સંભાળ લેવાની જરૂર પડે, એણે ગોઠવેલી બાજી પોતે ઊંધી વાળી દે, મુસીબતમાં ફસાયેલી દીકરીને ઉગારવા એને દોડી જવું પડે, એવું એવું એલીડા મનોમન ઝંખતી રહેતી. એથી ઊલટું જેની જ એની દેખભાળ રાખતી હતી. શિયાળાની ઠંડી સામે એનું રક્ષણ કરતી. પોતે ટૉનિકની દવા નિયમિત લે છે કે નહીં એનું ધ્યાન રાખતી હતી. આ તે દીકરી કહેવાય કે...?

એલીડા કરતાં ગ્રેસ થોડી ઓછાબોલી હતી. એલીડા વિષેનો એનો ખ્યાલ ઉપરછલ્લો હતો. એ એલીડા વિષે વિચારતી એ હોશિયાર છે, પણ પોતે ધારે છે એટલી નહીં. એ જોશીલીય ખરી, જેની કરતાંય વધારે જોશીલી. જેની પણ સુંદર છે ને મા જેવી હોશિયારેય ખરી. એલીડાનું જીવન જો કે દુ:ખી છે. એ

ભૂલોની પરંપરાઓ કરતી રહી છે ને એટલે એને ઘણી નિષ્ફળતાઓ સહેવી પડી છે. એ કારણે એ જિંદગીમાં હતાશ થઈ ગઈ છે. આવું બધું એ એની સાહેલી વિષે વિચારતી રહેતી, ને ક્યારેક એને એની દયા પણ આવતી. આમ, દૂરબીનને અવળે છેડીથી બન્ને સખીઓ એકમેકને અવલોકતી રહેતી.

બન્ને બહેનપણીઓ મૌન ધારણ કરીને એકબીજાંની જોડાજોડ ક્યાંય સુધી બેસી રહી. એલીડાની નજર સીઝરનાં મહાલયના ખંડેર પર મંડાએલી રહેતી. ગ્રેસે પણ હાથમાંની બેગને ઉઘાડબંધ કરવાનું બંધ કર્યું, ને એય ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગઈ. ગાઢ મિત્રોની જેમ, આ રીતે એકબીજાંની અડખેપડખે નિરાંતે બેસવાનો અવસર બેયને આ પહેલાં કદી મળ્યો નો'તો. એમની વચ્ચે પુનઃ પાંગરી ઊઠેલી આત્મીયતા ગ્રેસને થોડીક મૂંઝવી રહી. આટલાં વર્ષો બાદ અનુભવાતી આત્મીયતાની લાગણી સાથે કેમ કામ પાડવું એ એને સમજાયું નહીં.

અચાનક ઘંટના રણકારે વાતાવરણને ભર્યું ભર્યું કરી દીધું.

એ લોકોએ કાંડાઘડિયાળ પર નજર કરી, 'અરે! પાંચ વાગી ગયા?' એણે આશ્ચર્ય પામતાં કહ્યું. પછી સ્વપ્નવત બોલતી હોય એમ કહ્યું, 'ઊઠીએ તારી ઇચ્છા હોય તો.'

'ના રે. અહીંનું વાતાવરણ ખુશનુમા છે! અહીં બેઠાં બેઠાં જૂનાં સંસ્મરણો વાગોળવાનું ગમે છે.' કહી ગ્રેસ એની ખુરસીમાં જરા આરામથી બેઠી. પછી એણે બેગમાંથી એનું ગૂંથવાનું કાઢ્યું. એની ભરત-ગૂંથણ પ્રવૃત્તિને એલીડા ત્રાંસી નજરે જોઈ રહી. એના બન્ને હાથ ઢીંચણો પર ટેકવાએલા રહ્યા.

'જુદી જુદી વયની પેઢીઓ રોમને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી નિહાળતી રહી છે, એ વિષે હું વિચારતી હતી. આપણી દાદીઓ માટે આ નગર રોમન ફીવરમાં ઝપટાવા માટેનું સ્થળ હતું. આપણી મમ્મીઓ માટે ઊર્મિઓ પ્રકટ કરવાનું સ્થાન. એ લોકો આપણું કેટલું બધું ધ્યાન રાખતાં! આપણી દીકરીઓ માટે રોમ નિર્ભયપણે બધે ભટકવાનું વિહારધામ. પણ એ લોકો એમની અર્થહીન રઝળપાટમાં રોમની પ્રાચીન ભવ્યતા માણવાનું ગુમાવી રહ્યા છે. એનો એમને ક્યાં કશો ખ્યાલ છે ?' એલીડાએ કહ્યું.

સામેનાં ખંડેરો અને ટેકરીઓ પર પથરાએલો સોનેરી રંગ હવે ફિક્કો પડવા માંડ્યો હતો. ગ્રેસે એના ગૂંથવાના કામમાં વ્યસ્ત રહેતાં કહ્યું, 'હા, આપણા પર અત્યારે કેટલું બધું ધ્યાન રાખવામાં આવતું?'

'મને લાગે છે, આપણી દાદીઓ કરતાં આપણી મમ્મીઓનું કામ વધારે અઘરું હતું. રોમન ફીવર જ્યારે સારાએ નગરમાં વ્યાપી ગયો હોય, ત્યારે દીકરીઓને ઘરની ચાર દીવાલોમાં ગોંધી રાખવાનું અઘરું નો'તું, પણ જ્યારે આપણે યુવાન અને દેખાવડાં હતાં, ને અંધારું થયા પછીએ કશાનો ભય રાખ્યા વિના, નફિકરાઈથી બહાર ભટક્યા કરતાં, ત્યારે આપણને ઘરમાં ગોંધી રાખવાનું આપણી મમ્મીઓ માટે સહેલું નો'તું.' કહી એલીડાએ ફરી ગ્રેસ સામે જોયું.

'હા, એ ખરું.' ગૂંથતાં ગ્રેસે પ્રત્યુત્તર વાળ્યો.

એલીડાએ એની નજર ગ્રેસ પર સ્થિર કરી. આ સ્ત્રી આ માહોલમાંય એનું ભરવાનું-ગૂંથવાનું જારી રાખી શકે છે, એ એની પ્રકૃતિને કેવું બંધ બેસતું આવે છે ! પણ એમ કરતાં એ રોમનાં પ્રાચીન સ્થળોની ભવ્યતા માણવાની અમૂલ્ય તક વેડફી રહી છે, એનો એને ખ્યાલ નથી. એ વિચારી રહી.

દેવળના આગળના ભાગમાં વેરાએલો ઉજાશ પણ હવે ઝંખવાવા માંડ્યો હતો. કૉલોઝિયમ પર પણ અંધકારના ઓળા પથરાતા જતા હતા.

એલીડા ફરી વિચારવા લાગી. આપણી દીકરીઓ ભલે લાગણીશૂન્ય થઈ ગઈ હોય, ને એમને મન ચાંદનીનો ભલે કોઈ વિશેષ અર્થ રહ્યો ન હોય, પણ તારી બાર્બરા પેલા વિમાનીને ફસાવ્યા વિના નહીં રહે, જોજે ને! ને બાર્બરા આગળ મારી જેની તો કોઈ વિસાતમાં નહીં. એટલે જ કદાચ તું બન્ને છોકરીઓને બધે સાથે મોકલતી રહે છે. જેથી જેનીના પડખે તારી બાર્બરાનું વ્યક્તિત્વ ઑર ઊપસી આવે. આમ વિચારતાં એનાથી લગીર હસી પડાયું. એનું હસવાનું સાંભળતાની સાથે જ ગ્રેસના હાથમાંથી ગૂંથવાનું સરકીને નીચે પડ્યું.

'તેં આ શું કહ્યું?' ગ્રેસે પૂછ્યું.

'ના, પણ તારી બાર્બરા જ્યાં જાય છે ત્યાં એની બધી મોહક લાક્ષણિકતાઓ સાથે લેતી જાય છે. પેલો કેમ્પોલિયરી તારી દીકરીને બરાબર અનુકૂળ આવે એવો છે. તું અજાણી હોવાનો ડોળ કરવાનું રહેવા દે. તું એ સારી પેઠે જાણે છે. મને ઘણી વાર થાય છે, તમે બન્ને બાર્બરા જેવી દીકરી કેવી રીતે પેદા કરી શક્યાં!' કહેતાં એનાથી જરા કરડાકીભર્યું હસી પડાયું.

ગ્રેસનાં હાથમાંના સોયા એમના એમ સ્થિર રહ્યા. એ નજર સામેના ખંડેરોને જોતી રહી. પણ એના ચહેરા પર કોઈ ભાવ પ્રકટ્યો નહીં.

'એલીડા, મને લાગે છે તું બાર્બરાના જરા વધારે પડતાં વખાણ કરે છે.' એણે થોડી વારે કહ્યું.

'ના, એવું નથી.' એલીડાના સ્વરમાં થોડી નરમાશ આવી હતી. 'હું તારી દીકરીની પ્રશંસક છું. મારી જેનીમાંય આમ તો કશું કહેવાપણું નથી. જો હું માંદગીને ખાટલે પડું તો જેનીને શરણે જવાનું પસંદ કરું. પણ હું તોફાની તરવરાટભર્યું ફરજંદ ઝંખતી હતી. એને બદલે આ દેવદૂત જેવી દીકરી મને ક્યાંથી સાંપડી એ જ મને તો સમજાતું નથી.'

'આમ તો બાર્બરાય દેવદૂત જેવી જ છે.' ગ્રેસે ધીમું હસીને કહ્યું.

'હા, પણ તારા એ દેવદૂતની પાંખો મેઘધનુષની છે તો! ચાલ જવા દે એ વાત. ત્યાં બન્ને છોકરીઓ એમના યુવાન મિત્રો સાથે દરિયાકિનારે મોજમજા ઉડાવતી હશે. ને અહીં આપણે ક્યારના અગાશીમાં બેસી રહ્યાં છીએ. અહીં બેઠેબેઠે જૂની સ્મૃતિઓ કેટલી તીવ્રતાતી તાજી થઈ આવે છે?' એલીડાએ કહ્યું.

ગ્રેસે એના પગ પાસે ઢગલો થઈને પડેલું ગૂંથવાનું ઉપાડીને ફરી એના સોયાને કામે લગાડી દીધા હતા.

એલીડા વળી વિચારી રહી. આ સામેનાં ખંડેરો ગ્રેસના માનસપટ પર ઘણાં પુરાણાં સંસ્મરણો જગવતાં હશે. અથવા કદાચ એવું નયે હોય. એ તો ગૂંથવામાં કેવી મગ્ન છે! એને શેની ફિકર છે! એને તો ગળા સુધીની ખાતરી છે કે એની બાર્બરા પેલા કેમ્પોલિયરી સાથે પોતાનું નક્કી કરીને જ આવશે. પછી ગ્રેસ એનું ન્યૂ યોર્કનું મકાન વેચી દેશે, ને રોમમાં રહેવા આવી જશે. એ ખૂબ ચાલાક છે. એ રસોઈયો રાખીને પાર્ટીઓ ગોઠવતી રહેશે ને એમાં એને ગમતાં મહેમાનોને આમંત્રશે. ને એની પાછલી જિંદગી પૌત્ર-પૌત્રીઓને રમાડતાં રમાડતાં મોજથી વિતાવશે. પણ ઘડી પછી આવા તરંગો દોડાવવા બદલ એ જાતને તિરસ્કારી રહી. પોતે ગ્રેસ તરફ કેમ આટલી બધી નિર્દયતા દાખવે છે? એની ઈર્ષા કરવાની ટેવમાંથી એ ક્યારે છૂટશે? પણ વર્ષોથી એ ગ્રેસની ઈર્ષા કરતી આવી હતી. તે એ ટેવ એમ સહેલાઈથી એકદમ થોડી છૂટવાની હતી! એ વિચારતી રહી.

એ ખુરસીમાંથી ઊઠીને અગાશીની દીવાલનો ટેકો લઈને ઊભી રહી. નજર સામેનું દૃશ્ય એને વધારે અસ્વસ્થ બનાવી રહ્યું. એણે કૉલોઝિયમ પર નજર માંડી. એ સ્થળ પણ અંધારામાં લપેટાવા માંડ્યું હતું. ઉપર વિસ્તરેલું આકાશ તો સ્ફટિક જેવું નીતર્યું થઈ ગયું હતું. ધીમે ધીમે પ્રકાશ અને અંધકારનું મિશ્રણ આકાશમાં બધે સપ્રમાણમાં લીંપાવા માંડ્યું હતું.

એલીડાએ અચાનક ગ્રેસ તરફ ફરીને એનાં હાથ પર પોતાનો હાથ મૂકી દીધો. આ અણધારી ચેષ્ટાથી ગ્રેસથી ચમકી જવાયું. એણે ફટ એની સખી સામે જોયું.

'સૂર્યાસ્ત તો ક્યારનો થઈ ગયો છે. તને અહીં કશી બીક તો નથી લાગતી ને, ગ્રેસ ?'

'બીક! શેની બીક?' ગ્રેસે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

'રોમન ફીવર, કે ન્યૂમોનિયાની? એ શિયાળામાં આપણે આવેલાં ત્યારે તું કેવી માંદગીમાં પટકાઈ પડેલી ? મને બરાબર યાદ છે કે એ ઉમ્મરે તને ગળામાં ઝટ શરદી લાગી જતી'તી.

'હા, નીચે ફોરમમાં તો આજેય ગજબની ઠંડી છે. પણ અહીં આપણે સલામત છીએ. નીચેના જેવી ઠંડી અહીં નથી લાગતી.' ગ્રેસે કહ્યું.

'એ ઉમ્મરે તો તારે શરદીથી બચવા કેટલી કાળજી રાખવી પડતી!' કહી અલીડા દીવાલ ભણી ફરી ગઈ. 'હું જ્યારે અહીંથી ફોરમ ભણી નજર કરું છું, ત્યારે મને તારી મમ્મીના માસી યાદ આવી જાય છે. કેવી દુષ્ટ હતી એ! ખરું કે નહીં

'હા, એણે એનાં ફૂલોના સંગ્રહ માટે પોતાની નાની બહેનને ફોરમમાંથી ફૂલો તોડી લાવવા સાંજનાં સમયે મકલેલા. એ જમાનામાં ફૂલોનો સંગ્રહ કરવાનો ઘણાને શોખ.' ગ્રેસે કહ્યું.

'એ તો ખરું, પણ તારી મમ્મીની એ બેય માસીઓ એક જ પુરુષને ચાહતી હતી એટલા જ માટે ખાસ તો મોટીબહેને નાનીને એ સાંજે ફૂલ લેવા ફોરમમાં મોકલેલી.'

'હા, એ તો એમના પરિવારમાં સામાન્ય હતું. એમ કહેવાતું કે વર્ષો પછી મમ્મીની માસીએ એ વાતની કબૂલાત કરેલી. ફૂલ લેવા ગયેલી બહેનને તો ઠંડીને કારણે તાવ લાગુ પડેલો, ને આ તાવમાં જ બાપડી...! અમે નાના હતા ત્યાર મમ્મી એ બધી વાત અમને કહેતી.'

'ને આપણે એ શિયાળામાં અહીં આવેલાં ત્યારે આપણે આપણી દીકરીઓ જેવડાં જ હતાં. ત્યારે તું તારી મમ્મીની એ માસીની વાત કહીને મને ગભરાવતી. ડેલ્ફિન સાથે મારો વિવાહ એ અરસામાં તાજો જ થએલો.' એલીડાએ કહ્યું.

'હું એવું કરતી? ને તું ખરેખર ગભરાઈ જતી? બાકી તું એમ એટલી સહેલાઈથી ગભરાઈ જાય એવી નથી.' ગ્રેસે સહેજ અકળાઈને કહ્યું.

'એ ખરું, પણ ત્યારે તો હું સાચ્ચે જ ગભરાઈ જતી. એ દિવસોમાં હું એટલી બધી સુખી હતી કે મારું સુખ ક્યાંક છીનવાઈ જશે એવી દહેશત મને સતત રહ્યા કરતી. એટલે જ તારી મમ્મીની મોટી માસીની વાતની અસર મારા પર ખૂબ થએલી. હું વિચારતી રોમન ફીવર તો ખાસ રહ્યો નથી. પણ સાંજ થતાં જ ફોરમ અને કૉલોઝિયમ એટલાં તો ભેજવાળાં ને ઠંડાગાર થઈ જાય છે કે...'

'કૉલોઝિયમ ને?' ગ્રેસે કહ્યું.

'હા, ને રાત્રે પ્રવેશદ્વાર બંધ થઈ ગયા પછી એમાં પ્રવેશવાનુંય અઘરું. છતાં એ દિવસોમાં પ્રવેશ મેળવી શકાતો. ખાસ તો જો પ્રેમીઓ અન્ય સ્થળે સહેલાઈથી એકબીજાંને મળી શકતાં નહીં એ ત્યાં મળવાનું ગોઠવતાં. તને તો એ વાતનો ખ્યાલ હશે જ!'

'મને તો કશું યાદ નથી.' ગ્રેસે એલીડા સામે જોયા વિના કહ્યું.

'તને કશું યાદ નથી? શું વાત કરે છે તું! એક રાત્રે તું આ બધાં ખંડેરો જોવા નીકળી પડેલી, ને પછી તને બરાબરની શરદી લાગી ગએલી! એ બધું તું ભૂલી ગઈ? બધાં એમ માની બેઠેલાં કે તું ત્યાં ચંદ્રના ઉદયનું દૃશ્ય માણવા ગએલી, ને એ જ કારણે તું માંદી પડી ગએલી.'

'હા, બધાં એમ જ કહેતાં હતાં. કેટલાં વર્ષો વીતી ગયાં એ વાતને!' થોડીવારે ગ્રેસે કહ્યું.

'પણ પછી તું સાજી થઈ ગએલી, એટલે એ ઘટનાનું

ઝાઝું મહત્ત્વ નહીં રહેલું. જો કે, તારી માંદગીનું જે કારણ દર્શાવવામાં આવેલું એનાથી તારા નિકટના મિત્રોને ભારે આશ્ચર્ય થએલું. કારણ, બધાંને ખબર હતી, શરદીથી બચવા તું ઘણી સંભાળ લેતી એ વાતની. એ રાત્રે ઘણી ઠંડી હતી તોય તું શહેરનાં જોવાલાયક સ્થળોની મુલાકાત લેવા નીકળી પડેલી. ખરું ને?'

'હા, ઘણીવાર બહુ શાણી છોકરીઓય ક્યારેક મૂર્ખાઈભર્યું પગલું ભરી બેસતી હોય છે. પણ આ બધું તને અત્યારે ક્યાંથી યાદ આવી ગયું?' ગ્રેસે સહેજ અકળાઈને પૂછ્યું.

એલીડા પાસે ગ્રેસના એ પ્રશ્નનો તાત્કાલિક તો કોઈ જવાબ નો'તો. થોડીવારે એ બોલી, 'ગ્રેસ મારાથી એ વધુ વખત સહન નહીં થઈ શકે.' એના અવાજમાં થોડી વેદના ભળી હતી.

'શું સહન નહીં થઈ શકે તારાથી?' ગ્રેસે વિસ્ફારિત નેણે એલીડા ભણી જોઈને કહ્યું.

'તું એ રાત્રે ઠંડીમાં ફોરમમાં કેમ ગએલી, એ હું જાણું છું, એની તને ખબર નથી.'

'હું ફોરમમાં કેમ ગએલી એની તને...?' ગ્રેસ આગળ બોલી શકી નહીં.

'હા, તું ધારતી હોઈશ, કે હું ગપ્પું મારું છું. પણ એવું નથી. જેની સાથે મારા વિવાહ થએલા હતા, એને મળવા તું ગએલી. ને જે પત્રને અનુસરીને તું ડેલ્ફિનને મળવા ગએલી એ પત્રનો અક્ષરે અક્ષર મને યાદ છે. એ આખો પત્ર હું તારી આગળ અત્યારે બોલી બતાવી શકું એમ છું.' એલીડાએ કહ્યું.

એ સાંભળતાં જ ગ્રેસ ખુરસીમાંથી ઊભી થઈ ગઈ. એના પગ સ્થિર રહી શક્યા નહીં. એની બેગ ને ગૂંથવાની સામગ્રી એના ખોળામાંથી ફરી નીચે સરી પડ્યાં હતાં. એ જાણે પ્રેતને જોતી હોય એમ એલીડા સામે ફાટી આંખે જોઈ રહી.

થોડી વાર રહીને એણે કહ્યું, 'ના, મારે એ પત્રના શબ્દો નથી સાં...!'

'અરે ના શું કામ? જો સાંભળ, 'વ્હાલી ગ્રેસ, આમ ને આમ ક્યાં સુધી ચાલતું રહેવાનું? મારાથી તને મળ્યા સિવાય હવે નહીં રહેવાય. કાલે સૂર્યાસ્ત પછી તું કોલોઝિયમમાં આવજે. ત્યાં ઊભેલો આદમી તને અંદર પ્રવેશ આપશે. ને તને જેની બીક છે એ વ્યક્તિને તો આપણી આ મુલાકાતની કશી ગંધ નથી આવવાની... બરાબર ને?' એલીડાના સ્વરમાં થોડી કટુતા ભળી હતી.

ગ્રેસે પૂરી સ્વસ્થતાથી પરિસ્થિતિનો સામનો કર્યો. ખુરસીનો ટેકો લઈ એ એલીડા તરફ ફરી.

ને પત્રને અંતે સહીની જગાએ માત્ર લખેલું, 'તારો ડી.એસ.' બરાબર? આ જ પત્રથી દોરવાઈને તું તે રાત્રે કોલોઝિયમમાં ગએલી ને?' એલીડાએ ઉમેર્યું. ગ્રેસ એની સખી સામે જોતી રહી.

એલીડાને લાગ્યું કે ગ્રેસના દેખીતા શાંત ચહેરા પાછળ ભારે ઘમસાણ ચાલી રહ્યું છે. ગ્રેસ પોતાની જાત પર આટલો કાબૂ રાખી શકે છે એ એણે કલ્પેલું નહીં. ગ્રેસની સ્વસ્થતા એને અકળાવી રહી.

'એ પત્રની વિગતોની તને ક્યાંથી ખબર? એ તો મેં તરત બાળી નાખેલો.' થોડીવાર મૌન ધર્યા પછી ગ્રેસે કહ્યું.

'એ પત્ર તો તું બાળી જ નાખે ને! તું કંઈ સાવ બાઘી થોડી છે. એ એના કથનમાં રહેલ વ્યંગ અછતો નો'તો રહી શક્યો.' પત્રનો શબ્દેશબ્દ મને યાદ છે. કારણ કે... કારણ કે એ પત્ર મેં જ લખ્યો હતો.'

'હેં!! તેં લખેલો?' ગ્રેસથી બોલી પડાયું.

'હા.'

સંધ્યાના ધૂંધળા ઉજાસમાં બન્ને સાહેલીઓ ઘડીભર એકબીજાંની સામે જોતી ઊભી રહી. એકાએક ગ્રેસ ખુરસીમાં ફસડાઈ પડી.

'ઓ...!' ગ્રેસના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો. એણે બે હાથ વડે એનું મોં ઢાંકી દીધું.

'હું તને ત્રાસજનક લાગું છું, નહીં?' એલીડાએ કહ્યું.

એ સાથે જ ગ્રેસના હાથ મોં પરથી સરીને ઢીંચણ પર ટેકવાઈ ગયા. એનો ચહેરો આંસુથી ભીંજાઈ ગયો હતો. થોડી વાર એમ જ બેસી રહ્યાં પછી એણે કહ્યું :

'એલીડા, હું તારા વિશે નો'તી વિચારતી, હું પત્ર વિશે વિચારતી'તી. આ એક જ પત્ર મને ડેલ્ફિન તરફથી મળેલો.'

'ને તેય એણે નહીં લખેલો! પણ તારે એ નો'તું ભૂલવું જોઈતું કે મારો વિવાહ એની સાથે થએલો હતો.'

'મને એ યાદ હતું. ખોટું નથી કહેતી.' કહી ગ્રેસ નીચું જોઈ ગઈ.

'ને છતાં તું એને મળવા ગઈ?' એણે જરા ઉગ્રતાથી કહ્યું.

એલીડાનો આક્રોશ શમતાં થોડી વાર લાગી. ગ્રેસ પર પ્રહાર કરવાથી પોતાના મનને થોડી શાંતિ વળશે એમ એ ધારતી હતી. પોતાનું કૃત્ય વાજબી ઠેરવવા એણે કહ્યું, 'હું તને ધિક્કારતી હતી, કારણ કે મને તારો સતત ડર રહ્યા કરતો. તું ડેલ્ફિનને મારી પાસેથી ઝૂંટવી લઈશ, એવી દહેશત મને રહેતી. તને મારા માર્ગમાંથી દૂર કરવા, ગુસ્સામાં અંધ બનીને મેં એ કાગળ તને લખેલો. પણ આ બધું હું તને અત્યારે કેમ કહી રહી છું, એ મને સમજાતું નથી.'

'મને ત્રાસ આપવા માટે.' ગ્રેસે વેદનાભર્યા સ્વરમાં કહ્યું.

'એટલા માટે પણ કદાચ હોય કે હું મારા હૃદય પરનો બોજ હળવો કરવા માગતી હતી. તેં એ પત્રનો નાશ કર્યો છે એ જાણીને મને ખુશી થઈ. હું નો'તી ધારતી કે તું એમ કરીશ.' એલીડાએ કહ્યું. અચાનક એને એકાકીપણાની લાગણી સતાવી રહી. 'હું તને પિશાચણી લાગતી હોઈશ, નહીં?'

'ખબર નથી, પણ મારી પાસે એના આ એક જ પત્રની

સ્મૃતિ હતી, ને તું કહે છે કે એય એના દ્વારા નો'તો લખાયો...' ગ્રેસે વ્યથિત સૂરમાં કહ્યું.

'એટલે હજુય તું ડેલ્ફિનને એટલો જ ચાહે છે?'

'હા, ને એટલે જ મારે મન એ પત્રનું સ્મરણ અમૂલ્ય હતું.' ગ્રેસે કહ્યું.

પોતે કરેલા ઘાની ગ્રેસ પર થએલી અસર એલીડા ત્રાંસી નજરે જોતી રહી. એકાએક ગ્રેસ ખુરસીમાંથી ઊભી થઈ. પવનની એકાદ ઝપટ એને અગાશીમાંથી ઊંચકીને નીચે પટકી દેશે, ને એ માટીના ઢેફાની જેમ શીર્ણ થઈ જશે એમ એલીડાને લાગ્યા કર્યું.

એલીડા વળી ઈર્ષાની આગમાં જલી રહી. આ સ્ત્રી એ પત્રની સ્મૃતિને સહારે આંટલાં વર્ષો વ્યતીત કરતી રહી! એ પત્રની રાખને સ્મૃતિમાં ભંડારી રાખનાર સ્ત્રી એ પત્રના લખનારને કેટલું ચાહતી હશે! ને એ પત્ર પણ જે સખીની એ પુરુષ સાથે સગાઈ થઈ હતી એના દ્વારા લખાએલો! ખરેખર તો પિશાચણી પોતે નહીં, પણ ગ્રેસ જ છે. એલીડા વિચારતી રહી. થોડીવાર રહીને એણે કહ્યું. 'ડેલ્ફિનને મારી પાસેથી ઝૂંટવી લેવા તેં તારા બનતા બધા પ્રયત્નો કરેલા. પણ તું એને ન પામી શકી. મેં જ એને મેળવ્યો. એ જ તો મહત્ત્વની વાત છે.'

'હા, મહત્ત્વનું તો એ જ છે.' ગ્રેસે કહ્યું.

'મને થાય છે કે મેં તને પત્રની વાત ન કરી હોત તો સારું થાત. એ વાતે તને આટલું લાગી આવશે એનો મને લગીરે ખ્યાલ નહીં. મને એમ કે એ વાત સાંભળીને તને ગમ્મત આવશે. વર્ષો પહેલાંની વાતને તું આટલી ગંભીરતાથી લઈશ એમ મેં ધારેલું નહીં, એટલે મેં તને એ વાત કરી. વળી, આ ઘટના બની એ પછી બે જ મહિનામાં તો તું હોરેસને પરણી ગએલી. જેવી તું માંદગીને બિછાનેથી ઊઠી કે તરત તારી મમ્મીએ તને ફ્લોરેન્સ ભેગી કરી દીધેલી, ને તાબડતોબ પરણાવી દીધેલી. તારાં લગ્ન આટલાં ઝડપથી લેવાએલાં એની ઘણાંને નવાઈ લાગેલી. પણ હું તો જાણતી જ હતી કે ડેલ્ફિનના મારી સાથેના વિવાહને કારણે રોષે ભરાઈને તું હોરેસને ઝટપટ પરણી ગએલી, એવું બતાવવા કે લગ્નની બાબતમાંય તું મારા કરતાં એક ડગલું આગળ છે. ક્યારેક સાવ વાહિયાત કારણો માટે પણ કેટલીક છોકરીઓ આવા ગંભીર નિર્ણયો કરી બેસતી હોય છે, એ તેં તારા આ પગલાથી સિદ્ધ કરી બતાવ્યું. હોરેશ સાથેનાં તારાં લગ્ને મને એ વાતની ખાતરી કરાવી આપી કે ડેલ્ફિન માટેની તારી લાગણી ઉપરછલ્લી જ હતી.' એલીડા એકીશ્વાસે બોલી ગઈ.

'હા, સ્વાભાવિક રીતે તને તો એમ જ લાગે.' ગ્રેસે કહ્યું.

અંધકાર ઓઢીને ઊભેલી સામેની ટેકરીઓની તળેટીઓની વસાહતોમાં દીવાઓ ઝબૂકવા માંડ્યા હતા. આકાશમાંય અંધકારનું સામ્રાજ્ય વિસ્તરતું જતું હતું. અગાશીમાં પાછી ચહલપહલ શરૂ થઈ ગઈ. હાથમાં ટ્રે સાથે વેઈટરો ડોકાવા માંડ્યા. ખુરસીઓ, ટેબલો વ્યવસ્થિત ગોઠવાવા માંડ્યાં. શહેરના રસ્તાઓ પરની લાઈટો ઝળહળી ઊઠી. ફૂલદાનીમાંનાં કરમાએલાં ફૂલોની જગાએ તાજાં ફૂલો ગોઠવાઈ ગયાં.

ગ્રેસ અને એલીડા જ્યાં બેઠાં હતાં એ ખૂણો જરા અંધારિયો હતો. બન્ને ક્યાંય સુધી મૂક બેસી રહ્યાં.

'મને લાગે છે કે એ પત્ર મેં મજાક ખાતર જ લખેલો.' એલીડાએ ઘડી પછી કહ્યું.

'મજાક!' ગ્રેસના મોંએથી ઉદ્દ્‌ગાર સરી પડ્યો.

'હા, પ્રેમમાં પાગલ થઈ ગએલી છોકરીઓ ક્યારેક આવું અણધાર્યું કરી બેસે છે. તને ક્યાં ખબર નથી? તે દિવસે કૉલોઝિયમમાં પ્રવેશ કરવા મથામણ કરતી, બધાંની નજરોથી બચવા સંતાતી-છુપાતી આમતેમ આંટા મારતી, ને ડેલ્ફિનની પ્રતીક્ષામાં અકળામણ અનુભવતી તને કલ્પીને હું મનોમન ખૂબ રાજી થએલી, પણ પછી તું બીજે દિવસે એ કારણે માંદી પડી ગએલી એ જાણ્યું ત્યારે મને દુઃખ થએલું.' એલીડાના સૂરમાં થોડીક સહાનુભૂતિ ભળી હતી.

ગ્રેસ ક્યાંય સુધી સ્થિર બેઠી રહી. પછી એની સાહેલી તરફ જોઈને એણે કહ્યું, 'પણ તે દિવસે કૉલોઝિયમમાં પ્રવેશ મેળવવા માટે મારે રાહ નો'તી જોવી પડી. ડેલ્ફિને બધી ગોઠવણ કરી રાખી હતી. એય ત્યાં હાજર હતો. અમને તરત પ્રવેશ મળી ગએલો.'

એ સાંભળીને એલીડા એકદમ ઊછળીને ખુરસીમાંથી ઊભી થઈ ગઈ. 'શું કહે છે તું! ડેલ્ફિન ત્યાં હાજર હતો? કૉલોઝિયમમાં તમને પ્રવેશ મળી ગએલો? આ બધું નરદમ જૂઠાણું છે.' કહેતાં એલીડાનો અવાજ ઊંચો થઈ ગયો.

'સાચું કહું છું. ડેલ્ફિન ત્યાં હાજર હતો. એ ખરેખર ત્યાં આવેલો.' ગ્રેસે દૃઢતાપૂર્વક કહ્યું.

'આવેલો? પણ તું ત્યાં જવાની હતી એની એને ક્યાંથી ખબર?' તું ખરેખર જૂઠું બોલે છે.'

'ડેલ્ફિનને ખબર પડેલી, કારણ કે... કારણ કે એ પત્રનો મેં જવાબ આપેલો. મેં જવાબમાં લખેલું કે તારા પત્રમાં જણાવ્યા મુજબ હું કૉલોઝિયમમાં નિર્ધારિત સમયે આવી રહીશ, એટલે પછી એ આવે જ ને!'

'અરે ભગવાન! એ પત્રનો જવાબ તેં લખેલો? તું એનો જવાબ લખીશ એવું તો મેં ધારેલું જ નહીં.' એલીડાથી મોં પર હાથ દેવાઈ ગયો.

'જો તેં જ પત્ર લખ્યો હોય તો એનો જવાબ હું પાઠવીશ એ તારા ખ્યાલમાં ન આવ્યું એ નવાઈ કહેવાય.' ગ્રેસે કહ્યું.

'એ પત્ર મેં ગુસ્સાના આવેશમાં સાનભાન ગુમાવીને લખી નાખેલો.'

ફરી બન્ને વચ્ચે મૌન રચાયું. થોડીવાર પછી ગ્રેસે એનો

(અનુસંધાન પૃ.૪૫૪)

આભાસી વાસ્તવિક્તા

પ્રહ્લાદ છ. પટેલ


આભાસી વાસ્તવિકતા (Virtual Reality)એ કૃત્રિમ માધ્યમમાં કાલ્પનિક માધ્યમનું સર્જન કરે છે. આ.વા. એ કોઈ જાદૂઈ લાકડી નથી કે નથી તે ભારે વિસ્મયકારક કૃતિ કે કરામત આ.વા. માણસ માટે સજીવ કલ્પના કરવા, ચાલાકીપૂર્વક પ્રભાવિત કરવા અને કમ્પ્યૂટર તથા અત્યંત જટિલ માહિતી સાથે આંતરક્રિયા કરવા માટેનો રાહ તૈયાર કરી આપે છે. જેમ કે જંગલ કે આગ જેવાં બાહ્ય દશ્યો અને મેઘ કે સિંહની ગર્જનાના શ્રાવ્ય અંશો કમ્પ્યૂટરની અંદર જ તૈયાર કરવામાં આવે છે.

આ.વા. એ માણસની આસપાસ પ્રવર્તતી વાસ્તવિકતાનું અનુરૂપણ (simulation) છે, જેનું કમ્પ્યૂટર વડે સર્જન કરવામાં આવે છે. ભૌતિક જગતમાં થતી પ્રક્રિયાઓ-ઘટનાઓનો અનુભવ જ્ઞાનેન્દ્રિયો વડે થાય છે. આંખ, કાન, ત્વચાની બહારની બાજુએથી માણસ સંવેદન કે અનુભૂતિ પામે છે. આ.વા.માં માણસ એવો પોશાક (કે પરિસ્થિતિ) ધારણ કરે છે જે જ્ઞાનેન્દ્રિયો ઉપર અનુરૂપણ પેદા કરે છે. ખાસ પ્રકારના ચશ્મા અને માથા ઉપરનો મુગટ (helmet) તૈયાર કરવામાં આવે છે જે ત્રિપારિમાણિક ચિત્રનો આભાસ પેદા કરે છે. તેમને આધારે આપણે આપણું માથું એક દિશામાં ફેરવીએ ત્યારે ચિત્ર બીજી દિશામાં ફરીને આપણી ગતિને સરભર કરે છે. પરિણામે આપણે પોતે જ ફરતા હોઈએ તેવો ભ્રમ આપણા ચિત્ત ઉપર પેદા થાય છે. આ વખતે હકીકતમાં આપણે સ્થિર હોઈએ છીએ.

ત્રિ-પારિમાણિક પરિસ્થિતિ (માહોલ)નું હૂબહૂ સર્જન કરવા માટે કમ્પ્યૂટર-આલેખનનો ઉપયોગ કરવામાં આવે છે, અને તે ઉપભોક્તાને વાસ્તવિક હોય તેવું જ લાગે છે. મકાન તૈયાર થાય તે પહેલાં, અંદરથી તે કેવું લાગશે તેનો ખ્યાલ સ્થપતિને આ.વા. કરાવે છે. તેને લગતાં ચિત્રો કમ્પ્યૂટર તૈયાર કરે છે.

માહિતી-મોજું (data glove) A ને આકૃતિ-૧માં દર્શાવેલ છે. પહેરનારના હાથની તે ગતિ માપે છે. મોજા ઉપરનો તંતુ-પ્રકાશીય તાર (૧) હાથના વળવાની ઘટનાને પારખે છે. કેબલ(૨) માં પ્રકાશ ઉપર નીચે જાય છે જ્યારે કેબલને (૩) પ્રમાણે વાળવામાં આવે છે ત્યારે તે બોર્ડ (૪) ઉપર પ્રકાશનું પરાવર્તન કરે છે. સેન્સર (૫) મોજાની ત્રિ-પરિમાણમાં થતી ગતિ પારખે છે. આંગળીના ટેરવે રાખેલ પેડ (૬) મોજું પહેરનારને જાણે કે તે વસ્તુને ખરેખર સ્પર્શ કરી રહ્યો હોય તેવો અહેસાસ કરાવે છે.

આકૃતિ (૨)માં B એ માથે રાખવાનો સેટ છે. આ સેટ પ્રકાશીય અને શ્રાવ્ય માહિતીનો ઉપયોગ કરે છે. આ સેટ



આકૃતિ - ૧

પહેરનારને જાણે કે તે વાસ્તવિક જગત સાથે આંતરાક્યા કરતો હોય તેવું લાગે છે. દરેક આંખ આગળનો ટી.વી. પડદો (૧) ત્રિ-પારિમાણિક (stereo) પ્રતિબિંબ રચે છે. હેડફોન (૨) આજુબાજુના ધ્વનિનો ખ્યાલ કરાવે છે. ગતિ કરતું સેન્સર (૩) ઉપભોક્તાની ગતિને ગ્રહણ કરે છે. ચિત્ર અને ધ્વનિમાં તેને અનુરૂપ ફેરફાર કરે છે.


દુર્યોધન દ્રૌપદીના મહેલમાં દાખલ થયો અને એકદમ આશ્ચર્ય સાથે થંભી ગયો, કારણ કે રસ્તામાં આગળ બધે પાણી ભરેલું છે એવું લાગતાં તેનાં કપડાં પલળે નહીં તે માટે સફાળો સભાન થઈને કપડાં ઊંચાં કરી લીધાં. પાણીની સપાટી ઉપર નાના તરંગો હિલ્લોળે ચડ્યા હોય તેવો તેને ભાસ થયો. વાસ્તવમાં પાણી ન હતું તે છતાં તરંગો દેખાયા. માટે તે આગળ વધ્યો નહીં.

સાચે જ પાણી નથી એવું લાગ્યા પછી તે આગળ વધ્યો. હવે મહેલનું ભોંયતળિયું સામાન્ય ધરતી જેવું લાગતું હતું તેથી તે ઝડપથી ચાલ્યો, લપસ્યો અને ધબ દઈને પાણીમાં પડ્યો. કપડાં પલળી ગયાં. અહીં વાસ્તવમાં પાણી હતું જ પણ ધરતી નિર્જળ લાગતાં તે ફસાયો.

દ્રૌપદીએ અટ્ટહાસ્ય કર્યું અને તે સાથે તેણે કટુ વેણ કાઢ્યું કે 'આંધળા બાપ (ધૃતરાષ્ટ્ર)ના છોકરા પણ આંધળા.' આ સાંભળી દુર્યોધનના દિલ-દિમાગમાં આગ ભડકી ઊઠી. દુર્યોધન ભારે અપમાનિત થયો. દ્રૌપદી અને દુર્યોધનનો અહમ્ ટકરાયો અને મહાભારતના યુદ્ધનાં બી ઊગ્યાં.

પૌરાણિક કાળમાં કમ્પ્યૂટરની કરામતો ન હતી આથી આવી ઘટનાને માયાજાળ તરીકે ઓળખતા. પાણી ન હોય ત્યાં પાણીનો આભાસ થાય અને પાણી હોય ત્યાં નિર્જળ ધરતીનો આભાસ થવો તેનું પૌરાણિક નામ માયાજાળ અને આધુનિક નામ 'આભાસી વાસ્તવિક્તા' (Virtual Reality).

આકૃતિ - ૨



બિલ્વમંગલ (પાછળથી સૂરદાસ)

મેડીએ બેઠેલી પ્રિયતમાને મળવા ગયો. મેડી ઉપરથી લટકતા સાપને દોરડું સમજીને પકડી પ્રિયતમા પાસે ગયો. વાસ્તવમાં સર્પ હતો પણ તેમાં તેને દોરડાનો આભાસ થયો.

મહાભારતના સમયમાં વિજ્ઞાન, ટેક્નોલૉજિ અને કમ્પ્યૂટરનો આજના જેવો અને જેટલો વિકાસ થયેલો ન હતો. આજે તો યંત્રમાનવ (robot) ટેક્નોલૉજિએ કેટલીક સમસ્યાઓનો ઉકેલ આપ્યો છે. રોબો-સંપૂર્ણપણે યંત્રમાનવ છે. હવે તો અર્ધમાનવ-અર્ધયંત્રની ટેક્નોલૉજિ અમલમાં આવી રહી છે. અહીં માનવના શરીર (ખાસ કરીને હાથ)માં કમ્પ્યૂટરીકૃત કાર્યક્રમ ધરાવતી ચિપ્સ સાથેના સંપૂટનું રોપણ કરવામાં આવે છે. આવો સંપૂટ માણસને તેના કાર્યક્રમોમાં ઘણી બધી મદદ કરે છે. છેલ્લે 'આભાસી વાસ્તવિક્તા'નો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે.

કમ્પ્યૂટર તો આજે ચિત્રો દોરે છે, સંગીત છેડે છે, અટપટી ગણતરીઓ આંખના પલકારામાં કરી આપે છે, રોગોનું નિદાન કરવા મદદ કરે છે, સંદેશાવ્યવહાર ત્વરિતપણે કરે છે. ઇન્ટરનેટ કમ્પ્યૂટર નેટવર્ક દ્વારા વિશ્વના કોઈ પણ ખુણાની માહિતી પળવારમાં લાવી આપે છે, અર્ધમાનવ-અર્ધયંત્ર (cyborg)ની કમાલ પણ કમ્પ્યૂટર કરે છે.

આજે કમ્પ્યૂટર હૂબહૂ પર્યાવરણ (માહોલ) પેદા કરી શકે છે. કમ્પ્યૂટરે તૈયાર કરેલ પર્યાવરણને જોઈને વ્યક્તિને અસલી પર્યાવરણ છે એમ માનવું જ પડે છે! આવા કમ્પ્યૂટરીકૃત કલ્પિત પર્યાવરણને અસલી પર્યાવરણથી અલગ કરી શકાતું નથી. આવું કાલ્પનિક – ભ્રાંતિ પેદા કરનાર, પર્યાવરણ ઇન્ફોગ્રાફી વડે સિદ્ધ કરી શકાય છે. ઇન્ફોગ્રાફી એવી ટેક્નોલૉજિ છે જેમાં માહિતી પ્રક્રિયા (data processing) અને ચિત્રોનું સંયોજન કરવામાં આવે છે. આથી જોનારને ત્રિપારિમાણિક અસ્તિત્વનો અનુભવ થાય. અહીં બે સંવેદી ઉદ્દીપકો (stimuli)નો ઉપયોગ કરવામાં આવે છે. એક સંવેદી ઉદ્દીપક સંપૂર્ણપણે ત્રિમિતિદર્શક હોય છે એટલે કે ત્રણ પરિમાણનો ભાસ પેદા કરવા માટે જરાક જુદા જુદા ઠેકાણે (ખૂણે)થી કોઈ પદાર્થ, વ્યક્તિ કે ઘટનાનાં બે ચિત્રો લઈને ભેગાં કરવા માટેનું ઉપકરણ છે. આવા ઉપકરણથી ત્રિં-પારિમાણિક દશ્ય તૈયાર કરવામાં આવે છે. અને તે માટે બે સૂક્ષ્મ પ્રવાહી સ્ફટિકના પડદાને પ્રત્યેક આંખની સામે યોગ્ય રીતે ગોઠવવામાં આવે છે. આવા સૂક્ષ્મ પ્રવાહી સ્ફટિકવાળા પડદા સૂક્ષ્મ ટી.વી.નું કાર્ય કરે છે. બીજો સંવેદી ઉદ્દીપક જોનારના શરીર અને કૃત્રિમ અવકાશ, જેમાં તેને રાખવામાં આવે છે, તે બે વચ્ચે સહસંબંધ જોડે છે. અહીં જીવ (organism) અંતર્ગત રીતે ઉત્તેજના ગ્રહણ કરવા માટે સક્ષમ હોય છે. આ બધું સ્નાયુંઓ, સ્નાયુબંધ અને સાંધાઓ મારફતે થાય છે.

જોનારની દરેક હિલચાલ (ગતિવિધિ) અને ચેષ્ટા (ઇશારા)નું વિશ્લેષણ, નિયંત્રણ કમ્પ્યૂટર વડે કરવામાં આવે છે, અને સત્વરે સંલગ્ન કાર્યક્રમ તૈયાર થાય છે. આ રીતે આભાસી અવકાશ અને શરીર વચ્ચે સંપૂર્ણ સહજીવન (symbiosis) તૈયાર કરે છે. આવી સામગ્રીનો ઉપયોગ કરનાર પ્રત્યેક વ્યક્તિ એવી લાગણીનો અનુભવ કરે છે કે તે એવી જગાએ છે જ્યાં વાસ્તવિક રીતે નથી અને તેમની પાસે વાસ્તવમાં કશું જ ન હોય તે છતાં તેવી બાબતનો અનુભવ થતો હોય તેવું લાગે છે. અર્થાત્ તેમને જેનો અનુભવ થાય છે તે હકીકતમાં નથી થતો. અહીં પાંચે પાંચ જ્ઞાનેન્દ્રિયોને કામે લગાડવાની હોય છે. દુર્યોધનને આવું જ થયું હશે? અને બિલ્વમંગલને પણ? કલકત્તાના વિજ્ઞાનનગરમાં એક ઓરડામાં એવો મંચ તૈયાર કર્યો છે, જેની ઉપરનીચે ડાબીજમણી બાજુએ ગતિ થતી હોય તેવો પ્રબંધ કરેલો છે. સામે જે પડદો છે તેના ઉપર દશ્યો રજૂ કરવામાં આવે છે. ધારો કે ઇજિપ્તના પિરામિડોનાં ચિત્રો રજૂ કરવામાં આવે છે. મંચની સ્થાનિક ગતિ અને ચિત્રોની ત્રિ-પારિમાણિક રજૂઆતને કારણે વ્યક્તિ પિરામિડો વચ્ચે થઈને પસાર થતી હોય તેવું લાગે છે.

જે અનુકારી (simulator) એરક્રાફ્ટ ઉપર પાઈલોટને પ્રશિક્ષણ આપવામાં આવે છે તે અનુકરણ પદ્ધતિ 'આભાસી વાસ્તવિક્તા'ની ટેક્નોલૉજિનું શરૂઆતનું દૃષ્ટાંત છે. CAT (Computarised Axial Tomography) ક્રમવીક્ષણ (scanner) વડે દર્દીના શરીરના અંદરના ભાગોનાં અપ્રત્યક્ષ ચિત્રો તૈયાર કરી શકાય છે. જે મકાનો કાગળ ઉપર એટલે કે નકર રૂપે હોય છે તે મકાનોની શા સફરે સ્થપતિ ગ્રાહકોને લઈ જાય છે.

આ.વા. ટેક્નોલૉજિ હજુ બાલ્યાવસ્થામાં છો એટલે કે તે હજુ વિકસતી ટેક્નોલૉજિ છે. પણ અત્યારે એટલું સમજી શકાય છે કે તે મહાન ક્રાંતિ લાવશે. વ્યક્તિના જીવનના દરેક પાસાને તે સ્પર્શશે અને કેટલાંય પાસાંઓમાં આમૂલ પરિવર્તન આવશે. મનોરંજનના તમામ તરીકા બદલાઈ જશે. માહિતી પ્રસારણ કરતા માધ્યમવાળી કંપનીઓમાં ધરખમ ફેરફારો જોવા મળશે. કેટલા'ક તજ્જ્ઞોને ભાવિની ભીતરમાં એવું દેખાય છે કે, ઇન્ટરનેટની જેમ આ.વા. નિગમો અસ્તિત્વમાં આવશે. અને તે પૂર્ણ-સમયના સ્ટાફ-સભ્યો વિના કામગીરી બજાવશે. તેમાં ખાસ કામો નેટવર્ક-ટુકડીઓના ઉપયોગથી થશે. પરિણામે પૂર્ણ સમયના સ્ટાફની છટણીની નોબત આવશે. ભાવિમાં શું થશે તે જોવા માટે ઝાઝો સમય રાહ જોવાની નહીં રહે.

આ.વા. એટેલ કમ્પ્યૂટર અનુકરણનું આધુનિક સ્વરૂપ. તેમાં ભાગ લેનાર વ્યક્તિ કૃત્રિમ વાતાવરણ (પર્યાવરણ)નો જ ભાગ હોય તેવી ભ્રાંતિ અનુભવે છે. ભૌતિક ગુણધર્મ નોંધનાર અને માપનાર સાધન (sensor) માહિતી-મોજાં (data gloves) સાથે જડવામાં આવે છે. આવાં માહિતી મોજાં પહેરી લેવાથી વ્યક્તિ કૃત્રિમ રીતે તૈયાર કરેલા પર્યાવરણમાંથી વસ્તુ

ઉઠાવીને ખસેડતો હોય તેવું લાગે છે.

આજે આ.વા. ટેક્નોલૉજિનો હજુ પૂરો વિકાસ થયો નથી, પણ તેના અનેકવિધ ઉપયોગોની કલ્પના કરી શકાય તેમ છે. જેમ કે લશ્કરમાં શસ્ત્રક્રિયાના પ્રશિક્ષણાં, સ્થાપત્યમાં અને ઘરેલૂ મનોરંજનમાં.

આ.વા.નાં મનોવૈજ્ઞાનિક પાસાં ખાસ ધ્યાનાકર્ષક છે. અત્યાર સુધી આ.વા.ની ટેક્નિકલ બાજુની ચર્ચા કરવામાં આવી છે. પણ માનવચિત્ત ઉપર થતી તેની અસરો અને પ્રત્યાઘાતનો ખ્યાલ કરવો આવશ્યક છે. આ.વા.ની ટેક્નોલૉજિની જ્યારથી શરૂઆત થઈ છે ત્યારથી માનસશાસ્ત્રીય અવ્યવસ્થાના સંકેતો(ચિહ્નો)દેખા દેવા લાગ્યા છે. લાંબા સમય સુધી આ.વા.ના માહોલમાં રહ્યા પછી તેની અસરો વર્તાય છે. હેલ્મેટ, મોજાં અને કમ્પ્યૂટરના સતત ઉપયોગ બાદ કેટલાકને ઊલટી થાય છે અથવા દરિયાઈ માંદગી (seasickness) જેવું લાગે છે. આ.વા.માંથી વાસ્તવિક જગતમાં પાછા ફરતાં કેટલાંક લોકો દૃષ્ટિ અને ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી, કેટલાંક લોકો લાંબા સમય બાદ મૂળ સ્થિતિ પ્રાપ્ત કરે છે. અત્યંત ઝળહળતા પ્રકાશમાંથી અંધારિયા ખંડમાં જતાં કે અંધારિયા ખંડમાંથી અત્યંત ઝળહળતા પ્રકાશમાં જતાં આવો અનુભવ થતો હોય છે. અત્યારની આ.વા. ટેક્નોલૉજિ તો માત્ર દૃશ્ય અને શ્રાવ્ય જ્ઞાનનો ઉપયોગ કરે છે. પણ આધુનિક ટેક્નોલૉજિના વિકાસ સાથે સ્પર્શ, સ્વાદ અને સુગંધ વગેરેને આ.વા. સાથે સાંકળી લેવામાં આવશે. તે રીતે વાસ્તવિકતાની માત્રા ઘણી વધારે (અનંત) થશે. પરિણામે વાસ્તવિકતા અને આભાસી વાસ્તવિક્તા વચ્ચેનો ભેદ ભૂંસાઈ જશે ! આથી આંતરમાનવ સંબંધો સામે ગંભીર સમસ્યા ખડી થશે. ત્યારે આવી આ.વા.ની ટેક્નોલૉજિનું સાચું સ્વરૂપ પ્રકટ થશે. તે સ્વરૂપ કેવું હશે તેની તો આજે કલ્પના જ કરવી રહી. □

અનુસંધાન] રોમન ફીવર [પૃ.૪૫૧થી

ગરમ દુપટ્ટો ગળા ફરતે વીંટ્યો, ને એ ખુરસીમાંથી ઊભી થઈ, ને એણે એલીડાને કહ્યું, 'અહીં હવે જરા ઠંડી વધારે લાગે છે. આપણે ઊઠીશું?' પછી દુપટ્ટાને સરખો ગોઠવતાં એણે ઉમેર્યું, 'એલીડા, મને તારી દયા આવે છે.'

આ અણધાર્યા ઉચ્ચારણે એલીડાને અસ્વસ્થ કરી મૂકી. 'તારે શા માટે મારી દયા ખાવી જોઈએ?' કહી એણે એની બેગ ઉપાડી.

'હું તારી દયા એટલા માટે ખાઉં છું કે તે દિવસે તારી ધારણા મુજબ મારે ડેલ્ફિનની પ્રતીક્ષા નો'તી કરવી પડી.' કહી એ કોલોઝિયમનાં રહસ્યમય ખંડેરો ભણી જોઈ રહી.

એલીડા રહસ્યભર્યું સ્ફૂટ મલકાઈ. 'હા, એ વાતે હું થાપ ખાઈ ગઈ. પણ એ કારણે મારે શા માટે દુ:ખી થવું? મારે શું નો'તું ? મેં ડેલ્ફિનને મેળવ્યો. પચ્ચીસ વર્ષ સુધી એ મારો રહ્યો. તારી પાસે તો પેલા પત્ર સિવાય બીજું શું હતું! ને એય એનો લખેલો નહીં!'

ગ્રેસ ઘડીક શાંત રહી. પછી એણે સીડી તરફ ચાલવા માંડ્યું. અચાનક એ ઊભી રહી ગઈ. એણે પાછું વળીને એલીડા તરફ જોઈને કહ્યું -

'કેમ, મારે બાર્બરા નથી?'

લઘુકથા

એક હાથની તાલી - ૨

બહાદુરભાઈ જ. વાંક

આશ્રમમાં વેદો-ઉપનિષદોનો ઊંડો અભ્યાસ કરી આશ્રમમાંથી વિદાય લેવા માટે ગુરુ બજુવા પાસે કેટલાક શિષ્યો આવ્યા ને બોલ્યા : 'અમારે આપની પાસેથી જે શીખવા જેવું છે, તે બધું જ શીખી લીધું છે. હવે આપ અમને આશીર્વાદ આપી વિદાય આપો.'

ગુરુ બજુવાએ બધાને પૂછ્યું : 'તમે એક હાથથી તાલી પાડવાનું શીખી શક્યા છો ખરા?'

'ના, એ તો આપે અમને ક્યારેય પણ શીખવ્યું નથી. શું એક હાથથી તાલી પડી શકે ખરી?' દ્વિધા અનુભવતા શિષ્યોએ ગુરુને પૂછ્યું.

ગુરુ બજુવા બોલ્યા : 'હું તો રોજ એક હાથથી તાલી પાડું છું. પણ તમે જ આજ સુધી એ તાલીનો અવાજ સાંભળી શક્યાં નથી એનું શું?'

શિષ્યોએ સામું પૂછ્યું : 'તો આજ સુધી અમે આપની એક હાથની તાલીને કેમ નહીં સાંભળી શક્યા હોઈએ?'

'એટલા માટે કે પુસ્તકિયા જ્ઞાનથી તમે તમારા ચિત્તને ગોડાઉન જેવું બનાવી દીધું છે. ને આ તાલી સાંભળવા માટે તો કોરું ચિત્ત જોઈએ.'

ફરી શિષ્યોએ પૂછ્યું : 'પુસ્તકો તો જ્ઞાન મેળવવા માટેનું એક સબળ માધ્યમ છે, છતાં આપ પુસ્તકોની આટલી ઉપેક્ષા કેમ કરો છો?'

'પુસ્તકો જ્ઞાન મેળવવા માટેનું નહીં, પણ માહિતી મેળવવા માટેનું માધ્યમ છે. ને આવાં પુસ્તકિયા જ્ઞાનથી માત્ર એક જ કામ થઈ શકે - બે હાથથી તાલીઓ પાડી માખીઓ ઊડાડવાનું!'

'તો હવે અમારે આ પુસ્તકિયા જ્ઞાનને અમારા ચિત્તમાંથી કેવી રીતે બહાર કાઢવું?' શિષ્યોએ પૂછ્યું.

ને માથા ઉપરથી જોરથી ઘણ વીંઝતા હોય તેમ બજુવાએ મર્મવાણી ઉચ્ચારી : 'બે હાથથી તાલીઓ પાડીને - તેની નિર્માલ્યતાનો - વ્યર્થતાનો સાક્ષાત્કાર કરીને!!' □

ક્ષણોના દસ્તાવેજ કંડારંતા સિનેસર્જક

સત્યજિત રાય

ડૉ. રજનીકાન્ત જોશી



ક્ષણોના દસ્તાવેજ? હા, હા, ક્ષણોના દસ્તાવેજો. આ દસ્તાવેજો તૈયાર કરવાની કળાને કારણે જ તેઓ સ્વયં એક ઐતિહાસિક દસ્તાવેજ બની ગયા. જેને પ્રચંડ પ્રતિભા ધરાવનાર કળા મર્મજ્ઞ પણ કહી શકાય એવા બંગાળી કે ભારતીય જ નહીં પણ વિશ્વની ફિલ્મી કળાક્ષેત્રે સમ્પન્ન સન્માન મેળવનાર નામ છે સજ્યજિત રાય કે જેમણે ૧૯૫૫થી ૧૯૯૧ સુધીની લગભગ ૩૧ જેટલી કળાગત ફિલ્મોનું નિર્માણ કર્યું.

ફિલ્મક્ષેત્રનો સર્વોત્તમ પુરસ્કાર 'ઑસ્કાર ઍવોર્ડ' પણ તેમને આપવામાં આવેલો તેમજ ભારત ખાતેનું શ્રેષ્ઠ ફિલ્મી સન્માન 'દાદા સાહેબ ફાળ્કે પુરસ્કાર' પણ. વિશ્વના તખ્તા પર ફિલ્મ સૃષ્ટિનું ઉચ્ચતર સન્માન એટલે ઓસ્કાર એવોર્ડ' જ્યારે સત્યજિત રાયને અર્પણ કરાયા ત્યારે ક્ષણભર તો એવું લાગ્યું કે શું આથી મોટો કોઈ એવોર્ડ જ નહીં હોય!

અહીં આડીઅવળી વાત ન કરતાં ક્ષણોના સોદાગરની વાત કરવી છે. અર્થાત્ ક્ષણોના દસ્તાવેજો તૈયાર કરનારની વાત કરવી છે જે સત્યજિતની બધી જ ફિલ્મોમાં જોવા મળે છે. તેમ છતાં અહીં કેવળ ત્રણ જ ફિલ્મો 'અપૂર સંસાર' (૧૯૫૯), **'દેવી'** (૧૯૬૦) અને **'કાંચન જંઘા'** (૧૯૬૨) નામક ફિલ્મોમાં આવતી કેટલીક ક્ષણોને આ દિગ્દર્શકે જે પ્રકારે કંડારી છે તે જરા જોઈએ. એ દશ્યો તો આજે પણ આંખો સામે હજુ આજે પણ હટતાં નથી. જ્યારે જ્યારે એ દશ્યોની યાદ આવી જાય છે ત્યારે ત્યારે કહેવાઈ જાય છે કે 'હા, એ તો એમ જ હોય, છતાં હદ કહેવાય!' ક્ષણોને અદ્ભુત રીતે ખેંચીને જકડી રાખી છે કે રખેને આગળ સરી ના જાય.

સત્યજિતની પાંચમી ફિલ્મ તે **'અપૂર સંસાર'**, એટલે કે અપૂરનો સંસાર-અપૂરનું પાત્ર ભજવ્યું છે સૌમિત્ર ચેટરજીએ અને તેની પત્ની છે અપર્ણા, જેની પાત્ર અદાકારી કરી છે શર્મિલા ટાગોરે. તે પરણીને મહાનગર કલકત્તા તેના સાસરે આવી છે. મહાનગરની વિભીષિકા અત્યંત કારુણ્યસભર વેદનાગ્રસ્ત પીડાઓથી ફિલ્મમાં ખડી કરી બતાવી છે. આર્થિક અભાવના તેમના દાંપત્યજીવનમાં જે અધ્યાત્મ રચાય છે તે ગરીબની ખોલીમાં પણ કેવું કેવું અનુપમ, પ્રેમસભર હોઈ શકે છે એ આ ફિલ્મમાં આલેખાયું છે. આખરે એ દિવસ આવે છે જ્યારે તે પ્રસૂતિ પ્રસંગે પોતાને પિયર જાય છે.

અપર્ણાના જવાથી અપૂરને એકલવાયું લાગે છે. છતાં સત્વરે તે પોતાના સંતાનને લઈને જ પાછી વળવાની છે ને. એનો એને ખૂબ જ આનંદ હોય છે. ક્યારેક આ આનંદમાં તે હિલોળે પણ ચઢે છે. અહીં હિન્દી કવિ સુમિત્રાનંદન પંતનાં પંક્તિઓ યાદ આવી જાય છે -

'અતિ સુખ હી ઉત્પીડન અતિ દુઃખ હી ઉત્પીડન.'

ત્યાં તો એનો સાળો સમાચાર લાવે છે. એનું મોં પડી ગયું છે, સાવ નિસ્તેજ બનીને તે પોતાના બનેવીને સમાચાર આપવા આવ્યો છે કે -

અપૂર પૃચ્છા કરે છે - શું? ને સાળાને આખરે કહેવાનું છે જ. અને તે જે પ્રકારે ક્ષણોને બાંધીને એક પોચું પોચું નાનેરું વાક્ય કહે છે ત્યાં તો સટાક દઈને તેના ગાલ પર તમાચો પડે છે. ને તેણે કલ્પના પણ ક્યાં રાખી હોય છે કે તેને તમાચો પડ્યો ને અપૂરે પણ ક્યાં કલ્પ્યું હોય છે કે તેનો સાળો તેને સમાચાર આપશે કે, 'સુવાવડમાં તેની પોતાની બહેન મૃત્યુ પામી છે. ને 'તેણે પુત્રને જન્મ આપ્યો છે.'

અપૂર પત્નીના અવસાનના આઘાતમાં સાળા જોડે જે પ્રકારે વર્તે છે તેનું આશ્ચર્ય ન જ થવું જોઈએ. તેને તો આશા હતી કે તેનું સંતાન આવશે અને થોડોક સમય પછી અપર્ણા પાછી ફરશે.

હવે અપર્ણા ક્યાં આવવાની હતી? તેનું અવસાન તે કલ્પી શકતો નથી. સ્ત્રીનો પ્રસૂતિકાળ એ નવજન્મનો કાળ છે, ક્યારેક મૃત્યુ પણ થાય! અહીં એ 'ક્યારેક'ની સ્થિતિમાં મૃત્યુ થાય છે. અપૂર આ મૃત્યુને આવકારવા તૈયાર નથી જ. તેને તો અપર્ણા જોઈએ છે. આથી જ્યારે તેનો સાળો તેને દુઃખદ સમાચાર આપે છે ત્યારે તે કેવળ ચોંકી જતો નથી, સ્તબ્ધ પણ થઈ જતો નથી, પણ જેની એણે પળ વાર માટે પણ કલ્પના કરી નહોતી એ સ્થિતિ ક્યાંથી આવી ટપકી? 'શું મારી અપર્ણા મને છોડીને ચાલી ગઈ?' બસ, જ્યાં સાળાએ એને અપર્ણાના 'અવસાન'ના સમાચાર બીતા બીતા આપ્યા, ત્યાં તે જ વખતે એને ભયાનક ઝાટકા સાથે, અચનાક વીજળી ફાટીને આભ તૂટી પડ્યું હોય એ પ્રકારે અનુભવ થતાં એક એવો તો તમાચો પોતાના સાળાને ચોડી દે છે કે પેલો લથડિયાં ખાઈ જાય છે.



'દેવી' ફિલ્મમાં એક ધનિક જાગીરદાર કાલિકિંકર



'કાંચનજંઘા' ફિલ્મનું એક દશ્ય

અપૂરને મન તો એમ કે, 'તું આવું બોલી જ કેવી રીતે શકે?' ફિલ્મમાં આગળ જતાં અનેક ભયાનક પળો, વેદનાની કથાઓ આગળ ચાલે છે, છતાં જે પળો 'તમાચા' પરિપ્રેક્ષ્યની કંડારવામાં આવી છે તે દશ્યાવલી જોઈને સાચે જ દિગ્દર્શકને સલામ કરવાનું મન થઈ જાય છે. એમાં એક વાક્ય સિવાય ક્યાંય સંવાદ નથી. છતાં ઘણી બધી પળોની ભાષા એ કારમા વાતાવરણમાં અદ્‌ભુત રીતે પ્રયોજાઈ છે કે ના પૂછો વાત!

અલબત્ત, તે પછી તો મહિનાઓ પછી અપર્ણાનું બાળક આવે છે ત્યારે આરંભમાં અપૂર તેને હૃદયથી સહેજ પણ આવકારી શકતો નથી. છેલ્લે સમજણ આવતા તે તેને આવકારે છે, સમાધાન પણ કરી લે છે. છતાં જે તમાચો ચોડવાની ક્ષણો સત્યજિત રાયે ફિલ્મમાં પરોવી બતાવી છે તેથી જ તો તેઓ સત્યજિત રાય છે!

'દેવીનું કથાવસ્તુ રવીન્દ્રનાથની તૈયાર કરેલી. પ્રભાતકુમાર મુખર્જીએ એને ટૂંકી વાર્તાનું સ્વરૂપ આપ્યું અને ફિલ્માંકન કરનાર સત્યજિત રાય. આમાં છબી બિશ્વાસ,શર્મિલા ટાગોર અને શાંતાદેવી જેવાં મુખ્ય કલાકારો છે. આ ફિલ્મમાં બંગાળની સંસ્કૃતિનું દર્શન છે અને તે પણ અંધશ્રદ્ધાનું વિષયવસ્તુ સત્યજિતે કંડાર્યું છે. પરિવારના વડા સસરાજીને સ્વપ્નું આવે છે કે જે તેના પુત્રની પત્ની એટલે કે એમની વહુ સાક્ષાત દેવી સ્વરૂપ છે. દીકરો તો પરગામ કમાવા ગયો છે. તેની પત્ની પતિની વાટ જોતી એકાકી બનીને દુ:ખી છે. આ બાજુ સસરાજીને એ સ્ત્રીમાં સ્વપ્નામાં દેખાય એવું દેવીસ્વરૂપ જોતાં તેઓ બીજા દિવસથી પોતાના સપનાનો પ્રચાર શરૂ કરી દે છે. પેલી વહુ પણ વિચારમાં પડી જાય છે કે આ બધું શું છે! તે પોતાના સસરાજીને વારવા પ્રયત્ન કરે છે. તેઓ તો સાંભળવા જ તૈયાર નથી. તેને ઘરનું કામ કરવા ના કહે છે. 'તમે તો સાક્ષાત દેવી છો. તમારે બેસી જ રહેવાનું' અને લોકો રોજે રોજ એને મળવા આવે છે. પગે લાગે છે. ચીજવસ્તુઓ અર્પણ કરે છે. ધનના ઢગલા થઈ જાય છે. અને એક દિવસ એવો આવે છે કે કાલીકિંકર રાયને ત્યાં લાંબી લાંબી કતારો દેવીમાનાં દર્શનાર્થે લાગે છે. આ સ્થિતિથી પેલી વહુ તો મૂંઝારો અનુભવે છે. પણ એને કોણ સાંભળે! પણ કાલીકિંકરનો અહમ્ આ પ્રકારે પોષાય છે.

એક દિવસ અચાનક એનો પતિ પરગામથી પાછો આવે છે અને એ આ દશ્ય જુએ છે. તે તો એની પત્નીને ઝંખે છે. પતિ-પત્નીના આ સંબંધો વચ્ચે દેવી ક્યાંથી આવી ગઈ? પતિ પત્નીને જુએ છે. લાંબી લાંબી કતારો, ચારે તરફ તેની મહિમા ગાવાના દેકારા ચાલતા હોય છે. પતિની વાટ જોતી જોતી પેલી સ્ત્રી પતિ તરફ નજર મળતાં જ તત્ક્ષણે પળ વાર આંખોથી, માથું હલાવીને કહી જ દે છે કે, 'ના હોં, હું આમાં ભાગીદાર નથી. હું તો તમારી પત્ની જ છું.'

બસ, આ જ કેફિયતની અદ્‌ભુત ક્ષણને સત્યજિતે ફિલ્મમાં કંડારી બતાવી છે. પતિ પળવાર માટે પણ પત્નીને ગુમાવવા નથી માગતો. તે દેવી સ્વરૂપે પૂજાય એવી એની તલમાત્ર પણ આકાંક્ષા નથી. શા માટે? કેમ કે તે પૃથ્વીનો જીવ છે. પૃથ્વીનું જીવન જે ચૈતન્યસભર છે તે દેવત્વમાં ક્યાં? આથી જ્યારે તે જુએ છે કે તેની પત્ની તો લોકોને મન પૂજ્યા બની ગઈ છે, તે પૂજાય છે, લોકો તો મળવા અને તેના આશીર્વાદ લેવા કતારોમાં ઊભા રહે છે ત્યારે તે દશ્ય જોઈને તે દ્રવી ઊઠે છે. તેને મન તો તે દેવી તો છે જ, પણ તેના પોતાના માટે જ. પરિવારમાં, સમાજમાં જે જે સંબંધો છે તે તેને જાળવવા છે. તેની પત્ની તેનાં બાળકોની માતા, કોઈની ભાભી, કોઈની ફોઈ, કોઈની દીકરી, કોઈની બહેન વગેરે બધા જ સંબંધો તે જાળવવા અને પોષવા ઈચ્છે છે, નહીં કે પોતાની પત્નીને કેવળ એક દેવી બની જાય અને પૂજાય!

વાસ્તવમાં તો રાયે એક સાવ સાધારણ વિષયવસ્તુ લઈને

જે પ્રકારે એને વિસ્તૃત વ્યાપ આપ્યો છે અને જીવનના સંબંધોના પરિપ્રેક્ષ્યની જે સૂક્ષ્મ વાતોને ઉપસાવી છે તે જ ક્ષણો આ ફિલ્મમાં આપણું ધ્યાન ખેંચી જાય છે. વળી, જીવન સંબંધે જે આડ કે નકામી વાતો છે તેને સંવાદો દ્વારા અભિવ્યક્ત કરવામાં આવી છે અને જ્યાં સંબંધોના અત્યંત આવશ્યક ને સૂક્ષ્મ વ્યવહારો છે ત્યાં સત્યજિતે કેવળ આંખો દ્વારા જ અદ્ભુત કથાનકોને કંડારી આપ્યાં છે માટે જ આરંભે તેમને ક્ષણોના સોદાગર તરીકે આવકાર્યા. જેમ કે પત્ની સર્વેની દેવી અર્થાત્ પૂજ્યા બની ગઈ છે તે જાણીને અને દૃશ્ય જોઈને તે જે પ્રકારે દુઃખીત અને વ્યથિત થતો જાય છે તે માટે સંવાદો પ્રયોજાયા નથી પણ કેવળ તેના ચક્ષુઓ તે ભાવ પ્રકટ કરી દે છે. આવા વલોપાતમાં જ્યારે તે પણ કતારમાં આવી પત્નીને જુએ છે ત્યારે પત્ની કે જે દેવી સ્વરૂપ બતાવી દેવામાં આવી છે તે પણ પોતાની આંખો અને માથું લગીર હલાવી કહેતી ન હોય કે,

'નાથ! મારી આવી કશી જ ઇચ્છા નથી. હું તો કેવળ તમારી પત્ની તરીકે જ રહેવા ઇચ્છું છું. આમાં મારો કશો જ વાંક નથી.' વગેરે અભિવ્યક્તિ માટે અહીં ભાષા નથી જ પ્રયોજાઈ, માટે જ કદાચ સત્યજિતને એક એદ્ભુત ઊંચાઈ મળી ગઈ છે. આ થઈ 'દેવી'ની કેવળ એક જ વાત. હવે જોઈએ 'કાંચનજંઘા'ની ક્ષણો.

'કાંચનજંઘા' ફિલ્મ ૧૯૬૨માં સર્જાઈ, જે પર્વતીય સ્થળના નામનો નિર્દેશ કરે છે. આ ફિલ્મના પટકથા-લેખક અને સંગીતકાર છે શ્રી સત્યજિત રાય. આ ફિલ્મમાં પાત્રસૃષ્ટિ દ્વારા રોમાંચ પીરસનારાઓ છે છબી વિશ્વાસ, અનિલ ચેટરજી, કરુણા બેનર્જી, અલકનંદા રાય, નીલિમા ચેટરજી, વિદ્યા સિંહા અને વિશ્વનાથન્ તથા પહાડી સન્યાલ. કોઈને પણ વારંવાર જોવી ગમે એવી હૃદયસ્પર્શી આ ફિલ્મ છે.

સંવાદો ટૂંકા સાંગીતિક વાતાવરણ અને ભક્તિમય ગાન દ્વારા સમાજ, શરીર અને પ્રણયચેતનાની આ ફિલ્મમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સામાજિક અપેક્ષાઓનું અધ્યાત્મ કેમેરા દ્વારા રચાતું જોવાય છે. કથાવસ્તુ આ રહી - માની ઇચ્છા છે કે તેની પુત્રી સારા ઘરે થાળે પડે. જેની સાથે તે પોતાની દીકરીને ગોઠવવા માગે છે તે ધરાર વ્યાપારી માનસ ધરાવે છે. છતાં તે ઘણો જ સારો અને પ્રતિભાશાળી છે. પોતાની મુલાકાતો વેળાએ તે પોતાનાં માનસને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી નાખે છે. તેને લગ્નજીવનનું ચૈતન્ય ગૌણ છે. જીવનનો એક આચારમંત્ર છે, પૈસો કમાવવો.

દીકરી અને થનાર જમાઈ વચ્ચેનો સેતુ ન રચાતાં મા અત્યંત વ્યથિત છે, તેની વ્યથા બાઉલ પર, રવીન્દ્રસંગીતથી સભર એક ભક્તિગાન દ્વારા, પાર્શ્વસંગીત વગર જ એક ભજન દ્વારા વ્યક્ત થાય છે, જે આપણને ગદ્ગદિત કરી મૂકે છે.



'અપૂર સંસાર'નું પ્રણયદૃશ્ય

માની વેદના કોને ના રડાવે? સરોવરની પાળે એકાંતે બાંકડા પર બેસીને મા પોતાના વલોવાતા હૃદયને શાતા આપવા સાવ સરળ બાનીમાં વગર સંગીતે એક ભજન ગાય છે. જાણે અહીં ક્ષણો થંભી ગઈ છે. જો કે આવા દસ્તાવેજો આ ફિલ્મમાં અનેક સ્થાનોએ છે જ. જ્યારે એક પ્રસંગે અહીં પ્રેમમાં જડભરત એવો વ્યાપારી સ્વભાવ ધરાવતો નાયક નાયિકાને કેવળ બંને હાથ મૂકીને એકાદ વાર સ્પર્શવા જાય છે ત્યાં તો અચાનક એક અપંગ ભિક્ષુકની ગાડીનો અવાજ આવે છે, ને નાયક ચોંકી જતાં પોતાનો હાથ પાછો વાળી લે છે. બસ, સ્પર્શ થાઉં થાઉં થતાં જ રહી જાય છે. ફિલ્મમાં અન્યત્ર ક્યાંય સ્પર્શ નથી આવતો. કેવો આશ્ચર્યજનક આ સ્પર્શની ક્ષણોનો દસ્તાવેજ, જેમાં સ્પર્શ શક્ય નથી બનતો. છતાં રોમાંચક સ્થિતિ તો સર્જાય જ છે. જો કે આવા તો અનેક દસ્તાવેજો આ ફિલ્મમાં જોવા મળ્યા છે, છતાં નાયક નાયિકાને વાતો કરતાં કરતાં કેવળ એક જ વાર સ્પર્શવા જાય છે, અને એ પણ અત્યંત સૌજન્યભેર પ્રેમવશ મર્યાદામાં તેનાં ખભે હાથ મૂકવા જાય છે ત્યાં કોઈ જ નથી હોતું. સુન્દર પ્રાકૃતિક વાતાવરણ છે, પંખીઓ તો સુન્દર રીતે ગાન ગાયા જ કરે છે, સ્ત્રી-પુરુષો જોવા તો ત્યાં કોઈ જ નથી. આવુ સૂનું એકાંત એ વેળા કોઈની પણ સ્વાભાવિક ઇચ્છા જાગે કે સહેજ સ્પર્શી લઉં! ભલેને અહીં વ્યાપારી માનસ હોય, છતાં છે તો માણસ જ ને! અલબત્ત, તે પછી અહીં એ નોંધવું જોઈએ કે આ વૈશ્વિક વ્યક્તિત્વ ધરાવતા બંગાળી બાબુએ પોતાની ફિલ્મો દ્વારા એવું ઘેલું લગાડ્યું છે કે એ ફિલ્મોને માણવા માટે વિશ્વને બંગાળી ભાષા ક્યારેય નડી નથી. રેની વિશેષતા પણ એ રહી છે કે પોતાની ભાષાને તેઓ આગળ કરે છે, સન્માને છે અને વિશ્વનું ધ્યાન પણ દોરે છે.


સત્યજિતની ફિલ્મોમાં એવું તો શું છે કે જે લગભગ પ્રત્યેક ફિલ્મ પુરસ્કારો ખેંચી લાવે છે. તેમની 'પાથેર પાંચાલી'

(અનુસંધાન પૃ. ૪૬૦)

તિબેટમાં પહેલાં પગલાં

સંમુખ સાગરમઠ-૪

— પ્રીતિ સેનગુપ્તા —



ઇચ્છાની બહારનું, અપેક્ષાની બહારનું કશું પ્રાપ્ત થઈ જાય, તો એને શું કહેવાય? કેવળ સંજોગ? કે સૌભાગ્ય? સાગરમઠનો સાક્ષાત્કાર જ્યારે થયો ત્યારે હું મને ઘણી બડભાગી લાગી.

લ્હાસા જતું વિમાન આકાશમાં ગયું, અને એ ત્રિકોણાકારો દૃશ્યમાન થયા ત્યારે પહેલાં તો શંકા જ થઈ : એવું સૌભાગ્ય શું સાચે જ પ્રાપ્ત થઈ શકે? ખરેખર એ ગિરિ-શિખરો હતાં, કે પછી વાદળોના પુંજની છલના હતી? ધવલમાંથી ધવલને કઈ રીતે છૂટું પાડવું? પણ હજારો ફીટ ઊંચે ઊડતા વિમાનથી યે ઊંચે, વાદળમાં માથું મારીને નીકળી આવેલો, આકાશના અદૃશ્ય ગર્ભને આંબવા જતો એ આકારૂસંપુટ હિમ-મંડિત દેખાતો હતો.


બીજાં કયાં શિખર હોઈ શકે એટલે ઊંચે? ને છતાં અધીર થઈને હું પૂછવા માંડી - 'આ એ જ છે? આ એ જ છે? આગળનાને પૂછ્યું, પાછળનાને પૂછ્યું. એક તરફ, મને ખાતરી હતી કે એ જ હતાં, પણ બીજી તરફ, મારી જેમ જેમને એ પ્રશ્ન થતો હતો તે મુસાફરો પાસેથી મારે ખાતરી જોઈતી હતી. કોઈ ચોક્કસ 'હા' પાડતું નહોતું. - ખોટા પડી જવાય તો? છેવટે વિમાનની પરિચાલિકાને પૂછ્યું, 'આ એ જ છે ને?'

આટલું બધું સૌભાગ્ય? તિબેટની વિરલ એવી યાત્રાને આરંભે? એને દુનિયા એવરેસ્ટ કહે, ચીન ચોમોલુન્ગ્મા કહે, તિબેટ ચોમોલોન્ઝો કહે અને નેપાળ સાગરમઠ કહે. એના સાક્ષાત્કારના પરિઘમાંના દેશો અને પ્રદેશો એને પોતાનો માને છે, ને તેથી જ જુદાં જુદાં નામે બોલાવે છે. વિવિધ નામધારી એ નગોન્નતનું પોતાનું ગૂઢ-ગોપન વ્યક્તિત્વ છે. એ જેટલો સ્પષ્ટ છે તેટલો દૂર છે, જેટલો પાસે લાગે છે તેટલો જ અલભ્ય છે. એની નજીક જનારાંને એ ડરાવે છે. એના પર આરોહણ કરનારાંનો એ ભોગ લઈ શકે છે. અંતે તો એ અજય રહે છે. એનું સામર્થ્ય સંપૂર્ણ છે. એ જો દર્શન આપે તો સામાન્ય વ્યક્તિ પાવન થઈ જાય છે, એ બાબતે કોઈ શંકા નથી.

ઘણો લાંબો સમય સાગરમઠ સંમુખ રહ્યો. જે પ્રમાણે વિમાનનું ગમન હતું તે કારણે અમે પહેલાં એનું 'ઉત્તર મુખ' અને પછી 'પશ્ચિમ મુખ' જોવા પામ્યાં. એ તો સુસ્થિર રહ્યો, પણ વિમાનની દિશા બદલાઈ ગઈ. દૈવી ઝાંખી પાછળ રહી ગઈ.

પછી તરત નીચે ધરતી દેખાવા માંડી. વિમાન નીચું ઊતરતું ગયું. એ સાથે દેખાઈ સાવ સૂકી જમીન અને સ્પષ્ટ થયા સાવ સૂકા, નગ્ન, તીક્ષ્ણ પર્વતો. શુષ્ક છતાં એ દૃશ્ય મુગ્ધકર હતું. કશી વિસ્મયકર ભવ્યતા હતી એમાં. જ્યાં જુઓ ત્યા, ચારે તરફ ખાખી જેવા રંગના પહાડો હતા - એવો રંગ કે જેને લીલો કહો તો આછા કથ્થાઈ જેવો લાગે, ને બદામી-કથ્થાઈ કહો તો એમાં લીલી ઝાંય દેખાય.

વનસ્પતિ તો ક્યાંયે નહીં. નદીની અડોઅડ, ક્યાંક ક્યાંક, સહેજસાજ, આછો લીલો રંગ દેખાઈ જાય. સપાટ મેદાનની વચ્ચે ચણેલા ઉતરાણ-પથ પર વિમાન ઊતર્યું. વિમાન-મથક



તિબેટના ક્ષેત્ર-પ્રદેશમાં યાક પ્રાણીને બળદ તરીકે વાપરીને થતી ખેતી



તિબેટના સૂકા પરિસરમાં રંગરંગીન પ્રાથના-ધ્વજ

નવુંનકોર લાગતું હતું. અને ખૂબ જ મોટું હતું - બરાબર ચીની ઢબ અને પસંદગી મુજબ. એ જ ચીની રીત પ્રમાણે એ સાફ-સૂથરું હતું. એ ચોખ્ખાઈ કેટલી ઉપરછલ્લી અને દેખાવ માટેની હતી. તે ત્યારે સમજાયું જ્યારે મોટા મોટા ખાલી ખંડો વટાવી અમે મથકની બાથરૂમમાં ગયાં. એ સ્થળ એટલું ગંદું ને વાસવાળું હતું કે એક મિનિટ પણ ઊભાં માંડ રહેવાય. આ તકલીફ આખા ચીનની બધી જાહેર બાથરૂમોમાં સહન કરવી પડતી હોય છે.

આટલું મોટું મથકનું ભવન અને સાવ ખાલીખમ! સાત-આઠ જણ માંડ હશે, ને એ બધાં તો વિમાન આવતાં કામમાં પરોવાયેલાં હતાં. સાથેના અમેરિકનોએ માન્યું હતું કે કેમેરા વગેરે તપાસશે અને નોંધી લેશે. ભારત આવતાં ઘણીયે વાર કૅમેરા નોંધાવવા પડ્યા છે, ને પાછાં જતાં કેમેરા બતાવવા યે પડ્યા છે - વેંચી નથી દીધા ભારતમાં, એની ખાતરી કરાવવા માટે. પણ લ્હાસામાં આવા કોઈ વિધિ કરવા ના પડ્યા. અલબત્ત, બહાર નીકળું એ પહેલાં, ત્યાં ઊભેલી સ્ત્રી-ઑફિસરે મને રોકી જરૂર, અને મારો સમૂહ-પરવાનો જોવા માગ્યો. હંમેશાં સંદેહ, હંમેશાં પરીક્ષણ. હસી કાઢું છું આમ તો, પણ થાકતી જાઉં છું આવા વર્તાવથી.

ચીની સરકારે અમારે માટે વાહન, ચાલક અને ગાઈડ તૈયાર રાખેલાં. આવી વ્યવસ્થામાં ચીનને ક્યારેય પાછળ પડતું, ભૂલ કરતું જોયું નથી. પણ તિબેટ પહોંચીને વાહન જોયું તો ખખડધજ મોટી એક બસ હતી, ચાલક અંગ્રેજીનો એક શબ્દ પણ બોલે નહીં, અને ગાઈડ જે થોડું-ઘણું અંગ્રેજી બોલે તે એવા ઉચ્ચારણથી કે બરાબર સમજાય જ નહીં. એ જ દિવસે નહીં, પણ પાછળથી મેં એમનાં નામ પૂછી લીધાં હતાં. ચાલકનું આખું નામ લાંબું હતું-લાન્ગ વાન્ગ વુઈ ડોઉ, તો ગાઈડનું સાવ ટૂંકું હતું-યુ જાલ. જાણવાના ઈરાદાથી નામ પૂછ્યાં હતાં, બાકી નામથી એમને બોલાવવાનો વારો આવ્યો નહોતો. વાતો કરવા જેટલું અંગ્રેજી યુ જાલ બોલતો નહોતો.

એ આળસુ જેવો હતો. બસમાં ઝોકાં જ ખાધાં કરતો. વિમાન-મથકેથી નીકળીને રસ્તે પડ્યાં કે તરત એ ઊંઘવા માંડેલો. મેં સદયા વિચારેલું કે એનો દિવસ ખૂબ વહેલો શરૂ થયો હશે, ને બિચારો થાક્યો હશે ! પણ પછીથી જોયું કે દરરોજ, કોઈ પણ સમયે, બસમાં એ ઊંઘવા જ માંડતો. પોતાના કામ પ્રત્યેની યુ જાલની નીરસતા અમારાંમાંના કોઈને ગમી ન હતી.



'વીલો' વૃક્ષ

તિબેટનું એકનું એક વિમાન-મથક, પાટનગર લ્હાસાથી એ સોએક કિ.મી. જેટલું દૂર હતું. અને શહેરમાં પહોંચતાં બે કલાક થશે, એમ કહેવામાં આવેલું. વહેલા તો અમે ઊઠેલાં. મને તો આગલી રાતે જરા પણ ઊંઘ નહોતી આવી. છતાં એક મિનિટ માટે પણ આંખો બંધ નહોતી કરવી.

રસ્તો ઘણો સરસ હતો - નવો પાકો ચણેલો. બીજાં કોઈ વાહન નહીં, અને ક્યાંયે કોઈ લોકો નહીં. આટલો વિશાળ, નિર્બંધ પરિસર; અને સાવ નિર્જન. એમાં પ્રાણ પૂરતી હતી કમનીય નદી. એ નદી કે જેને આપણે બ્રહ્મપુત્ર કહીએ છીએ. આસામમાં પહોંચતાં એ પ્રગલ્લભ મહાનદીનું સ્વરૂપ ધારણ કરે છે, પણ અહીં એ હજી બાલિકાના આવિર્ભાવમાં છે. પટ તો અલબત્ત, ખૂબ પહોળો, પણ જળ શાંત, સુગભીર લાગે. તિબેટમાં એનું નામ યાર્લુન્ગ ત્સાન્ગપો છે. 'યાર્લુન્ગ' એટલે 'નદી'. આપણી સિંધુ અને સતલજ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે, જ્યારે ત્સાન્ગ્પો પશ્ચિમમાંથી પૂર્વ પ્રતિ ગતિ કરે છે. તિબેટમાં લંબાણપૂર્વકનું એનું વહન છે. પછી દક્ષિણે જતી એ આસામમાં પ્રવેશે છે, ને પાછી પશ્ચિમ તરફ વહેવા માંડે છે. અંતે એ બાંગ્લાદેશમાં ઊતરી જાય છે, જ્યાં વળી એનું નામ બદલાય છે. ત્યાં એ 'બુડી ગંગા' કહેવાય છે.

ત્સાન્ગ્પો સાથે ને સાથે રહી, રસ્તાની એક તરફ. કેટલાયે વળાંક લીધા એણે-જાણે એનું મન બદલાતું રહેતું ના હોય! એનો પટ ખરેખર ખૂબ મોટો હતો. સાવ નીચો, જમીન-સરસો લાગે. સતત ધોવાતો જતો હશે, કાંઠા સતત ખવાતા જતા હશે. પાણી ઘણું છીછરું લાગે. વચ્ચે લાંબા, પાતળા, રેતીના બેટ આવ્યા કરે. એ બેટો પર લીલોતરીનું જંગલ થયેલું હોય. ઝીણાં ઝીણાં પાનવાળાં, ઢળતી-ઝૂકતી ડાળીઓવાળાં 'વિલો' વૃક્ષો, બસ, એ બેટો પર જ ઊગ્યાં હોય. બરફ ઓગળતાં પૂર આવતાં જ હશે. શું થતું હશે ત્યારે એ વૃક્ષોનું? એ રેતાળ દ્વીપોનું?

મધ્ય-તિબેટના આ પ્રદેશને 'ઊંચેરી ખીણ' કે 'ઊંચેરાં મેદાન'નો પ્રદેશ કહી શકાય. યાર્લન્ગ ત્સાન્પોને કારણે એ ઘણો ફળદ્રુપ છે. ખેતી કરતી પ્રજા આ પ્રદેશમાં વસેલી છે. વસ્તી કશી દેખાય નહીં - કેવળ એનાં ચિહ્ન દેખાય. એમનાં

ઘર જોઈને મને બરાબર કચ્છનાં ગામડાંનાં ઘર યાદ આવ્યાં. બહાર ઊંચી ઈંટ અને ગાર-માટીની દીવાલ, અંદર વાડો. ઘરને એક બારણું હોય, ને બેએક ઓરડા હોય એવું જણાય. બાકી તો બધે સૂકા ભૂખરા-બદામી-ખાખી પર્વતો. ક્યાંક રીતસર રેતીના ઢોળાવ જોવા મળે. લાખો વર્ષ પહેલાંના કયાયે જમાનાના દરિયાની એ નિશાની હજી બચી હતી - એ પણ કેવું આશ્ચર્ય. ઘરને ખૂણે, ખેતરોમાં સૂકા ઘાસના ઢગલા હજારોની સંખ્યામાં પડેલા દેખાતા રહ્યા. ક્યાંક પાક લણવાનો રહેલો દેખાય. બધું સહિયારું કામ. પણ કરનારા જલદી નજરે ના ચડે.

સોળ ડિગ્રી સેન્ટિગ્રેડ જેવું હવામાન હતું. સરસ તડકો હતો, તેથી ઠંડી ક્યાંથી લાગે? ઉપરાંત, સરસ ભૂરું આકાશ, સરસ સફેદ વાદળ અને હવા તો એટલી સ્વચ્છ કે શ્વાસ લેતાં જ તાજગી મળે. પણ જે થોડાં વાહન જાય-આવે તે બધાં જૂનાં ને ખખડધજ હોય, અને દૂષિત ધુમાડો એમાંથી બહાર નીકળતો હોય. રસ્તાની ખોટી બાજુ ચલાવે, ઝડપથી આગળ જવા માંડે. બે-ત્રણ જાહેર બસો જોઈ; જેમની ઉપર સામાન બાંધેલો હતો. એકને પંકચર થયેલું. સ્થાનિક લોકો બસમાંથી ઊતરીને આસપાસ ઊભાં હતાં. અમે એમની, એમણે અમારી સામે ટીકીને જોયા કર્યું.

નદીને કિનારે ક્યાંક ક્યાંક થોડાં ઘર. ભાઠામાં ખેતી. તિબેટી જાતના જવ ઊગાડેલા હતા. એક ખેતરમાં એક માણસ હળ ચલાવતો હતો. બળદની જગ્યાએ કાળા, લાંબા વાળવાળાં બે યાક પ્રાણી જોતરેલાં. એમનાં પર લાલ ફૂમતાં યે બાંધેલાં. પહેલવહેલી વસ્તીની નિશાની દેખાઈ. અમે બસ ઊભી રખાવી. બધાં નજીકથી જોવા, ફોટા લેવા ઊતર્યાં. બે-ત્રણ છોકરા એકદમ ક્યાંકથી દોડી આવ્યા. કપડાં મેલાં, ફાટેલાં, પણ ચહેરા હસતા. બાળસહજ હરખસાવ અમથો અમથો.

પાતળાં થડવાળાં બે 'વિલો' વૃક્ષની વચ્ચે રંગરંગીન કાપડના લંબચોરસ બાંધેલા હતા. દરેક પર કાળા અક્ષર છાપેલા હતા. એ બધી બૌદ્ધ પ્રાર્થનાઓ હતી. પ્રાર્થના-ધ્વજ બાંધવાની આ પ્રથા બૌદ્ધ સ્થાનોમાં બધે જોવા મળે છે - સિક્કિમમાં, ભુતાનમાં. તિબેટના સૂકા કુદરતી પરિસરમાં ભક્તિની આ નિશાનીઓના રંગ કશાક આધારરૂપ બનતા હતા. અત્યંત કઠોર ઋતુચક્ર; અત્યંત અભાવના જીવનપ્રાર્થના અને ભક્તિ સિવાય શેનો આધાર હતો એ ગરીબડી પ્રજાને? ◻

લઘુકથા

સપનું

અનંત પટેલ

ડોસાને સપનું આવ્યું. સપનામાં તેમણે જોયુ, તેમનું અવસાન થયું છે. બેસણાના દિવસે તેમની મોટા કદની તસવીર પર સુખડનો હાર ભરાવેલો છે. ઊંચી જાતની ધૂપસળીઓની મહેંક પ્રસરી રહી છે, ચહેરા ઉપરથી પ્રતિષ્ઠિત લાગતા એવા એક પંડિત થોડી-થોડી વારે અટકી-અટકીને 'ગરુડપુરાણ'નો પાઠ કરતા હતા. તેમની બે દીકરીઓ આંખોમાં આંસુ સાથે આવી. તે મુક્ત મને રડવા માગતી હતી, પરંતુ તેમના ભાઈ અને ભાભીઓએ તેમને રોકી, સાંત્વન આપ્યું.

ત્યાં તો તેમની આંખ ઊઘડી ગઈ! આંખો ચોળી એ ખાટલામાંથી ઊભા થયા. મેલીદાટ અને ગંધાતી ચાદર એમણે ખંખેરી, અંદરના રૂમમાં વાગતી ટેપના ઘોંઘાટ પ્રત્યે તેમણે અણગમો દર્શાવ્યો. કપાળમાં કરચલીઓ પાડી તેમણે મજબૂરી વ્યક્ત કરી. સાસરેથી આવેલી તેમની દીકરી બીજા રૂમમાં તેના ભાઈને વાત કરતી હતી - "જો ભઈ, હવે બાપાનું ઠેકાણું ના કે'વાય, જયાં અંગૂઠા પડાવવાના હોય ત્યાં પડાવી લેજો."

ડોસાને દીકરી પ્રત્યે ચીડ થઈ. ગયા શ્રાવણમાં એમણે ગામના બ્રાહ્મણ પાસે સત્યનારાયણની કથા કરાવવા કેટલી હઠ કરી હતી તોય કોઈ તેમનું માન્યું ન હતું, એ ય તેમને યાદ આવી ગયું. અરે, સવારે ઊઠીને નાહ્યા બાદ એ દીવો કરવા બેસતા ત્યારે પંદર-પંદર દહાડા સુધી તેમને કોઈ અગરબત્તી ય લાવી આપતું નહીં!

ડોસાને થયું, છોકરાં હવે ઊંઘવા ય દેતાં નથી - શો જમાનો આવ્યો છે? બબડતા એ ફરી પાછા એમના સપનાને વાગોળવા લાગ્યા! કોઈ ભવ્ય ભૂતકાળનું સ્મરણ કરે ત્યારે અહીં ડોસા વ્યર્થ સપનાને વાગોળતા હતા. ◻

અનુસંધાન] સત્યજિત રાય [પૃ.૪૫૭થી

(૧૯૫૫), 'અપરાજિતા' (૧૯૫૬), 'પારસ પથ્થર' (૧૯૫૮), 'જલસાઘર' (૧૯૫૮), 'અપૂર સંસાર' (૧૯૫૯), 'દેવી' (૧૯૬૨), 'તીન કન્યા' (૧૯૬૧), 'રવીન્દ્રનાથ ટાગોર' (૧૯૬૧), 'કાંચનજંઘા' (૧૯૬૨), 'અભિજાત' (૧૯૬૨), 'મહાનગર' (૧૯૬૩), 'ચારુલતા' (૧૯૬૪), 'ટુ' (૧૯૬૪), 'કાપુરુષ ઓ મહાપુરુષ' (૧૯૬૫), 'નાયક' (૧૯૬૬), 'ચિડિયાખાના' (૧૯૬૭), 'ગોપી ગાયને બાઘા બાયને' (૧૯૬૮), 'અરણ્યેર દિન-રાત્રિ' (૧૯૬૯), 'પ્રતિદ્વન્દી' (૧૯૭૦), '૫ 'સિક્કિમ' (૧૯૭૧), 'સિમાબદ્ધ' (૧૯૭૧), ઈનર આઈ' (૧૯૭૨), 'અસાની સંકેત' (૧૯૭૩), 'સોનાર કિલ્લા' (૧૯૭૪), 'જન અરણ્ય' (૧૯૭૫), 'બાલા' (૧૯૭૬), .'શતરંજ કે ખેલાડી' (૧૯૭૭), 'જોઈ બાબા ફેલુનાથ' (૧૯૭૮), 'હીરક રાજાર દેશે' (૧૯૮૦), 'ઘરે બાહિરે' (૧૯૮૪), 'સુકુમાર રે' (૧૯૮૭), 'ગણશત્રુ' (૧૯૮૯), 'શાખા-પ્રશાખા' (૧૯૯૦) અને 'આગંતુક' (૧૯૯૧) જેવી ફિલ્મો બંગાળી, હિન્દી અને અંગ્રેજીમાં તેમણે કંડારી બતાવીને ભારતીય જીવન તથા કળાત્મક ગૌરવને સવિશેષ ઉપસાવી આપ્યું છે. સત્યજિત રાય પરત્વે બીજી રીતે કહું તો જેને આપણે સૌન્દર્ય કહીએ છીએ, માનવીય ચિંતન કહીએ છીએ કે ક્ષણોની સહેલગાહો કહીએ છીએ તે સર્વસુખ એક સાથે માણવા માગતા હોઈએ તો તે છે તેમની ફિલ્મો. અલબત્ત, તેમની ફિલ્મોને હું ફરી વાર ક્ષણોનાં દસ્તાવેજ પણ કહીશ, જ્યાં કેવળ માનવીય હૃદયની, ચિંતનની કળાઓ જ કળાઓ છે. ◻

આવો, શીખીએ અંગ્રેજી (૨૪)

ધનુભાઈ મહેતા

વાક્યની સંરચના - The Structure of a Sentence - ધ સ્ટ્રક્ચર ઑવ્ અ સેન્ટન્સ

નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ અને નામયોગી અવ્યય જેવાં વાક્યનાં પદો વિષે શીખી ગયા. એ પણ શીખ્યા કે ભાવની દૃષ્ટિએ વાક્યના વિધાન, પ્રશ્નાર્થ, આજ્ઞાર્થ અને ઉદ્‌ગાર એમ ચાર પ્રકાર છે. હવે રચનાની દૃષ્ટિએ વાક્યના ચાર પ્રકાર છે તે શીખીએ. (૧) સાદું વાક્ય - The simple sentence - ધ સિમ્પલ સેન્ટન્સ, (૨) સંયુક્ત વાક્ય - The compound sentence - ધ કમ્પાઉન્ડ સેન્ટન્સ, (૩) મિશ્ર અથવા સંકુલ વાક્ય - The complex sentence - ધ કોમ્પ્લેક્ષ સેન્ટન્સ.

આ ત્રણે પ્રકારનાં વાક્યને સમજતા પહેલા તેના પાયા રૂપ (૧) મુખ્ય ક્રિયાપદ - The finite verb - ધ ફાઈનાઈટ વર્બ, (૨) શબ્દસમૂહ - The phrase - ધ ફ્રેઝ, (૩) ઉપવાક્ય - The clause - ધ ક્લૉઝ, આ ત્રણેયને સમજીએ.

(૧) મુખ્ય ક્રિયાપદ - The finite verb. વાક્યનો કાળ અને પુરુષ બદલવાથી જે ક્રિયાપદ પર અસર થાય તે ક્રિયાપદને મુખ્ય ક્રિયાપદ કહેવાય. આ મુદ્દો સ્પષ્ટ કરવા માટે ઉદાહરણ-રૂપ વાક્યો જોઈએ.

ગુલાબી ફ્રોક પહેરેલી એક છોકરી હું જોઉં છું.

I see a girl wearing a pink frock.

આ વાક્યમાં કર્તા પહેલો પુરુષ એકવચન છે. તેને બદલે કર્તા તરીકે 'He' વાપરીએ તો વાક્ય આ પ્રમાણે થશે : He sees a girl wearing a pink frock. હવે ઉપરના સાદા વર્તમાન કાળના વાક્યને સાદા ભૂતકાળ અને ભવિષ્ય કાળમાં વાપરવું હોય તો તે નીચે પ્રમાણે થાય :

He saw a girl wearing a pink frock.

He will see a girl wearing a pink frock.

આમ, ઉપરના વાક્યમાં કર્તાના પુરુષ, વચન અને કાળ બદલવાથી 'see' ક્રિયાપદમાં ફેરફાર થયો પણ 'wearing'માં કશો ફેરફાર થયો નહિ અર્થાત્ તે તેમનું તેમ રહ્યું. તેથી 'see' મુખ્ય ક્રિયાપદ છે. બીજાં થોડાંક વધારે ઉદાહરણો દ્વારા આ મુદ્દો બરાબર સમજીએ.

માંદો હોવાથી તે નિશાળે જતો નથી.

Being ill, he does not **go** to school.

માંદો હોવાથી તે નિશાળે ગયો નહિ.

Being ill he did not **go** to school.

મહેરબાની કરીને પેલો ભાંગેલો કૂંજો ફેંકી દો.

Please **throw** away that broken jug.

ઉપરનાં વાક્યોમાં અનુક્રમે ઘાટા અક્ષરે લખાયેલાં ક્રિયાપદો મુખ્ય ક્રિયાપદો છે. (૧) go, (૨) go, (૩) throw.

શબ્દસમૂહ - Phrase - ફ્રેઝ.

શબ્દસમૂહનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

(૧) એક કરતાં વધારે શબ્દો હોય, (૨) માત્ર થોડોક જ અર્થ સ્પષ્ટ કરે, (૩) તેમાં મુખ્ય ક્રિયાપદ ન હોય. થોડાંક ઉદાહરણો લઈએ.

હસતું બાળક	A smiling child
ફાટેલું ખમીસ	A torn shirt
બપોરે	At noon
હાથમાં લાકડી સાથે	With a stick in hand
માંદો હોવાથી	Being ill
સૂર્યોદય સમયે	At sunrise

ઉપવાક્યને અંગ્રેજીમાં - clause - ક્લૉઝ કહેવાય. તેનાં લક્ષણો આ પ્રમાણે છે :

(૧) એક કરતાં વધારે શબ્દો હોય, (૨) પૂરો અથવા અધૂરો અર્થ વ્યક્ત કરે, (૩) તેમાં મુખ્ય ક્રિયાપદ હોય જ. જેમ કે,

He is old and (he is) weak.

આ વાક્યમાં બે મુખ્ય ક્રિયાપદો 'is' છે એટલે બે ઉપવાક્યો થયાં. બન્નેમાં એક કરતા વધારે શબ્દો છે, બન્ને સ્વતંત્ર રીતે પૂરો અર્થ સ્પષ્ટ કરે છે અને બન્નેમાં મુખ્ય ક્રિયાપદ છે. હવે નીચેનાં વાક્યો જોઈએ.

He says that he is happy.

He rested because he was tired.

He who works, succeeds.

ઉપરનાં ત્રણે વાક્યોમાં બે-બે ઉપવાક્યો છે. પહેલા વાક્યમાં He says અને that he is happy. બીજામાં He rested અને because he was tired અને ત્રીજા વાક્યમાં He succeeds અને who works.

આ ત્રણે વાક્યોમાં પ્રથમ ઉપવાક્યો 'He says', 'He rested', અને 'He succeeds' અનુક્રમે સંપૂર્ણ અર્થ સ્પષ્ટ કરે છે. જ્યારે 'that she is happy', 'because he was tired', અને 'who works' માત્ર અધૂરો અર્થ વ્યક્ત કરે છે પણ તે ત્રણેમાં એક કરતાં વધારે શબ્દો છે. અને તેમાં મુખ્ય ક્રિયાપદ છે તેથી તે ઉપવાક્યો બને છે. તો સમજજો કે જે ઉપવાક્યો પૂરો અર્થ સ્પષ્ટ કરે તે મુખ્ય ઉપવાક્ય એટલે કે

'the principal clause' કહેવાય. અને થોડોઘણો અર્થ સ્પષ્ટ કરે તે ગૌણ ઉપવાક્ય એટલે કે 'the sub-ordinate clause' કહેવાય. આ મુદ્દાઓ બરાબર સમજી લેશો, કારણ કે આ નિયમોના આધારે જ વાક્યરચનાની દૃષ્ટિએ પડતાં તેના ત્રણ પ્રકાર સાદું, સંયુક્ત અને મિશ્ર અથવા સંકુલ વાક્ય શીખી શકીશું.

સાદું વાક્ય - જે વાક્યમાં માત્ર એક જ મુખ્ય ક્રિયાપદ હોય તે સાદું વાક્ય. દા.ત.

માંદો હોવાથી તે કામ કરી શકતો નથી.

Being ill, he can not work.

મારી ચેતવણી છતાં તે જીવતા તારને અડક્યો.

Inspite of my warning, he touched a live wire. (Inspite of - ઇન્સ્પાઈટ ઑવ્ - તેમ છતાં, a warning - અ વૉર્નિંગ - ચેતવણી, a live wire - અ લાઈવ વાયર. જીવતો તાર, વિદ્યુતપ્રવાહવાળો તાર.)

મારા પિતાજી હંમેશા લાકડી લઈને ચાલે છે.

My father always walks with a stick in hand.

નાહ્યા પછી તે પ્રાર્થના કરે છે.

He offers a prayer, after having a bath.

ઉપરનાં બધાં જ વાક્યોમાં મુખ્ય ક્રિયાપદ એક જ હોવાથી તે બધાં સાદાં વાક્યો છે.

વાક્યરચનાની દૃષ્ટિએ બીજો પ્રકાર તે સંયુક્ત વાક્ય એટલે કે - compound sentence - કમ્પાઉન્ડ સેન્ટન્સ અર્થાત્ સાથે જોડાયેલું. જે વાક્યમાં એક કરતાં વધારે ઉપવાક્ય હોય પણ દરેક ઉપવાક્ય સ્વતંત્રપણે અર્થ સ્પષ્ટ કરતું હોય એટલે કે એકને પોતાનો અર્થ સંપૂર્ણપણે દર્શાવવા માટે બીજા કોઈ ઉપવાક્યનો આધાર લેવો ન પડતો હોય માત્ર 'and', 'but', 'otherwise', 'either - or' કે 'neither - nor' જેવાં સંયોજકથી જોડાયેલું હોય તેવાં વાક્યને સંયુક્ત વાક્ય કહેવાય. દા.ત.

He is young and (he is) active.

He is old but (he is) strong.

Work hard otherwise you will fail.

Either Vibha or Abha sings.

He neither studied nor worked.

ટૂંકમાં, એક મુખ્ય ઉપવાક્ય અને બાકીનાં સંયુક્ત ઉપવાક્ય એટલે કે co-ordinate clause હોય ત્યારે એટલે સંયુક્ત વાક્ય બને.

સંકુલ અથવા મિશ્ર વાક્ય એટલે કે - the complex sentence એટલે કે જે વાક્યમાં એક કરતાં વધારે ઉપવાક્યો હોય પણ તેમાનું એક મુખ્ય ઉપવાક્ય અને બાકીનાં ગૌણ ઉપવાક્ય એટલે કે sub.ordinate clauses હોય, તેમાંનું એકાદ co-ordinate પણ હોઈ શકે. ઉદાહરણરૂપ થોડાંક વાક્યો પરથી આ મુદ્દાઓની સમજ સરળ અને સ્પષ્ટ થશે. I will keep this coin with me and give it to my mother, when it is a mother's day. આ વાક્યમાં ત્રણ ઉપવાક્યો છે. (૧) I will keep this coin with me - મુખ્ય ઉપવાક્ય, (૨) And (will) give it to my mother - 'and' સંયોજકથી જોડાયેલું - સંયુક્ત ઉપવાક્ય - co-ordinate clause, (3) When it is a mother's day - ગૌણ ઉપવાક્ય - the sub.-ordinate clause. નીચેનાં વાક્યો પરથી સંકુલ અથવા મિશ્ર વાક્યને બરાબર સમજો.

Suddenly he remembered that it was their wedding anniversary and he has promised his withat he would come early. (wedding anniversary - વેડિંગ એનિવર્સરી - લગ્નતિથિ)

The prodigal son began to feel unhappy though he had everything that would make him happy.

As I wass unwell, I didn't attend the meeting.

Wait here, till I come.

If you eat poision, you will die.

આ બધાં વાક્યો સંકુલ અથવા મિશ્ર વાક્યો છે. આટલું શીખ્યા તેનું તારણ ટૂંકમાં નીચે પ્રમાણે છે :

૧. સાદું વાક્ય - એક જ મુખ્ય ક્રિયાપદ.

૨. સંયુક્ત વાક્ય - એક મુખ્ય ઉપવાક્ય અને બાકીનાં સંયુક્ત ઉપવાક્ય એટલે કે co-ordinate clauses.

3. સંકુલ અથવા મિશ્ર વાક્ય - એક મુખ્ય ઉપવાક્ય અને બાકીનાં ગૌણ એટલે કે sub.ordinate clauses. (ક્રમશ:)

સંગીતશાસ્ત્ર - ૨૮

- ડૉ. હસુ યાજ્ઞિક

ભારતીય સંગીતનું વળાંકબિન્દુ

રામાયણ અને મહાભારતકાળ તો ભારતીય સંગીત પૂર્ણતાની કક્ષાએ કલાસિદ્ધ થયાનો નિર્દેશ કરે છે. ભારતીય સંસ્કૃતિનું કાઠું બંધાયું અને આ સમાજમાં સંઘર્ષ અને સંમિશ્રણના, યુદ્ધ અને શાંતિના, અરાજકતા અને શાસનના જે સ્થિત્યંતરો આવ્યાં તેનું પૂરું ચિત્ર મહાભારત આપે છે. કથાઓ અને રૂપકોને જો બરાબર સમજી શકીએ તો કેટકેટલાં સંઘર્ષો, યાતનાઓ, અરાજકતાઓ પછી આ ભારતીય સમાજ અંતે અસ્તિત્વની નક્કર ભૂમિકાએ સ્થિર થયો તેનું ચિત્ર સ્પષ્ટ બને. અનેક પ્રશ્નો અને સમસ્યાઓ વચ્ચે પણ મૂલ્યહ્રાસ થતા રહ્યા ને એમાંથી જ નવમૂલ્યો પ્રકટ્યાં. એ સાથે જ પ્રજાને જેમાંથી જીવનનાં બળ મળ્યાં, પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યાં તે કલાઓની પણ તત્કાલીન ગતિવિધિ આ મહાકાવ્યોમાં અંકિત છે.

આ ગાળો પણ સવિશેષ તો જાતિગાનનો છે. માર્ગી સંગીતમાં જ પરંપરા વહેતી જણાય છે. રામાયણની કથા ભારતીય સંસ્કૃતિ અને કલાનું માત્ર ઉત્તુંગ શિખર છે એટલું જ નહીં, પરંતુ આ વિશાળ ભૂગોળવાળા દેશને એક નિશ્ચિત સંસ્કૃતિ અને સમાન કલા આપવામાં પણ આ મહાકાવ્ય જ પ્રેરક-પ્રોત્સાહક બને છે. બાલકાંડના ચોથા સર્ગના ૩૬મા શ્લોકમાં નિર્દેશ છે તે પ્રમાણે લવ અને કુશ દ્વારા રામકથાની સાંગિતિક રજૂઆત થઈ. સ્વરના સ્થાન અને મૂર્ચ્છનાનું જ્ઞાન હોય તે તત્ત્વજ્ઞ ગાંધર્વ ગણાય એવો સ્પષ્ટ વિભાવ અહીં મળે છે અને લવકુશને બાલકાંડ સર્ગ : ૪, શ્લોક : ૧૦માં સ્વરસંપન્ન ગાંધર્વ કહ્યા છે. રામાયણમાં અન્ય પણ સાંગિતિક પર્યાયો અને પરિભાષા તથા વાદ્યાદિના ઉલ્લેખો મળે છે.

રામાયણકાળથી જ કુશીલવ ગાંધર્વો દ્વારા કથાનું સાંગિતિક સ્વરૂપ અને સામાજિક પ્રસ્તુતીકરણ નિશ્ચિત સંસ્થાત્મક ભૂમિકા પર આવ્યું અને એમાં પછી મહાભારતકથા અને કૃષ્ણચરિત ઉમેરાયાં. આ ત્રણ મહાકથાઓ જ ભારતીય કલાઓનો પ્રાણ છે. શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સાહિત્ય, નૃત્ય અને સંગીતમાંથી કોઈ પણ કલા એવી નથી જેનાં પર રામકથા, કૃષ્ણચરિત, પાંડવકથાની અસર ન હોય. વિવિધ જાતિઓના સમન્વયે ભારતીય કલાનું જે અભિનવ સ્વરૂપ બંધાયું તેમાં આ ત્રણ મહાકથાઓએ જ કાયમી એવું એકત્વ આપ્યું. કશ્મીરથી કન્યાકુમારી કે બેટદ્વારકાથી બ્રહ્મદેશ સુધી, અરે છેક જાવાસુમાત્રા-બાલી-સિલોન-લક્ષદ્વીપ-ઇન્ડોનેશિયા-ચીન અને જપાન સુધી આ કથાઓ અને આ કલાઓ વિસ્તરી. બૌદ્ધધર્મના પ્રચાર સાથે ભારતની કથાઓ અને કલાઓને હિમાલય પારના પ્રદેશમાં સ્થાન મળ્યું. આજ પણ ભારતીય રાગસંગીતના ભૂપાલી કે પહાડી જેવા રાગોની ધૂનો એશિયાના ઇશાન અને અગ્નિ ખૂણે પણ સાંભળવા મળે છે. રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા, જાતકકથા વગેરે સાથે જ તે તે કથાઓને રજૂ કરવાના જે જે નૃત્ય અને સંગીતનાં કલામાધ્યમો હતાં તે પણ ભારતભરમાં એક સમાન પ્રવાહરૂપે પ્રસરતાં છેક પૂર્વના ટાપુઓમાં પહોંચ્યાં. રામાયણ, મહાભારત, ભાગવત, જાતક વગેરેમાં તથા હરિવંશ અને અન્ય પુરાણોમાં ભારતીય સંગીતના અનેક ઉલ્લેખો મળે છે અને તેને આધારે આ ગાળામાં ભારતીય સંગીતની ગતિવિધિ કેવી હતી, તેનો આલેખ મળે છે.

રામલીલા, ઢાઢીલીલા, લોકનાટ્ય કે ભવાઈ, આખ્યાનાદિની માણ પર ગવાતી કથાઓ, વિવિધ પ્રકારનાં નૃત્ય દ્વારા રજૂ થતી કથાઓ - આમ, અનેક રીતે આ કથાઓ રજૂ થતી રહી અને એમાં જ ભારતીય લોકનાટ્ય, લોકસંગીત, વિવિધ સાહિત્યસ્વરૂપો અને સંગીતનો વિકાસ થયો અને આવી કલાઓએ જ ભારતના જનજીવનને, એનાં રસરુચિને, જીવન પ્રત્યેના અભિગમને, કલા વિશેની વિભાવનાને એક સૂત્રમાં સાંકળી અને વિકસિત કરી.

ગુપ્ત અને મૌર્ય યુગમાં સંગીતકલા ઉત્તુંગ શિખરે હતી કેમ કે એ પહેલાં જ, છેક ભરતમુનિ અને મતંગમુનિના કાળથી આ કલાનાં શાસ્ત્રોનું નિર્માણ પૂર્ણકક્ષાએ પહોંચ્યું હતું. શ્રુતિમાંથી સ્વર કેવી રીતે જન્મે છે, એક સ્વરથી બીજો સ્વર કેટલી શ્રુતિએ કયા સ્થાને છે, એ બધું પ્રાયોગિક ધોરણે સંગીતશાસ્ત્રે સિદ્ધ કર્યું હતું. ઈ.પૂ. ૧૦૦૦ આસપાસ રચાયેલાં 'નારદીયશિક્ષા'માં સ્વરસમક અને ૨૨ શ્રુતિઓનું વિભાજન જોવા મળે છે. એમાં લૌકિક અને વૈદિક ગાનનો ભેદ પણ ચર્ચાયો છે અને રક્ત, પૂર્ણ, અલંકાર, પ્રાસન્ય, વ્યક્ત, વિકૃષ્ટ, શ્લક્ષણ, સમ, સુકુમારતા અને મધુરતાનાં દશ લક્ષણો ધરાવતું હોય તેને "ગાન" કહેવાય એવી પરિપક્વ વિભાવના જોવા મળે છે. વૈદિક અને લૌકિક બન્ને પ્રકારનાં ગાનનો ઉલ્લેખ છે અને વીણા વિશેષતઃ માર્ગી સંગીતનું અને ગ્રામ દેશીનું સહાયક વાદ્ય છે, તે સ્પષ્ટ થાય છે. અહીં મુખ્ય સ્વરો [illegible] દીપ્તા, આયત્તા, કરુણા, મૃદુ અને મધ્ય એવા સૂક્ષ્મ સ્વરો દર્શાવ્યા છે. અંતર ગંધાર અને કાકલિ નિષાદનો પણ ઉલ્લેખ મળે છે.

આવો જ મહત્ત્વનો ગ્રન્થ 'ભરતનાટ્યશાસ્ત્ર' છે, જેમાં

સૂક્ષ્મ શાસ્ત્રચર્ચા છે. સ્વર અને શ્રુતિનું નિશ્ચિત ગણિત છે. ગ્રામનું સ્પષ્ટીકરણ છે અને ચતુઃસારણીથી પ્રાયોગિક પદ્ધતિએ સ્વરસ્થાન નિશ્ચિત કર્યાં છે. મૂર્ચ્છના સાથે અહીં જાતિના ગ્રહ, અંશ, તાર, મંદ્ર, ન્યાસ, અપન્યાસ, અલ્પત્વ, બહુત્વ, ષાડવત્વ અને ઔડવત્વ એ ૧૦ લક્ષણોનું વ્યાખ્યાસમેત વિવરણ છે. શુદ્ધ અને વિકૃત જાતિ અને ગ્રામરાગની ચર્ચા છે. 'બૃહદેશી'માં મતંગમુનિ રાગનું લક્ષણ આપતાં જનચિત્તનું રંજન કરે તે રાગ, એમ જણાવે છે. દેશીની ઉત્પત્તિ, લક્ષણ, નાદની ઉત્પત્તિ, શ્રુતિ, સ્વર, મૂર્ચ્છના, તાન, વર્ણ, અલંકાર, ગીત, જાતિ, રાગલક્ષણ, ભાષાલક્ષણ અને પ્રબંધ સમજાવીને રાગગીતિના શુદ્ધ, ભિન્ન, ગૌડ, વેસર, સાધારણ, ભાષા અને વિભાષા એવા સાત પ્રકારો વર્ણવ્યા છે અને ૩૦ ગ્રામરાગો અને શૈલીભેદ ચર્ચ્યા છે. આમ, ઈ.૫૦૦ આસપાસ ભારતીય શાસ્ત્રીય સંગીત શાસ્ત્રદૃષ્ટિએ પણ પૂર્ણતાને આરે પહોંચ્યુ હતું, એમ ચોક્કસ કહી શકાય અને આ ગાળામાં જાતિગાન અને ગ્રામરાગમાંથી રાગસંગીત પણ પ્રચારમાં આવી ચૂક્યું હતું તે સિદ્ધ થાય છે. ઈ. ૬૦૬ના હર્ષવર્ધનના સમયના કવિ બાણનાં 'હર્ષચરિત' અને 'કાદંબરી'માં મળતા સંગીતકલાના ઉલ્લેખો તથા ખાસ તો ઈ.૭૦૦ થી ૯૦૦ના ગાળામાં રચાયેલો મનાતો 'સંગીત-મકરંદ' નામનો ગ્રન્થ રાગના પૂર્ણ ઉત્પત્તિ-વિકાસનો પરિચય આપે છે. અહીં પુરુષ, સ્ત્રી અને નપુંસક એવા ત્રણ વર્ગમાં સોમ, શ્રી, ભૂપાલી, હિંડોલ, નટ, છાયાનટ, માલવ, સૌરાષ્ટ્રી, વસંત, સારંગ, ભૈરવી, મલ્હારી, સૈન્ધવી, વેલાવલી, ગુણકી, વરાહી, કૌરાહી, ધન્નાશ્રી, લલિત, વગેરે રાગો મળે છે. સાતમી સદી સુધીમાં રાગસંગીત વિવિધ રાગોથી સુસમૃદ્ધ બની ચૂક્યું હતું. બારમી સદીના પાર્શ્વનાથકૃત 'સંગીત-સમયસાર', સારંગદેવકૃત 'સંગીત-રત્નાકર' જેવા ગ્રન્થોની સાક્ષી છે કે આ સમયમાં મોટા ભાગે ભારતીય શાસ્ત્રીય રાગ અને વિવિધ તાલ અસ્તિત્વમાં હતા. ૧૨મી સદીના કવિ જયદેવના 'ગીતગોવિંદ'માં ૨૪ ગીતિઓ બાર રાગ અને પાંચ તાલમાં આવે છે. અહીં ગુર્જરી, વસંત, રામક્રી, કર્ણાટ, દેશાખ, વરાડી, ગુંડકી, માલવ, માલવગૌડા, ભૈરવ, વિભાષા અને વરાડી એ રાગ તથા રૂપક, અષ્ટતાલ, યતિ, નિસારા અને એકતાલી એ પાંચ તાલ મળે છે.

તેરમી સદીથી ભારતીય સંગીત પર મુગલ સલ્તનતની અસર પડે છે. આઠમી સદીમાં બગદાદના આરબોએ સિંધ પર હૂમત સ્થાપી અને ઈ.૯૯૮માં મહમ્મુદ ગઝનવીએ ભારતમાં પગદંડો જમાવ્યો. ઈ.૧૦૨૪-૨૫માં સોમનાથ પર ચડી આવ્યો. ઈ.૧૧૬૩માં મહંમદ ઘોરીએ ગઝની હાથ કરી ઈ. ૧૧૮૨માં સિંધ અને ૧૧૮૬માં લાહોર જીત્યું. ઉત્તર ભારતમાં આ આસર વધતી ચાલી અને ઈ. ૧૩૦૦ અલ્લાઉદ્દીન ખીલજીથી ઈ. ૧૫૫૦ના અકબરના શાસન સુધી મુસ્લિમ સત્તા સ્થિર બની એ ગાળામાં ભાષા, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય અને સંગીત પર ફારસી અસર વ્યાપક બનતી ગઈ. ઈ. ૧૨૧૦ થી ૧૨૪૭ના ગાળામાં સારંગદેવે 'સંગીત-રત્નાકર' ગ્રંથ આપ્યો તે મૂળ ભારતીય પરંપરાની ઉત્તરસીમા છે. પછીના ગાળાના સંગીતના જે ગ્રન્થો છે તે ફારસીની અસર તળેના ભારતીય સંગીતના છે.

આ તબક્કે ભારતીય શાસ્ત્રીય સંગીત કર્ણાટકી અને ઉત્તર ભારતીય એવી બે મુખ્ય ધારાઓમાં વહેંચાતું જોઈ શકાય છે. આ બન્ને ધારાઓ છે તો મૂળ ભારતીય સંગીતની જ; પરંતુ એનાં સ્વરૂપમાં અને શૈલીમાં કેટલોક ભેદ છે. કેટલાય રાગો અને તાલો આ બન્ને ધારામાં સમાન છે, પરંતુ તેનાં નામમાં કેટલોક તાત્ત્વિક ભેદ છે. મુઘલકાળે પણ ભારતીય ધ્રુપદ ગાયકી હજુ ધબકતી હતી. 'સંગીત-રત્નાકર' પર દક્ષિણના પં. કલ્લિનાથે ટીકા લખી તેમાં ગોપાલનાયક નામના ગાયકનો ઉલ્લેખ મળે છે. તે ઈ. ૧૩૧૦માં અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ મલેક કાફુર સાથે દિલ્હી ગયા. આ ગાળામાં ફારસી ભાષાના કવિ અને સંગીતશાસ્ત્રી અને સંશોધક અમીર ખુશરો હિંદુસ્તાનમાં અલ્લાઉદ્દીન ખીલજીના રાજગાયક બન્યા. અહીંથી ભારતીય સંગીત, ખાસ તો ઉત્તર ભારતીય સંગીતમાં પરિવર્તન આવ્યું અને ધ્રુપદનું સ્થાન ખયાલ ગાયકોએ લીધું. કર્ણાટકી સંગીત અને ઉત્તર ભારતીય સંગીત એવા બે પ્રવાહો અને પ્રકારો બન્યા. રબાબકુળનાં વાદ્યોનો પ્રચાર વધ્યો.

અમીર ખુશરોને તબલાં અને સિતાર જેવાં વાદ્યોના સંશોધક મનાય છે, પરંતુ ડૉ. મધુસૂદન ઢાંકી આધાર સાથે સ્પષ્ટ કરે છે : "ખયાલ ગાન અમીર ખુશરોએ ૧૪મી સદીના પ્રારંભે શરૂ કર્યાની ખોટી માન્યતા આધુનિક મુસ્લિમ ગાયકોએ ફેલાવી છે. 'ઠુમરી'ના જનક છે, કથક નૃત્યના અભિનય અંગનાં પદો. અમીર ખુશરોએ સિતાર તથા તબલાંનું સર્જન કર્યું એ વાત પણ એટલી જ જૂઠી છે. શિલ્પમાં તબલાંનાં જૂના સ્વરૂપનાં આલેખનો છઠ્ઠા સૈકાથી મળવા શરૂ થાય છે. સંગીતશાસ્ત્રમાં તેનો ઊર્ધ્વક અને આંગિક (તબલું અને બાયું) નામથી ઉલ્લેખ મળે છે. અને સિતારની ઉત્ક્રાંતિ પ્રાચીન 'કચ્છપી વીણા' પરથી સંજાત બન્યા છે." (સમક, ડૉ. મધુસૂદન ઢાંકી, ૧૯૯૭, પૃ.૩૩) પરંતુ ઇસ્લામી કે ફારસી અસર ભારતીય શાસ્ત્રીય સંગીતનું વળાંકબિન્દુ તો બની અને ઉત્તરી અને કર્ણાટકી બે ધારાઓમાં તે વહેતું થયું એ તો સુનિશ્ચિત કહી શકાય. (ક્રમશઃ)

જરથોસ્તી (ઝોરાસ્ટ્રીઅન) પંચાંગ



પ્રફુલ્લ એ. પરીખ

જરથોસ્તી પંચાંગ (કેલેન્ડર) વિષે જાણતાં પહેલાં જરથોસ્તી ધર્મ, પ્રાચીન ઈરાનમાં બનેલી કેટલીક અગત્યની રાજકીય, ધાર્મિક, ઐતિહાસિક ઘટનાઓ તેમજ વિશ્વના ઈતિહાસમાં અદ્ભુત કહેવાય એવી, ધર્મને ખાતર ફના થઈ જનાર વિસ્થાપિત બનેલી જવાંમર્દ પ્રજાની ખાનાખરાબીના કારણે થયેલી ભ્રમણાગાથાથી થોડાઘણા પરિચિત થવું જરૂરી છે.

પારસીઓનું નામ સૂચવે છે તે પ્રમાણે એઓ મૂળ ઈરાનના પારસ પ્રાંતના રહેવાસી અસલ ઈરાનીઓ. પારસી શબ્દના અર્થ પ્રમાણે 'પાર્સ' અથવા 'ફાર્સ'થી ઊતરી આવેલી પ્રજા. દક્ષિણ ઈરાનમાં આવેલો આ પ્રદેશ પ્રાચીન સમયમાં 'પાર્સ' નામે ઓળખાતો હતો. એનું મૂળ આર્યોની 'ઈન્ડો યુરોપિયન' શાખામાં મળે છે.

પૃથ્વીના સાતે ખંડોના કેન્દ્રમાં આર્યોનું ઉદ્ભવસ્થાન 'આર્યન વર્ઝ' હતું. પવિત્ર અવસ્તાના એક ગ્રંથ 'વંદીદાદ'માં એવું વિધાન છે કે 'ગય-મરેનતામ' - આદિમાનવનો જન્મ ઐર્યવર્ઝમાં થયો હતો. પ્રાચીન ઈરાનીઓ પોતાને આ આદિમાનવના વંશજો ગણાવે છે. અવસ્તામાં 'ઐર્યનિ' અને સંસ્કૃતમાં 'આર્યયન' - આર્યોના વંશજ કહ્યા છે તેમાં ઈરાન શબ્દનું મૂળ છે. તેમાંથી 'ઈર્ય-આન' અથવા ઈરાન થયું. આથી જ આર્યો-હિંદુઓના ઋગ્વેદ અને અન્ય ધર્મગ્રંથોની અને જરથોસ્તી ધર્મના પવિત્ર ગ્રંથ ખોરદેહ અવસ્તા, ગાથા વંદીદાદ-બુન્દહેશન-દીનકર્દ વગેરેની ભાષામાં ઘણું બધું સામ્ય-સરખાપણું જોવામાં આવે છે. ઈરાનના છેલ્લા રાજા રેઝાશાહ પોતાને આર્યમહેર કહેવડાવતા હતા.

જરથોસ્તી ધર્મના સ્થાપક પયગમ્બર અશો જરથુષ્ટ્રના જન્મ-મરણના સમયની આધારભૂત માહિતી આજે મળતી નથી. જન્મસ્થળ માટે પણ અલગ મત છે. છતાંય કેટલાંક અનુમાનોને આધારે એમનો જન્મ ઈ.સ.પૂ. આશરે ૬૬૦ થી ઈ.પૂ. ૫૮૩ અથવા તેથી પણ આગળ બલ્ખ પ્રાંતમાં થયો હશે એમ માનવામાં આવે છે.

જરથુષ્ટ્રનું નામ સ્પિતમાન હતું. ૧૫ વર્ષની નાની ઉંમરે સંસારની માયાનો એમણે ત્યાગ કર્યો. પોતાનું બધું જ લક્ષ 'દાદાર અહુરા મઝદા' (Dadar Ahura Mazda). પ્રાણ ખુદા - દુનિયાના સર્જનહાર, સર્વજ્ઞાની ઈશ્વર ઉપર કેન્દ્રિત કર્યું અને એમની ભક્તિમાં લીન થઈ ગયા. તેમણે બહીશતુન પહાડોની ગુફાઓમાં ૧૦ વર્ષ સુધી આકરું તપ કર્યું, જેને પરિણામે તેમને અહુરા મઝદા-ખુદા-ઈશ્વરનો સાક્ષાત્કાર થયો ત્યારે જરથુષ્ટ્ર કહેવાયા. તેઓને સત્યનું સ્વરૂપ સમજાયું. હવે તેઓ દાદાર અહુરા મઝદાના 'સંદેશ-વાહક' બન્યા. જરથુષ્ટ્રનો અર્થ ઝર્દ = સોનેરી + સ્તર = સિતારો થાય છે. જે મિનોઈ નૂર (પ્રકાશ)નો ઉલ્લેખ છે. તે આ.

પયગમ્બર જરથુષ્ટ્રે સત અને અસત, ભલાઈ અને બુરાઈ, નેક વિચાર, વાણી અને વર્તન ઉપર સરળ ઉપદેશ આપ્યો. શરૂઆતમાં અશોઈનો પયગામ ફક્ત એમના નિકટના સગાંઓએ સ્વીકારેલો. શાહ ગુસ્તાવના સમયમાં પછીથી એનો પ્રસાર થએલો; કારણ કે તે વેળા ઈરાન વશીકરણ, વહેમ, મેલીવિદ્યાની અસરમાં હતું. દુરાસરૂન જેવા જુલ્મી સરદારની સત્તા હતી જે જાદૂગરીમાં પ્રવૃત્ત હતો.

એક આતશઘરમાં (Fire Temple) પ્રાર્થના કરતી વેળાએ તુરબરાતૂર નામના એક તુરાની સરદારે પયગમ્બર જરથુષ્ટ્રના પીઠમાં ખંજર મારી એમની ૭૭ વર્ષની ઉંમરે હત્યા કરી એવી લોકવાયકા છે. બીજી હકીકત એવી છે કે જ્યારે જરથુષ્ટ્ર ધ્યાનસ્થ હતા ત્યારે આકાશ ઉપરથી જગત પર આવનારી આફત (તૂર બરાતૂર)ની આગાહી થઈ ત્યારે જગત ઉદ્ધાર માટે એ ઝાટકો સ્વીકારી લઈ એઓ નિર્વાણ પામ્યા અને જગતને ઉગારી લીધું.

અહુરા મઝદા તરફથી પયગમ્બર જરથુષ્ટ્રને જે પ્રેરણા મળી, જે આત્મજ્ઞાન મળ્યું, જે મિનોઈ (સ્વર્ગીય) બસારત થઈ તે બધું જરથોસ્તી ધર્મના પવિત્ર ગ્રંથ 'યજસ્ન'નાં ૭૨ પ્રકરણો અને ગાથાઓમાં, અવસ્તા ભાષામાં સંગ્રહાયેલું છે, જેના આધારે પાછળથી ઝંદઅવસ્તા સાહિત્ય રચાયું જેનો પાઝંદ, પહેલવી અને ફારસી ભાષાનાં અસંખ્ય પુસ્તકોમાં ઉલ્લેખ થયો છે. મુખ્યત્વે દીનકર્દ, વંદીદાદ, બુનદહેશન જાણીતાં છે.

પયગમ્બર જરથુષ્ટ્રના ઉપદેશને માનનારાં લોકો જરથોસ્તી (ઝોરાસ્ટ્રીઅન) કહેવાયા. કોમ પારસી છે જ્યારે જરથોસ્તી ધર્મ છે. એ પહેલાં ઈરાનીઓ 'માયદયસ્ની' (એકેશ્વરવાદી-Monotheist) હતાં અને એક જ સર્વશક્તિમાન અહુરાની સત્તા સ્વીકારેલી તેથી પારસીઓ 'માયદયસ્ની જરથોસ્તી' કહેવાય છે.

પયગમ્બર જરથુષ્ટ્રના ઉપદેશના ત્રણ મુખ્ય બોધ સરળતાથી વ્યવહારમાં મૂકી શકાય તેવા છે :

૧. હુમત (હુ = સારી + મત = મતિ) - Humat - ભલી

દયાના વિચાર. ૨. હુખ્ત (હુ = સારી + ખ્ત = વાણી) - Hukta - ભલી વાચા-વાણી. ૩. હુવરશ્ત (હુ = સારી + વશ્ત = વર્તન) - Huvarashta - ભલું વર્તન-પરોપકાર.

આનો પાયો તન, મન અને આત્માની પવિત્રતામાં જાહેર થયો અને અશોઈ ઉપર ભાર મુકાયો.

મન, વાણી અને વર્તનથી પવિત્ર રહેવું (Good Thoughts. Good Words, Good Deeds) એ ફરમાનથી દરેક બુરાઈ સામે જાગ્રત રહેવા સુચવાયું.

અત્રે એ જાણવું જરૂરી છે કે પારસીઓ અગ્નિપૂજક નથી. પરંતુ પવિત્ર મંદિરોમાં અગ્નિને જુદી જુદી ક્રિયા, ભણતર વડે પવિત્ર કર્યા પછી પ્રસ્થાપિત કરીને તે આતશ-અગ્નિ મારફત અગ્નિના રક્ષક યઝદો, આદર-અર્દીબહેસ્ત કે બહેરામને સન્માનવા પ્રાર્થના દ્વારા ધ્યાન (Meditation) કેન્દ્રિત કરવા માટેનું એક સાધન છે.

હિંદુઓ પણ આવી જ રીતે પવિત્ર અગ્નિને સાક્ષીમાં રાખી એમની તમામ ધાર્મિક ક્રિયાઓ - હોમ, હવન, લગ્ન, મરણ વગેરેનની ક્રિયાઓ - કરી ઈશ્વરની આરાધના કરે છે.

જરથોસ્તીઓનાં પ્રાર્થના કરવાનાં ધર્મસ્થળો (Fire Temples) દરજ્જા પ્રમાણે પહેલી કક્ષાના 'આતશ બહેરામ', બીજી કક્ષાનાં 'આતશ આદરાન' યા 'અગિયારી' અને ઘરના સામાન્ય 'આતશ દાદગાહ' તરીકે ઓળખાય છે. ઇરાનથી આણેલા મિનોઈ ગતિથી પ્રસ્થાપિત કરેલા પવિત્ર આતશ બહેરામ ઇ.૧૩૦૦થી વધુ સમયથી ઉદવાડામાં આજે પણ અખંડ પ્રજળતા રાખવામાં આવ્યા છે જેને 'શ્રીજી ઈરાનશાહ' (Iranshah) કહે છે. આ પારસીઓનું યાત્રાધામ છે.

ભારતમાં પહેલી કક્ષાના આઠ આતશ બહેરામ છે - ચાર મુંબઈમાં, બે સુરતમાં, એક નવસારીમાં અને એક ઉદવાડામાં. જ્યારે આદરાન અસંખ્ય છે. આતશ બહેરામ શાહી કક્ષાના ગણાય છે. જેમાં ફતેહના યઝદની સ્તુતિ થાય છે.

શાહનામા પ્રમાણે ઇરાનનો ઇતિહાસ ખૂબ વિસ્તૃત છે. ઇરાનમાં ઘણા વંશના રાજાઓ થઈ ગયા. અહીં કેટલાક અગત્યના રાજવંશો વિષે ટૂંકમાં જોઈશું.

ઇરાનના એકીમેનિયન (Achaemenian) વંશના નામાંકિત સમ્રાટ મહાન સાઈરસ (Cyrus the great) ઈ.સ.પૂ. ૫૫૯-૩૩૦, અને દરાઈઅસ (Darius) ઈ.સ.પૂ. ૫૨૨-૪૮૬ના અમલ દરમિયાન ઇરાનનું વિશાળ સામ્રાજ્ય છેક ચીન, ભારતની ઉત્તર સરહદો, ગ્રીસ, ઈજિપ્ત અને રશિયાના સીમાડા સુધી વિસ્તર્યું હતું.

ઈ.સ.પૂ. ૪૮૬માં દરાઈઅસનું મૃત્યુ થયું. આખા દેશમાં ફરી અંધાધૂંધી ફેલાઈ ગઈ. થોડા જ વખતમાં દરાઈઅસ ત્રીજાનો વધ કરવામાં આવ્યો. ઈ.સ.પૂ. ૩૩૦માં એલેક્ઝાંડરે ઇરાન જીતી લીધું. ઇરાનને ગ્રીક સંસ્કૃતિની અસર નીચે લાવવા એણે અનેક પ્રયત્નો કર્યા પણ એમાં એને સફળતા ન મળી. ઈ.સ.પૂ. ૩૨૩માં એલેક્ઝાંડરના મૃત્યુ પછી ૪૦ વર્ષ સુધી ઇરાનમાં રાજ માટે આંતરિક કલહ, રમખાણ અને ખટપટ ચાલુ રહ્યાં.


પવિત્ર આતશ *

ત્યાર પછી સેલ્યુસિડ (Seleucid) વંશે ઇરાન ઉપર ઈ.સ.પૂ. ૨૮૦-૧૬૦ લગી રાજ્ય કર્યું. સેલ્યુસિડ વંશ પછી પર્શિયન પાર્થિઅન (Parthian) વંશ સત્તા ઉપર આવ્યો. ઈ.સ.પૂ. ૧૬૦-૨૨૫ સાસાનિઅન (Sassanian) વંશની શરૂઆત ઈ.સ. ૨૨૬-૬૫૧ પારથિઅન સત્તાના અંતથી થઈ. આ વંશનો છેલ્લો રાજા યઝદેઝર્દ શહેરીઆર ત્રીજો હતો. વચમાં ક્યાની વંશના શાહો થઈ ગયા, જેમની શૂરવીરતાનો શાહનામામાં ઉલ્લેખ છે.

ઈ.સ. ૬૩૩માં મુસ્લિમ આરબ પ્રજાએ ઇરાક જીતી લીધું. ઈ.સ. ૬૩૬માં કાદિઆ યુદ્ધ થયું, જેમાં ઇરાનીઓ હાર્યા. યઝદેઝર્દે સામનો કર્યો પણ એ હાર્યો, એને ભાગવું પડ્યું અને છેવટે મરાયો. ઈ.સ. ૬૫૧માં ઇરાન ઉપર મુસ્લિમ આરબોની સત્તા સ્થપાઈ અને ઇરાની સામ્રાજ્યનો અંત આવ્યો.

ઇરાનીઓએ પોતાના દેશના અને ધર્મના રક્ષણ ખાતર છેવટ સુધી સામનો કર્યો. અંતે ઇરાનીઓને મંગોલ આરબોએ ઇસ્લામ ધર્મમાં બળજબરીથી વટલાવવા માંડ્યા. જેઓ તાબે ન થયા તેઓની કતલ કરવામાં આવી. ઘણા ઇરાનીઓ પોતાના ધર્મને વળગી રહ્યા હતા તેમની આરબોએ કતલ કરી. ઇરાની વડવાઓ વટલાવા તૈયાર ન હતા તેમજ લોહીની શુદ્ધતા માટે આગ્રહી હતા.

કટ્ટર મુસ્લિમ ધાર્મિકતા, વટાળપ્રવૃત્તિ અને અસહ્ય જુલ્મથી બચવા તેમજ પવિત્ર આતશની જાળવણી અને પોતાના ધર્મના રક્ષણાર્થે જરથુષ્ટ્રના અનુયાયીઓને કોહિસ્તાનના પહાડો તરફ નાસી જવું પડ્યું. પવિત્ર આતશ સાથે પહાડોની ગુફાઓમાં કઠિન પરિસ્થિતિમાં ૧૦૦થી પણ વધારે વર્ષ જીવન ગાળવાની એમને ફરજ પડી.

કેટલાક ઇરાનીઓ ત્યાર પછી લગભગ ૧૫ વર્ષ ઇરાનની ખાડીના બંદર 'હોરમઝ'માં રહ્યા. મંગોલ આરબના સિતમો જ્યારે અસહ્ય થઈ ગયા ત્યારે જરથોસ્તી કબિલાઓ એમના વિદ્વાન અને સંત દસ્તુરજી નૈર્યોસંગ ધવલ (Naryosang Dhaval)ની રાહબરી હેઠળ પ્રાણપ્યારી માતૃભૂમિ ઇરાનને અલવિદા કરી જહાજોમાં બીજા પ્રદેશમાં આશ્રય મેળવવા નીકળી પડ્યા. સૌરાષ્ટ્ર (ગુજરાત)ના દીવ બંદરે પ્રથમ તેઓ

ઊતર્યા. ૧૯ વર્ષ દીવમાં રહ્યા પણ એમને ત્યાંનું હવામાન ફાવ્યું નહીં. એટલે તેઓ દક્ષિણ ગુજરાતના સંજાણ બંદરે આવ્યા. જરથોસ્તી પંચાંગ પ્રમાણે રોજ બહમન, માહ તીર, યઝદેઝર્દ ૮૫, હિંદુ સંવત ૭૭૨ શ્રાવણ સુદ ૯ શુક્રવારના રોજ ઊતર્યા એવો ઉલ્લેખ મળે છે.

'દૂધમાં સાકર' પ્રસંગની સાચી વિગત નીચે પ્રમાણે છે :

સંજાણમાં પરદેશી માટે જગ્યા નથી એનો સંકેત રાણાએ કિનારા પર દૂધથી છલોછલ ભરેલા ઘડાથી કર્યો ત્યારે વિદ્વાન દસ્તુરે એમાં એમની સોનાની અંગૂઠી-વિંટી નાંખી સંદેશ પાઠવ્યો કે. 'અમે બહુ નાની સંખ્યામાં છીએ જેમ ઘડામાં અંગૂઠી સમાઈ ગઈ એમ પ્રજાને હાનિ પહોંચાડ્યા વિના 'દૂધમાં સાકર' જેમ સમાઈ જઈશું. પણ અમારું વ્યક્તિગત સોના જેમ સાચવીશું.' દૂધમાં સાકર શબ્દો રૂપક રૂપે હતા.

સંજાણમાં તે સમયે હિંદુ રાજા જાદી રાણાની(જાદિત્ય) (King Jadi Rana) સત્તા હતી. પવિત્ર આતશ બહેરામસ્થાપવાની મંજૂરી પહેલાં રાણાએ રાજ્યમાં વિસ્થાપિત ઈરાની- પારસીઓને વસવાટ કરવા માટે કેટલીક પૂર્વશરતો મૂકી જેમ કે હથિયાર રાખવા નહિ, ગુજરાતી ભાષા બોલવી, એમની સ્ત્રીઓએ ગુજરાતી સ્ત્રીઓ જેવો પોષાક પહેરવો, તિલક કરવું, સાથિયા સાચવવા, લગ્નવિધિ સાંજના સમયે કરવી અને એમનો ધર્મ સાચવી બીજા ધર્મનું સન્માન કરવું. દસ્તૂરે દૂધમાં જેમ સાકર ભળી જાય તેમ મિલનસાર સ્વભાવે રહેવા સ્વીકાર્યું. પારસીઓને આશરો મળ્યા પછી ગુજરાતના ગુજરાતી બની હિંદુસ્તાનના મિત્ર બની ગયા અને શાંતિમય સહઅસ્તિત્વનું એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું. 'મા હિંદુસ્તાં રા યાર ભાસીમ' (Ma Hindustan Ra Yar Bashim) 'અમે હિંદુસ્તાનના મિત્ર થઈ રહીશું'નું વચન પાળ્યું.

પારસીઓ આજે પણ ઉપરના યાદગાર દિવસે સંજાણમાં ભેગા થઈ 'સંજાણ દિવસ' (Sanjan Day) તરીકે ઊજવે છે. ત્યાં એમના વડવાઓના સ્વભોગનું સ્મારક 'સંજાણ સ્થંભ' રચાયો છે. દિવસ દરમિયાન ધાર્મિક ભણતર-પ્રાર્થનાઓ થાય છે અને ગુણજ્ઞ પારસી કોમ પોતાના તારણહાર દસ્તૂરજી મોબેદ નૈર્યોસંગ ધવલ અને આશ્રયદાતા જાદી રાણા પ્રત્યે પોતાનો અહોભાવ અને કૃતજ્ઞતા વ્યક્ત કરતી પ્રાર્થનાઓ કરે છે. ધર્મ અને લોહીની બુનિયાદ ખાતર વડવાઓએ બતલાવેલી ખાનદાનીને શ્રદ્ધાંજલિ આપે છે.

ગુણિયલ પારસી કોમે જાદી રાણાને આપેલું વચન પૂરી નિષ્ઠાથી નિભાવ્યું છે. ગુજરાત-ભારતને પોતાનું માદરેવતન ગણીને એની પ્રગતિમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. વેપાર, ઉદ્યોગ, વિજ્ઞાન, બૅન્કિંગ, નાટક, પત્રકારિત્વ, કાયદાકાનૂન, સાહિત્ય, રાજકારણ, યુદ્ધ, સખાવત કે પછી બીજું કોઈ પણ એવું ક્ષેત્ર નથી કે જેમાં મુઠ્ઠી જેવડી આ નાનકડી કોમે પોતાનું આગવું-અનોખું યોગદાન કર્યું ન હોય! પારસી વડવાઓ અગ્રેસર-પહેલ કરનારા કહેવાયા. કારણ તેઓએ અનેક ક્ષેત્રે પહેલ કરી સાહસવૃત્તિ દાખવી. હાલનાં અનેક સેવાક્ષેત્રો એમણે શરૂ કરેલાં અને મુંબઈ નગરીનો ઉત્કર્ષ એમને આભારી છે. ઇતિહાસને પાને આ રીતે પારસી કોમે પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે.

આ ઉપરાંત ગુજરાતી ભાષા, સંસ્કાર અને કેટલાક રીતરિવાજો અપનાવી પારસી કોમ ગુજરાતના મુખ્ય પ્રવાહમાં ઓતપ્રોત થઈ ગઈ છે. એમનાં લગ્ન પ્રસંગે નવદંપતીને અવસ્તાના આશીર્વાદ પછી વચન મુજબ સંસ્કૃત ભાષાના ૧૮ શ્લોકોનું આજે પણ વિધિસર ભણતર થાય છે. એમના 'વૈવાહસ્ય પઈમાની'નો પાંચમો શ્લોક જોઈએ.

> 'ઉભ્યોરપિ કલ્યાણ વૃદ્ધિર્ભૂર્યાત્ ।
> નામ્ના સાહાય્યેમ હોર્મજદસ્ય,
> સદૈવ શ્રીમાન ભવ ।
> સિદ્ધિમાન્ ભવ । વૃદ્ધિમાન્ ભવ ।
> વિજયવાન્ ભવ । પુણ્ય-શિક્ષા-શ્રોતા ભવ ।
> ઉત્તમ સ્તુતિ યોગ્યો ભવ ।'

પ્રાચીન ઈરાની પંચાંગ

પ્રાચીન ઈરાનમાં સામાન્ય વપરાશમાં આવ્યો હોય તેવો પ્રથમ સતત વહેતો સંવત્સર તે સેલ્યુસિડિઅન (Seleucidean) સંવત્સર છે, જે સેલ્યુકસના વંશની સ્થાપનાની યાદમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઈ.સ.પૂ. ૩૧૨માં ચંદ્રમાસ (Lunar Month) ડીનોસ (Dios) શરદસંપાતની (Autumnal Equinox) નજીકના દિવસથી આ સંવત્સર શરૂ થયો હતો અને મહિનાઓનાં નામ મેસિડોનિઅન (Macedonian) હતાં.

ઈ.સ.પૂ. ૫૨૦માં થઈ ગયેલા મહાન ઇરાની વિજેતા દરાઈઅસનું સામ્રાજ્ય ખૂબ વિસ્તરેલું હતું. દરાઈઅસ આ કારણે જુદા જુદા દેશનાં જુદાં જુદાં પંચાંગોના સંપર્કમાં આવ્યો હતો. પરંતુ એમ જણાય છે કે એણે વધુ ગુંચવણવાળા બેબિલોનિયન પંચાંગને બદલે સાદું અને સરળ ઇજિપ્શયન પંચાંગ પસંદ કર્યું હતું. અને પોતાના વિશાળ સામ્રાજયમાં તેનો ઉપયોગ કરાવ્યો હતો.

પરંતુ દરાઈઅસના ખગોળવેત્તાએ વર્તમાનમાં આવતા ૩૬૫ ૧/૪ના ૧/૪ દિનની ઘટને અન્ય રીતે પૂરી કરી હોય એમ લાગે છે. તેમનાં બધાં જ વર્ષો ૩૬૫ દિનનાં હતાં. પરંતુ ૧૨૦ વર્ષના ચક્ર (૩૦ x ૪ = ૧૨૦ - ૧૨૦ year cycle) પછી ૩૦ દિનનો એક અધિક-વધારાનો મહિનો (Intercalary) જેને 'કબીસો' (Kabiso) કહેવામાં આવતો, તે ઉમેરીને તેઓ એમનું પંચાંગ સૌરવર્ષ (Solar year 365 Days 5H 48 M & 46 S) સાથે મેળવી લેતા. 'કબીસો' શબ્દ ઇરાનની પહેલવી ભાષામાં 'એકવીસો'ના અર્થમાં છે.

'યક' એક અને બીજા વીશ (વધારે) એટલે એક મહિનો વધારે એવા અર્થમાં વપરાય છે.

ઈ.સ.ની ૧લી સદીમાં જરથોસ્તી ધર્મનું પુનરુત્થાન થયું. સેલ્યુસિડિઅન સંવત પડતો મૂકવામાં આવ્યો અને પાર્થિયન સંવત્સર ચાલુ થયો. ગ્રીકને બદલે પહેલવી ભાષા વપરાવવા માંડી. જો કે મહિનાઓનાં મેસિડોનિઅન - ગ્રીક નામ તો ચાલુ જ રહ્યાં.

ઈરાનના ઉત્તર વિભાગમાં આ અરસામાં નાણાંકીય વહીવટ માટે પહેલવી ભાષામાં દસ્તાવેજો જરથોસ્તી મહિના અને દિવસોનાં નામ સાથે લખાતા. પરંતુ ૩૦ દિવસના ૧૨ મહિના અને પવિત્ર ગાથાના વધારાના ૫ દિવસ ઉમેરવાથી વર્ષ ૩૬૫ દિવસનું થાય એ પ્રથા ક્યારથી શરૂ થઈ એ નક્કી કરી શકાતુ નથી. પણ જરથુષ્ટ્રના આગમન પછી જ એમનાં ધાર્મિક પ્રવચનો 'ગાથા' જાહેર થયાં હશે એ સમયે જ આ પ્રથા અપનાવાઈ હશે એવું અનુમાન થઈ શકે.

ઈરાની માસનાં બધાં જ નામો તેમજ તેમના પંચાંગની ઉત્પતિ અંગેની પૂરેપૂરી વિગતો હાલમાં પ્રાપ્ત નથી. પરંતુ એટલું તો ચોક્કસ છે કે તેઓ અઠવાડિયા (રવિવાર, સોમવાર, મંગળવાર વગેરે) જેવું કે દશવારિયા જેવું કંઈ વાપરતા ન હતા. તેમના યઝદોન (દ દારના દૂતનાં) પવિત્ર નામો ઉપરથી મહિનાના ૩૦ દિવસનાં જુદાં જુદાં નામ અપાયાં હતાં.

ઈ.સ. ૬૪૮માં ઇરાન પર ઈસ્લામનો વિજય થતાં સંપૂર્ણ ચંદ્રપંચાંગ (હિજરી) ઇરાન ઉપર લાદવામાં આવ્યું હતું. પરંતુ સ્થાનિક ઈરાનીઓને યઝદોની કાયમ યાદ આપતા માહ અને દિવસો વધુ અનુકૂળ લાગ્યા અને ચાલુ રખાયા.

ઈ.સ. ૧૦૭૪-૭૫માં સુલતાન જલાલુદ્દીન મલિક શાહે વિખ્યાત વિદ્વાન ઉમરખય્યામ અને બીજા સાત વિદ્વાનોને જૂનું ઇરાની પંચાંગ સુધારવાનો આદેશ આપ્યો. તેમણે સુધારેલું પંચાંગ 'તારીખે જલાલી'ના નામથી જાણીતું છે.

આધુનિક ઇરાનમાં ઈ.સ. ૧૯૨૦માં જ્યારે રેઝાશાહ પહેલવી સત્તા ઉપર આવ્યા ત્યારે પ્રચલિત મુસ્લિમ પંચાંગમાં તેણે સુધારા કર્યા. ચંદ્ર ગણતરી છોડી દઈને શુદ્ધ સૌર ગણતરીવાળું પંચાંગ (Solar Calendar) પુનઃ સ્થાપિત કર્યું.

પવિત્ર યઝદોનાં નામ (જે વપરાશમાં તદ્દન ભૂંસાઈ નહોતાં ગયાં.) ફરી પાછાં ચાલુ કર્યાં. આ કેલેન્ડર ઇરાનના તમામ જાહેર વહીવટી કાર્યો માટે વપરાતું હોવા છતાં ઇરાનમાં રહી ગયેલા જરથોસ્તીઓ પોતાના ધાર્મિક અને અન્ય વ્યવહાર માટે આજે પણ એમનું 'ફસલી' મસમી કેલેન્ડર જે ૨૧મી માર્ચ વસંતસંપાત (Vernal Equinox)થી શરૂ થાય છે, તેનો ઉપયોગ કરે છે.

પયગમ્બર જરથુષ્ટ્રને સદ્‌ગુરુ માનનારા ભારતના પારસીઓ ઇરાન પરની આરબોની જીત પછી ભારતમાં આશ્રય લેનારા, ઇરાનીઓના વંશજો છે. હવે આપણે એમની કોમમાં વપરાતાં પંચાંગો વિષે જાણકારી મેળવીશું.

જરથોસ્તી (ઝોરાસ્ટ્રીઅન) સમાજમાં ત્રણ પ્રકારનાં પંચાંગો વપરાય છે : ૧. ફસલી (ઋતુના આધારે ગણતરી) - Fasli. ૨ કદમી (પુરાણા સમયનું) - Kadmi અને ૩. શહેનશાહી (યઝદેઝર્દી) - Shahenshahi.

ભારતના પારસીઓ ત્રણ પંથમાં વહેંચાયેલા છે. ફસલી, શહેનશાહી (યઝદેઝર્દી) અને કદમી. આ ત્રણે પંચાંગોમાં આવતા તફાવતનું કારણ જાણવા ઇરાની રાજ્યના રિવાજ ઉપર પ્રકાશ પાડવો જરૂરી છે.

૧. ફસલી : પ્રાચીન કાળમાં ઇરાનમાં એવી પ્રથા હતી કે જ્યારે શાહ-રાજાગાદી ઉપર બેસે તે દિવસથી નવા વર્ષની શરૂઆત ગણાય. પયગમ્બર જરથુષ્ટ્રના આગમન પહેલાં ઇરાનમાં જમશેદ નામનો એક મહાપરાક્રમી અને યશસ્વી રાજા થઈ ગયો. એ સદ્‌ભાગી રાજા વસંતઋતુમાં (પહેલા દિવસે) ગાદી ઉપર આવ્યો, જે પ્રસંગ આજે ૨૧મી માર્ચે ઉજવવામાં આવે છે. તેથી તે દિવસને એના મુબારક નામ પરથી 'જમશેદી નવરોઝ' કહેવામાં આવે છે. 'જમશેદી નવરોઝ'નો ઉત્સવ પૂરા વૈભવથી અને ખૂબ આનંદથી તે દિવસે ઉજવાતો હતો, જે આજ લગી અનેક સદીઓથી એકસરખી રીતે ઉજવાતો રહ્યો છે.

સમસ્ત ઇરાનમાં પૂર્વ કાળથી ત્યાં વસતી ઇરાની અને ખુદ મુસલમાન કોમ પણ નવી સાલ તરીકે નવા પંચાંગરૂપે આજ પર્યંત ૨૧મી માર્ચનો દિન ઉત્સાહપૂર્વક તહેવાર તરીકે ઊજવે છે. ફક્ત પારસીઓનો ફસલી સંપ્રદાય જ એને નવા વર્ષનો પહેલો દિવસ માને છે. છતાં બધાં જ પારસીઓ એની ઉજવણીમાં સામેલ થાય છે અને મોજ માણે છે. એકબીજાને શુભેચ્છા દર્શાવી, આતશ બહેરામમાં પ્રાર્થના કરે છે.

આ તહેવાર જે ઇરાનમાં અઈદ-અ-નૌ-રૂઝ તરીકે ઓળખાય છે તેનાં મૂળ ચોક્કસપણે મળતાં નથી. પણ આર્યેમેનિયાના રાજાઓના મહેલના ખંડિયેરમાં જે શિલ્પ છે તે દર્શાવે છે કે એ તહેવાર ઈ.સ.પૂર્વે ૬ઠ્ઠી સદીમાં ઉજવાતો હતો.

કવિ ફિરદૌસી જણાવે છે કે રાજા જમશેદના વખતમાં એ એના દરબારમાં રાજ્યના અમલદારો જોડે બેસતો. પોતાની કીર્તિ ગવડાવીને, તથા વસંતઋતુને પહેલે દિવસે કુદરત જે નવું રૂપ ધારણ કરે છે, તેનો મહિમા ગવડાવીને ઉત્સવ ઊજવતો. વળી, ઐતિહાસિક તેમજ ધાર્મિક દૃષ્ટિએ ઇરાનમાં તે સમયે જમશેદ બાદશાહના સમયમાં કેટલાક અદ્‌ભુત ચમત્કારિક બનાવો બન્યા હતા. તેથી ખાસ 'જમશેદી નવરોઝ'નો દિન સૌથી ભાગ્યશાળી ગણાય છે.

૨૧મી માર્ચે (વસંત સંપાત - Vernal Equinox) રાત-દિવસ સરખાં હોય છે અને સૂર્ય પોતાની મેષ (Aries) રાશિમાં પ્રવેશતો હોવાથી સૂર્યદેવતાનું પણ એક રીતે નવું વર્ષ દેખાય છે. ૨૧મી માર્ચ એ વસંતઋતુનો પહેલો દિવસ છે. તેમજ

સૂર્યની વિષુવવૃત્તની તરફ ગતિનો પહેલો દિવસ છે. એ દિવસને નવા વર્ષના દિવસ તરીકે ઉજવવામાં ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ પણ અર્થ સમાયેલો છે. હિંદુઓના પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૦ના ૩૫મા શ્લોકને અંતે 'ઋતુનાં કુસુમાકર' - 'ઋતુઓમાં હું વસંત છું', એમ સ્વમુખે વસંતને વધાવવામાં ભગવાન શ્રીકૃષ્ણે કંઈ બાકી રાખ્યું છે ખરું? હિંદુઓ આ અરસામાં 'વસંતપંચમી'નો તહેવાર ઊજવે છે.

મોસમને ફારસીમાં 'ફસલ' કહે છે તે કારણથી આ નવું વર્ષ 'ફસલી' ગણાય છે અને એને અનુસરતા ઇરાન તેમજ ભારતના જરથોસ્તીઓ-પારસીઓ 'ફસલી' ગણાય છે.

ફસલી કેલેન્ડરમાં અંગ્રેજી કેલેન્ડરની માફક દર ૪ વર્ષે વધારાનો એક દિવસ ઉમેરી તે વર્ષે અવરદાદ માહ સાલ રોજનું નામ આપી છ ગાથાઓ ગણતરીમાં લેવાતી એ પ્રથા હાલમાં પ્રચલિત નથી.

૨. **કદમી** : શાહ ગુસ્તાસ્પ (વિસ્તાસ્પ)ના સમયમાં ઉપર જણાવી તેવી મોસમ ન હતી. પણ જરથુષ્ટ્રના આગમનને લક્ષમાં લઈ આ શાહે જે દિવસે રાજ્યાસન સ્વીકાર્યું તે દિનને નવરોઝ (નવા વર્ષનો નવો દિવસ) જાહેર કર્યો. અને પુરાણો સમય યાદ રાખવા આ દિવસના આધારે બીજા દિવસોની ગણતરી ગોઠવી તે પંચાંગ કદમી ગણાયું. ફારસીમાં પુરાણું એટલે જ 'કદીમ'. એને અનુસરનારા પારસીઓ 'કદમી' કહેવાય છે. એ ધાર્મિક પંચાંગનું સ્થાન ધરાવે છે અને દરિયાઈ સફરને લગતું છે.

૩. **શહેનશાહી (યઝદેઝર્દી - ય.ઝ)** : શહેનશાહ યઝદેઝર્દ શહેરીઆર ત્રીજાના સમયે કદમી મહિનો બદલવામાં આવ્યો. શાહની તાજપોશી જે દિવસે થઈ તેને નવરોઝ જાહેર કરાયો અને તેથી તે એમની યાદમાં શહેનશાહી કહેવામાં આવ્યો.

ભારતના જરથોસ્તી-પારસીઓ મોટે ભાગે આ પંચાંગનો ઉપયોગ કરે છે. દેશી અખબારો, પંચાંગો વગેરેમાં આ પંચાંગની બધી માહિતી અપાય છે. નવા વર્ષની શરૂઆત ઘણું કરીને અંગ્રેજી મહિના ઑગસ્ટના પાછલા ભાગમાં અને હિંદુઓના શ્રાવણ મહિનાથી થાય છે.

કદમી અને શહેનશાહી પંચાંગો નવા વર્ષના આરંભના દિવસ અંગે જ જુદાં પડે. કદમી વર્ષ ૧ મહિનો વહેલું શરૂ થતું હોવાથી તેમના પર્વોની ઉજવણીના દિવસોમાં આ ફરક રહે છે.

આમ છતાં બધાં જ પંચાંગોમાં ૩૦ દિવસના એવા ૧૨ મહિના મળી ૩૬૦ દિવસ ગણતરીમાં લેવાય છે. ખૂટતા પાંચ દિવસ વર્ષના છેલ્લા મહિનાના છેલ્લા દિવસ પછી ગાથાના 'રોજમહે' મહાન પવિત્ર શ્રાદ્ધના દિવસો-ઉમેરી ૩૬૫ દિવસનું વર્ષ ગણવામાં આવે છે. બધાં જ પંચાંગોમાં મહિના તથા દિવસોનાં નામ પણ એકસરખાં જ છે, વર્ષારંભ - નવું વર્ષ શરૂ કરવાના જુદા જુદા દિવસો હોવા છતાં પર્વોની ઉજવણીમાં કે ધાર્મિક વિધિમાં કોઈ ફરક રહેતો નથી. અને બધાં જ જરથોસ્તીઓ બધાનાં જ પર્વો સંપથી ઊજવે છે.

અગાઉ દર ૧૨૦ વર્ષે વધારાનો ૧ મહિનો 'કબીસો' ઉમેરી વર્ષ સરખું કરવામાં આવતું હોવાથી તે વૈજ્ઞાનિક બનતું. મુસ્લિમોના આક્રમણ દરમિયાન થયેલી લૂંટફાટ, ખૂનામરકી, ધર્માંતર અને આગ જેવી હોનારતમાં જરથોસ્તીઓનાં ઘણા બધા ધાર્મિક ગ્રંથો અને અમૂલ્ય સાહિત્ય બળી જવા પામ્યું કે ખોરવાઈ ગયું. એમને માતૃભૂમિ છોડી આશ્રય માટે નાસભાગ કરવી પડી અને એવી પરિસ્થિતિમાં પંચાંગમાં 'કબીસો' ઉમેરવાની મૂળ વાત તો સાવ ભુલાઈ ગઈ. પરિણામે પંચાંગની ગણતરીમાં ગુંચવાડો થવા પામ્યો.

ભારતમાં વપરાતાં જરથોસ્તી પંચાંગોની ગણતરીમાં સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો કે કોઈ ખગોલીય ઘટનાનો આધાર લેવાતો ન હોવાથી તે સૂક્ષ્મ અને વૈજ્ઞાનિક રહેવા પામ્યાં નથી.

જરથોસ્તી મહિનાઓનાં નામ

નામ	અંગ્રેજી નામ	સેવા - ફરજ
૧. ફરરોખ-ફવરદીન	Fravardin	આબાદીના યઝદ
૨. અરદીબેહેસ્ત	Ardibehesht	અશોઈના સરતાજ મહા યઝદ
૩. ખોરદાદ	Khordad	પાણીના મહા યઝદ
૪. તેશતસ્તીર	Tir	વર્ષાનાં બાનુ યઝદ
૫. અમરદાદ	Amardad	વનશ્રીના અમરાસ્પંદ મહાયઝદ
૬. શેહરેવર	Shehrevar	ખનીજના રક્ષક મહાયઝદ
૭. મેહેર	Meher	મીથ્ર - મંત્રના યઝદ
૮. આવા	Ava	જળનાં બાનુ યઝદ
૯. આદર	Adar	આતશના રક્ષક
૧૦. દએ	Dae	યજ્ઞના પ્રયોજક યઝદ
૧૧. બેહમન	Behman	સૃષ્ટિના પાસવાન મહા યઝદ
૧૨.અસ્ફંદારમદ	Asfandarmad	ધર્મમાતા બાનુ યઝદ

[નોંધ : અમસાસ્પંદ, મહા યઝદ દાદારના અગ્રણી દૂત છે. જ્યારે બાકીના એમના મદદગાર યઝદો (સ્વર્ગીય દૂતો) છે, જેમાં કેટલાંક બાનુ યઝદો છે. દરેક યઝદને સૃષ્ટિસેવા સોંપાઈ છે.]

જરથોસ્તી મહિનાના દિવસોનાં નામ

અવસ્તા નામ	પ્રચલિત નામ	અંગ્રેજી નામ
૧. દાદાર અહુરમઝદા	હોરમઝદ	Hormazd
૨. વોહુમન	બેહેમન	Bahman
૩. અશવહિશ્ત	અરદી બેહેસ્ત	Ardibehest

૪. ક્ષદ્રવૈર્ય	શહેરેવર	Shehrevar
૫. સ્પેન્તાઆરમઈતી	અસ્ફંદારમદ	Asfandarmad
૬. અઉર્વતાત	ખોરદાદ	Khordad
૭. અમરેતાત	અમરદાદ	Amardad
૮. દેએપ - આદર	દેપાદર	Daepadar
૯. આતર	આદર	Adar
૧૦. અયામ	આવાં અરદવીશૂર	Ava
૧૧. ખુરશીદ	ખોરશેદ	Khorshed
૧૨. મહોર	મોહોર	Mohor
૧૩. તેશતસ્તીર	તીર	Tir
૧૪. ગોશ	ગોશ	Gosh
૧૫. દએપ-મહેર	દેપમહેર	Daepmeher
૧૬. મીથ્ર	મેહેર	Meher
૧૭. સ્રઓશ	સરોશ	Srosh
૧૮. રશ્નેરાસ્ત	રશને	Rashna
૧૯. ફરરોખ ફ્વર્યધી	ફ્વરદિન	Fravardin
૨૦. વહેરામ	બહેરામ	Behram
૨૧. રામશ્ન	રામ	Ram
૨૨. ગોવાદ	ગોવાદ	Govad
૨૩. દએપ-દીન	દેપદીન	Daepadar
૨૪. દીન	દીન	Din
૨૫. અર્શીસ્વંઘ	અશીસંઘ	Ashishvangh
૨૬. આશતાદ	આશતાદ	Ashtad
૨૭. મીનો આસ્માન	આસ્માન	Ashman
૨૮. ઝમ્યાદ	જમીઆદ	Zamyad
૨૯. મીનો મારેસ્પંદ	મારેસ્પંદ	Marespand
૩૦. મીનો અનેરાન	અનેરાન	Aneran

પવિત્ર પાંચ ગાથાનાં અવસ્તા નામ

૧.	અહુનવદ	Ahunavad
૨.	ઉશતવદ	Ushtavad
૩.	સ્પેન્તોમદ (સ્પેન્દાર્મદ)	Spentomad
૪.	વોહુક્ષથ્ર	Vohukxarthra
૫.	વહિશ્તોઈશ્ત	Vahishtoist

જરથોસ્તી ધર્મનાં પર્વ

૧.પતેતી (પશ્ચાત્તાપનો દિવસ) - વર્ષનો છેલ્લો દિવસ

૨.જમશેદી નવરોઝ - માર્ચ ૨૧
(ઈરાનનું ફસલી નવું વર્ષ. શાહ જમશેદના નામ ઉપરથી)

૩.પયગમ્બર જરથુષ્ટ્રનો નિર્વાણ દિન - મે ની શરૂઆત (જરથોસ્તનો દીસો)

૪.પવિત્ર ગાથાના પાંચ દિવસ - વર્ષના છેલ્લા મહિનાના છેલ્લા દિવસ પછી ઉમેરાતા પાંચ દિવસ.

૫.ગહમ્બાર - વર્ષમાં આવતા ૬ ગહમ્બારનો છેલ્લો (વર્ષની બદલાતી ઋતુઓની ઉજવણીમાં સમૂહભોજન) (માહ = સમય + અમ્બાર = ઢગલો)

૬.શહેનશાહી (યઝદેઝર્દી-યઝ)નવું વર્ષ - નવરોઝ (નવરોઝ મુબારક / સાલમુબારક) - માહ ૧લો ફ્વરદીન રોજ - ૧લો અહુરમઝદ હોરમઝદ

૭.ખોરદાદ સાલ (પયગમ્બર જરથુષ્ટ્રનો જન્મદિવસ) માહ ૧લો ફ્વરદીન રોજ ૬ઠ્ઠો ખોરદાદ (નવરોઝ પછીનો ૬ઠ્ઠો દિવસ)

૮. શ્રાદ્ધના મુક્તાદના ૧૦ દિવસો (એમાં છેલ્લા પાંચ ગાથાના દિવસો છે) - મરનારના અશો આત્માને નમન પાઠવી દાન કરાય છે. (પહેલા પાંચ 'રોઝે કેહ' પછીના પાંચ 'રોઝે મેહ')

૯. All souls Day - ગુજરેલાનાં બધાં ભલા ફરોહરો (ઈશ્વરી અંશ)ની ભેગી આમદ. 'શાંતિ મિનાર' આગળ યજ્ઞવિધિ અને નમન.

૧૦. માહ અને દિન એકજ નામના હોય તે પર્વ પરબ ગણાય.
(૧) આવાં માહ આવાં રોજે આવાં પાણીની આરાધના
(૨) આદર માહ આદર રોજ આતશની આરાધના
(૩) મહેર માહ મહેર રોજ મહેરગાનનું પર્વ
(૪) તીર માહ તીર રોજ તીરમાનનું પર્વ
(૫) બહમન માહ બહમન રોજ જીવદયાનું પર્વ
(૬) અર્દીબહેસ્ત અર્દીબહેસ્ત રોજ આતશનું મહાપર્વ.

જરથોસ્તી-પારસી જેવી નાની કોમમાં (વિશ્વની વસ્તી આશરે ૧,૪૫,૦૦૦ ભારતની વસ્તી ૭૨,૦૦૦. પરદેશગમનને લઈને ભારતના પારસીઓની વસ્તી ઉત્તરોત્તર ઘટતી જાય છે.) અગાઉ જણાવ્યું તેમ ૩ પ્રકારનાં પંચાંગો વપરાય છે. અને તે અનુસાર તેમનાં પર્વોની ઉજવણી થાય છે. ભારત ઉપરાંત ઓસ્ટ્રેલીઆ, નોર્થ અમેરિકા, ઈરાન, ટોરન્ટો, દુબઈ, ચીન, રશિયા વગેરે દેશોમાં જ્યાં જ્યાં જરથોસ્તીઓ વસ્યા છે ત્યાં નવું વર્ષ અને બીજાં પર્વો આથી જુદા જુદા દિવસોએ ઉજવાય છે. પણ ત્યાં પારસી સંસ્કાર ચાલુ રહ્યા છે.

બધા જરથોસ્તીઓ આવા પ્રસંગોએ ભેગા મળે ત્યારે ઉપર જણાવેલી પંચાંગોની વિસંવાદિતાથી એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થવા પામે છે. ગઈ સદીમાં ઇરાનથી કેટલાક વિદ્વાનો ભારત આવ્યા હતા. તેમણે પણ પંચાંગમાં ચાલતી આવેલી વિસંવાદિતા અંગે ચર્ચાવિચારણા કરી હતી અને અહીંના જરથોસ્તીઓને સાચી હકીકતથી માહિતગાર પણ કર્યા હતા.

એક જ પંચાંગ માટે હિલચાલ : જરથોસ્તી કોમમાં વપરાતાં પંચાંગોમાં એકવાક્યતા લાવવા માટે તેમજ તેમને ખગોલીય-ગણિતના આધારે વૈજ્ઞાનિક બનાવવા માટે અવારનવાર પ્રયત્નો થયા કરે છે. તેમાંય ખાસ કરીને મુંબઈની પારસી પંચાયત, ફેડરેશન ઓવ્ ઝોરાસ્ટ્રીઅન અંજીમન ઓવ્ ઈન્ડિયા તેમજ

નોર્થ અમેરિકાની ઝોરાસ્ટ્રીઅન કૉંગ્રેસે આ અંગે સક્રિય પગલાં લેવા વારંવાર ભલામણો કરી છે. પરંતુ હજુ સુધી આ બાબતનું કંઈ નક્કર પરિણામ આવ્યું હોય એમ લાગતું નથી. આખીય બાબત મોબેદો-ધર્મગુરુઓ, ઉપરની સંસ્થાઓ, વિદ્વાનો વગેરેની ચર્ચા-વિચારણામાં જ અટવાઈ જવા પામી હોય એવું જણાય છે. ફસલી પંચાંગને આધારભૂત ગણવાની આ ચળવળ સફળ ન થવાનાં કારણો ઇરાની ફસલ (મોસમ) ભારતીય મોસમ સાથે મળતી નથી એ એક મુખ્ય મુદ્દો છે.

આ બાબતમાં થોડું વધુ વિચારીએ તો સત્ય હકીકત સમજવાનું સરળ થઈ પડશે અને કદાચ સાચી દિશામાં પગલાં ભરવાનો રાહ મળી પણ જાય.

શક્ય પગલાં : 'ફસલી' પંચાંગ જે ૨૧મી માર્ચ (Vernal Equinox - વસંતસંપાત)થી શરૂ થાય છે તે ખગોળીય-ગણિત (Calendric Astronom) પ્રમાણે સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે. આ જ પંચાંગ ભારતના જરથુસ્તીઓ-પારસીઓના વડવાઓ ઇરાનમાં હજારો વર્ષોથી વાપરતા જ હતા અને તે કાલ-પ્રમાણિત હોવાથી ખરેખર તો તે નવું જ નથી.

ભારતમાં વસવાટ કરતી વખતે અહીંના જરથોસ્તીઓ દ્વારા દર ૧૨૦ વર્ષે 'કબીસા' નામે વધારાનો ૧ મહિનો જે ફસલી પંચાંગમાં ઉમેરાય છે તે ઉમેરવાનું રહી જવાથી આ ગૂંચવણ ઊભી થવા પામી છે.

સૌર વર્ષ ખરેખર તો ૩૬૫.૨૪૨૧૯ દિવસનું (૩૬૫ દિ. ૫ ક. ૪૮ મિ. ૪૬ સેકન્ડ) છે. આથી તો અંગ્રેજી (ગ્રેગોરીઅન) કેલેન્ડરમાં ૩૬૫ ઉપરાંત વધતા ૫ ક. ૪૮ મિ. ૪૬ સેકન્ડનો મેળ મેળવવા માટે તેમાં દર ૪ વર્ષે લીપ યરનો ૧ વધારાનો દિવસ ફેબ્રુઆરી મહિનાના અંતે ઉમેરવામાં આવે છે. આ સુધારાને પરિણામે અંગ્રેજી કેલેન્ડરમાં વર્ષમાં ફક્ત ૨૬ સેકન્ડ જેટલો જ ફરક સૌર વર્ષ સાથે રહેવા પામ્યો છે, જે નગણ્ય ગણાય.

ભારતમાં વપરાતાં જરથોસ્તી પંચાંગોમાં ન તો લીપ યરનો દર ૪ વર્ષે વધારાનો ૧ દિવસ ઉમેરાય છે કે ૧૨૦ વર્ષે 'કબિસા'નો ૧ વધારાનો મહિનો. વર્ષના ૩૬૫ દિવસ ગણતરીમાં લેવા છતાં બાકીના ઘટતા લગભગ ૧/૪ દિવસ જેટલા સમયનો મેળ પાડવો બાકી રહી જવા પામે છે. અહીં થયેલી ભૂલ ફસલી પંચાંગ, જે પોતાનું જ છે તેને, અપનાવવાથી જ આ જટિલ સમસ્યાનો સત્વરે ઉકેલ આવે તેમ છે. 'પતેતી' શબ્દનો અર્થ જ પાછા ફરવું (ભુલ સુધારવી) થાય છે.

જરથોસ્તી પંચાંગોમાં એકવાકયતા લાવવા માટે થોડાક ધાર્મિક બાધ ઊભા થાય એવી એમના વિદ્વાન ધર્મગુરુઓને દહેશત છે. જેમ કે જન્મ-મરણ, શ્રાદ્ધ કે પછી પર્વોની ઉજવણીના દિવસો વગેરેના મેળ કેમ બેસાડવા? આ બાબત પણ વિચારણા માંગી લે તેવી છે. વધુ વિચાર કરતાં જણાય છે કે કોઈ એક વ્યક્તિના જન્મ-મરણના સમયનો સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, રાશિ, વગેરેની જે ખરેખરી સ્થિતિ આકાશમાં હોય છે તે તેમના ભ્રમણને લઈને ત્યાર પછીનાં આવતાં વર્ષોમાં તે જ સ્થાયી દિવસે-તારીખે રહેતી નથી. આ કારણને લઈને ખરેખર તો આપણે આપણા જન્મ-મરણ-શ્રાદ્ધ વગેરેના દિવસો તેના સાચા દિવસે ઉજવતા જ નથી. દરેક વર્ષે સાચા ગ્રહો વગેરે જોવાનું શક્ય ન હોવાથી આપણે એ દિવસો એની એ જ સ્થાયી તારીખે ઊજવી સંતોષ માનીએ છીએ. એવું જ બીજાં અન્ય દિવસોનું છે.

ઐતિહાસિક દૃષ્ટાંતો : અગાઉ વપરાતું જૂલિઅન કેલેન્ડર (Julian Calendar) ૩૬૫ ૧/૪ દિવસનું ગણવામાં આવતું જે સૌરવર્ષ કરતા ૧૧ મિ. ૧૪ સેકન્ડ લાંબું થઈ ગયું છે તે હકીકત ઈ.સ. ૭૩૦માં ચોક્કસ નક્કી કરવામાં આવી હતી. આમ છતાં આમાં સુધારો કરવાની જે મુખ્ય મુશ્કેલી હતી તે સુધારવા માટે વ્યવહારિક રીતે શાં પગલાં લેવાં જોઈએ એ જાણવાની જરૂર હતી.

લગભગ ૮૦૦ વર્ષ સુધી આ બાબત વણઉકલી રહી. છેવટે નામદાર પોપ ગ્રેગોરી ૧૩માએ એક ફરમાન (Papal Bull) બહાર પાડી ઈ.સ. ૧૫૮૨માં આવતી ગુરુવાર ઑક્ટોબર ૪થી તારીખને બીજે દિવસે આવતા શુક્રવારની તારીખને ૧૫મી ઓક્ટોબર ૧૫૮૨ ગણી જેથી કેલેન્ડરમાં તે સમય દરમિયાન એકઠી થયેલી ૧૦ દિવસની ભૂલ આપમેળે જ નીકળી ગઈ અને કેલેન્ડર સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક બન્યું એટલું જ નહિ, પણ વખત જતાં યુરોપનાં અન્ય રૂઢિચુસ્ત ક્રિશ્ચિયન દેશોને પોતાના હઠાગ્રહો, ધાર્મિક માન્યતાઓ, છોડી ગ્રેગોરીઅન કેલેન્ડર અપનાવવામાં ડહાપણ સમજાયું. ગ્રેગોરીઅન કેલેન્ડર આજે તો વિશ્વવ્યાપી બની જવા પામ્યું છે.

ઈંગ્લંડ અને એનાં સંસ્થાનો એમની જૂની પ્રથાને જ વળગી રહ્યાં. રોમથી જે કંઈ આવે તેનો વિરોધ જ કરવો એવો પૂર્વગ્રહ છેવટે છોડવો પડ્યો અને ઈ.સ. ૧૭૫૨માં પાર્લમેન્ટમાં આ અંગે એક ખાસ કાયદો પસાર કરીને તે જ વર્ષમાં આવતી (ગુરુવાર) ૩જી સપ્ટેમ્બરને સપ્ટેમ્બર ૧૪મી ગણી કેલેન્ડરમાંથી ૧૧ દિવસ ઓછા કરી નવા ગ્રેગોરીઅન કેલેન્ડરનો સ્વીકાર કરવો પડ્યો. આને લઈને લંડનમાં હુલ્લડો પણ થયાં અને લોકોનાં ટોળાં સૂત્રો પોકારતાં કે : 'અમને અમારા ૧૧ દિવસ પાછા આપો.' ફ્રાન્સમાં નેપોલિયનની હકૂમત દરમિયાન ચાલતું આવેલું ફ્રાન્સનું પ્રજાસત્તાક કેલેન્ડર પડતું મૂકવામાં આવ્યું અને જાન્યુઆરી ૧, ૧૮૦૬ના રોજ ગ્રેગોરીઅન કેલેન્ડર અપનાવવામાં આવ્યું.

જૂલિઅન વર્ષમાન	૩૬૫.૦૬.૦૦.૦૦ દિવસ
સૌરવર્ષમાન	<u>૩૬૫.૦૫.૪૮-૪૬ દિવસ</u>
	૦.૦૦૧૧.૧૪ તફાવત

સોવિયેટ યૂનિયન (રશિયા)માં પરિસ્થિતિ વધારે ખરાબ હતી. ત્યાંનું રશિયન 'ઑર્થોડોક્સ ચર્ચ' ભૂલોવાળા જૂલિઅન કેલેન્ડરને વળગી રહ્યું હતું. સામ્યવાદી ક્રાન્તિ થયા પછી તેમણે પણ કેલેન્ડરમાંથી ૧૩ દિવસ ઓછા કરી ફેબ્રુઆરી ૧. ૧૯૧૮ને ફેબ્રુઆરી ૧૪મી તારીખ ગણી એમના કેલેન્ડરને સમગ્ર યુરોપિયન કેલેન્ડર સાથે એક કર્યું.

આ કારણથી રશિયાની 'ઑક્ટોબર ક્રાન્તિ' આજે ત્યાં ૭મી નવેમ્બરે ઉજવાય છે. સોવિયેટ રશિયા જેવી મહાસત્તાને પણ એની મહાન ક્રાન્તિની તારીખ ફેરવવી પડે એ છે સમય સમયની બલિહારી અને વૈજ્ઞાનિક કેલેન્ડરની મહત્તા! ઇસ્લામિક પંચાંગ સંપૂર્ણ રીતે ચંદ્ર-આધારિત હોવાથી સૌરવર્ષ કરતાં એ લગભગ ૧૧ દિવસ ટૂંકું છે. (સૌરવર્ષ ૩૬૫-૦૫.૪૮.૪૬ દિવસ - ચાંદ્રવર્ષ ૩૫૪-૦૮.૪૮.૩૪ દિવસ - તફાવત ૧૦.૨૧.૦૦ ૧૨ દિવસ) અગાઉ આ તફાવતમાં મેળ મેળવવા યોગ્ય સમયે વધારાનો ૧ અધિક મહિનો ઇસ્લામિક કેલેન્ડરમાં ઉમેરવામાં આવતો.

બીજા દેશોમાંથી મક્કાની હજ કરવા આવતા યાત્રિકોનો, અધિક મહિનામાં ધાર્મિક કાર્યોનો નિષેધ હોવાથી, મુશ્કેલીમાં મુકાવું પડતું. આ મુશ્કેલી નિવારવા પયગમ્બર સાહેબે દૂરંદેશી વાપરી ઇસ્લામિક કેલેન્ડરમાંથી એ પ્રથા કાઢી નાખી કેલેન્ડરને સંપૂર્ણ ચાંદ્ર કેલેન્ડર બનાવવાનો આદેશ આપ્યો. પરિણામે ઋતુઓનો મહિનાઓ સાથેનો મેળ તૂટી જવા પામ્યો, અને દર ૩૩.૧/૨ વર્ષના ગાળામાં બધા જ તહેવારો સ્થાપી ન રહેતા લગભગ ૧૧ દિવસ જેટલા પાછળ હઠતા જ રહ્યા.

પયગમ્બર સાહેબનું ઉપર જણાવેલું ફરમાન એમના સમયમાં યોગ્ય હતું. આજના વૈજ્ઞાનિક યુગમાં જે ચોક્કસ કારણને લઈને એ ફરમાન કાઢ્યું હતું તે રહ્યું જ ન હોવા છતાં ફરમાન 'અફર' રહેવા પામ્યું. ઇસ્લામિ જગતમાં આજે એવી કોઈ નિર્ણયાત્મક શક્તિ ન હોવાથી ઇસ્લામિક કેલેન્ડરને પહેલાં હતું એવું ફરી વૈજ્ઞાનિક ઢબે મૂકી શકવાની શક્યતા દેખાતી નથી. આમ છતાં કેટલાક પ્રગતિશીલ દેશો જેવા કે તૂર્કી, ઈરાન, ઈજિપ્ત વગેરેએ એમનાં કેલેન્ડરોમાં યોગ્ય ફેરફારો કર્યા છે. અગર વ્યવહારિક મુશ્કેલીઓ નિવારવા અંગ્રેજી કેલેન્ડરનો પણ સાથે સાથે ઉપયોગ કરવા માંડ્યો છે.

ધર્મ મનુષ્યપ્રેરિત હોવાથી કુદરતમાં બનતી ઘટનાઓની તે અવગણના ન કરી શકે એ વાસ્તવિકતા સમજાય તો પંચાંગોમાં ઉદ્‌ભવતિ અનેક મુશ્કેલીઓ યોગ્ય ઉપાય વડે દૂર કરી શકાય.

જરથોસ્તી સમાજમાં વપરાતાં પંચાંગોમાં સત્વરે યોગ્ય સુધારા કરવા આટલાં દૃષ્ટાંતો પૂરાં પાડવાં શું પૂરતાં નથી?

ઉપસંહાર : જરથોસ્તી પંચાંગમાં ખરેખર જોઈએ તો કોઈ ભૂલ થવા પામી નથી. ધર્મ અને સંસ્કૃતિ બચાવવા માટ માદરે વતન ઈરાન છોડવું પડે એવી અસહ્ય કટોકટીની પરિસ્થિતિ ઊભી થવાથી 'જાન બચી તો લાખો પાયે' - જીવતા રહીશું તો ક્યારે પણ સારા દિવસો જરૂર આવશે જ એમ માની બધું જ છોડી જરથોસ્તીઓએ ભારતને આંગણે વસવાટ કર્યો હતો. જ્યાં જાન જ જોખમમાં હોય ત્યાં કેલેન્ડર-પંચાંગ અને એવી બધી ક્ષુલ્લક બાબતની ફિકર રહે ખરી?

હવે જ્યારે જરથોસ્તી પંચાંગની ગણતરીમાં ભુલાઈ ગયેલી સાચી હકીકત ધ્યાનમાં આવી છે તો તેનો સહર્ષ સ્વીકાર કરી તેને સુધારવામાં કોઈ પણ જાતનો ધાર્મિક બાધ અગર અન્ય પ્રશ્નો ખરેખર તો ન જ નડવા જોઈએ. એના સ્વીકારમાં તો જરથોસ્તી કોમે એમના વડવાઓનું સાચું શ્રાદ્ધ-તર્પણ કર્યું કહેવાય, પણ એવો એકમતિ સ્વીકાર કરાવવાનો કોને અધિકાર છે! સમસ્ત પારસી કોમની સભામાં બહુમતિથી ઠરાવ થાય તો જ અંજુમન તે સ્વીકારી શકે.

પ્રગતિશીલ જરથોસ્તી સમાજમાં વિદ્વાન ધર્મગુરુઓ ધારાશાસ્ત્રીઓ અને અનેક નામાંકિત શિક્ષિત વર્ગ મોટી સંખ્યામાં છે, પરંતુ પંચાંગ સુધારણાનો પ્રશ્ન અતિ નાજુક ધાર્મિક સંવેદનાનો હોવાથી કોઈ એક વ્યક્તિ કે લોકશાહી ઢબે ચાલતી સંસ્થા નિર્ણયાત્મક સત્તા વાપરી કંઈક પગલાં લેતાં ખચકાટ અનુભવે એવી સંભાવના નકારી ન શકાય.

પરિસ્થિતિ જો ખરેખર ઉપર જણાવ્યા પ્રમાણે હોય તો બહેતર માર્ગ એ છે કે આખોય પ્રશ્ન કોઈ વિદ્વાન ખગોળશાસ્ત્રી ઉપર છોડી દેવો જોઈએ. એમના અભ્યાસનાં જે કંઈ તારણો નીકળે, સલાહ-સૂચનો મળે તે ઉપર જરથોસ્તી સમાજે યોગ્ય લાગે ત્યાં ચર્ચાવિચારણા કરવી. ત્યાર બાદ જરથોસ્તી સમાજને પત્રિકા, છાપાં અને બીજાં પ્રચાર માધ્યમો મારફતે સંપૂર્ણ રીતે માહિતગાર કરવો અને એક ચોક્કસ તારીખ પછી સ્વીકૃત પંચાંગને અમલમાં લાવવા સત્વરે પગલાં લેવાં. આ રીતે બધાં જ મતમતાંતરોનો વાદવિવાદનો જલદીથી અંત આવશે એમ લાગે છે. અને વિશ્વના જરથોસ્તી સમાજમાં એકતા સ્થપાતાં પછી વાર નહિ લાગે.

જરથોસ્તી સમાજમાં વપરાતા પંચાંગમાં ઐક્ય લાવવાનું કામ સમાજનું જ છે. એમણે દૂરંદેશી વાપરી યોગ્ય પગલાં લઈ સુધારા કરવા એમાં જ સૌનું શ્રેય છે.

છેલ્લે આ અંક વાચકોના હાથમાં આવશે ત્યારે જરથોસ્તી-પારસી સમાજનું શહેનશાહી (યઝદેઝર્દી) ૧૩૬૯મું નવું વર્ષ માહ ૧લો ફેવરદીન, રોજ ૧લો હોરમઝદ, ૨૨ ઑગસ્ટ ૧૯૯૯ના રોજ શરૂ થવાની તૈયારીમાં હશે. જરથોસ્તી-પારસી સમાજનાં સૌને 'નવરોઝ મુબારક'. □

જાન્યુઆરી ૧૯૯૯થી જુલાઈ ૧૯૯૯ સુધીના અંકો સિલકમાં ન હોવાથી હવે પછીથી 'કુમાર'ના ગ્રાહકો ઑગસ્ટ ૧૯૯૯થી જ નોંધાશે, જેની એજન્ટો અને ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી છે.

મૃગજળ

માવજી મહેશ્વરી

છેવટે નિર્ણય લઈ જ લીધો.

અને તે ભાગ્યો. ગુસ્સાને કારણે આવેલી મક્કમતાથી છાતી ફૂલતી જતી હતી. એ દોડતો રહ્યો. લાંબો સમય દોડતો રહ્યો. દૂર દૂર પહોંચી ગયા પછી પાછળ નજર કરી. હૈયે હાશકારો થયો : હાશ! હવે એ બાજુનો પવન પણ દૂર રહી ગયો. તેણે ફેફસાં ફુલાવી છાતીમાં હવા ભરી.

અહાહા! કેટલી બધી મુક્તિ!

નવો માર્ગ સામે જ પડ્યો હતો. નાની નાની કેડીઓ આમતેમ દૂર દૂર સુધી લંબાયે જતી હતી. તેને થયું કે હવે એકાદ કેડી તો પકડવી જ જોઈએ. અને તે સીટી વગાડતો ચાલતો થયો.

આગળ જતાં એને લાગ્યું, વાહ! રસ્તો તો યોગ્ય જ છે.

માર્ગમાં હરિયાળી જ હરિયાળી દેખાતી હતી. ચોમેર જાતજાતનાં ફળ-ઝાડ લચી પડેલાં હતાં. એણે તીવ્ર ભૂખનો અનુભવ કર્યો. તેને એક ફળ તોડ્યું. સ્પર્શ માત્ર જ ગમી ગયો. તેણે ફળ ચાખ્યું. જીભ પર સુખદ સ્વાદ ફેલાઈ ગયો. તે આખ્ખે આખું ફળ ખાઈ ગયો. બીજી જાતનાં ફળ પણ લલચાવતાં હતાં. તેણે ધરાઈને ખાધાં. પણ ખાધાં પછીય કંઈક પરમ સંતોષ જેવું બાકી રહી ગયું.

એ આગળ વધ્યો.

માર્ગમાં ફૂલોની ખૂશ્બુ વીંટળાઈ વળતી હતી. તેણે ફૂલો તોડ્યાં, સૂંઘ્યાં, ધરવ થતો ન હતો. સ્હેજ ગુસ્સા જેવી લાગણી થઈ આવી. તેણે કેટલાંક ફૂલો મસળી પણ નાખ્યાં.

ગળામાં તરસ આવીને બેસી ગઈ.

જાણે તેણે માગ્યું ને હાજર થયું. તેના કાન પર ખળખળ જેવો મધુર રવ અથડાયો. તેણે અવાજની દિશામાં જોયું. ઝરણું જાણે એને જ બોલાવતું હતું. તેણે ખોબે ખોબે ધરાઈને પાણી પીધું. પછી લોભ જતો કરી શક્યો નહીં. તે થોડીવાર રહીને ઝરણામાં જ કૂદી પડ્યો. ઝરણું તો સ્હેજેય સખળ ડખળ થયા વગર વહેતું રહ્યું. એને મજા આવી. લાગ્યું જાણે, બસ, મંઝિલ આવી ગઈ!

બસ, આ જ. આની જ જરૂર હતી.

દરરોજ નવો દિવસ શરૂ થતો હતો, પૂરો થતો હતો. ફરી શરૂ થતો હતો, પૂરો થતો હતો.....

નિત નવાં ફળ, સુગંધી ફૂલ, ઝરણાનું મધુર પાણી. રોજ એનું એ જ સુખ... એનું એ જ... એનું એ જ!

અને એક દિવસ જાણે.....

ફળમાંથી ગર્ભ અદશ્ય થઈ ગયા જેવું લાગ્યું. મોંમાં રહી ગઈ કેવળ હવા! ફૂલો તો જાણે હવામાં કરેલું રંગકામ! અને આ ઝરણું એમાં તો શીતળતા જ નહીં. તે ખાતરી કરવા કૂદી પડ્યો ઝરણામાં, હંમેશની જેમ. પણ કોઈ જ રોમાંચ ન અનુભવ્યો.

તેણે બાધા થઈ આમ તેમ જોયું! બધું એનું એ જ!

ઝરણું કલકલતું હતું, ફળ લલચાવતાં હતાં, ફૂલો સુગંધ વેરતાં હતાં. તેના માથા પર અચાનક ભય સવાર થઈ ગયો. તે છળી ઊઠ્યો!

અને મુઠ્ઠિઓ વાળી ભાગ્યો.

જાણે આગ પાછળ પડી હોય તેમ દોડતો રહ્યો.

ઉપર સૂરજ તપતો હતો. આંખોનાં પોપચાં ઢળી જવા લાગ્યાં. છતાં તેણે દોડે રાખ્યું. આખરે પગ લથડ્યા. તે ઢળી પડ્યો.

કેટલીય ક્ષણો પસાર થઈ ગઈ. ધીમે ધીમે તેની આંખો ખૂલી. ઉપરથી ઠંડો ઠંડો પવન પસાર થઈ રહ્યો હતો. તેણે પડ્યા પડ્યા જોયું તો લાગ્યું કે તે કોઈ ખેતરમાં આવીને પડ્યો હતો. ખેતરની હદને બાંધતા લીલાછમ્મ શેઢા દેખાતા હતા. તેણે પશ્ચાત્તાપથી આંખો મીંચી દીધી.

પવનની લહેરખી આવી. એક ભીંજાયેલો કાગળ ઊડતો ઊડતો એની છાતી પાસે આવીને અટવાઈ ગયો. તેણે અધખુલ્લી આંખે કાગળ સામે જોયું. કાગળ પર ઝાંખુંપાંખું એક ચિત્ર દેખાતું હતું.

ચિત્રમાં એક સ્ત્રી બાળકને ઘોડિયામાં હીંચોળતી દૂર દૂર જોઈ રહી હતી.

તેણે ધીમેથી કાગળ ઉપાડ્યો, અને હોઠ નજીક લાવી આંખો મીંચી દીધી.

જાણે બધું શાંત થતું જતું હતું... એકદમ શાંત! □

અનુસંધાન] ક્રાંતિકાર ઉધમસિંહ [પૃ.૪૪૫થી

પર સહી કરવા ઉધમસિંહને બહુ સમજાવ્યો. પરન્તુ બ્રિટિશ સરકારની દયા માગવા તે તૈયાર ન જ થયો. આખરે તે મહાન ક્રાંતિવીર પેન્ટસવિલ જેલમાં ૩૧ જુલાઈ, ૧૯૪૦ની વહેલી સવારે 'વંદેમાતરમ્' અને 'ભારત માતાકી જય'ના સૂત્રોચ્ચાર સાથે ફાંસીના માચડે ચઢી ગયો. ફાંસીએ લટકતાં અગાઉ, તેણે જણાવ્યું હતું, 'મારું શરીર મારા દેશની માટી, અન્ન અને જળથી બન્યું છે. મારી પાસે તે મારા દેશની ધરોહર છે. મેં મારા દેશબંધુઓને બ્રિટિશ સામ્રાજ્યવાદના પગ તળે કચડાતા જોયા છે. મારા દેશનું આવું અપમાન હું કદી સહન કરી શકતો નથી. મને ફાંસીનો કે મૃત્યુનો લેશમાત્ર ભય નથી, કારણ કે મારો આત્મા અમર છે. મારા દેશની સ્વતંત્રતા માટે મારું શરીર હું માતૃભૂમિને અર્પણ કરું છું...'

૧૯૭૯માં જ્ઞાની ઝૈલસિંહ પંજાબના મુખ્યમંત્રી હતા ત્યારે ઉધમસિંહની શહીદી બાદ ૩૯ વર્ષે તેનાં અસ્થિ લંડનથી ભારત લાવવામાં આવ્યાં. તેની શોભાયાત્રા કાઢવામાં આવી અને ફત્તેહગઢ સાહિબ મુકામે રોઝા શરીફમાં તે અસ્થિને દફનાવવામાં આવ્યાં. □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૪)

જયન્તીલાલ મહેતા



૧૯૫૨ની સામાન્ય ચૂંટણીના ઉમેદવાર બનવાની ના પાડીને સ્વેચ્છાએ રાજકીય સત્તાખેલમાંથી નિવૃત્ત થવાની જબરી ખેલદિલી મુનશીએ બતાવી તેથી પંડિત નેહરુ રાજી થયા અને મુનશીને રાજ્યપાલ બનાવવા ઑફર મૂકી. પરંતુ મુનશીનું મન ત્યારે જ માન્યું જ્યારે રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે આગ્રહ કરી ગોઠવ્યું કે મુનશીને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બનાવાય. કારણ ઉત્તરપ્રદેશ એટલે મુનશીના જીવનતીર્થોનું આર્યવર્ત. અહીં ગંગા-જમના હતાં. તો અહીં કાશી-મથુરા-અયોધ્યા પણ હતાં. અહીં જ ભગવાન વેદવ્યાસે જન્મી, નૈમિષારણ્યમાંથી મહાભારત-ભાગવત પ્રસરાવ્યાં હતાં. અહીંયાં મુનશીના મિત્ર આર્યપ્રેમી પંડિત ગોવિંદ વલ્લભ પંત મુખ્યમંત્રી હતા. તેમના અનુગામી તરીકે આવેલ ડૉ. સંપૂર્ણાનંદ સંસ્કૃતના પ્રકાંડ પંડિત અને સનાતન ધર્મના ઝંડાધારી હતા.

રાજ્યપાલનો ધર્મ શો? તે વિષે બંધારણસભામાં મુનશીએ કહેલું : '...બંધારણની પવિત્રતા અને સર્વોપરિતાના રાજ્યપાલો સંરક્ષકો રહેશે અને તે રીતે દેશની એકતા સાચવ. તદુપરાંત રાજ્યસરકારોની નીતિરીતિ અને ગતિવિધિઓ વિશે દૈનંદિન જાણકારી રાખશે, અને અવારનવાર યોગ્ય સલાહ-સૂચનો આપતા રહેશે. વિશેષે તો જનસાધારણ સાથે રોજબરોજના ગાઢ સંપર્કમાં રહેશે અને સરકારની કામગીરી વિશે જનતાના પ્રતિભાવો મંત્રીમંડળના પ્રત્યેક સભ્યને પ્રામાણિકતાપૂર્વક પહોંચાડશે. કેળવણી અને સંસ્કૃતિની બધી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા રહી તેના પ્રશ્નો ઉકેલવામાં અને કાર્યક્રમો વિશે યોગ્ય માર્ગદર્શન આપશે વગેરે વગેરે...' આ બધા સિદ્ધાંતો મુનશીએ પોતાના રાજ્યપાલકાળમાં અક્ષરશઃ પાળી બતાવ્યા અને તેથી ખૂબ લોકપ્રિય બનવા ઉપરાંત લખનઊ-દિલ્હીનાં રાજકીય વર્તુળોમાં પણ તેમની કામગીરીની વાહ વાહ થઈ.

જેમ જર્મન કવિ ગ્યૂથે માટે રોમ તીર્થભૂમિ હતું ને કવિ બાયરન માટે ગ્રીસ પ્રેરણાભૂમિ હતું, તેમ જ મુનશીને માટે આ પવિત્ર આર્યાવર્ત મહાન તીર્થોની અને આર્ય સંસ્કૃતિની પ્રેરણાભૂમિ હતું. એટલે મુનશી વારંવાર મહાન તીર્થોની યાત્રા કરવા માંડ્યા. ઇતિહાસપ્રેમી મુનશીએ આગ્રાનો તાજમહાલ અને ફતેહપુર સિક્રીનાં સ્થાપત્યો નિહાળ્યાં, તો રાણી લક્ષ્મીબાઈના મહેલમાં જઈ એ વીરાંગનાને અંજલિ પણ આપી આવ્યા. ભગવાન બુદ્ધના જન્મસ્થળ લુંબિની જઈ આવ્યા. તો સારનાથ અને કુશીનગરની યાત્રા પણ કરી આવ્યા. તેમને સૌથી વ્હાલી વ્રજભૂમિમાં જઈ રસિકશિરોમણી નટખટ નાગર કૃષ્ણ કનૈયાની બાંસુરી સુણી આવ્યા. જગતપ્રેમિકા રાધારાણીના પિયરઘર બરસાના જઈ પ્રેમાંજલિ આપી આવ્યા. ગોકુલ જઈ કૃષ્ણધેનુઓની ગોધૂલિ શિર પર ચડાવી આવ્યા. ગિરિ ગોવર્ધન જઈ વૃક્ષારોપણ કરી આવી ક્રાન્તિવીર કૃષ્ણની સરાહના કરી આવ્યા. પરંતુ જ્યારે દેવતાત્મા નગાધિરાજ હિમાલય ગયા ત્યારે પુણ્યસલિલા ભાગીરથી, અલકકિશોરી જેવી અલ્લડ અલકનંદા અને મંદમંદ રવે વહેતી મંદાકિનીના તીરે આવેલ ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ જઈ તેમના મહાન ઇષ્ટદેવો ત્રિભુવનનાથ, ભગવાન પિનાકપાણિ અને અવતારશ્રેષ્ઠ બદરીવિશાળ શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રણિપાત કર્યો ત્યારે તેમને થયું ભારતમાં જન્મ્યા, પનપ્યા, વસ્યા તે આજે સાર્થક થયું! આ જ તો એ દિવ્યભૂમિ છે જ્યાં હજારો સાલોથી સર્વત્યાગી, મહાવિદ્યાવાન, પ્રખર તપસ્વીઓએ આર્યસંસ્કૃતિને સ્થાપી, વિસ્તારી ને જગદ્‌વિજયી બનાવી. એટલે એ મહામતાના ઋષિમુનિઓના કોઈ સાચુકલા વંશજ જેવા મળી જાય તો મુનશી ધન્ય ધન્ય બની જતા. હૃષીકેશથી માત્ર ૨૫ કિલોમીટર ઉત્તરે બદરીનાથ જવાના મોટર રસ્તે મુનશીના આદર્શ બ્રહ્મર્ષિ વસિષ્ઠમુનિની તપસ્યાગુફા - વસિષ્ઠગુફા આવે છે અને ત્યાં આવા એક સાચકલા ઋષિ નામે પુરુષોત્તમાનંદજી વસે છે તે સાંભળી મુનશી કાચી કેડીએ સેંકડો ફૂટ ઊતરી વસિષ્ઠ ગુફામાં તે મહાત્માનાં દર્શન કરવા ગયા અને કલાકોના સત્સંગ પછી એટલા પ્રભાવિત થયા કે પૂજ્યપાદ પુરુષોત્તમાનંદજી વિશે અંગ્રેજીમાં અંજલિરૂપે સરસ લેખ લખ્યો : ધ સેઈજ ઑવ્ વસિષ્ઠ ગુહા. મારાં સદ્‌ભાગ્ય છે કે આ લેખ વાંચીને મેં જ્યારે અમારા ઉત્તરકાશીના સ્વામીજી શંકરાનંદજીને જિકર કરી, ત્યારે સાનંદ જાણવા મળ્યું કે પ.પૂ.પુરુષોત્તમાનંદજી તો અમારા શંકરાનંદજીના ગુરુ હતા અને હું દર વરસે આ વસિષ્ઠ ગુફામાં જઈ પ્રણમું છું અને ધ્યાન ધરું છું ત્યારે પળબેપળ મને મુનશી યાદ આવી જાય છે.

આવો જ એક પુનિત પ્રસંગ સાંપડ્યો તાજેતરમાં જૂન, ૧૯૯૭માં જ્યારે મુનશીના પરમ મિત્ર અને વિદ્વાન કલારસિક સાચકલા બ્રાહ્મણ શ્રેષ્ઠીવર્ય શ્રી ગિરધારીલાલ મહેતાના દર્શન કરવાનો. જેનું સર્વશ્રેય અમારા કલકત્તાના એક અનન્ય સર્વવ્યાપી ગુજરાતી બિહારીભાઈ શાહને ઘટે છે. આ મહેતા ખાનદાન અને મુનશીની દીર્ઘકાલીન અને વિશિષ્ટ ફળદાયિની મૈત્રીનાં મૂળ પણ મુનશીના રાજ્યપાલપદ દરમિયાન નંખાયેલાં. ભારતીય



ગિરધારીલાલ મહેતા



ડૉ. સંપૂર્ણાનંદ



ગોવિંદ વલ્લભ પંત

વિદ્યાભવનનો વિસ્તાર અને વિકાસ તો સદૈવ મુનશીની જીવન-આરાધના બની રહેલ. એટલે ભવનનું કેન્દ્ર દિલ્હીમાં સ્થાપવાના તેમના પ્રયાસોના ફળરૂપે ભારત સરકારે તેમને જમીન તો આપેલી પરંતુ તેવામાં સમર્થ દાનવીર ગિરધારીલાલ મહેતાનો સંપર્ક અચાનક સધાયો. ૧૯૫૩માં વ્યાપારી ગિરધારીલાલજીને મનમાં ઊગ્યું કે મુનશીને કોઈ છૂપી મૂંઝવણ સંતાવી રહી છે. તેમણે પૂછ્યું ત્યારે મુનશીએ જણાવ્યું કે, દિલ્હી કેન્દ્રનાં મકાન બાંધકામો ઘાંચમાં પડ્યાં છે, ને પળનો ય વિલંબ કર્યા વગર શ્રી ગિરધારિલાલજીએ મુનશીને આશ્વાસતા કહ્યું : તેનો બધો જ ખર્ચ અમારું શ્રી વલ્લભરામ શાલિગ્રામ ટ્રસ્ટ ઉપાડી લેશે. પછી ભલે તે માટે રૂપિયા દસ લાખ (આજના ભાવે બે કરોડ) કેમ ન થાય! અને મુનશી આ મહાનુભાવને મનોમન નમી પડતાં બોલી ઊઠ્યા : 'વાહ, તમે તો સાચા આર્યશ્રેષ્ઠી છો! અને ૧૯૫૩માં સ્થપાયેલી આ પવિત્ર મિત્રતા મુનશીના જીવનકાળ દરમિયાન એટલી તો ફૂલીફાલી કે ગિરધરલાલજીનું સમસ્ત કુટુંબ જીવનના ચાર દાયકાથી આધારસ્તંભ બની રહ્યું છે.

આમ તો મુનશીએ ભારતીય વિદ્યાભવન સમક્ષ ગીતા વિષે પ્રવચનો ૧૯૪૪-૪૫ દરમિયાન અંગ્રેજીમાં આપેલાં તેનું પુસ્તક રૂપે સંકલન ૧૯૪૭માં પ્રથમ પ્રકટ થયું 'ભગવદ્ ગીતા એન્ડ મૉડર્ન લાઈફ'ના શીર્ષક હેઠળ. પછી તેની સુધારાવધારા સાથેની છેલ્લી આવૃત્તિ મુનશીની જન્મશતાબ્દી પ્રસંગે ૧૯૮૭માં પ્રસિદ્ધ થઈ છે.

દુનિયાભરના કયા મહાન વિચારકે ગીતા વિષે લખ્યું નથી કે કહ્યું નથી? મુનશી તો ગીતાના રોજબરોજના અભ્યાસી હતા. એટલે એમણે તો માત્ર શબ્દાર્થનો મહિમા જાણવા કરતાં ગીતાની મૌલિક વિચારણા કરી જે તાત્પર્ય જડ્યું તેને પોતાના સત્ય તરીકે આ પુસ્તકમાં પ્રકાશિત કર્યું છે. એટલે તેમાં ભગવાન વાસુદેવની વાણીની ચિરંજીવિતા ઉપરાંત તેના અર્જુનની જેમ જ સાચા શિષ્ય થવા મથતા એક ગુજરાતી મહાનુભાવની ભક્તસરિતામાં સ્નાન કરવાનું વાચકને છે.

'... ગીતા એ પરલોકનું, સંસારત્યાગનું કે નિષ્ક્રિયતાનું શાસ્ત્ર નથી. એ ગ્રન્થમાં માનવતા છલોછલ ભરી છે. માણસ આગળ ઊભી થતી પ્રત્યેક પરિસ્થિતિમાં ગીતા રસ્તો બતાવે છે. જીવનના સંગ્રામની વચ્ચોવચ ઊભેલા માણસને તે બોધ આપે છે કે : 'તું તારી ક્ષુદ્ર પામરતા તજી દે. અને આત્મનિયમન વડે પરમાત્માના જેવું વિરાટ રૂપ ધારણ કર.' એ ગ્રંથ જે આત્મજયનો ઉપદેશ આપે છે તેના વડે આ ભવે જ માણસ બ્રહ્મનિર્વાણનું પરમ પદ પ્રાપ્ત કરી શકે છે... એ નાનકડા ગ્રંથમાં અડગ, અણનમ અને દુર્ધર્ષ એવી માનવતાની જ્યોત જાગતી રાખાયેલી છે... શંકરે કહ્યું : 'એના ઉપદેશનો મર્મ જાણવાથી માણસના સર્વ પુરુષાર્થની સિદ્ધિ થાય છે. તિલકે કહ્યું : 'ગીતાધર્મ નર્યા આધિભૌતિક જ્ઞાનથી કદી ન હારનારો, ને તેથી નિત્ય અને અભય બન્યો છે.....' અરવિંદ ઘોષે એને 'જગતનો મહાનમાં મહાન ધર્મગ્રંથ' કહ્યો છે.... ગાંધીજીએ કહ્યું : 'ભીડને વખતે ગીતામાતા પાસે જવાનું હું શીખ્યો છું....'

'...ગીતાનો કેન્દ્રવર્તી વિચાર એ છે કે : 'તું મને જાણ, મારી પાસે આવ, ને મારામાં તદ્રૂપ બની જા... સેમિટિક સંસ્કૃતિમાં એ વિચારને ક્યાંય સ્થાન નથી; આધુનિક પશ્ચિમની ઈશ્વરવિમુખ સંસ્કૃતિમાં તો નથી જ નથી... યોગ અર્થાત્ આત્મવિકાસનો નિયમ શાશ્વત અને સર્વવ્યાપી છે... ચિત્ત એ જીવન છે. એ જ સત્ તત્ત્વ છે. ચિત્ત એ જ બંધ અથવા મોક્ષનું કારણ છે... સત્ તત્ત્વનું એકાગ્રપણે ધ્યાન ધરો. સંપૂર્ણ, મુક્ત, અજેય એવા ચિત્ત પર ધ્યાનને એકાગ્ર કરો એ યોગનો માર્ગ છે... ઇતિહાસે પોકારીને કહ્યું છે કે આર્યાવર્ત એ ધર્મનું અધિષ્ઠાન છે, તેનું આસન છે... આ ધર્મ તે અંગ્રેજીમાં જેને 'રિલિજીયન' કહે છે તે નથી. તેમ જ તે અમુક માણસોએ ઘડી કાઢેલા નિશ્ચિત મતોનો સંચય નથી. એ તો છે પરિવર્તન અથવા વિકાસનો મહાનિયમ - સર્વદેશી ને સર્વવ્યાપી... ધર્મનું વાહન છે શબ્દ... ઉપલાં ફોતરાંને ફેંકી દો, એ શબ્દને તમારો પોતીકો બનાવો... એ શબ્દ તો ચેતન છે. જે મન અને કાર્યની વચ્ચે અનુસંધાન કરી આપે છે. ... કારણ ધર્મ તે જીવન છે, પ્રાણ છે. જનની જન્મભૂમિ તે એનું પાત્ર અથવા અધિષ્ઠાન છે, શબ્દ અર્થાત્ ભગવદ્ગીતા તે એમાં ચૈતન્ય પ્રગટાવનાર જ્યોતિ છે....

'...ચાતુર્વર્ણ્ય માણસે બનાવેલું નથી..તેમજ તે ચાર વર્ણોનો ખીચડો પણ નથી. તે એક સામાજિક સમન્વય છે; નૈસર્ગિક વિભાગો પર સ્થપાયેલી રચના છે; ચેતનથી થનગનતું સર્જન છે. શ્રીકૃષ્ણ કહે છે : ગુણ, કર્મ અને સ્વભાવને ધોરણે મેં ચાતુર્વર્ણ્યની રચના કરી છે. ચાતુર્વર્ણ્ય એટલે આજે આપણે જોઈએ છીએ તેવા જાતિભેદ નહિ. એ તો સર્વદેશી ને શાશ્વત એવો સામાજિક સમન્વય છે. અને તે મનુષ્યના સ્વભાવમાં

જન્મથી જડાયેલો છે... તમસ્‌માંથી ચઢીને, રજસ્‌માંથી પસાર થઈને, સત્ત્વ સુધી પહોંચવું એ જો ધ્યેય હોય તો સમાજને મથાળે સાત્ત્વિક સ્વભાવવાળું જૂથ ગોઠવવું જોઈએ.... ગાંધીજી કહે છે : 'આ વર્ણાશ્રમ શું છે ? તે એકબીજાથી અસ્પૃષ્ટ એવાં નોખાં ખાનાંવાળી વ્યવસ્થા નથી. મારી નજરે તો એ એક વૈજ્ઞાનિક હકીકતનો સ્વીકાર છે... આનુવંશિક સંસ્કારનો નિયમ તે શાશ્વત નિયમ છે. અને એ નિયમ બદલવાનો પ્રયત્ન થાય તો તેનાથી સાવ અંધાધૂંધી જ થાય. જેવી અગાઉ એ કારણે થવા પામી છે... ચાતુર્વર્ણ્યનું ધ્યેય એ છે કે માણસને પૂર્ણત્વપ્રાપ્તિની સરળતા કરી આપવી. તેને ઈશ્વરની સમીપ લઈ જવો. વર્ણાશ્રમની મૂળ વસ્તુ સામે લડવાની જરૂર નથી; લડવાનું એના દુરુપયોગ સામે છે... અસ્પૃશ્યતા વર્ણાશ્રમનો ભાગ નથી. તે તો મેલ છે. નવી બુરાઈ છે... ચાતુર્વર્ણ્યમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે અસમાનતા નથી... હિંદની સમાજરચનામાં અગાઉ આત્મરક્ષણ માટે અકડાઈને જડતા આવેલી ખરી. પણ અર્વાચીન સંજોગોમાં તેણે અજબ ચેતન દાખવેલું છે. તેમાં મુખ્યત્વે ગીતાની પ્રેરણા છે.

'શ્રીકૃષ્ણ કહે છે : 'તારું નિયત કર્મ કર.' નિયત કર્મ કયું ? તો કહે છે : 'સ્વભાવે નિયત કરેલું, પોતાની સાથે જન્મેલું, સહજકર્મ, સ્વકર્મ... એટલે માણસ શરૂઆત તો પોતાના વર્ણકર્મથી જ કરે... સમર્પણ બુદ્ધિથી કરેલું કોઈ પણ કર્મ કોઈ પણ માણસને માટે તુચ્છ કે હલકું હોતું નથી... અન્તિમ સાધ્ય છે યોગ... આ યોગના ત્રણ અંગો છે. (૧) બુદ્ધિ અર્થાત્ ઉચ્ચતર દૃષ્ટિનો અંકુશ વધારે મજબૂત બનાવીને સત્ત્વ, રજસ ને તમસ એ ગુણોથી પર થવું; ગુણાતીત થવું, નિસ્ત્રૈગુણ્ય પ્રાપ્ત કરવું. (૨) ગતિશીલ એકતા સક્રિય એકરાગ, એકતાનતા કેળવીને યોગમાં સ્થિર થવું અર્થાત્ બુદ્ધિયુક્ત થવું. (૩) કર્મમાં 'કુશલ' થવું... માણસ જ્યારે દુઃખમાં ઉદ્વેગ નથી કરતો ને સુખમાં હરખથી છલકાઈ નથી જતો ત્યારે તે દ્વન્દ્વાતીત બને છે. ત્યારે તેની બુદ્ધિ (ઉચ્ચતર દૃષ્ટિ)નું બળ વધે છે; અને બુદ્ધિયુક્ત, સ્થિતપ્રજ્ઞ, નિર્દ્વન્દ્વ, નિત્યસત્ત્વસ્થ થાય છે. ધ્યાન એ યોગનું સૌથી અધિક આવશ્યક અંગ છે. ધ્યાન એ અવધાનની સહેતુક, સસંકલ્પ કેળવણી છે. ચિત્તના અવધાનને ઊંચી કોટિની કેળવણી આપવામાં આવે તો લગભગ સર્જનશીલ ધ્યાન(સમાધિ)ની પળે જ કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય... શ્રીકૃષ્ણ અને પતંજલિ આને માટે બે સાધન બતાવે છે : અભ્યાસ અને વૈરાગ્ય.

'...જેમ શરીર આહારને ઝંખે છે તેમ મન સુખને... કામવૃત્તિ પર જો ભાવનાનો ધોધ ચલાવાય અથવા જો તેને કેળવણી અપાય તો તેને દૈહિક ક્ષેત્રથી ઘણે દૂર હડસેલી શકાય. પણ આપણે સાધારણ માનવી રહ્યા. એટલે આપણે માટે તો એક ડગલું બસ થાય. અહિંસા અને અસ્તેયની પેઠે કામવૃત્તિનું ઉન્નયન અથવા ઊર્ધ્વીકરણ એટલે કે બ્રહ્મચર્ય. સત્ય, અહિંસા અને અસ્તેયની સિદ્ધિ ધીમી, શ્રમભરી સાધના દ્વારા જ થઈ શકે છે; તેવું જ બ્રહ્મચર્યનું - અર્થાત્ શક્તિના અન્ક્ષયનું છે. બ્રહ્મચર્યને માર્ગે ચાલવાનો એક જ ઉપાય છે રાગ, ભય અને ક્રોધ કાઢી નાખવાં જોઈએ. તેમ કરવાનો ઉપાય એ કે મન, વચન કર્મમાં સંયમી થવું... જ્યારે બ્રહ્મચર્ય - અર્થાત્ કામવૃત્તિનું સંપૂર્ણ ઉન્નયન અથવા ઊર્ધ્વીકરણ સિદ્ધ થાય ત્યારે જ સર્જનશક્તિ - અર્થાત્ ઈશ્વરત્ત્વનું એક અંગ સિદ્ધ થાય છે....'

ગીતા એકીસાથે હિમાલયનું ઉચ્ચતમ શિખર એવરેસ્ટ છે. તો જગતવીંટતા મહાસાગરોથી યે વિશાળ અને અગાધ ક્ષીરસાગર છે. એટલે એનો સંપૂર્ણ તાગ આજ સુધી કોઈ કાઢી શક્યું નથી. અને છતાં યુગેયુગે પૃથ્વીના ખંડેખંડમાં એવા મરજીવાઓ જન્મ્યા જ કરે છે જે એનો તાગ મેળવવા મથ્યા જ કરે છે. અને તેના અમૃતમંથનમાંથી મહાસત્યોરૂપી જે નવનીત પામે છે તેનો આસ્વાદ જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓને કરાવ્યા કરે છે. તેમાંના મુનશી પણ એક હતા એ હકીકત જ તેમના વ્યક્તિત્વને ચાર ચાંદ લગાવે છે. (ક્રમશઃ)

અનુસંધાન] વાચકો લખે છે [પૃ.૪૪૦થી

પરમાત્મા ભીખ કેમ માગે છે? ભૂખ્યા કેમ સૂએ છે?' મારી પાસે હોંશિયારીપૂર્વકના જવાબો તો છે, પણ મારી ધાર્મિક માન્યતામાં રહેલો દંભ એણે પકડી પાડ્યો! આ વિદ્યાર્થી માસિકો, અખબાર, કમ્પ્યૂટર ઉપરની માહિતીથી વાકેફ છે. સૌથી ભ્રષ્ટાચારી રાષ્ટ્રોની યાદીમાં ભારતનું સ્થાન પાંચમું છે એ એમને ખબર છે!

ગયે વર્ષે અમે ભારત ફરવા આવ્યાં ત્યારે મારી દીકરીએ સોનાની બંગડી પહેરેલી. એની મમ્મીએ પરાણે પહેરાવી હતી. કસ્ટમ ઑફિસરે પૂછ્યું કે 'સોનું છે ?' મારી દીકરીએ લાંબી બાંયનું શર્ટ પહેરેલું છતાં બાંય વાળીને બંગડી બતાવી અને કહ્યું, 'આ રહી. બોલો તમારે શું કરવું છે?' કસ્ટમ ઓફિસર આ પ્રામાણિકતા ને હિંમત જોઈ ખુશ થયો. આ બાળકો ને ગોરા અમેરિકન સામે દલીલ કરતાંય બીક નથી લાગતી. બાઈબલની વાત હોય તોય દલીલ કરે છે. એમનાં વિચારો અને વર્તનમાં સુખસગવડ તરફ નફરત નથી અને છતાંય ડૉક્ટરનો દીકરો, ઉનાળામાં ગેસ સ્ટેશને લોકોની ગાડીમાં પેટ્રોલ પૂરવાનું કામ કરી શકે છે. શ્રમની નાનમ નથી. અમેરિકન અને ભારતીય વિચારોના મિશ્રણવાળી આ પ્રજા - આ Coconut Kids - અહીં વસતા ગુજરાતીઓ માટે ઉજ્જ્વળ ભાવિનું એક આશાભર્યું કિરણ છે. - ડૉ. જયંત મહેતા (અમેરિકા)

સને ૧૯૬૩ થી સને ૧૯૭૩ના અરસામાં મારા પિતાશ્રી રાજુલા ગામે કોર્ટમાં નોકરી કરતા હતા. તે વખતે ગામની લાઈબ્રેરીમાં 'કુમાર' વાચવા મળતું. 'કુમાર'ના વાંચનના પ્રતાપે જ અભ્યાસ, સંસ્કાર અને વ્યક્તિત્વનો વિકાસ થયો. હાલે ન્યાયાધીશ તરીકે ફરજ બજાવું છું. તે માટે મહદ અંશે 'કુમાર'નો ઋણી છું.

સળંગ અંક ૮૫૮માં દીવ (દેશાટન-૬) વિભાગમાં ઊના રાજકોટ જિલ્લામાં આવેલાનો ઉલ્લેખ છે. ખરેખર ઊના જૂનાગઢ જિલ્લામાં આવેલ છે. - ગિરીશ દામોદ્રા (કેશોદ)

કલાવાર્તા

ઓરિસ્સાના કલાકારો




અરૂપાનંદ ભોઇ અને ગતિકૃષ્ણ બેહરા

થોડા સમય પૂર્વે સરદાર પટેલ યુનિ-વર્સિટી મ્યૂઝીઅમમાં તથા પછી અમદાવાદના રવિશંકર રાવળ કલા ભવનમાં ઓરિસ્સાના બે યુવા કલાકારો અરૂપાનંદ ભોઈ અને ગતિકૃષ્ણ બેહરાનાં ચિત્રોનું એક નોંધપાત્ર પ્રદર્શન યોજાઈ ગયું.

અરૂપાનંદ ભોઈ તેમની લઘુચિત્રકલા કૃતિઓ કે પટચિત્રોમાં ઓરિસ્સાની-માતૃભૂમિની જગવિખ્યાત પરંપરાગત ઓરિસા શૈલીમાં કાપડ પર કે તાડપત્ર પર માટીરંગોમાં તેમની નિજી રંગમેળવણી દ્વારા તથા સંયોજનોમાં થોડા ફેરફારો દ્વારા ચિત્રસર્જન કરે છે. પ્રાચીન કે જૂનાં તાડપત્ર પરનાં ઓરિસાનાં ચિત્રો કે પટચિત્રો કે કાપડ પર તૈયાર કરેલાં લઘુચિત્રોમાં રંગો તેજસ્વી હતા, પરંતુ અરૂપાનંદે આધુનિક રંગમેળવણીની પદ્ધતિ અખત્યાર કરી રંગોને વધુ આકર્ષક અને મધુર બનાવ્યા છે તથા તેમનાં ચિત્રોમાંનો રંગવિન્યાસ, રૈખિક સૌંદર્ય અને અલંકૃતતા ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. અજંતાની ગુફાઓમાંનાં સુખ્યાત ભીંતચિત્રો પછી તાડપત્રો પરનું નાના ફલક પરનું ચિત્રાંકન ૧૦મી સદીમાં પાલ રાજાઓના સમયે જોવા મળે છે. નાના કદમાં પ્રાપ્ત પટ્ટીઓની એક બાજુ લખાણ તથા બાજુમાં રહેતી ખાલી જગા પર લખાણ સંબંધી ચિત્રો દોરવામાં આવતાં. પટ્ટીઓને-એકબીજાને સીવી લઈ તેની એક બાજુમાં કાણાં પાડી તેની થપ્પી કરી લઈ, કાણામાં દોરી પરોવી તે બાંધી લેવામાં આવતી. આને 'પોથી' પણ કહેવામાં આવે છે.

રેશમી કાપડ પર ભૂમિ તૈયાર કરવામાં નાપ્રથમ આમલીના કચૂકામાંથી બનાવેલા ગુંદર વડે આ કાપડને કાગળ પર ચોંટાડી સૂર્યતાપમાં આખો દિવસ સૂકવવામાં આવે છે. ત્યારબાદ લીસા પથ્થર વડે ઘસીને તેની સપાટી એકદમ લીસી, સુંવાળી બનાવવામાં આવે છે. પ્રાચીનકાળમાં પણ ચિત્રકારો પથ્થર, માટી કે વનસ્પતિઓમાંથી જ રંગો તૈયાર કરતા અને તેમાં ગુંદર ભેળવી ચિકાશ અને ચમક ઉભય નિષ્પન્ન કરતાઅરૂપાનંદ ભોઈએ ઓરિસાની પરંપરાગત શૈલીમાં જ મુખ્યત્વે 'મથુરાવિજય', 'પંચમુખી ગણેશ', 'કુંજર', 'અર્ધલક્ષ્મીકરતા 'રાસ-લીલા', 'રથમાં કૃષ્ણનું મથુરાગમન વેળાનું દૃશ્ય', 'ઝૂલત શ્યામ-રાધે સંગ' જેવાં પૌરાણિક વિષયો કે પ્રસંગો લઈ ચિત્રસર્જન કર્યું છે. વળી, 'દ્વંદ્વયુદ્ધ'નું એક વેગવાન ચિત્રાલેખન પણ છે. આ ચિત્રો સાચેસાચ આપણી ભારતીય સંસ્કૃતિને, ધર્મભાવનાને આજે પણ જીવંત રાખે છે તે તેનું એક પ્રશંસનીય જમાપાસું છે. તેમાં નિતાંત ભારતીયતા છે અને અલંકૃતતા છે.

ચિત્રકલા વિષયમાં સ્નાતક થયા બાદ પટચિત્રોના (ઓરિસ્સાના) પારંપારિક કલાકાર શ્રી વિજય કુમાર પરિડા પાસે અરૂપાનંદે પાંચ વર્ષ તાલીમ મેળવી તેમની ચિત્રકૃતિઓ માટે ઇનામો પણ પ્રાપ્ત કર્યાં.

અરૂપાનંદથી બિલકુલ વિપરીત આધુનિક જળરંગી પદ્ધતિમાં ભાઈશ્રી ગતિકૃષ્ણ બેહરાએ વિશાળ વૉશમાં તથા જૂજ બ્રશસ્ટ્રોક્સમાં 'વેટ ઈન વેટ' પદ્ધતિ કે ટેકનિકમાં જળરંગોની પૂરેપૂરી સૂઝસમજ સાથે ખૂબ જ અસરકારક છતાં સાદી સંરચનાઓ તૈયાર કરી છે. તેમાં જળરંગોની ભીનાશની અસર વર્તાય છે. જળરંગોમાં કાગળ પર કરેલાં આ ચિત્રોમાં 'પ્રકાશની કેડી પર'નું ચિત્ર ખાસ નોંધપાત્ર છે. તેના વિષય તથા તેની કલાત્મક માવજતને કારણે જળરંગોમાં જે ભીનાશ કે પ્રવાહિતા તથા નૈસર્ગિકતા છે અને પારદર્શિતા છે તે બધું જ આ ચિત્રમાં અનુભવાય છે. તો તેમનું એક અન્ય જળરંગી ચિત્ર 'કાગવૃંદ' પણ ધ્યાનપાત્રછે તેમણે કાગડાની વિશિષ્ટ મુદ્રાઓ વાસ્તવદર્શી શૈલીમાં રજૂ કરી છે તે માટે. તેમાં તેમની નિરીક્ષણશક્તિ દેખાય છે. આવાં વિગતપૂર્ણ આલેખના-વાળાં કુદરતનાં તથા ભવ્ય મંદિરોનાં ચિત્રો પણ છે.

- બંસીલાલ દલાલ



અશ્વ-યુદ્ધ (ચિત્રકાર : અરૂપાનંદ ભોઇ)




↑ કાગડાનું એક વૃંદ (ચિત્રકાર : ગતિકૃષ્ણ બેહરા) પ્રકાશની કેડી પર →

ભારતીય સમકાલીન ચિત્રકલાના પ્રશંસક અને સંગ્રાહક હરવિટ્ઝની ચિરવિદાય

અમદાવાદની જાણીતી અમદાવાદ ગુફાની સમીપમાં હરવિટ્ઝ ગૅલરી છે. જેમાં સમયે સમયે મહત્ત્વપૂર્ણ અને ધ્યાનપાત્ર ચિત્રકલા, શિલ્પકલા તથા તસવીરકલાનાં પ્રદર્શનો યોજાય છે. રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે નામના પામેલા કલાકારોની સર્જનકૃતિઓ અહીં પ્રદર્શિત થાય છે. ગૅલરીની અંદરની અવકાશ તથા પ્રકાશ તેમજ યોજના કૃતિઓની ગોઠવણીની યોજનાની કલારસિક મુલાકાતીઓને સુંદર અનુભૂતિ થાય છે. એક લાંબા, વિશાળ હૉલની વચમાં પણ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવે છે. વળી, કલાકારોની કેટલાંક, આમંત્રણ-પત્રિકાઓ તથા અન્ય માહિતી પણ અહીં ઉપલબ્ધ છે. દર વર્ષે ભારત અને ભારતીય સંસ્કૃતિના પ્રેમી હરવિટ્ઝ અમેરિકાથી ભારતમાં આવી મુખ્ય શહેરોની મુલાકાત લે અને લબ્ધપ્રતિષ્ઠિત તથા ઊગતા, આશાસ્પદ સમકાલીન યુવા કલાકારોની કૃતિઓ ખરીદે અને તેમને પ્રોત્સાહિત કરે. જોતજોતામાં અમેરિકામાં તેમના નિવાસસ્થાને એક પ્રતિનિધિત્વ ધરાવતું સમકાલીન ભારતીય કલાનું મહત્ત્વપૂર્ણ, સુંદર સંગ્રહાલય ઊભું થયું. અમદાવાદ ગુફા સમીપની આકર્ષક ગૅલરી પણ તેમની પ્રેરણા અને મદદથી ઊભી થઈ. અહીં બાળકોની સર્જનકૃતિઓનું પ્રદર્શન પણ થાય છે. ઉચ્ચ કલાદૃષ્ટિ અને રુચિ ધરાવતા હરવિટ્ઝ થોડા સમય પૂર્વે કાર અકસ્માતમાં માર્યા ગયા. તેમના નામની ગૅલરી તથા અમેરિકામાંના તેમનો કલાસંગ્રહ તેમને હંમેશાં જીવિત રાખશે.

અમદાવાદની એલિયાંસ ફ્રાંસેઝ ગૅલરીમાં પાંચ ભારતીય કલાકારોની ગ્રાફિકકલાનું પ્રદર્શન

ગુજરાત કૉલેજની સામે વિશાળ રમણીય પરિસરમાં આવેલી એલિયાંસફ્રાંસેઝ ગૅલરી વર્ષોથી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી જીવંત રહી છે. અહીં ફ્રેંચ ભાષાના વર્ગો ચલાવવામાં આવે છે. તેમજ ફ્રેંચ કલા અંગેનાં પુસ્તકો તથા સામયિકોનો સુંદર સંગ્રહ છે. તથા વખતોવખત અમદાવાદના બહારના તથા ફ્રેંચ કલાકારોની કૃતિઓનું પ્રદર્શન યોજાય છે. કલારસિકો સારી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રદર્શનો જુએ છે. સંસ્થાના વર્તમાન નિર્દેશક ખૂબ ઉત્સાહી છે અને પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવે છે તથા ભારતીય કલાઓમાં જીવનમાં ઊંડો રસ ધરાવે છે. જાણીતા તસવીરકાર પરમાનંદ દલવાડી સંસ્થાના સક્રિય કાર્યકર છે.

ભારતીય સમકાલીન ગ્રાફિકકલામાં પણ સમકાલીન સર્જકોએ નોંધપાત્ર ગ્રાફિક પ્રિન્ટ્સ સર્જી છે. ભારતના પાંચ કલાકારોએ પૅરિસમાં ગ્રાફિક વર્કશૉપમાં તાલીમ લઈ નવી ટેકનિકો હાંસલ કરી, કેટલીક સુંદર, આકર્ષક પ્રિન્ટો સર્જી. ભારત પાછા ફર્યા પછી તેમણે ભેગા મળી એક જ કથાવસ્તુપરની ચાર ચાર અલગ અસરોવાળી પ્રિન્ટોનું પ્રદર્શન એલિયાંસ ફ્રાંસેઝ ગૅલરીમાં યોજ્યું. કલાકારોનાં નામ છે દત્તારાય આપ્ટે, કવિતા શાહ, આનંદમોય બૅનરજી; કવિત નાયર અને મુરલીદાસ પી.વી. ભારતમાં જુદાં જુદાં સ્થળોએ રહેતા આ કલાકારોની ગ્રાફિક પ્રિન્ટોમાં તેમની વૈયક્તિક મુદ્રા અને ગ્રાફિક કલાની નૂતન ટેક્નિકોનું જ્ઞાન છે અને તેમને પ્રિય એવા વિષયોની અસરકારક માવજત. આ પ્રિન્ટિંગ ટેક્નિકોનો ઉપયોગ સર્જન માટે છે, છતાં તે દ્વારા તેમણે સુંદર, આકર્ષક પોત તથા સપાટીઓ સર્જી છે તથા રેખા-રંગો દ્વારા તેમણે પસંદ કરેલા વિષયોને સર્જનાત્મક રીતે રજૂ કર્યા છે. આ કૃતિઓમાં લિથોગ્રાફ, ઇચિંગ, સિલ્ક-સ્ક્રીન અને વુડ-કટની પ્રક્રિયા જોવા મળે છે. વળી, આ ઉચ્ચ પ્રકારની પ્રિન્ટ ગુણવત્તા ધરાવતી કૃતિઓમાં કલાકારોની ફ્રેંચ ગ્રાફિક ટેક્નિકોનું દર્શન પણ થાય છે. તેમણે જાતે જ આ સર્જનાત્મક પ્રિન્ટો કાઢી છે અને તે પણ મર્યાદિત થોડાં નમૂનાઓમાં. તેથી તેઓ સફળ પ્રિન્ટસર્જક તરીકે પુરવાર થાય છે.

દત્તારાય આપ્ટેની પ્રિન્ટોમાં

(અનુસંધાન પૃ.૪૮૧)



લિથોગ્રાફી પ્રિન્ટ : મુરલીદાસ પી.વી.



સેરિગ્રાફી પ્રિન્ટ : દત્તરાય આપ્ટે

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૩(૧)

પ્રા. પ્રવીણ ન. શેઠ

વડીલો-કલાઈડસ્કોપની પેટર્ન • શું માબાપે અમેરિકાવાસી થવા જેવું ખરું ?

અમેરિકામાં ભારતીયોની ત્રણ પેઢીઓનું સહઅસ્તિત્વ દેખાય છે. ૧૯૬૫-૮૫ દરમિયાન અહીં આવીને સારી રીતે સ્થિર થનાર પહેલી પેઢી જે મુખ્યત્વે ૩૫થી ૫૫ વર્ષની વચ્ચેના વયજૂથમાં આવી ગઈ છે. બીજી પેઢી, તે તેમના અહીં જન્મેલાં ને બાળપણથી અહીં ઊછરેલા તરુણો અને યુવાનોની પેઢી. અને ત્રીજી પેઢી તે પહેલી પેઢીના ભારતીયોએ બોલાવીને અહીં રાખ્યા હોય તેવાં તેમનાં વડીલ માબાપ. જેઓ ૫૫થી ઉપરનાં ને મોટા ભાગનાને સીનિઅર સિટીઝન્સ કહેવાય તેઓ છે. આ ત્રીજી પેઢી પહેલી અને બીજી પેઢી કરતાં ઉંમરમાં સૌથી મોટી, એટલે કે પહેલી પેઢીના પણ પુરોગામી છે. પણ અમેરિકામાં નવવસાહતી તરીકે આવનાર, તેઓ સૌથી છેલ્લાં છે. મોટા ભાગની વડીલ પેઢી ૧૯૮૦ના પાછલા ભાગમાં અમેરિકામાં પોતાનાં ગ્રીન કાર્ડ કે નાગરિક પુત્ર કે પુત્રી કે ભાઈ-બહેનના કૌટુંબિક સંબંધને નાતે ગ્રીન કાર્ડ મેળવીને આવ્યાં છે.

૧૯૮૦ સુધી તેઓ અહીંની ભારતીય વસતીના માંડ ૧.૬ ટકા જેટલાં થતાં હતાં. તે એંશીના દસકામાં બમણા કરતાં વધુ થયાં. હવે તો અંતે નવા સેન્સસના પ્રકાશન વખતે આ મુદ્દે સ્પષ્ટ હકીકતો પ્રાપ્ત થશે. ૧૯૬૯-૭૦માં મારા અહીં આઈવી (Ivy) લીગની યુનિવર્સિટી ઑવ્ પેન્સિલવેનીઆમાં પસાર કરેલા અભ્યાસકાળ દરમિયાન ભારતીયોનાં મિલનોમાં ભાગ્યે જ કોઈ વડીલ સીનિઅર સિટીઝન જોયેલા. ૧૯૮૮ પછી તો નવરાત્રી, કોઈને ઘરે થતાં પાર્ટી નિમિત્તેનાં નાનાં મિલનો, સત્યનારાયણની કથા, આ દશકામાં સ્વાધ્યાય વગેરેમાં ૭ થી ૧૨ ટકા, તથા મંદિરોમાં અને કથાભજનમાં તો ખૂબ સારી સંખ્યામાં વડીલોની હાજરી વર્તાઈ આવે છે. આમ, અહીંના ભારતીય સમાજજીવનમાં સીનિઅર સિટીઝન્સની પેઢી હવે દશ્યમાન બની ગઈ છે. એમની ભારતીય કુટુંબોમાં જે સાંસ્કૃતિક અસર થાય છે, તે પણ સૂચક છે. ભારતીય નવવસાહતની ઘટનાનું આ એક આવકાર્ય અને સંતર્પક પાસું બની ગયું છે.

અમેરિકાની રાજવ્યવસ્થામાં અહીંના જે વસાહતીઓ કાયમી રહેવાસીઓ (ગ્રીન કાર્ડધારીઓ) છે, તેમને ૧૯૯૬ના ઑગસ્ટથી સમવાય સરકાર દ્વારા મેડિકેર અને રાજ્યોની સરકારો દ્વારા થોડાઘણા ફેરફાર સાથે મેડિકેઈડની* યોજના દ્વારા ડૉક્ટરી સારવાર-કેટલીક દવા વગેરે વિના ફી મળતાં હતાં. તે ઉપરાંત સોશ્યલ સિક્યુરિટી યોજનાને અન્વયે નાણાંકીય સહાય, વૃદ્ધો-અપંગોને તો એથી પણ વધુ સત્તાવાર સુવિધાઓ, સહાય ફૂડ સ્ટૅમ્પ, રાહતદરે ટ્રાન્સપોર્ટ સેવા અને કિફાયત દરે રાજ્યે તૈયાર કરાવેલ નિવાસ વગેરે મળે છે. ઑગસ્ટ ૧૯૯૬થી થોડી રાહતો-સહાય ખેંચી લેવાઈ છે તે પછી આજે ય સીનિઅર સિટીઝન્સ (૬૫ વર્ષનાં) વસાહતીઓને ખાસ કરીને ડૉક્ટરી સેવા મળે છે. આવી કલ્યાણ વ્યવસ્થાને કારણે પહેલી પેઢીના ભારતીયોને (અન્ય ચીની, ફિલિપિનો, યહૂદી વગેરે વંશીય - એથ્નિક વસાહતી જાતિઓની જેમ) પોતાનાં માબાપોને અહીં બોલાવવામાં, નાણાંકીય રાહે પણ ખાસ સહેવું પડે તેમ નહોતું. વળી, ૧૯૭૮ પછી અહીંના જાહેર રેકૉર્ડ બતાવે છે તેમ બધાં એશિયનોમાં નાગરિકત્વ મેળવવાનું શરૂ કરવામાં ભારતીયો મોખરે રહેવા માંડ્યાં. તેઓ હવે અહીં જ કાયમી રહેવા માગે છે તેનો પણ આ સંકેત હતો. તેઓમાં કુટુંબગત કારણોસર પોતાના વડીલોને બોલાવવાનું વધતું ગયું. તેમને સંતાનો થતાં, સંતાનની દેખભાળ કરવા કે વૃદ્ધાવસ્થામાં પોતાની સાથે રાખવાની જરૂર લાગતાં વૃદ્ધ માબાપોને બોલાવવાનો સિલસિલો વધતો ચાલ્યો છે.

એક મજાની બાબત તો એ છે કે આવી નવા પ્રકારની કૌટુંબિક નિકાસ કે અમેરિકામાં વિસ્તૃત રૂપના ત્રણપેઢીના કૌટુંબિક પુનર્મિલનમાં બીજી પેઢીના (બાળક) જેટલો સમય ત્રીજી (સીનિઅર) પેઢીના 'ગ્રાન્ડપા-ગ્રાન્ડમા સાથે ગાળે છે, એટલો કદાચ પહેલી પેઢીના (એટલે કે પોતાનાં માબાપ) સાથે ગાળતાં હોતાં નથી. કારણ, માબાપ તો અઠવાડિયામાં પાંચ દિવસ આખો દિવસ બહાર 'જૉબ' કરવા, કે સ્ટોર ચલાવવા ગયાં હોય છે. આથી એક દસકા પહેલાં જે નહીં કલ્પ્યું હોય એવું સ્નેહસંધાન (માયા) વડીલો અને તેમના પૌત્ર-પૌત્રીઓ વચ્ચે વર્તાય છે. ઘણી વાર કુટુંબમાં વચ્ચેની પહેલી પેઢીના દંપતી કરતાં બીજી અને ત્રીજી પેઢી વચ્ચે વધુ નજીકતા - રૅપો (Rapport) કેટલાક મુદ્દે વધુ વર્તાય છે ! તો પણ, અમે જે વ્યક્તિગત સીનિઅર સિટીઝન સાથે લાંબી કે ટૂંકી વાત કરી, કે ઈન્ડિયન કલ્ચરલ કેન્દ્રોમાં તેમના કાર્યક્રમો જોયા, તેમના અનુભવો સાંભળ્યા તે પરથી એમ કહી શકાય કે તેમનામાં લગભગ ચાર-પંચમાંશ વડીલો અહીં ખાસ સુખી નથી, પણ ઠીક પ્રમાણમાં અહીં અનુકૂલન સાધી રહ્યાં છે. અહીં ઘણાં વડીલો પહેલી પસંદગીના ક્રમે રહેતા નથી. ખૂબ મોટી ઉંમર થઈ ગઈ હોય કે વતનમાં તબિયત સારી રહેતી હોય યા તો પાછલી વયે કુટુંબમાં કોઈ નજીકનું સગું દેખભાળ કરનાર ન હોય બલકે બધાં સંતાનો અમેરિકામાં

સ્થિર થઈ ગયાં હોય તેઓ અહીં વસવાનું કરે છે. બીજી બાજુ એવા પણ વડીલો છે, જેઓ અહીં આવીને વિશ્વાસપૂર્વક સ્થિર થઈ શક્યાં છે અને લગભગ ઠીક પ્રમાણમાં પોતાની રીતે, ને માનપૂર્વક પોતાના સંતાનો સાથે રહે છે. બધા પ્રકારનાં વડીલો પૌત્ર-પૌત્રીઓના ઉછેરમાં, તેમજ તેમનાં શિક્ષણ અને વિચારવિકાસમાં ઓછેવત્તે અંશે ભાગીદાર થયાં છે. સૌથી વધુ વડીલોને બે અંતિમબિન્દુ પર રહેતા વડીલો વચ્ચે મૂકી શકાય. પહેલાં આ અંતિમ બિન્દુઓ પરના વડીલોનું રેખાંકન કરવાનો પ્રયાસ અહીં થયો છે. (તેમના નામ બદલ્યાં છે.)

રવિભાઈ મહેતાને એક દીકરી ઈશાની અને એક દીકરો અંકિત. બંનેનાં લગ્ન થયાં ત્યારે રવિભાઈનાં પત્ની નીતા નિવૃત્તિ પહેલાં ગુજરી ગયાં. રવિભાઈ રિટાયર્ડ થયા હતા અને તેમણે એક મોટું ઓપરેશન કરાવ્યું હતું. બંને સંતાનો પરદેશ ગયાં હતાં. દીકરી મોટી હતી અને પરણીને પહેલાં અમેરિકા ગઈ હતી. એણે અને જમાઈ સમીરે રવિભાઈને અમેરિકા બોલાવી લીધી. દીકરી-જમાઈ 'જૉબ' કરે ને વહેલી સવારે ઑફિસ જાય ત્યારે તેમને માટે સવારનો નાસ્તો અને લંચબૉક્સ ૬૬ વર્ષના રવિભાઈ તૈયાર કરી દે. કપડાંની વૉશિંગ મશિનમાં લૉન્ડ્રી કરવી, વાસણો ધોવા, વૅક્યૂમ ક્લીનરથી ઘરના ફ્લોર અઠવાડિયે સાફ કરવાનું કામ પણ તેમનું.

ચારેક વર્ષના દૌહિત્રને સાચવે. પોતાના દૌહિત્રને હોમવર્ક કરાવે, નવડાવે, વાર્તા કહે, સુવાડે વગેરે પણ રવિભાઈ કરે. ઈશાનીને એક દીકરી અવતરી, ત્યારે તેનાં બળોતિયાં(ડાઈપર) બદલવાનું ને નાની દૌહિત્રીને માટે આવશ્યક એવી દેખભાળ પણ રવિભાઈને માથે આવી. એમણે અમદાવાદમાં પોતાના વ્યવસાયી મિત્ર મનુભાઈને પોતાની યથાસ્થિતિનું વર્ણન કરતો પત્ર લખ્યો : 'જે કામ નીતા કરતી હતી, તે મારે કરવાનું આવ્યું.' જમાઈએ દવાખાનું ખોલ્યું. રવિભાઈ ઘરમાં સમય બચે ત્યારે દવાખાનાનો હિસાબ રાખે. તે માટે જરૂરી સામગ્રી ખરીદી લાવે અને ફોન પર ઉઘરાણી કરવાનું કામ પણ તેમને માથે આવ્યું. મનુભાઈનાં પત્નીએ આ પત્રના સંદર્ભમાં આ લેખક સમક્ષ ટકોર કરી : 'રવિભાઈ આટલી ઉંમરે નોકર-કમ-રસોઈઆ-કમ આયાનું કામ કરતા હતા. હવે પાર્ટ ટાઈમ' મહેતાજી પણ બન્યા!'

એક વાર પાર્કમાં ફરવા ગયા. ત્યાં એક ડૉક્ટર મળ્યા. થોડી ઓળખાણ થઈ. રવિભાઈ થોડી હસ્તવાચન વિદ્યા જાણે. તેમણે ડૉક્ટરનો હાથ જોઈ આપ્યો. ડૉક્ટરે રવિભાઈને દવા આપી. વટમાં ઇશાનીએ નાની દીકરીને સાચવવા એક કાળી બાઈ રાખી હતી. પણ એ તો 'પોતાના પુરુષમિત્રને ઘરમાં બોલાવીને લહેર કરે' એમ લખીને રવિભાઈએ કહ્યું : 'પણ બેબી રડતી હોય, તો આ બાઈ તેને છાની રાખે નહીં. તેથી ઈશાનીએ તેને કાઢી મૂકી. તેની જવાબદારી પણ મારા પર આવી છે.'

એક વાર ઇશાનીનાં સાસુ-સસરા ત્યાં રહેવા આવ્યાં. માબાપનો સમીર પર પૂરો પ્રભાવ. સમીર પોતાના વ્યવસાયી ડિગ્રીધારી નાના ભાઈની પિટિશન પર ઈમિગ્રેશન વિસા મેળવીને અમેરિકા આવેલો, તેથી નાનાભાઈ (જે ન્યૂ યૉર્ક રહે છે)ને પણ બરાબર સાચવે. ઇશાનીને સાસુસસરાની સેવા કરવાનું આવ્યું. ઈશાનીએ રવિભાઈ જે મોટા રૂમમાં નાના દૌહિત્ર સાથે સૂતા હતા, તેને સાસુસસરા માટે ખાલી કરવાનું કહ્યું. રવિભાઈને ખૂબ માઠું લાગ્યું પણ તેમને ટી.વી. અને બાથરૂમ સહિતના મોટા રૂમને છોડીને નાની દૌહિત્રીના નાના રૂમમાં રહેવા-સૂવા પોતાનું બધું ખસેડવું પડ્યું તેમાં દૌહિત્રી તો સૂએ જ અને તેનાં રમકડાં અને અસબાબનું ક્લોઝેટ પણ ખરું જ. આ વેવાઈ દંપતીનું રવિભાઈ તરફનું વર્તન પણ 'નોર્મલ' કે વિવેકયુક્ત કહેવાય તેવું નહોતું. સ્વાભાવિક રીતે રવિભાઈએ પોતાના વેવાઈની રસોઈ કરવાનું ટાળ્યું. હિન્દુ પ્રણાલી પ્રમાણે ઘરમાં સ્ત્રી (વેવાણ) હોય, તો તેની રસોઈ વૃદ્ધ વેવાઈ શું કામ કરે? તેથી ઇશાની પોતાનાં સાસુસસરા માટે સવારે બપોરના લન્ચની વાનગી બનાવીને, દવાખાને જાય. એક દિવસ ઇશાની સાસુસસરા માટે કૂકિંગ રેન્જ પર ખીચડી મૂકીને ગઈ. ઑફિસે જતાં પહેલાં સ્ટવ બંધ કરવાનું ભૂલી ગઈ. ખીચડી બળી ગઈ અને સાસુજી ખિજાયાં. સાંજે ઇશાની અને સમીર આવ્યા એટલે સાસુ બોલ્યાં, 'નીતાએ ઇશાનીને રાંધવાનું કશું શીખવાડ્યું નથી. ભગવાન જાણે નીતાબહેન પણ નોકરી કરતાં હતાં, તે ઘરમાં શું રાંધતાં હશે!' પોતાની મમ્મી વિશે ઘસાતું સાંભળીને સ્વાભાવિક રીતે જ ઇશાનીએ સાસુ સાથે ઝઘડો કર્યો. રવિભાઈને પણ ખૂબ લાગી આવ્યું. નીતાબહેન હોમ સાયન્સ સાથે એમ.એ. થયેલાં, અને રસોઈની નવી વાનગીઓ બનાવતાં તેનો તેમના મિત્ર મનુભાઈને પણ અનુભવ હતો. રવિભાઈએ તરત પોતાનાં વેવાણ-વેવાઈને કહ્યું, 'તમે આ બાબતમાં નીતાને શું કામ લાવો છો?'

આવા સંદર્ભમાં રવિભાઈને માનસિક મોકળાશ માટે કેનેડામાં વસેલા પુત્રને ત્યાં જવાની ઘણા સમયથી ઇચ્છા હતી, અંકિત એની પત્ની સાથે અમદાવાદથી રવિભાઈ પર દબાણ કરીને સારી એવી રકમ લઈ ગયેલો. ને 'અમે (કેનેડામાં) સેટલ થઈ જઈએ, પછી તમને બોલાવી લઈશું.' પણ તે પછી ઘણો સમય થયો અને અંકિતે એવું કાંઈ કર્યું નહિ. દરમિયાન ઈશા અમદાવાદ થોડો સમય આવી ત્યારે તેણે એની ગર્લફ્રેન્ડને કહ્યું : હવે તો અમે ઠીક ઠીક સેટલ થઈ ગયાં છીએ. ટોરોન્ટોમાં અમારા અપાર્ટમેન્ટમા નવું ફર્નિચર પણ લઈ લીધું છે, મારી મમ્મી (થોડો સમય પહેલાં) ગુજરી ગયાં પછી મારા પપ્પા અહીં એકલા થઈ ગયા છે, એટલે એમને હું વહેલામાં વહેલી તકે કેનેડા બોલાવી લઈશ.'

રવિભાઈ સુધી એમના મિત્ર દ્વારા આ વાત પહોંચી, ત્યારે આઘાત લાગ્યો. આખરે અંકિતે રવિભાઈને પોતાને ત્યાં બોલાવી લીધા. ત્યાં તેઓ અને ઈશાના પિતા સાથે રહે છે.

શીલાબેન કહે, 'કદાચ, રવિભાઈ જમાઈના ઘરમાં પોતાનું મહત્ત્વ, પોતાની ઉપયોગિતા બતાવવા માટે પોતે ઘરનું બધું કામ તેમજ બાળકને સાચવવાનું કામ કરી શકે છે, તે માટે આમ કર્યું હશે.' એમના પત્રોની ચર્ચા કરતાં અમને લાગ્યું કે રવિભાઈએ કોઈ રીતે વધુ પડતી જવાબદારી સ્વીકારી લીધી હતી, પણ તેમને નિવૃત્તિ પછી પગારની સારી એવી રકમ મળતી હતી. અમદાવાદ પાછા આવીને રહેવા, નોકર-રસોઈ કરનાર રાખવા માટે હજુ પણ પૂરતો પૈસો હતો, એમ રવિભાઈ અને શીલાબહેન માનતાં હતાં. તો આવી સ્વમાનભંગ સ્થિતિમાં હૃદયની બીમારીનો ઇતિહાસ છતાં કેમ પરદેશમાં પડી રહેતા હશે, એવો પ્રશ્ન સાહજિક રીતે થાય. કદાચ, એમની બધી રકમ તેમણે ડૉલરમાં ફેરવીને પુત્રી-પુત્રને સોંપી ચૂક્યા હશે? એ પ્રશ્ને મનુભાઈ પાસે કોઈ માહિતી નથી. અથવા તો ભારતમાં બાઈપાસ સર્જરી કરાવ્યા પછી લગભગ ૭૦ વર્ષની ઉંમરે ભારતમાં એકલા રહેવાની એમની મનોસ્થિતિ નહિ હોય? મોટી ઉંમરે દૃઢ મનની વ્યક્તિનું મનોબળ એમના દેહની જેમ નબળું પડી જતું હોય, તેવા સ્વાભાવિક દૃષ્ટાંતો પણ ઓછાં જોવાં મળતાં નથી.

સિલીકોન વેલીમાં એક યુવકના પિતા રામલાલ એમના પુત્ર નરેશ અને પુત્રવધૂ સાથે રહેતા હતા. પણ વહુ પોતાના પતિ સાથે 'બાપુજી' આપણી સાથે ક્યાં સુધી રહેવાના છે, તે વિશે અણગમો વ્યક્ત કરતી હતી. એક દિવસ તેઓ પિતાને ફ્રીમોન્ટ હિન્દુ ટેમ્પલમાં દર્શન માટે લઈ ગયા અને તેમને કહ્યું કે, 'બાપુજી તમે હમણાં અહીં બેસો. અમે થોડું કામ પતાવીને પાછાં આવીએ છીએ. પછી ઘેર જઈશું.' પેલાં બંને ક્યાય સુધી મંદિરે આવ્યાં નહિ. આ વડીલની મૂંઝવણ વધતી ગઈ. એટલામાં નરેશનો મિત્ર જતીન ત્યાં દર્શન કરવા આવ્યો. જતીને પૂછ્યું : 'કાકા, તમે અહીં કેમ આટલી મોડી સાંજે એકલા છો?' જતીનને નરેશ અને એની વહુના વલણની થોડી ખબર હતી. વસ્તુસ્થિતિને પામી જઈને જતીન રામલાલને પોતાને ઘેર લઈ ગયો અને આ વાત તેણે નરેશથી છૂપી રાખવા રામલાલને પણ કહ્યું. પછી પોતાના મિત્ર સાથે ફોન પર અવારનવાર થતી કોઈ બાબત વાતચીત થતી ત્યારે વાતવાતમાં તે નરેશને એના પિતા વિશે પૂછતો. પહેલાં નરેશે કહ્યું કે એમને તો ઘેર (ભારત) પાછા મોકલ્યા છે. પછી કોઈ વાર જતીન વાતવાતમાં રામલાલ વિશે પૂછતો તો નરેશ તેઓ ત્યાં મજામાં છે એવું કહેતો.

થોડા સમય પછી જતીને પોતાને ત્યાં મિત્રવર્તુળનું મિલન ગોઠવ્યું. તેમાં બંનેના ઓળખીતા હોય તેવા મિત્રોને પણ બોલાવ્યા. ત્યારે તેઓ સાંભળે તેમ જતીને નરેશને રામલાલ વિશે પૂછ્યું. નરેશે કહ્યું કે, 'તેઓ તો ભારતમાં છે ને મજામાં છે.' જતીને એનાં પત્નીને ઇશારો કર્યો. બાજુના રૂમમાંથી રામલાલે ડ્રોઈંગરૂમમાં પ્રવેશ કર્યો. બધાં મિત્રોને નવાઈ લાગી. પણ નરેશ અને એની વહુ તો અવાક્ જ થઈ ગયાં. બંને શરમિંદા પડી ગયાં. અને 'અપૉલોજિ' માગીને પોતાના પિતાને પાછા ઘેર લઈ ગયાં!

એક યુવાન પુત્ર અને તેની પત્નીએ યુવકનાં માતાપિતાને અમેરિકા બોલાવ્યાં. વિધિ પ્રમાણે તેમને બંનેને નાગરિકત્વ મળે તેની કાર્યવાહી ધ્યાનપૂર્વક પતાવી અને સોશ્યલ સિક્યુરિટી (એસ.એસ.આઈ.) સહિત તેમને રાજ્ય તરફથી બધી સહાય મળે તે કામ આટોપ્યું. પણ પછી માબાપનાં સીનિઅર સિટીઝન તરીકે આવા જે નાણાં મળતા તે આ યુવાન દંપતી લઈ લેતું. માતાપિતાને મહિનેદહાડે મંદિરમાં મૂકવા કે રાખી મૂકવા માટે માત્ર ૧૦ ડૉલર આપતાં. આવા તો ઘણા કેસ છે, એમ સીનિઅર સિટીઝનોને માટે સ્વૈચ્છિક સેવા આપતાં કાર્યકરોની જાણકારી છે. એટલે માબાપે પોતાના પુત્રના ઉચ્ચ શિક્ષણ માટે મધ્યમવર્ગ માટે થોડો કસોટીમય કહેવાય તેવો બોજ ભારતમાં ઉઠાવ્યો હોય. તે પછી અહીં સારી રીતે સ્થિર થનાર દીકરા-વહુઓ કેટલાક કિસ્સામાં દીકરી-જમાઈ તેમને અહીં બોલાવીને પાછા તેમણે પોતાની વધારાની આવકના સાધન તરીકે એટલે કે એક ચીજવસ્તુ (કમૉડિટી) જુએ છે. (ક્રમશઃ)

અનુસંધાન] કલાવૃત્ત [પૃ.૪૭૮થી

અવકાશ, રૂપ અને રંગોનું સંગીત છે, જે પ્રવાહિતા દર્શાવે છે. રીલિફમાં સર્જાયેલાં રંગરૂપો સપાટીપરનાં સ્વરૂપો સાથે ભળી જાય છે અને રંગો ઘણીવાર રીલિફ અને સપાટ સપાટીઓને વીંટળાઈ જાય છે.

કવિતા શાહના સર્જનકાર્યમાં ભારતીય પુરાણકથાનું કથાવસ્તુ વણાયેલું છે. તેણે 'મહાભારત'ને માનવજીવનની સંકુલતાઓ માટે કથાવસ્તુ તરીકે પસંદ કર્યું છે.

આનંદમોય બેનરજીની કૃતિઓમાં વેધક સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ દર્શાવાઈ છે. તેમાં જીવન હકારાત્મક રીતે રજૂ થયું છે. જીવનની સામાજિક-રાજકીય નકારાત્મકતા પણ વ્યક્ત થઈ છે. કવિત નાયરની કૃતિઓ આકારો અને અમૂર્તતાની મુક્ત સ્વાભાવિક ગતિને કારણે જીવંત બની છે.

મુરલીદાસ પી.વી.ની કૃતિઓ 'સ્વ' ને 'સમય'ની સામે જુદાં જુદાં પાસાઓ દર્શાવે છે. - બંસીલાલ દલાલ

ગ્રાહકોને વિનંતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ભૂરું આકાશ અને રામન

તા.૧૦-૪-૭૨. ગઈ કાલે અમદાવાદમાં નવું અને વિચિત્ર હવામાન હતું. વંટોળ ન મળે, પવન ન મળે, છતાં આકાશ



ધૂળ ભરેલું. સૂર્ય પણ દેખાય નહિ. બલુચિસ્તાન, સિંધ કે પછી નજીકનાં કચ્છ કે રાજસ્થાનનાં રણમાંથી ધૂળની ડમરીઓ ચઢી હશે અને તે ધૂળ ભરેલી હવા ધીરે ધીરે ગુજરાત ઉપર આવી હશે. હવામાંની એ ધૂળ ધીરે ધીરે નીચે બેસતી હતી અને રસ્તા ઉપર ચાલીને તમે ઘરમાં આવો તો તમારા વાળ ઉપર અને આંખની ભમર ઉપર ઝીણી રજ ચોંટેલી હોય – જાણે લોટ દળવાની ચક્કી ઉપર કામ કરીને આવ્યા હો ! આકાશ ધૂંધળું અને પીળાશ પડતું થઈ ગયું હતું અને મને સી.વી. રામનનું વ્યાખ્યાન યાદ આવ્યું.

વ્યાખ્યાનનો વિષય હતો, 'Why the sky is blue?' (આકાશ ભૂરું કેમ છે ?). અમદાવાદના કમ્યૂનિટી સાયન્સ સેન્ટરના નવા મકાનનો પાયો નાખવા માટે તે આવ્યા હતા. શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને તેમણે એ વ્યાખ્યાન આપ્યું હતું. રામનને સાંભળવા કે વાંચવા એ એક લ્હાવો છે. તેમણે આ વ્યાખ્યાનમાં બે મુખ્ય વાત કરી હતી. એક તો હવામાન તદ્દન ચોખ્ખું હોય ત્યારે જ આકાશ ભૂરું દેખાય. મે માસમાં જ્યારે નાનાં સફેદ વાદળાં આકાશમાં સરતાં હોય ત્યારે હવામાંની બધી જ રજકણો આ સફેદ વાદળોમાં ભેગી થઈ જાય છે એટલે જાણે આકાશ વાળીઝૂડીને સાફ કર્યું હોય એવું લગો. અને ત્યારે આકાશ નીતર્યું ભૂરું લાગે. તેમણે બીજી વાત એ કરી હતી કે સફેદ પ્રકાશના સાત રંગોમાં પીળો રંગ બધા જ ઊજળા રંગોને ખાઈ જાય છે. આમ, આકાશ ભૂરું લાગે છે તેનું કારણ એ નથી કે રંગપટમાં ભૂરો રંગ વધુ તીવ્ર છે, પણ કારણ એ છે કે હવામાં ધૂળના રજકણોના અભાવને કારણે રંગપટના પીળા રંગનો અભાવ ઉત્પન્ન થાય છે અને તેથી ભૂરો રંગ દીપી ઊઠે છે. કાલે જ્યારે હવામાન ધૂળનાં રજકણોથી ભરેલું હતું ત્યારે રંગપટનો પીળો રંગ ખૂબ જ તીવ્ર હોવાથી બધા જ ઊજળા રંગો ઝાંખા થઈ ગયા અને સઘળું ધૂંધળું થઈ ગયું !

લોકશાહીનાં મૂળ કેટલાં ઊંડાં ?

તા.૨૬-૧-૭૫. આજે ૨૬મી જાન્યુઆરી છે. ભારતે પોતાને પ્રજાસત્તાક જાહેર કર્યું તેને પચીસ વર્ષ પૂરાં થયાં. પ્રજાસત્તાક દિનનાં માન-અકરામની યાદીમાં 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતને 'પદ્મશ્રી' એનાયત થયું તે જાણવામાં તમને રસ પડશે.

પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન, પરેડ, સલામી વગેરે કર્મકાંડ તો થયા કરે છે પણ જે દેશના ઇતિહાસને પાને ગણતંત્રનો એક જ પ્રયોગ નોંધાયો છે અને તે સિવાય આખો ઇતિહાસ આપખુદ સત્તાધારીઓના વર્ણનથી ભરેલો છે ત્યાં છેલ્લાં પચીસ વર્ષોમાં પ્રજાસત્તાસ લોકશાહીનાં મૂળ સમાજમાં કેટલાં ઊંડાં ગયાં છે તે તો ગઈ કાલે જ બનેલા એક બનાવથી ઊડીને આંખે વળગે તેમ છે.

ગઈ કાલે હું રાજકોટ ગયો હતો. ત્યાં કૉલેજના શિક્ષકો સાથે સાંજે વાર્તાલાપમાં બેઠો હતો ત્યાં સમાચાર આવ્યા કે યુનિવર્સિટી કૅમ્પસ ઉપર ધમાલ થઈ છે અને વાઈસ ચાન્સલર, પ્રો. વાઈસ ચાન્સલર તથા સિન્ડિકેટના સભ્યોએ રાજીનામાં આપી દીધાં છે !

વાત એમ બની કે યુનિવર્સિટીના બાયોલોજી ડિપાર્ટમેન્ટના પોસ્ટ ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીઓને લૅબોરેટરીનો બ્રેકેજ ચાર્જ ભરવો પડશે તેવો સિંડિકેટે ઠરાવ કર્યો હતો. વિદ્યાર્થીઓને આ ચાર્જ ભરવો ન હતો. તેઓ વાઈસ ચાન્સલરને મળ્યા. વાઈસ ચાન્સલરે કહ્યું કે સિન્ડિકેટનો નિર્ણય છે તે સિન્ડિકેટ જ બદલી શકે. શનિવારે સિન્ડિકેટની મીટિંગ મળે છે ત્યારે તમારા બે-ચાર પ્રતિનિધિને મોકલો જેઓ તમારો કેસ સિન્ડિકેટને સમજાવે. શનિવારે (ગઈ કાલે) સિન્ડિકેટની મીટિંગ ચાલતી હતી ત્યારે બે-ચાર પ્રતિનિધિ મોકલવાને બદલે પચીસ-ત્રીસ વિદ્યાર્થીઓનું ટોળું સિન્ડિકેટરૂમમાં ઘૂસી ગયું. મીટિંગ ચાલતી હતી ને ટોળાએ અંદર જઈ રૂમનાં બારણાં અંદરથી બંધ કરી દીધાં અને સિન્ડિકેટનો જૂનો નિર્ણય રદ કરતો ઠરાવ કરવા બૂમ પાડવા લાગ્યા. ખુરશીઓ ઊછળી. એક પટાવાળાને વાગ્યું. એટલે ઑફિસના બધા કર્મચારીઓ બહાર નીકળી ગયા. 'આ વિદ્યાર્થીઓ સામે અમને રક્ષણ આપો' એ તેમનો નાદ હતો. વાઈસ ચાન્સલરને કદાચ ધોલધપાટ તો નહિ થઈ હોય પણ અંગ્રેજી રિપોર્ટ પ્રમાણે 'He was man-handled' એમને ધક્કે ચડાવ્યા એટલે પોલીસ બોલાવાઈ. અને વાઈસ ચાન્સલરે રાજીનામું આપ્યું. સાથે જ સિન્ડિકેટની બેઠકમાં હાજર હતા તે પ્રો. વાઈસ ચાન્સલર તથા અન્ય સભ્યોએ પણ રાજીનામાં આપ્યાં.

ભારતમાં પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થા તથા લોકશાહી પ્રણાલિ



સ્થપાયે પચીસ વર્ષ થયાં અને આપખુદ રજવાડાંશાહી વૃત્તિ એવી ને એવી, છેવટે સૌરાષ્ટ્રમાં તો ચાલુ જ રહી છે !!

તા. ૨૬-૧-૭૬. આપણા ૩૦૦૦ વર્ષ જેટલા લાંબા ઇતિહાસમાં રાજા, મહારાજા, નવાબ, બાદશાહ, ગવર્નર, વાઇસરોય વગેરેની જ વાતો આવે છે. આપણા દેશ માટે 'પ્રજાસત્તાક' નવી જ વાત છે અને તેથી જ તેની વિશિષ્ટતા, પ્રજા તરીકે પ્રજાસત્તાકમાં આવતી જવાબદારી વગેરે આમજનતાના મન ઉપર આણવાની ખૂબ જરૂર હતી પણ તેવું કશું થયું નથી. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ 'અમે ભારતનાં લોકો આ બંધારણથી સર્વ સત્તાઓ ધારણ કરી છીએ' એવા વાક્યથી શરૂ થતું આપણું પ્રજાસત્તાકની ઘોષણા કરતું બંધારણ અમલમાં આવ્યું. પણ હજારો વર્ષના આપણા સંસ્કારોએ આ વાત સ્વીકારી?

સૌરાષ્ટ્રમાં રજવાડાઓનું વિલીનીકરણ થયું પછી ઢેબરભાઈ મુખ્યપ્રધાન થયા. ઢેબરભાઈ જ્યારે જામનગર ગયા ત્યારે લોકોએ 'આ આપણા નવા જામસાહેબ' તરીકે ઓળખ્યા અને સ્વીકાર્યા! આ આપણામાંનો એક, આપણે નક્કી કર્યો તે રાજવહીવટ કરે છે એમ નહિ, પણ રાજવહીવટ કરવા જન્મેલી જાતમાંનો એક 'જામસાહેબ'!

પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થાની એક મોટી નિશાની તે સત્તાનું વિકેન્દ્રીકરણ. નિર્ણય કરવાની સત્તા વ્યક્તિ-કેન્દ્રી નહિ પણ જૂથકેન્દ્રી. એ જૂથમાં કોણ બેસે, આ જૂથ નિર્ણય કરે કે પેલું જૂથ તે વિષે ફેંસલો કોઈ ને કોઈ રીતે પ્રજા સીધે સીધો કરે. પણ આપણા દેશમાં હમણાં હમણાં વ્યક્તિ કેન્દ્રમાં આવવા લાગી છે: વળી, લોકોમાં મૂળભૂત રીતે પડેલા, 'આ તો અમારા જામસાહેબ'ના જે સંસ્કાર છે તેને કારણે આવી રીતે કોઈ વ્યક્તિને કેન્દ્રસ્થાને બેસી જવું હોય તો લોકોને તેમાં કશું અજુગતું પણ લાગશે નહિ. અને ગયા વર્ષની રાજકીય કટોકટી પછી ઇન્દિરા ગાંધી પણ વ્યક્તિકેન્દ્રી સર્વોચ્ચ પદે જઈ રહ્યાં હોય તેવું લાગે છે.

૨૬ જાન્યુઆરી ૧૯૭૬ના પ્રજાસત્તાક દિનના બે દિવસ પહેલાં ૨૪ જાન્યુઆરી ૧૯૭૬ને દિવસે ઇન્દિરાને વડાંપ્રધાન થયે ૧૦ વર્ષ પૂરાં થયાં. એટલે આ 'દાયકામાં' કેટલાં સારાં કામો થયાં, દેશ કેટલો આગળ આવ્યો, ઇન્દિરાની નેતાગીરીએ કેટલા ફાયદા કરી આપ્યા તેનું પારાયણ રેડિયોમાં, છાપાના સમાચારમાં, પૂરા પાનાની જાહેરખબરોમાં તેનો પ્રચાર ચાલે છે. કેવો વિધિનો કટાક્ષ! સોમવારે પ્રજાસત્તાક દિન અને શનિવારથી, એક વ્યક્તિને સત્તાસ્થાને રાખવાથી કેટલા ફાયદા થયા તેનું પારાયણ! પણ ખૂબી એ છે કે પ્રજાસત્તાકની વિશેષતાથી અજાણ એવા આ દેશમાં, આ એક મોટો કટાક્ષ છે એવો પણ કોઈને ખ્યાલ નથી આવતો!!

અમેરિકન સ્ત્રીઓ - બહેનપણીઓ

તા. ૧૪-૧-૭૮. આજે તો અમેરિકાથી આવેલો સ્મિતાનો પત્ર જ ઉતારવો છે. સ્મિતા લખે છે -

'આ પત્ર ૮ વર્ષ દરમિયાન મને મળેલી રંગીલી બહેનપણીઓ વિષે છે. આ બહેનપણીઓને બે ભાગમાં વહેંચી શકાય. એક ભાગ સ્વતંત્ર સ્ત્રીઓનો અને બીજો ભાગ પરતંત્ર સ્ત્રીઓનો. પહેલા ભાગમાં ઘણી બહેનપણીઓ આવે. જીન, ઓડ્રી, ગ્વીન, જુલી, જનેટ વગેરે. પરણીએ તો જ સુખી થવાય એ વિચારને આ સ્ત્રીઓએ પડકાર ફેંક્યો છે અને ૨૮ થી ૪૮ વર્ષની આ સ્ત્રીઓ આનંદથી જીવન ગાળે છે.

'જીન વિલ્સન કેનેડાની. તેની સાથે મારે ગ્રીન્સબરોમાં ઓળખાણ થઈ. કેનેડામાં ભણાવે છે. Physical Education (શારીરિક શિક્ષણ)માં પીએચ.ડી. આ વર્ષે પૂરું કરશે. પુરુષો સાથેનાં લફરાંમાં બહુ ખાસ ફસાઈ નથી. ભણાવવું ગમે છે અને આનંદથી ભણાવે છે. એની બહેન ઓડ્રી તો જીનથી યે ચઢે. મારા જાણવા મુજબ ઓડ્રી કોલેજ-બોલેજ કંઈ ગયેલી નહિ. કુદરતનું, પક્ષીઓનું, વનસ્પતિનું અવલોકન કરવું તેને ઘણું ગમે. ઉનાળામાં પડોશનાં છોકરાં ભેગાં કરી રખડવા ઊપડે અને પોતે જે જાણે તે શીખવે. વીસ-પચીસ વર્ષમાં તો તેણે આ રીતે શીખવવાની એક સ્કૂલ ઊભી કરી અને હવે તો અમેરિકાની યુનિવર્સિટીઓમાં પણ મુલાકાતી પ્રોફેસર તરીકે ઘણી વાર તે આવી ગઈ છે.

'ગ્વીન બોઈડ પણ મને ગ્રીન્સબરો યુનિવર્સિટીમાં મળી ગયેલી. પહેલાં પાદરી થવું હતું. પછી મન ફેરવી ડૉક્ટર થવા વિચાર્યું. ગ્વીન એક વાર નક્કી કરે પછી એના નિર્ણયમાં રજભારનું પરિવર્તન ન આવે. 'કાં ડૉક્ટર થઈશ અને નહિ તો ખાડા ખોદવા જઈશ.' મેડિકલ કોલેજમાં ગઈ. એક વર્ષ ભણતર છોડી દીધું, ફરી પાછી જોડાઈ અને અત્યારે ડિગ્રી લઈ હૉસ્પિટલમાં ઇન્ટર્નશિપ કરે છે. જુલી, જેનેટ, બી.સી. વગેરે તો સુથારી-લુહારી કરી જાણે, મોટર રિપેર કરી જાણે, ખેતી કરી જાત જાતનાં ફળ-ફૂલ ઉગાડે. દેશ આખામાં કેમ્પિંગ કરતાં ફરી વળે. ગમી તે નોકરી કરી. ન ગમી તો ખેતી કરી જીવી જાણે. ખરા અર્થમાં આઝાદ સ્ત્રીઓ છે.

'બીજો વિભાગ તે પરતંત્ર સ્ત્રીઓનો. તેમાં કેપી લારકિડ, ગ્વીન રીડ અને કોલીન હાઈનનાં નામ આવે. આ ત્રણેની ભાત જુદી. સરખાપણું એટલું જ કે પુરુષ વગર રહેવાય નહિ અને એક પુરુષ સહેવાય નહિ. કોલીનને હું ૮ વર્ષથી ઓળખું છું. આ આઠ વરસમાં એ ઓછામાં ઓછા પાંચ પુરુષો સાથે રહી હશે. બે સાથે લગ્ન સંબંધથી અને બીજા ત્રણ સાથે



ગાંધીજીના પ્રથમ મુસ્લિમ અનુયાયી અને એમના 'સ્વ-દેશી' આંદોલનના પુરસ્કર્તા મૌલાના હસરત મોહાનીનું નામ આજે તો ઘણાને યાદ પણ નહિ હોય. ઉત્તર પ્રદેશના ઉનાવ જિલ્લાના મોહાન મુકામે ઈ. ૧૮૭૮માં જન્મેલા હસરત ફારસી ભાષા અને કુરાને શરીફનું પ્રારંભિક શિક્ષણ મેળવી તમામ પરીક્ષાઓ ઊંચા નંબરે પસાર કરીને સરકારી સહાયે ઉચ્ચ શિક્ષણ માટે ફતેહપુર ગયા. સાહિત્યનો શોખ પહેલેથી જ હતો, જે ઉંમરના વધવા સાથે વધતો ગયો. ફતેહપુરમાં કેટલોક સમય વીતાવ્યા બાદ તે અલીગઢની કોલેજમાં દાખલ થયા અને ત્યાં એક સાહિત્યિક મંડળ સ્થાપ્યું.

ઈ. ૧૯૦૩માં બી.એ.ની પરીક્ષા પસાર કર્યા પછી સરકારી નોકરી મેળવવાને બદલે તેમણે શિક્ષણ અને સાહિત્યની સેવા કરવાનું વધુ પસંદ કર્યું અને 'ઉર્દૂએ મોઅલ્લા'નામનું અલીગઢથી પોતાનું અખબાર શરૂ કરી સાહિત્યસેવા સાથે રાજકીય ક્ષેત્રે પણ ભાગ ભજવવાનો આરંભ કર્યો. લોકસેવા તો તેમના લોહીમાં જ હતી, એટલે ઈ. ૧૯૦૪થી તેમણે કૉન્ગ્રેસ-પ્રવૃત્તિમાં ભાગ લેવા માંડ્યો અને લોકસેવા પાછળ સમય ફાળવવા માંડ્યો. ગાંધીજીએ ઉપાડેલી 'સ્વદેશી'ની ચળવળના એ મોખરાના નેતા હતા અને સ્વદેશીપણાની ભાવનાને પવિત્ર ગણતા. એટલે તો સૈયદ સુલેમાન નદવીને ઘેર ઊતરેલા ત્યારે તેમને ઓઢવા માટે મૂકવામાં આવેલ ધાબળો એમનો એમ પડ્યો રહેવા દઈ રાતભર ઠંડી સહન કરી.

એક સ્વમાની ભારતીય તરીકે અંગ્રેજ સરકારની નોકરીને બદલે તેમણે ગરીબી પસંદ કરી. પોતે સાદાં સ્વદેશી વસ્ત્રો જ પહેરતાં અને સ્વદેશી કાપડની એક દુકાન પણ ખોલેલી જે સતત ખોટ પછી વીંટી લેવી પડેલી. 'ખિલાફત' ચળવળના આરંભે ગાંધીજીએ વાઈસરૉય સાથેની મુલાકાત માટે બે મુસ્લિમ નેતાઓનાં નામ રજૂ કરેલાં. એમાંના એક મૌલાના અબુલકલામ આઝાદ તો કમિટીમાં ગયા જ નહિ, જ્યારે બીજા મૌલાના હસરત મોહાની કમિટીમાં જોડાઈને અરધેથી પાછા વળી આવ્યા.

કૉંગ્રેસના ઇતિહાસમાં અવિસ્મરણીય એવું એક સંમેલન ઈ. ૧૯૨૧માં અમદાવાદ ખાતે યોજાયું જેની વિષયવિચારિણી સમિતિમાં હસરતે સૌપ્રથમ ભારતની આઝાદી માટેનો ઠરાવ રજૂ કર્યો. આથી ખુદ કૉંગ્રેસીઓ પણ ગભરાઈ ઊઠેલા, પરન્તુ હસરતે મચક ન આપી. ઈ. ૧૯૨૯માં જવાહરલાલ નેહરુએ એવો જ ઠરાવ કૉંગ્રેસમાં રજૂ કરેલો, પણ ભારતની આઝાદીની સૌપહેલી ઘોષણા કરનાર તો મૌલાના હસરત મોહાની જ.

કૉંગ્રેસમાં રહીને જેલવાસ ભોગવી ચૂકેલા મૌલાના કૉંગ્રેસે કરેલા પાકિસ્તાની રચનાના ઠરાવના પ્રખર વિરોધી હતા. આજીવન રાજકારણ ઉપરાંત સાહિત્ય સાથે પણ તે સંકળાયેલા રહેલા. વિરોધની પરવા કર્યા વિના તેઓ પોતાના વિચારો રજૂ કરતા રહેલા. તેમને એવી એક સંસ્કારી પત્નીનો સહારો મળેલો કે મૌલાના જેલવાસ દરમિયાન કોઈનો ય સહારો માગ્યા વિના તમામ સંકટો સહન કરતાં રહેતાં. મૌલાનાને દેશસેવા અને સાહિત્યસેવામાં મશગૂલ રહેવા દઈ ઘરની કશી પણ ચિંતા તેઓ એમના સુધી પહોંચવા દેતાં નહિ.

આમ, એક સાચા લોકસેવક તરીકે મૌલાના હસરત મોહાનીએ પોતાની જિંદગી પૂરી કરી. અને એ સિવાય એમને બીજી જરૂરત પણ શી હતી?

- અશોક હર્ષ □

વગર લગ્ને. બહુ બહુ તો ૮ મહિના. હદ થઈ જાય. થોડા દિવસ ઉપર જ મને મળવા આવી હતી, મને કહે, 'બહુ સાથે રહીએ તો સંબંધ રૂંધનારો બની જાય.' મને તો લાગે છે કે નવીનતા ઓસરી જાય એટલે કોલીનબાનુ કંટાળી જાય અને તમે નહિ માનો પણ ભાયડાઓને રોતા મૂકીને નાસી જાય. મને કહે, 'તારાથી પુરુષ વગર રહેવાય કેમ? તારા જીવનનું રહસ્ય શું?' મેં કહ્યું, 'રહસ્ય તો અમારા દેશના સંસ્કાર અને કેળવણી તથા ઈશ્વરની મહેરબાનીથી મારો ભણવામાં રસ.' ગ્વીન પણ કોલીનની નાતની જ. ભાયડા વગર ચાલે નહિ. ગ્વીનનો સ્વભાવ જીવ ખાવાનો. એટલે ભાયડા તંગ આવી જાય. તેને મારે (રબારી, ભરવાડની કોમ જેવું). ગ્વીન નાસી જાય. બધા જ ભાયડા મનાવવા જાય અને વાર્તા ફિરસે શરૂ! 'કેથીથી તો પાણી પીવાનો ય નિર્ણય જાતે ન લેવાય. ભાયડા કરે તે થાય. આ કેથી જો હિન્દુસ્તાનમાં જન્મી હોત તો આટલું સહેવું ન પડત. એ...ય ને પરણી જાત ને દુ:ખી થઈને લહેર કરત. મા-બાપ લગ્ન ગોઠવી આપત અને દીકરી ને ગાયને નાતે દોરાઈને જાત. ખેર! અહીં ૭ વર્ષ દારૂડિયા સાથે પરણીને છૂટાછેડા લીધા, પછી અનેક પુરુષો સાથે માયા વધારી. પીડા વ્હોરી. તબિયતનાં ઠેકાણાં નહિ, પૈસાનાં ઠેકાણાં નહિ, ભણવાનાં ઠેકાણાં નહિ. માંડમાંડ નોકરી મળી, ડિગ્રી મળી, નવો વર મળ્યો. દોઢેક વરસ ગાડું સારું ચાલ્યું. કેથીબેન અપટુડેટ વર સાથે અપટુડેટ રહેવા લાગ્યાં. તબિયત સારી થઈ, કપડાં જોવાં ગમે તેવાં પહેરવા લાગ્યાં. ત્યાં ગઈ કાલે મારી લેબ(પ્રયોગશાળા)માં મારી ઉપર ટેલિફોન આવ્યો. ફોન ઉપર કેથીબેન ડૂસકે ચડેલાં. ડલાસથી વર્જિનિયા બાજુ નાસી ગયેલાં. મને કહે, 'મારો વર મને ખૂબ મારે છે એટલે એનાથી નાસી હું અહીં આવી છું. તારી, વર્જિનિયાની બહેનપણી કેથેરિન મને એને ત્યાં રહેવા દેશે? મારે કાયદેસર મારા વરના હાથ બાંધવા છે..... વગેરે!' મેં મનમાં વિચાર્યું કે બિચારી કેથેરિનને આમાં ક્યાં ફસાવવી? રડતી કેથીને સાચું કહી દુ:ખી કરવાનું મન ન થયું એટલે કેથેરિન તો હાલ પ્રવાસમાં છે એમ કહીને અહીંના એક સેવાસમાજનું સરનામું આપ્યું. પણ બીજા ત્રણ મહિનામાં કેથી નવો ભાયડો ન શોધે તો મારું નામ સ્મિતા નહિ!'

અતીતમાં અવગાહન

મગનલાલ શર્મા

જેમનું હિંદદેવીનું ચિત્ર ભારત-પ્રસિદ્ધ પામ્યું હતું તે મગનલાલ શર્માની સહી એ





↓ હિંદદેવી (મગનલાલ શર્મા)

ચિત્ર નીચે વાંચી ત્યારથી ગુજરાતના એ વડીલ ચિત્રકાર માટે મને આદર થયો હતો. સાંજે ડૉ. હરિપ્રસાદ સાથે જમાલપુરમાં એક મેડા પર અમે પહોંચ્યા ત્યારે ઊંચી કાઠીના, પાતળા સૌરાષ્ટ્રી શાળાશિક્ષકનો પ્રકાશવાળો ને સુઘડ ખંડ, ચારે પાસ ભીંત પર મોટાં ચિત્રોથી ભરેલો જોયો. મંદમંદ હસતા મગનલાલ શર્માને દાક્તરે મારી ઓળખ આપી ત્યારે ખરેખર આ જિજ્ઞાસુ અતિથિ માટે તેમણે પ્રસન્નતા બતાવી. રાજા રવિવર્માનાં ચિત્રોમાંથી પ્રેરણા લઈ તેમણે શિક્ષણશાળામાંથી ચિત્રશોખ કેળવેલો અને એકલવ્યની નિષ્ઠાથી સાધના કરીને ચિત્રો બનાવેલાં. જેમાં 'નળદમયંતી', 'રાણક સિદ્ધરાજ', 'શેઠ શગાળશા', વગેરે જેવા લોકપ્રિય પ્રસંગોના મોટા તક્તા ચીતરેલાં. ઉપરાંત એક કાગળ પર 'અણધાર્યા પરોણા' નામનું એક વિનોદી ચિત્ર જોયું, જેમાં નાસ્તા માટે ગોઠવેલાં ટેબલોની રકાબી પર તૂટી પડેલાં વાંદરાં તેમણે ઘણાં અવલોકન ને કૌશલથી ચીતર્યાં હતાં.


મારી પાસે તો અદ્યતન કળાપદ્ધતિ અને કલાકારોની વાતો હતી. એમાંનું કેટલુંક હું કહી ગયો ત્યારે તેમણે ફાઈલ-માંથી 'સાંજ વર્તમાન'ના કેટલાક કાપલા કાઢ્યા, જેમાં કોઈ અનામી લેખકે ચિત્ર-પ્રદર્શનનાં સારાં ચિત્રોનું વિવેચન લખ્યું હતું. તેઓએ લખાણની પ્રશંસા કરી અને કહ્યું કે ચિત્રો વિશે લોકોએ આવી નજર કેળવવી જોઈએ, ત્યારે તેમની અજાયબી વચ્ચે મેં ખુલાસો કર્યો કે એ લેખનો અનામી લેખક તેમની સામે જ હાજર છે! દાક્તરને પણ આથી રમૂજ મળી અને કહ્યું કે યોગ્ય અને સમાનધર્મી જનોનો મેળાપ કરી આપવાનું પુણ્ય આજ મને મળ્યું છે.

સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજનું નિર્માણ

(તા. ૨૨, ૧૯૪૭)

બંગભંગ સમયે જ્યારે આપણી રાષ્ટ્રિય ચેતનાએ પારતંત્ર્ય અને જુલમનો પ્રતિકાર કરી રાષ્ટ્રિય લડતનું રૂપ લીધું ત્યારે આપણા પોતાના ધ્વજનો અભાવ ટાળવા એક ધ્વજનું નિર્માણ થયું અને એક માહિતી પ્રમાણે કલકત્તામાં અપર સર્ક્યુલર રોડ પરના ફેડરેશન હૉલમાં સુરેન્દ્રનાથ બેનરજીને હાથે એને પ્રથમ સલામી અપાઈ. એ ધ્વજમાં અનુક્રમે આઠ કમળફૂલવાળી લાલ પટ્ટીની રચના હતી. સમયાનુસાર આ રચનામાં ફેરફાર થતા છેવટે કેસરી, સફેદ ને લીલો અને મધ્યમાં રેંટિયાવાળો ધ્વજ રચાયો. આઝાદી પછી બંધારણ સભાએ એમાં રેંટિયાને સ્થાને સમ્રાટ અશોકના સ્તંભ પરના ધર્મચક્રનું આલેખન મૂક્યું. એ પ્રથમ ને આખરી ધ્વજનાં ચિત્ર આ સાથે આપ્યાં છે.





*

અતિશય ઊંચો પહાડ છે. એના સૌથી ઊંચા શિખર ઉપર દસ હજાર વરસે એક પંખી આવે છે. અને પથ્થર સાથે પોતાની ચાંચ એકવાર ઘસે છે. આમ કરતાં જ્યારે આખો પર્વત ઘસાઈ જાય ત્યારે અનંતતાનો એક દિવસ પૂરો થાય (ગ્રીક લોકકથા)

*

કલિયુગ, દ્વાપર, ત્રેતા ને કૃત આ ચાર યુગનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષનો એક મહાયુગ, એવા ૭૧ મહાયુગ વીત્યે એક મન્વંતર, ને ૧૪ મન્વંતરનો એક કલ્પ બને. આમ ૪૩,૨૦,૦૦૦ x ૭૧ x ૧૪ વર્ષો જ્યારે વીતે ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય. (ભારતીય પુરાણ)

('કુમાર' અંક ૫૪૭માંથી)

સાહિત્યસંપર્ક

મારિઓ પુઝોંનું નિધન

એક કાળે અર્લ સ્ટેનલિ ગાર્ડનર અને આગાથા ક્રિસ્ટીની જાસૂસી કથાના વાચકવર્ગ અને વેચાણમાં બોલબાલા હતી



તેમ આ સદીના ઉત્તરાર્ધમાં ઇટાલિયન કુળના કથાલેખક મારિઓ પુઝો ખાસ તો અમેરિકામાં અતિ લોકપ્રિય બનેલા. એમનું ગત જુલાઈની ૮મીને શુક્રવારે ન્યૂ યૉર્ક ખાતે ૭૮ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થયું.

કેટલાક નિરક્ષર ઇટાલિયનો અમેરિકામાં જઈ વસ્યા તેમાં તેના માતાપિતા પણ ખરાં. તેમનો જન્મ ન્યૂ યૉર્કમાં. બીજા વિશ્વયુદ્ધમાંથી સેવાનિવૃત્ત થયા પછી એમણે કલમ ઉપાડી હતી. આરંભમાં તો પુરુષો માટેના સામયિકોમાં સામાન્ય લખાણો લખતાં. પરન્તુ એમની પ્રથમ નવલકથા 'ધ ડાર્ક એરેના' ૧૯૫૫માં પ્રકટ થઈ અને તે ખૂબ લોકપ્રિય થઈ. એમની બીજી રચના આત્મકથનાત્મક અંશોથી સભર હતી. ઇટાલીમાંથી ભાગી આવી અમેરિકામાં વસનાર કુટુંબોના અનુભવો પર એ આધારિત હતી. એ નવલકથા એટલે 'ધ ફૉર્ચ્યુનિટ પિલગ્રિમ'. 'ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સે' એને લઘુ 'ક્લાસિક' ગણાવી, પરન્તુ એની ૫૦૦૦થી વધુ નકલો ખપી નહિ. પુઝોને સાહિત્યાકાશમાં ઝગમગવું હતું. એણે મક્કમ આત્મવિશ્વાસ સાથે ૧૯૬૯માં 'ધ ગૉડફાધર' નવલકથા પ્રકટ કરી. એમાં કૉર્લઅન કુટુંબની કથા છે કે જેણે ઇટાલીથી ભાગી આવી અમેરિકામાં વસી ગુનાઇત દુનિયામાં વ્યવસ્થિત ગુનાખોરી કરી. આ કથાએ પુઝોને ખૂબ ખ્યાત બનાવી દીધા. એના પરથી અમેરિકામાં ચલચિત્ર તૈયાર થયું અને એને બે ઑસ્કાર એવૉર્ડ પણ પ્રાપ્ત થયા. વિશ્વમાં એની ૨૧ મિલ્યન નકલો ચપોચપ ઊપડી ગઈ! ૧૯૮૪માં એમની પ્રકટ થયેલી નવલકથા 'ધ સિસિલિઅન' પણ ખૂબ લોકપ્રિય બની. 'ફૂલ્સ ડાઈ' નામની એમની નવલકથા જુગારખાનાની દુનિયાનો તાદૃશ ચિતાર આપે છે. ૧૯૯૨માં પ્રકટ થયેલી નવલકથા 'ધ ફોર્થ કે' ભવિષ્યવાદી શૈલીએ રાજકીય વાતાવરણને લક્ષ્ય કરતી નવલકથા છે. ૧૯૯૬માં 'ધ લાસ્ટ ડૉન' નવલકથા પ્રકટ કરી તેમાં એમના પ્રિય માફિયાજગતની કથા આલેખી છે. એણે પણ વેચાણનો વિક્રમ સ્થાપ્યો. છેલ્લાં ત્રણ વર્ષથી એઓ ટોળાશાહી કુટુંબકથા 'ઑમેર્તા' લખી રહ્યા હતા, જે ઈ. ૨૦૦૦માં પ્રકટ થવાની ધારણા છે. અંત સુધી વાચકોને જકડી રાખતું વાર્તાકથન, પ્રસંગોની સનસનાટીભરી ગૂંથણી, જીવંત પાત્રાલેખન અને રહસ્યમય જાસૂસી જાળથી છવાયેલી એમની કથાઓએ આ સદીના ઉત્તરાર્ધમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. - ધી.પ.

અવલોકન



ઘરથી ઘર

જગદીશ નામના હજુ તો કૈશોર્યમાંથી યુવાની તરફ ડગ માંડતા મધ્યમવર્ગના યુવકની આ કથા આજના કપરા કાળમાં માનવજીવનનાં સાચાં મૂલ્યોને ટકાવી રાખવાની જિકર કરે છે.

આમાં મધ્યમવર્ગનાં એવા પાત્રો છે કે જેમનામાં સાચ છે, ભાવના છે, દરિયાદિલી છે, સાથે સાથે સૌથી વધુ તો બીજાના સંસ્કારને યથાવત રાખીને પોતાના સંસ્કારોને ઉજાગર કરવાની મથામણ છે. અહીં સાંપ્રત યુગની, નવધનિક શ્રીમંતોની વાત નથી, કે નથી તેમના દંભ, વિલાસ અને આડંબરભર્યા જીવનની કથા.

ઘર છોડીને નીકળેલો કિશોર, 'મારે મુક્તિ જોઈએ છીએ રઝળપાટથી અને એક ઘર જોઈએ છે. મને ઘર બહુ સાંભરે છે'. એવું કહેતાં રડી પડે છે.

જ્યારે ઘરમાં હતો, પિતા, માતા, ભાઈબહેન સાથે ત્યારે દુભાયો છે, માન્યતાઓ અને ખોટા આરોપોથી દુઃખી થયો છે, સગાંવહાલાંમાં વહાલાં-દવલાંનાં આચરણોથી નાસીપાસ થઈ નીકળી પડ્યો છે. ક્યાંય કશો આધાર નથી છતાં એક ખુમારી છે. ચોક્કસ ખ્યાલો, મૂલ્યોને સાચવવાની ઝંખના છે. તે કહે છે, 'હું ઘર છોડીને ભાગી નીકળ્યો હતો. મેં છાપા વેચવાથી માંડીને બૂટ પૉલિશ સુધીના ધંધા કર્યા છે. કેટકેટલા અનુભવો લીધા છે. હું મરવા નહોતો માગતો, મારે જીવવું હતું, ઝૂઝીને પણ જીવવું હતું. એના પ્રામાણિક રસ્તાઓ બંધ થઈ જાય તો વંઠી જવાના અનેક રસ્તાઓ મારી રાહ જોઈને બેઠા હતા, એક ડગ એ તરફ વધી ગયું હોત તો જગદીશ આજે લબાડ, લંપટ, ગુંડો, બદમાશ શું ન હોત?' પણ એ ડગ ઉઠાવવાનો વિચાર કે સમય આવે એ પહેલાં એને ભોગીકાકા, દલસુખભાઈ, તુળશીભાઈ, પાલીબા જેવાં કેટલાંક સાચને પારખનારાં અને સાચને જીવનારાં-

જીરવનારાં પાત્રો મળી આવે છે.

અને સૌથી વધુ તો બોટાદમાં કડિયાકામ કરતાંકરતાં વરસતા વરસાદમાં છત્ર ધરતાં કરીમ અને સકીનાબા મળ્યાં. સુલેમાનભાઈ જેવા વકીલ અને ઉમરભાઈ, હલુબા, સાયરા, ફઝા અને અબ્બાસ આ બધાં આ નવલકથાના એવાં પાત્રો છે કે જેને માનવજીવનનાં ઉત્તમ રત્નોની ખાણ ગણી શકાય. એક પુરોહિતને ત્યાં જન્મે ઉછરેલો કિશોર યુવાન થતાં થતાંમાં તો આ બંને મુસ્લિમોનાં પરિવારનું એક અભિન્ન અંગ બની જાય છે. લાગતું જ નથી કે કોઈ હિન્દુ છે કે કોઈ મુસ્લિમ છે. બધા જ એક ઈશ્વર-અલ્લાહના બંદા માત્ર છે તેવી સરસ પ્રેરણાદાયક ભાવના સમગ્ર નવલકથાનો આશરે ૮૫ પાનાંનો ભાગ આવરી લે છે, જે આ નવલકથાનું હાર્દ છે.

અનેક જગ્યાએ આશરો મળે છે છતાં જગદીશને - ઘર છોડીને ઘર શોધવા નીકળેલા જગદીશને - એક રાત સકીનાબાને ત્યાં રોકાયા પછી લાગે છે કે મને ત્યાં ઘર મળી ગયું છે. અને કરીમ પણ કેટલી સહૃદયતાથી રજૂઆત કરે છે કે મારા મામા, તારા મામા જ્યાં શિક્ષક છે તે પાલિતાણાની હાઈસ્કૂલમાં જ ભણેલા છે. અને તેમાંથી જ સ્વીકારે છે કે આપણે ભાઈ ગણાઈએ. સૌરાષ્ટ્રની સંબંધો સાચવવાની, વિસ્તારવાની અને સંબંધ માટે સતત ખેવના રાખવાની ભાવના આખી નવલકથામાં વ્યક્ત થયા કરે છે. નવલકથા એ જ વાત ઉપર ભાર મૂકે છે કે આપણે ક્યાં હિન્દુમુસ્લિમ જન્મ્યાં છીએ, માનવ છીએ તે જ યાદ રાખવાનું અને એમ જીવવાનું.

માણસ જન્મ લે છે ત્યારે ક્યાં કોઈ તેની સાથે આવે છે તે પોતાની રીતે પોતાના બળે જન્મે છે. તેની તાકાત, તેનો પ્રભાવ, તેનું બળ, જ્ઞાન બધાંને મા-બાપ, સમાજ ઘેરી લે છે, શોષી લે છે, પોતાના જેવો બનાવવા મથે છે. એટલે તે લાચાર બનીને તેવો બનતો જાય છે. એવું ના બને તે માટે સતત જાગ્રત રહીને મથતા યુવાનની આ કથા છે.

છતાં તેનામાં સચ્ચાઈ છે, પ્રામાણિકતા છે. પૈસા આપતા દલસુખભાઈના પૈસા સૂંઘે છે અને કહે છે, 'જોઉં છું કે તેમાં પરસેવાની સુવાસ છે કે નહિ.' સ્વાભાવિકપણે 'દલસુખભાઈની બાને તે બા કહે છે કેમ કે તે બા જેવાં લાગે છે. અને રાજકોટમાં પણ એક સ્ત્રી જ્યારે ઇનામ આપે છે, ત્યારે તે કહે છે કે, 'આશીર્વાદ આપો, તમો તો મારાં બા છો.' તેની આવી ઊંચી સંસ્કારિતા, અનુભવની વાણી, સતત ઉચ્ચારાતું સત્ય એક નાના, સામાન્ય અભાવોથી જ પિડાતા માણસમાંથી પ્રકટ થતું ઉદાત્ત માનવીય ચરિત્ર છે.

તેનું આ પોત કેવી રીતે ઘડાયું? માત્ર સાત ધોરણ સુધીનું શિક્ષણ, છતાં નાનપણથી વાંચવાનો તીવ્ર શોખ, ક્યાંક ક્યાંકથી વાંચવાનું મળી જાય તો તે વાંચતો પછી ભલે પડીકાંનો કાગળ, કે રસ્તામાંથી મળતું છપાયેલું પાનું હોય; એવું તે સહજભાવે કહે છે (૨૯૨). કેન્ટિનમાં નોકરી કરતાં પણ ભોગીકાકાને પુસ્તકો લાવી આપવાનું કહે છે: થાક હોય કે આંખમાં ઊંઘ ભરાતી હોય તો પણ વાંચવું અને વિચારવું એ તેની આંતરિક તાલાવેલી હતી. વાચન તેને મન જીવન જીવવાની, અનુભવોને ભોગવવાની, માણસોને તેની વૃત્તિઓને નાથવાની, તેમાંથી કશોક અર્ક પામવાની વિદ્યાપીઠ હતી.

પરિણામે તેને આવી એકલા રખડવાની આવી પડેલી ઉપાધીમાં કેટલાં બધાં પાત્રો મળી આવે છે! સગાં છોડ્યાં, વહાલાં મળ્યાં, જેમ મિઝરેબલનાં જિન વાલ્જિન કે 'આદર્શ હિન્દુ હોટલ'ના હજારી ઠાકુરને મળે છે તેમ. જગદીશ જ વિચારે છે કે માણસ જન્મે છે એકલો પણ કેટલાં સગાં ક્યાં ક્યાંથી મળી જાય છે ? પોતાનાં જ્યારે ઓળખવાની પણ ના પાડે, લોહીનાં સંબંધીઓ પણ આંખ મીંચામણા કરે ત્યારે ભોગીકાકાથી શરૂ કરીને ઉમરભાઈ સુધીના સહુ તેની સંસ્કારિતા જાળવી-સાચવીને તેને ભર્યોભર્યો કરી મૂકે છે.

દિલીપભાઈએ સમગ્ર નવલકથામાં જીવનના સારતત્ત્વ જેવા કેટલાય ઉદ્‌ગારો જગદીશ ઉપરાંત પાલીબા, દલસુખભાઈ, તળશીભાઈ, સકીનાબા, હલુબહેન વગેરે દ્વારા મૂક્યા છે તે આ કથાનું સૌથી ઉજ્જ્વળ પાસું છે. લગ્નતિથિ વખતે બધાં જ હાજર છે, લોહીનાં સંબંધીઓ અને જીવન ભવાટળીમાં મળેલા અનેક સહૃદયો પણ. સાથે સાથે મંડપમાં વેદી પાસે ગણેશ-સ્થાપનની બાજુમાં જ કુરાન પણ છે.

'ઘરથી ઘર'માં ક્યાંય કહેવતા ઉપલા વર્ગની વાત નથી, ઝાકઝમાળ નથી. એક ખુલ્લી સડક ઉપર નીકળી પડતા, ક્યાંક ઠરીને ઠામ બેસવા મથતાં કિશોર-યુવાનની કથા છે. આજે જ્યારે ચારે બાજુ દંભ, પાખંડ છે, ધન પાછળની આંધળી દોટ છે, ખોટી માન્યતાઓ અને બંધિયાર જેલ જેવું જીવન છે, ત્યારે પણ સામાન્ય માનવ સમૂહમાં હજુ ય સાચને વળગી રહેવાની તાલાવેલી, મૂળને પોતાને સાચવી રાખવાની વૃત્તિ, અન્યને ઉપયોગી થવાની તત્પરતા જાગ્રત છે તે આ નવલકથાનો આદર્શ સંદેશ છે. અહીં માનવ માનવ વચ્ચે જાતિ, કોમ કે ધર્મના કોઈ ભેદભાવ નથી.

નવલકથાની વિશેષતા એ છે કે એમાં ક્યાંય નાયિકાને સ્થાને સ્ત્રી પાત્ર નથી. છૂટાં છવાયાં સ્ત્રીપાત્રો - બહેન, માસી, મા, મામી, કાકી - આવે છે તે સાંપ્રત સમાજનાં સાચકલાં પ્રતિનિધિઓ છે.

ખરેખર તો દિલીપભાઈ કહે છે તેમ આ કથાવસ્તુ તો તેમને સત્ય ઘટના સ્વરૂપે મળ્યું હતું છેક ૧૯૮૭માં, પણ પછી તો અનેક પત્રકારો, લેખકો જાણતાં થયાં, કૉલમો સ્વરૂપે અનેક જગ્યાએ લખાયું, દિલીપભાઈએ પોતે પણ બે સમાચાર-પત્રોમાં લખ્યું, પોતાના રેખાચિત્રોના ગ્રંથ 'છવિ'માં પણ લખ્યું અને છેવટે આ નવલકથા આવી. તેઓ કહે છે તેમ સત્ય ઘટના પાયો હોવા છતાં ઇમારત

પ્રસંગપરાગ

સોટીવાળા સાહેબ

વિનોદ અધ્વર્યુ

૧૯૩૨-૩૪નો સમય.

પ્રાથમિક શાળાઓમાં ત્યારે શિસ્ત જાળવણી અને શિક્ષાનાં સાધનો તરીકે સોટી-આંકણી સુપરિચિત અને સર્વસ્વીકૃત. એના આકરા પ્રયોગ બાબત પણ ન વાલીફરિયાદ, ન વિદ્યાર્થીપ્રતિકાર, ન ખાતાકીય કારવાઈ.

તેવા જમાનાનું, વલસાડનું 'કોઠારી વિદ્યાલય' - પ્રાથમિક શાળા, મેદાનવાળું બે માળનું સરસ મકાન. તેમાંના પહોળા દાદરનો લાકડાનો કઠેરો અમારા જેવા કેટલાક અળવીતરા લપસણી તરીકે વાપરે. દાદરમાં વચમાં વળાંક એટલે ક્યારેક ત્યાં થંભીને પાછળ આવતાને ઉથલાવવાની શરારત પણ થાય. પણ કોઈ કદી ફરિયાદ ન કરે - ને કરે તો શાળાની કડક શિસ્ત-સંહિતાના વણલખ્યા નિયમ મુજબ પહેલી સોટી એને પડે!

કંઈક રહેમદિલ હેડમાસ્તર બદલાયા, નવા આવ્યા. તે હાજર થાય તે પહેલાં તો તેમની કીર્તિ પહોંચી ગઈ. ગણિતના ઉત્તમ શિક્ષક! શિસ્તના કઠોર આગ્રહી! હાથમાં સદા સક્રિય રહેતી લાંબી નેતરની સોટી! - તેમના આવતાં જ શાળામાં સોપો પડી ગયો. વિદ્યાર્થીઓ-શિક્ષકો બધા સતત સાવધાન.

વખત જતાં એ શિસ્તની કઠોરતા ને શિક્ષાઓ પણ કોઠે પડી ગઈ. ધીરે ધીરે વાતાવરણ વળી સળવળવા લાગ્યું. ખાસ તો પેલી લપસણી આસ્તે આસ્તે પાછી સજીવ થઈ ગઈ.

પણ ઘણીવાર બને છે તેમ ઉપરી કરતાં તેમના અનુયાયીઓ વધુ નિષ્ઠા દાખવતા હોય છે! એવા એક ઉપરી-કૃપાભિલાષી શિક્ષકે અમને ત્રણેક જણને લપસણી પર 'રંગે હાથ' પકડ્યા. મુજરિમોને ઉપલી કોર્ટ સમક્ષ હોંશથી હાજર કર્યા! ગુનો વર્ણવાયો, બીજાઓ પણ બગડશે એવો ભય રજૂ થયો. સાહેબે નાકના ટેરવા પરનાં ચશ્માની ઉપરથી અમને અવલોક્યા અને અમારા શ્વાસ રૂંધાઈ ગયા. સાહેબ ઊભા થયા, ટેબલ પરથી સોટી લીધી, કાળી બનાતની ટોપી માથે મૂકીને બારણા આગળ જઈ પોકાર કર્યો : 'ચાલો!' - એટલે ક્યાં - કેમ - કશાયની પડપૂછ વગર અમે એમને ચૂપચાપ અનુસર્યા. આગળ લાંબો સફેદ ડગલો ઝૂલાવતા ને હાથમાં સોટી હલાવતા સાહેબ, પાછળ અમે, અમારી પાછળ પેલા અમને શિક્ષા અને પોતાને શિરપાવ-શાબાશી મળવાના સ્વપ્નમાં રાચતા હશે એવા શિક્ષક. પહોંચ્યા દાદરને મથાળે. ત્યાં તો ટોળું જમા થઈ ગયેલું. સાહેબે સોટીથી જ ઇશારો કરી અમને લાઈનમાં ઊભા રાખ્યા. માર્યા! આ બધાની વચ્ચે.....! કયા દેવને પ્રાર્થવા તે સૂઝે તે પહેલાં સાહેબનો હાથ મારા ખભા પર પડ્યો, ને મેં મનોમન સોટીના સોળ ઘરનાંથી કેમ સંતાડવા તેની ચિંતા કરવા માંડી... ત્યાં તો આદેશ થયો 'લપસી બતાવ જોઉં!' દાદર તરફ સોટી ચીંધાઈ. એ જોતાં જ મેં કઠેડો પલાણ્યો. સાહેબ સામે જોયું. સોટી કહેતી હતી 'લપસ'ને. હું સડેડાટ નીચે જઈ પહોંચ્યો - પછડાયો એની કળ વળે ત્યાં તો પાછળ બીજો સાથી - પછી ત્રીજો! આ નાટકનો શો અંત આવશે? ફફડાટનો પાર ન હતો.

સામે સાહેબ ગૌરવભેર ડગલો ઝૂલાવતા નીચે ઊતરતા દેખાયા! પાછળ ટોળું! વાતાવરણ સ્તબ્ધ. છેક નીચે આવીને સાહેબે અમારા ત્રણમાંના નહીં એવા એક ગભરુ છોકરાને ઝડપ્યો. 'તારે લપસવું છે?' એનો ભોગ લાગ્યો હોય તો હા પાડે! 'શું... નથી આવડતું? ડરે છે? બીકણ. બાયલા! ચા ઉપર જા ને લપસ જોઉં... લ..પ..સ!' એને લપસવું જ પડ્યું! એને અને બીજા ત્રણ ચાર જણને પણ! તમાશો બરાબર જામ્યો! 'અહીં આવો બધા'... સોટીને ઇશારે સૌ પ્રાર્થનાસ્થળે ઓટલા નીચે ઊભા રહી ગયા. સાહેબ ઓટલા પર. 'માસ્તર!' પોકાર થતાં જ પેલા ઉત્સાહી શિક્ષક પદ્મશ્રીનો ખિતાબ લેવા આવતા હોય એમ ચારે બાજુ બડાશથી જોતા આગળ આવ્યા.

'માસ્તર' તમે આ જોયું ને? ... મજા આવે એવું હતું ને?... તો છોકરા આવી નિર્દોષ મજા કરે એમાં એમનો શો ગુનો?'

અમે કાન ખોતર્યા! જાણે વાત માન્યામાં આવતી ન હતી! 'સરસ તરવરિયાં છોકરા! એમને ઘેટાં ઘડવાં છે?...

એ તો રમે... લપસે... મજા કરે... જ ને! ભલે લપસે! વળી એક પગથિયું ચઢીને જાણે મનોમન બોલતા ગયા. 'છોકરા શું, હું ય આમ સરકું-લપસું જો મોકો મળે તો... પણ શું થાય? ... મોટા થઈ ગયા ને! -'

... અને વળાંક પર અદૃશ્ય થયા.

તે જ વખતે રિસેસ પૂરી થવાનો જે ઘંટ વાગ્યો તેનો રણકો રોજ કરતાં જુદો જ લાગ્યો!

... એનો રણકાર હજીય સંભળાય છે!... ◘

કાલ્પનિક છે. પણ પાયાને ક્યાંય ઈજા થઈ નથી. ઘર છૂટવાથી 'ઘર' પામવા સુધીની યાત્રામાં કેવા અને કેટલા સંઘર્ષો ચાલે છે અને છતાં માણસ ભાંગી નથી પડતો, બેઠો થાય છે. એમાં જ માણસનું આંતરિક કાઠું સચવાયેલું છે. એવા સાચકલા પંથે ચાલતા માનવીની આ નવલકથા છે. - પ્રા. સુરેશ. મ. શાહ (પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧; પાકું પૂઠું, ક્રાઉન પૃષ્ઠ ૨૮૪, રૂ. ૧૦૮)

ધૂમકેતુ પુરસ્કાર

ધૂમકેતુ પરિવાર અને ગૂર્જર પ્રકાશનના સહયોગથી મૌલિક નવલિકા સંગ્રહને પુરસ્કાર આપવાનું નક્કી કરેલ છે. તે મુજબ ઈ.૧૯૯૫-૯૬-૯૭ સુધીમાં પ્રકાશિત થયેલ નવલિકા સંગ્રહોમાંથી પાંચમો પુરસ્કાર સંયુક્ત રીતે (૧) રમેશ ર. દવેના નવલિકા સંગ્રહ 'શબવત્'ને અને (૨) શ્રી જનક ત્રિવેદીના નવલિકા સંગ્રહ 'બાવળ વાવનાર' અને બીજી વાર્તાઓને મળે છે.

કંકાવટી

જંગલની જડીબુટ્ટીઓનો જાણકાર જીવ જમનાબહેન

પશુચિકિત્સાના અનુભવોનો ભંડાર ધરાવતાં જમનાબહેન સોમાભાઈ ડામોરનું નામ ટીમલા ગામની આસપાસનાં ગામોમાં જાણીતું છે. શ્રી જમનાબહેન સૃષ્ટિ - પરિવાર સાથે બહુ ગાઢ રીતે સંકળાયેલાં છે. જમનાબહેન જેવાં ગામ-છોરુઓની મુખપાટીએ અને પરંપરાગત કેળવણી દ્વારા સચવાયેલ આ ઉપચારો તેમની દૃષ્ટિએ 'જંગલી ઔષધો' છે.

તેઓ કહે છે, પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાનું ઉખરેલી નજીકનું ગામ મારું જન્મ સ્થળ. અમારો વિસ્તાર જંગલ, ડુંગરાળ અને તલાવડાવાળા વિસ્તાર તરીકે ઓળખાય. મારી ઉંમર ૬૪-૬૫ વર્ષની આસપાસ પહોંચી છે. આંખ નીચે ભલે ધારીઓ પડી પણ શરીર તો હજુ એટલું જ ખમતીધર છે. પિતાને ઘેર ત્રણ બકરીઓ અને ચાર-પાંચ ગાયો-ભેંસો હતી. જંગલમાં ગાયો-ભેંસો ચરાવવા જવાનું થતું. આખો દિવસ પશુઓ સાથે જ ગાળતી. ક્યારેક પશુ માંદું પડે ત્યારે જંગલમાંથી બે-ત્રણ વનસ્પતિ લઈને ખવડાવી દેતી. બાળપણમાં મા કે દાદી સાથે જંગલમાં જતી ત્યારે પશુઓને થતા રોગો માટે તેઓ કઈ ઔષધી તોડે છે, તે હું યાદ રાખતી. હવે તો અમારા વિસ્તારમાં જોવા મળતી મોટાભાગની ઔષધી વિશે હું જાણતી થઈ ગઈ છું.

ચૌદ-પંદર વર્ષની ઉંમરે પરણીને સાસરે આવી. પિયર અને સાસરી વચ્ચે માંડ પાંચ-છ કિલોમીટરનું અંતર. અહીંયાં આવી ત્યારે પંદરેક ગાયો-ભેંસો હતી. જગ્યા બદલાઈ હતી, પરંતુ કામ તો એનું એ જ હતું. સવારમાં ઘરકામ પરવારી બપોરના સમયે પશુઓને જંગલમાં ચરાવવા લઈ જતી. પશુપાલનનું કામ મને વધુ ગમતું અને તેની બધી જવાબદારી લગભગ મારી જ રહેતી. ઘણી વાર પશુઓને રાત્રે તકલીફ પડે ત્યારે હું અને મારા પતિ બેટરીના પ્રકાશે જંગલમાંથી વનસ્પતિ શોધી લાવીને સારવાર કરીએ છીએ. જંગલી વનસ્પતિ- ઓ આબડ- ખૂબડ જગ્યામાં ઊગે, તેથી તેને ઘરની આસપાસ ઉગાડવી અશક્ય છે. આથી તે જ્યાં ઊગી હોય ત્યાંથી જ તેને લાવવી પડે.

દિવસો દિવસ નવા નુસખાઓ કરવાનું અને જાણવાનું મને મન થતું. તેમાં મારાં સાસુ-સસરા અને ઘરના અન્ય સભ્યો પણ મદદરૂપ થતાં. એક યાદગાર પ્રસંગની વાત કરું તો, અમારી માનીતી ભેંસ 'માડી' ને ચારો ચરતી વખતે રજકો કે કાચી જુવાર ચવાઈ ગઈ હતી. ભેંસને સાંજ પડતાં જ મેણો ચડે તો શું કરવું? કાળોવેલો કે મીઠીવેલ વાટીને પીવડાવી. કંઈ ફેર પડ્યો નહી. પરંતુ, થોડીક વાર પછી એક વિચાર આવ્યો કે કોકમ અને ગોળને ભેગા કરી ખવડાવીએ તો? તેની સાથે થોડાંક મહુડાનાં ફૂલ પણ ખવડાવ્યાં અને થોડી જ વારમાં ભેંસને રાહત થતી હોય તેવું લાગ્યું. મારાં સાસુમા નજીક આવી પીઠ થાબડી બોલ્યાં : 'વહુ તો ઘણું બધુ ગણેલી (અનુભવો વાળી) છે.' ત્યારે મારી વર્ષોની પશુચિકિત્સા અંગેની મહેનત લેખે લાગી હોય તેવું અનુભવ્યું.

કુટુંબની આર્થિક પરિસ્થિતિ સાધારણ હોવા છતાં મારા ત્રણેય દીકરાઓને વાંચતા-લખતા આવડે તેટલું ભણાવ્યા. ત્રણેય દીકરા હાલ ખેતી કરે છે. મોટો દીકરો અત્યારે ગામનો સરપંચ છે. તેમજ મારી પૌત્રી ગીતા પણ તેના બી.આર.એસ.ના ભણતરમાં આવતા ઉપચારો મને જણાવે છે.

ગામમાં અમારું ઘર, સરપંચનું મોભી કુટુંબ કહેવાય. ગામમાં કોઈનું પશુ બીમાર પડે તો તે અચૂક મને બોલાવે. ઘણી વખત તો લોકો ઔષધિ શોધવા માટે પણ મને લઈ જાય છે. તેના બદલામાં કોઈને મદદરૂપ થયાનો સંતોષ મળે છે. અત્યારે તો જુદા જુદા રોગો પણ વધી ગયા છે. કેટલીક વાર તો રોગનાં લક્ષણો ઓળખવાં પણ મુશ્કેલ બને છે. તેમજ જંગલી વનસ્પતિઓ ગુણકારી નથી રહી અથવા ઓછી અસર કરે છે, તેવું પણ લાગે છે. હાલમાં જ બનેલી એક દુઃખદ ઘટનાની વાત કરું તો, તલાવડીને પેલે પાર રહેતાં જીવીબહેનની ગાયને ઝાડા થયા હતા. ઘણાબધા ઉપચાર છતાં ગાય બે દિવસ પછી મૃત્યુ પામી. આમ, ઘણી વાર નિષ્ફળતા પણ મળે છે. તેમ છતાં વનસ્પતિઓ ઔષધિ સ્વરૂપે જળવાઈ રહે ને તેનો વધુમાં વધુ લોકો ઉપયોગ કરતાં થાય તેવું ઇચ્છું છું.

('લોકસરવાણી'માંથી)

બાળકને કઈ ઉંમરે ક્યો ખોરાક આપવો?

• **જન્મથી ૪-૬ માસની ઉંમર દરમિયાન :** શિશુ ઈચ્છા વ્યક્ત કરે ત્યારે પરંતુ ઓછામાં ઓછું આઠ વખત (૨૪ કલાક દરમિયાન) તેને સ્તનપાન કરાવવું.

• **જન્મ બાદ ૬ માસની ઉંમર થતાં :** ૨૪ કલાકના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછું ૮ વખત સ્તનપાન કરાવવું. ચાર વખત તેને ૧-૧ ચમચી પ્રવાહી આહાર પણ આપવો.

• **૬ માસથી ૧૨ માસ સુધીની ઉંમર દરમિયાન :** બાળક જેટલી વખત સ્તનપાન કરવાની ઈચ્છા વ્યક્ત કરે તેટલી વખત તેને સ્તનપાન કરાવવા ઉપરાંત તેને દિવસમાં ૩-૪ વખત અડધી વાટકી આહાર આપવો (બાળક જો સ્તનપાન કરતું ન હોય તો દિવસમાં ૫ વખત આહાર આપવો.)

• **૧૨-૧૮ માસની ઉંમર દરમિયાન :** બાળક જેટલી વખત ઈચ્છા કરે તેટલી વખત તેને સ્તનપાન કરાવવું. દિવસ દરમિયાન તેને ૪-૫ વખત અડધી અડધી વાટકી આહાર આપવો.

• **૨ વર્ષ ઉપરની ઉંમર થયા બાદ :** દિવસમાં ત્રણ વખત ભોજન અને બે વખત અલ્પાહાર આપવો.

('બાળસ્વાસ્થ્ય સંવાદ'માંથી)

અડકો દડકો

(કિશોરકથા)

મન્નૂ

શ્રદ્ધા ત્રિવેદી

મન્નૂ ચિત્ર પૂરું કરવા બેઠો. પણ ભૂખ સખત લાગેલી. થાકી ગયેલો. તેથી દોરતાં દોરતાં જ સૂઈ ગયો. થોડી વારે



ચિત્રકામ કરતાં સૂઈ ગયેલો મન્નૂ - જોઈ રહેલાં માસ્તર

સાહેબ તપાસ કરવા આવ્યા. જોયું તો મન્નૂ તો સૂઈ ગયેલો ને ઊંઘમાં જ બોલતો હતો : 'મા, હવે હું જરૂર ભણીશ. મને ખાવાનું આપોને. બહુ ભૂખ લાગી છે.' સાહેબ ચિત્રવત્ થઈ ગયા. તરત તે નજીકની દુકાનેથી બિસ્કિટ, કેળા વગેરે જે મળ્યું તે લઈ આવ્યા. મન્નૂને ધીમે રહી ઉઠાડ્યો, 'મન્નૂ, ઊઠ, લે આ ખાઈ લે.' - મન્નૂને માથે તેમણે હાથ ફેરવ્યો કે મન્નૂ તો ઝબકી ઊઠ્યો. 'સાહેબ તમે?' સાહેબે કહ્યું : 'મન્નૂ! થોડું ખાઈ લે. ને બહુ થાકી ગયો હોય તો ચિત્ર કાલે કરજે.' - મન્નૂ બધું જ ખાઈ ગયો. ને કહે : ના, હું આજે જ ચિત્ર પૂરું કરીશ. પછી તો મન્નૂ ચિત્ર પૂરું કરીને જ ઊઠ્યો છેક સાંજે ઘેર ગયો. પણ તે આજે ખૂબ ખુશ હતો.

બીજે દિવસે સવારે તેણે બાપુને કહ્યું : 'બાપુ, હું મારા સાહેબ સાથે બહાર જવાનો છું. મોડું થાય તો ચિંતા ના કરશો.' તેના બાપુએ હીરાથી છાના તેને થોડા પૈસા આપી રાખ્યા.

સાહેબ તેને લઈને કંપનીના મેનેજર પાસે ગયા. મેનેજરે તેને જોયો. બોલ્યા : 'આટલો નાનો છોકરો શું કરી શકશે?'

સાહેબ : 'પણ સાહેબ! એક વાર તેને કામ તો આપી જુઓ. પછી તમને જે ઠીક લાગે તેમ કરજો.'

'ઠીક. તમારો વિશ્વાસ છે તો પ્રયોગ ખાતર આજે એક કામ આપું છું.' કહી મેનેજરે તેને કેટલીક સૂચના આપી, ચિત્ર દોરી લાવવાનું કહ્યું.

બીજે દિવસે જ મન્નૂ બે ચિત્રો લઈ મેનેજર પાસે ગયો. મેનેજર તો જોઈ જ રહ્યા. 'અરે વાહ! શું આ તેં દોર્યાં છે?'

'હા સાહેબ, મેં જ દોર્યું છે. એવું હોય તો પૂછી જુઓ મારા સાહેબને!' મન્નૂએ કહ્યું.

'હા બેટા! તું સાચું જ કહેતો હોઈશ. આ તેંજ દોર્યાં છે હોં! તારું નામ શું?'



મેનેજર પાસે બે ચિત્રો લઈને ગયેલો મન્નૂ

મેનેજરે પ્રેમથી પૂછ્યું. 'મન્નૂ.'

'સરસ! મન્નૂ... બહુ મીઠું નામ છે.' મેનેજરે કહ્યું.

'બેસ ખુરશીમાં. જો સાંભળ, મારે આવાં જ ચિત્રોનું કામ છે. ફરી તને કહેવડાવીશ હોં. તારું સરનામું આપ. ને લે આ બે ચિત્રોના પચાસ રૂપિયા.'

હવે તું બે દિવસ પછી આવજે. તારે કેવા ચિત્રો દોરવાનાં છે તેની વિગતે વાત જણાવીશ. હવે તારે અમારી કંપનીના જ ચિત્રો દોરવાનાં હોં! કાગળ-રંગ વગેરે જે જોઈએ તે મને કહી દેજે. બધું આવી જશે.'

મન્નૂ તો સ્તબ્ધ જ થઈ ગયો. આ પચાસ રૂપિયા મારા? મુઠ્ઠીમાં જોરથી એ પચાસની નોટ પકડી સીધો નિશાળે ગયો. સાહેબને પગે લાગ્યો. બધી વાત કરી. સાહેબ ખૂબ ખુશ થઈ ગયા. કહે : 'મન્નૂ, આ તો કુદરતે આપેલી તને ભેટ છે. પણ તું સતત કંઈક ને કંઈક કરતો રહેજે હોં! આળસ ન કરતો. તને એના સારાં પરિણામ જરૂર મળશે.' સાહેબની વાત સાંભળી, મન્નૂ ત્યાંથી પિતાને મળવા દુકાને ગયો. પિતાએ એની વાત સાંભળી, એમની આંખ ભીની થઈ ગઈ. તેને વ્હાલથી ભેટી પડ્યા. ને કહ્યું : 'આ પૈસા તારી પાસે જ રાખ. તારે જે લાવવું હોય તે લાવજે. જા, હવે ઘેર જા.' તે ઘેર જવા લાગ્યો.



મન્નૂ હીરાને પેંડો આપે છે - ગોપૂ મોટરકારથી રમે છે.

રસ્તામાં તેણે રમકડાંની દુકાન જોઈ. તેને ખબર હતી કે ગોપુને મોટર બહુ ગમે છે. દસ રૂપિયામાં તેણે એક નાનકડી સરસ મોટર લીધી. આગળ જતાં કંદોઈની દુકાન આવી. તેણે તરત પોતાને ભાવતા પેંડા લીધા. તે ઘર ભણી જતો હતો ત્યાં તેને થયું, મંદિરે જઈ આવું. એટલે થોડો

પાછો ફર્યો ને ગયો મંદિરે. ભગવાનને પેંડા ધરાવ્યા ને પછી ભાગ્યો ઘેર.

તે ઘેર પહોંચ્યો ત્યારે ગોપુ રડતો હતો. તેણે ગોપુના હાથમાં મોટર મૂકી. ગોપુનું રડવાનું એકદમ ગાયબ ને તે હસવા માંડ્યો. હીરા કહે : 'રે મન્નૂ! મોટર ક્યાંથી લાવ્યો? ચોરી-બોરી તો નથી કરીને?'

'ના, મા, મેં ચિત્ર દોરેલું તેના મને પચાસ રૂપિયા મળ્યા. તેમાંથી ગોપુ માટે મોટર લીધી. તેને મોટર ખૂબ ગમે છે ને! ને મા, આ પ્રસાદ. પહેલો પેંડો તમે ખાવ.' કહી તેણે પડીકું ખોલ્યું. ને હીરાના હાથમાં પેંડો મૂક્યો.

હીરા તેને જોઈ જ રહી. એણે હાથ લાંબો તો કર્યો પણ સ્થિર થઈ ગઈ. આ હાથથી મેં એને મારેલો ને તે મને પેંડો આપે છે... તેનું હૈયું ભરાઈ ગયું. તેણે પેંડો લીધો ને તરત મન્નૂને કહે : 'બેટા, મોં ખોલ. પહેલો પેંડો તું ખા. પછી જ હું ખાઈશ.' પેંડા સાથે મન્નૂએ માના હૈયાની મીઠાશ પણ માણી.

પછી તો ધીમે ધીમે તેને ચિત્રો માટે વધુને વધુ મહેનતાણું મળવા લાગ્યું. તેના પિતાએ બેંકમાં તેને નામે એક ખાતું ખોલાવ્યું. બીજી બાજુ મન્નૂનું પેલું મદારીવાળું ચિત્રં હરીફાઈમાં આખા રાજ્યમાં પહેલું આવ્યું. મન્નૂને ૫,૦૦૦/- રૂપિયાનું પારિતોષિક મળ્યું. છાપામાં આ સમાચાર આવ્યા.

ગામમાં આવો આ પહેલો બનાવ હતો. પોતાના ગામના છોકરાને આટલું મોટું ઈનામ મળ્યું! ગામ આખું આનંદના સાગરમાં હિલોળા ખાવા લાગ્યું. રખડેલ ગણાતો મન્નૂ ગામનું નાક બન્યો. હીરાના હાથનો માર ખાનાર મન્નૂ આજે સૌના વ્હાલનું નિમિત્ત બન્યો. અનેક હાથો તેના માથે ફર્યાં. તેના આચાર્ય ને સાહેબના આનંદની તો અવધિ નહોતી. મન્નૂના પિતા ઈશ્વરને પ્રાર્થના કરતા હતા : 'ઈશ્વર તારી કૃપા અપાર છે. ને મન્નૂની માને જાણે કહેતા હતા. ગોમતી! તારો મન્નૂ તો હીરો નીકળ્યો. અચાનક જ વાતાવરણ પલટાયું. જોરદાર પવન



ખુશીને લીધે વરસાદમાં નહાતો મન્નૂ

ફૂંકાયો ને થોડી વારમાં વરસાદ પણ પડ્યો. મન્નૂ તેના સાહેબને કહેતો હતો : 'સાહેબ! મારી માએ જ આ વરસાદ મોકલ્યો છે હોં! તે આમ મને વ્હાલ કરે છે. તે મન મૂકીને વરસાદમાં ન્હાયો. નિશાળમાં એને માન આપવામાં આવ્યું. તે દિવસે મન્નૂ જ્યારે ઘેર ગયો ત્યારે હીરા તેની રાહ જોઈ બેઠી હતી.. તેણેય આ સમાચાર ફળિયાવાળા પાસેથી જાણેલા. તેનું હૈયું ભરાઈ ગયું હતું. જેવો મન્નૂ આવ્યો કે તેણે કહ્યું : 'બેટા મન્નૂ!' – તે વધારે બોલી જ ના શકી. તેણે મન્નૂને પોતાની સોડમાં ખેંચી લીધો. તેના માથે હાથ ફેરવ્યો. ખૂબ વ્હાલ કર્યું. તેની નજર ઊતારી. થોડી વારે કહ્યું : 'બેટા, મને શી ખબર કે તું રખડતો નહોતો. આટલું મોટું કામ કરતો હતો! બેટા, હવે ચિત્રનું કામ તું આપણા ઘરમાં જ કરજે હોં!'



મન્નૂ અને હીરા એકબીજાંને વ્હાલથી વળગેલાં
- પિતા અંદર-બહાર ભીંજાયેલાં

મન્નૂ કહે : 'મા! મને સાચું ઈનામ તો આ મળ્યું.' કહી તે હીરાને વળગી પડ્યો. હીરા ને મન્નૂને આમ ઊભેલા દુકાનેથી આવતા પિતાએ જોયા. બહાર વરસાદ ચાલુ હતો. પિતા અંદર-બહાર ભિંજાયેલા હતા. □

દરિયો / કિરીટ ગોસ્વામી

દરિયો ઊછળે ને લ્હેરાય...
દરિયો ઘૂઘવે ને છલકાય...

દરિયો આપે કેવી સુન્દર-સુન્દર કોડી!
દરિયે માછી હંકારે છે નાની હોડી!
દરિયો સ્ટીમર તાણી જાય...
દરિયો ઊછળે ને લ્હેરાય...

દરિયો ધગધગતા સૂરજને જાય ગળી!
દરિયે મોટી-મોટી નદીઓ જાય મળી!
દરિયો હરપળ મોટો થાય...
દરિયો ઘૂઘવે ને છલકાય...

અમરનાથ (દેશાટન-૭)

કાશ્મીર તીર્થોનો પ્રદેશ છે. હિમાચ્છાદિત પર્વતોની મધ્યમાં શિવધામ,



વિષ્ણુધામ, નાગધામ અને પ્રખ્યાત અમરનાથ આવેલાં છે. અમરનાથ ૧૨૭૨૮ ફૂટની ઊંચાઈએ આવેલું તીર્થ છે. ૬૦ ફૂટ લાંબી, ૩૦ ફૂટ પહોળીઅને ૧૫ ફૂટ લાંબી એક પર્વતીય ગુફામાં પાકા બરફનું એક સ્વયં-નિર્મિત શિવલિંગ છે. ગુફાની અંદર છત-માંથી પાણીના શિવલિંગમાં સતત ટીપાં ટપક્યાં કરે છે અને તે બરફમાં રૂપાંતરિત થતાં રહે છે. શ્રાવણી પૂર્ણિમાએ શિવ-લિંગની વધુમાં વધુ ઊંચાઈ હોય છે અને આ દિવસે હજારો યાત્રાળુઓ 'અમરનાથ'-નાં દર્શન માટે આવે છે.

સદીઓથી આ તીર્થયાત્રા ચાલી રહી છે. જુલાઈની શરૂઆતથી ઓગસ્ટના અંત સુધી યાત્રાળુઓ આવે છે. કેન્દ્ર તથા રાજ્ય સરકાર આતંકવાદીઓથી યાત્રાળુઓનું સતત રક્ષણ કરે છે અને ખાવાપીવાની, કામળા, તંબુ તથા ઔષધોની સંપૂર્ણ વ્યવસ્થા કરે છે. પહલગામથી ૧૬ કિલો મીટર દૂર ૮૫૦૦ ફૂટની ઊંચાઈએ 'ચંદનવાડી' છે. ત્યાંથી ૧૩ કિલો મીટર ચાલીને યાત્રાળુ ૧૧૭૩૦ ફૂટ ઊંચાઈએ 'શેષનાગ' પહોંચે છે. ત્યાંથી ૧૪,૫૦૦ ફૂટની ઊંચાઈએ 'મહાગુનાસ ટૉપ' અને ત્યાંથી ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈ 'પંચતરની' પહોંચાય છે. ત્યાંથી ૬ કિલો મીટર દૂર અમરનાથની ગુફાએ પહોંચાય છે. રસ્તો ભયાનક અને કઠીન છે છતાં પ્રાકૃતિક સુંદરતાનાં ભવ્ય દર્શન થાય છે.

પઠાણકોટ-જમ્મુથી પહલગામ ચંદનવાડી સુધી બસ-ટેમ્પા દ્વારા જઈ શકાય છે. ત્યાર પછી ડોલીમાં, ઘોડા પર કે ચાલીને અમરનાથ-ગુફા પહોંચી શકાય છે. ('યોગક્ષેમ'ને આધારે)



અવનવું [illegible]

નમું હું જનની ! આજે નમું હું, તુજને ફરી,
પ્રાણની શક્તિનાં પાણી, પ્રજ્ઞાનાં કુંદ પુષ્પ, ને
હૈયાના ભાવનાં કંકુ કેરી તે અંજલિ ધરી
નમું હું જનની ! આજે નમું હું તુજને ફરી.

- રાજેન્દ્ર શાહ

કવિ નઝરુલ ઇસ્લામની જન્મશતાબ્દી

બંગાળની મુક્તિચળવળમાં સરફરોશીનો રંગ અને ઉમંગ આણનાર કાવ્યો તથા ગીતોનું ઉમદા નજરાણું બંગાળને અર્પણ કરનાર કવિ કાઝી નઝરુલ ઇસ્લામનો જન્મ પશ્ચિમ બંગાળના બર્દવાન જિલ્લામાં અજય નદીને કાંઠે આવેલા ચુરુલિયા ગામમાં એક અકિંચન કાઝી કુટુંબમાં તા. ૨૫મી મે ૧૮૯૯ના રોજ થયો હતો. આઠ વર્ષની ઉંમરે જ પિતૃછાયા ગુમાવી તેથી આર્થિક અવદશાને કારણે શાળા છોડવી પડી અને અભ્યાસ અટકી પડ્યો. ત્યાર પછી એક ફરતી નાટક કંપનીમાં થોડો સમય કામ કર્યું. રેલવે યાર્ડના ક્વાર્ટરમાં ચાકર તરીકે, અને એક ભઠિયારખાનામાં પણ નોકરી કરી. એ વખતે એમની બુદ્ધિપ્રતિભા ને ચાતુરીથી પ્રભાવિત થઈ કોઈ સદ્ગૃહસ્થે એમને મદદ કરી અને શાળામાં દાખલ કરાવ્યા. અભ્યાસકાળ દરમિયાન એમના સંવેદનશીલ અને ઋજુ માનસનો વિકાસ થયો. મૅટ્રિકની પરીક્ષા વખતે પ્રથમ વિશ્વયુદ્ધનાં નગારાં સાંભળી એમણે શાળા છોડી દીધી અને અઢાર વર્ષની ઉંમરે લશ્કરમાં ભરતી થઈ, ૪૯મી બૅંગાલ રેજિમેન્ટમાં જોડાઈ ગયા, જ્યાં કરાચીમાં, એમને હવાલદારના દરજ્જા સુધી બઢતી મળી. કરાચીની બૅરેક્સમાં બે વરસ દરમિયાન એક મૌલવી પાસે ફારસી ભાષા શીખ્યા અને કવિ હાફિઝનાં સાહિત્યનું વાચન-મનન કર્યું.

સમરાંગણના કઠોર જીવન વચ્ચે એમનું કવિત્વ સ્ફુરિત થઈ ઊઠ્યું. સૈન્યમાંથી છૂટા થયા બાદ પણ તેઓ 'હવાલદાર નઝરુલ ઇસ્લામ' તરીકે ઓળખાતા અને એમની એ સમયની કૃતિઓ એ નામથી જ પ્રકટ થઈ છે. તેમની રચનાઓ સ્થાનિક બંગાળી સામયિકોમાં પ્રકટ થવા માંડી.



યુવાનવયે



પક્ષાઘાતના હુમલા પછી વૃદ્ધ વયે

ફારસી-અરબી-બંગાળી અને સંસ્કૃત- ના સુભગ મિશ્રણવાળી તેમની રચનાઓએ તો બંગાળામાં રાષ્ટ્રિય ચેતનાની સંજીવની ફૂંકી અને નવજાગૃતિનો જુવાળ જગાડ્યો.

સમજણા થયા ત્યારથી જ એમને મા-ભોમની બંધનની બેડી કઠવા માંડી હતી. નાના હતા ત્યારે પણ આકાશ સામે અનિમેષપણે તાકી રહીને એમને આંસુ સારતા જોઈ કોઈ કારણ પૂછતું ત્યારે એ જવાબ આપતા : 'ઉપરનું આકાશ એક ટોપલી જેવું છે અને હું એક પક્ષી જેવો છું. હું એ ટોપલી નીચે પુરાઈ ગયો લાગું છું, અને ગૂંગળામણ અનુભવું છું.'

ઈ. ૧૯૨૦માં સરકારે બંગાળી રેજિમેન્ટ વિખેરી નાખી ને કવિ કલકત્તા પાછા આવ્યા ત્યારે એમની આર્થિક સ્થિતિ જરા યે સારી નહોતી; એઓ સરકારી નોકરીમાં જોડાવા વિચારતા હતા, પણ મિત્રોના આગ્રહથી અંતે સાહિત્ય અને સંગીતના ક્ષેત્રમાં જ ઝંપલાવ્યું; અને યુવાન વર્ગમાં સારી પેઠે જાણીતા થઈ ગયા. કવિ નઝરુલ કવિવર ટાગોરનાં ગીતો બહુ સરસ રીતે ગાઈ શક્તા એટલું જ નહિ, પણ કવિવરની એટલી બધી કૃતિઓ એમને કંઠસ્થ હતી કે એ ટાગોરનાં ગીતોના 'હાફિઝ' કહેવાતા. (આખું 'કુરાન' જેને કંઠસ્થ હોય તે 'હાફિઝ' કહેવાય.)

આ જ અરસામાં એમણે 'નબજુગ' (નવયુગ) નામનું એક સાંજનું દૈનિક અખબાર પ્રકટ કરવા માંડ્યું. ઈ. ૧૯૨૧માં બંગાળી ક્રાંતિની અગ્નિશિખા સમી આવી કૃતિ પ્રકટ થતાં 'બીજલી'ની બધી જ નક્લો ખપી જઈ અને પુનર્મુદ્રણ કરવું પડ્યું. એ સમયે એ અંકની ૨૯,૦૦૦ જેટલી નક્લો ખપી ગઈ હતી!

ત્યાર પછી તો 'શોલા વરસાવનારાં બાગી-ગીતો' લખીને એમણે આઝાદીની ચળવળની આગ સમગ્ર બંગાળમાં ફેલાવી દીધી. ચારે તરફ એમની બોલબાલા થઈ ગઈ.

એમનું પ્રથમ પુસ્તક ઈ. ૧૯૨૨માં પ્રકટ થયું, પણ એમની કીર્તિદા કૃતિ 'અગ્નિવીણા'ની તો અત્યાર સુધીમાં ઓગણીસથી પણ વધુ આવૃત્તિઓ પ્રકટ થઈ ચૂકી છે. બંગાળના નવયુવાનોમાં આ કૃતિએ ગજબનું દેશભક્તિનું રક્ત સીંચ્યું. આવાં દેશભક્તિનાં એમનાં દસેક જેટલાં પુસ્તકો એ સમયે પ્રકટ થયાં, જેની આગથી દાઝીને સરકારે એ બધી કૃતિઓ જપ્ત કરી હતી.

એ જ સમયમાં એમના તંત્રીપદ નીચે 'ધૂમકેતુ' નામનું એક પખવાડિક પત્ર શરૂ થયું, જે દ્વારા નઝરુલે ભારતના પૂર્ણ સ્વાતંત્ર્યની સઘન માગણી કરીને પદ્યબદ્ધ લેખો દ્વારા બ્રિટિશ શાસન વિરુદ્ધની જેહાદ જગાવી ! અંતે ૧૯૨૩ના જાન્યુઆરીના અંકમાં પ્રકટ થયેલી એમની એક કૃતિ માટે એમની ધરપકડ થઈ. કોર્ટમાં એમણે પોતાનો બચાવ ન કરતાં એક નિવેદન આપેલું : 'હું તો કવિ છું, જે સત્યને મુખરિત કરે છે. કોઈ આસુરી બળો મારી એ શક્તિ કેદ કરશે કે એનો નાશ કરશે, પણ એના પ્રેરક બળને કોણ નાથી શકશે? મારા પૂર્વજોની માફક હું પણ એક દિવસ મરી જઈશ, પણ સત્યના એ અવાજને કોઈ પણ યુગ કે માનવી કચડી શકતો નથી. એ અવાજ તો નિભૃત છે!'

અદાલતે એમને એક વર્ષની આકરી કેદની સજા કરી. કારાગારમાં પ્રવર્તતી અધમ સ્થિતિ તેમણે જોઈ અને તે સામે વિરોધ ઉઠાવી ઉપવાસ પર ઊતર્યા અને ૪૧ ઉપવાસ બાદ જીત મેળવી. ત્યારે તેમની ઉંમર માત્ર ચોવીસ જ વર્ષની હતી.

એ કુમિલા (હાલ પૂર્વ પાકિસ્તાન)માં હતા ત્યારે પ્રમીલા સેનગુપ્તા સાથે એમને પરિચય થયો અને તેમની સાથે ૧૯૨૪ની ૨૪મી એપ્રિલે લગ્નગ્રંથિથી જોડાઈ ગયા. ૧૯૩૯માં પત્નીને પક્ષાઘાત થયો ત્યારે નઝરુલે પોતાના કોપીરાઈટ વેચીને પણ વર્ષો સુધી પત્નીની શુશ્રૂષા કરી હતી. ૧૯૬૨ની ૩૦મી જૂને પત્ની પ્રમીલાનું અવસાન થયું. પત્ની ગુમાવ્યાનું એમને અનહદ દુઃખ થયું પણ એ પહેલાં ૧૯૩૦માં પ્રથમ સંતાન બુલબુલનું ૪ વર્ષની વયે અવસાન થએલું એનો આઘાત એમને ઘણો જ ઊંડો લાગેલો. એ પછી તેઓ એકાકી રહેવા લાગ્યા અને રહસ્યમાર્ગ તરફ ફંટાઈ ગયા. ધીરે ધીરે એમની બોલવાની શક્તિ ઓછી થતી ગઈ. ઈ.સ. ૧૯૪૨માં પક્ષાઘાતના હુમલાએ તેમને બિલકુલ મૂગા અને મૃતપ્રાયઃ કરી મૂક્યા. આવી દશામાં તેમણે ચોત્રીસ વર્ષ કાઢ્યાં! તેમની મૂગી આંખોએ ભારત અને બંગાળનો વિચ્છેદ જોયો. અને પૂર્વ પાકિસ્તાનના ઢાકામાં આ ક્રાંતિવીરે તા. ૨૯-૮-૧૯૭૬ના રોજ દેહ છોડ્યો. આમ, આ વર્ષ આવા એક વિરલ ક્રાન્તિવીરની જન્મશતાબ્દીનું હોઈ હર કોઈ ભારતવાસીને દેશભક્તિની નવજાગૃતિ તરફ લઈ જનારું બની રહો.

ઈન્ટરનેટની ભયંકરતા

ઈન્ટરનેટ શું છે? આજે સમાજમાં માહિતીનો પુષ્કળ મહિમા છે. માહિતીના પ્રસાર માટે કેબલો તથા ટેલિફોન લાઈનો દ્વારા કમ્પ્યૂટરોનું જે વિશ્વવ્યાપી જોડાણ ઊભું કરવામાં આવ્યું છે તે ઈન્ટરનેટ તરીકે જાણીતું છે. આ જોડાણ મારફતે બધા સમજી શકે તેવી ભાષામાં સમાચારો અને માહિતીની આપલે કરવામાં આવે છે. આથી કમ્પ્યૂટરધારક ઘેર બેઠાં દુનિયાના કોઈ પણ વિસ્તારની માહિતી મેળવી શકે છે. કમ્પ્યૂટરોનું આ વ્યાપક નેટવર્ક ઈલેકટ્રોનિક પ્રયુક્તિઓ દ્વારા ઊભું કરવામાં આવે છે. આ પ્રયુક્તિ દ્વારા, કમ્પ્યૂટરના નિયંત્રણ દ્વારા માહિતી અને આંતરવ્યવહારનું જે વિશાળ અવકાશ ઊભું કરવામાં આવ્યું છે તેને 'સાઈબરસ્પેસ' તરીકે ઓળખવામાં આવે છે. આ અવકાશમાં વિહરનારાઓ માટે માહિતીઓનું અફાટ વિશ્વ ખુલ્લું થઈ જાય છે. ઈન્ટરનેટ ઉપર સંશોધન માહિતી પ્રસિદ્ધ થાય છે. શિક્ષણ અને જાહેરાતો આપી શકાય છે. વિશ્વભરની અનેકવિધ કૃતિઓ અને સામયિકોની ઈલેકટ્રોનિક માહિતી મળી રહે છે તથી અલ્પ સમયમાં દૂર દૂર સુધી સંદેશા મોકલી શકાય છે. ઈન્ટરનેટ એ યંત્રવિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી ચકચાર છે. આપણા દેશમાં પણ હવે એ વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે.

ઈન્ટરનેટનાં ફાયદા અને જોખમો : પરંતુ વિજ્ઞાનની અન્ય

ટેક્નોલૉજીની માફક ઇન્ટરનેટના ફાયદા ઘણા છે. તો સામે તેનાં જોખમો પણ અનેક છે. માહિતી અને આંતરવ્યવહારના આ સુપર હાઈવેએ માનવજાતિ માટે જોખમો પણ ઊભાં કર્યાં છે. એક એવી માન્યતા છે કે ઇન્ટરનેટ ધરાવનારને સમગ્ર વિશ્વમાં કોઈની પણ સાથે આંતરવ્યવહાર કરવાનું પૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે. પરંતુ સ્વાતંત્ર્ય મેળવવા માટે પુષ્કળ પૈસાવાળા હોવું જરૂરી છે. ઇન્ટરનેટના વિશ્વમાં પ્રવેશવા માટે જેટલાં નાણાંની જરૂર છે તેનાથી આપણા દેશના એક કુટુંબને એક વર્ષ સુધી ખોરાક પૂરો પાડી શકાય છે! આ વિશ્વમાં એક બાજુ તમે સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવતા હોવાના ભ્રમમાં રાચો છો જ્યારે બીજી બાજુ વાસ્તવમાં સામાજિક અવ્યવસ્થાનું વિશ્વવ્યાપી તંત્ર ઊભું થાય છે, જેમાં માહિતીઓના આ સમગ્ર જગતના ક્યાંકથી નિયંત્રણ અને સંચાર થાય છે. કેટલાક મોટા ખેલાડીઓ આ સઘળાનું નિયંત્રણ ધરાવે છે.

ઇન્ટરનેટથી જીવન વધુ સરળ બને છે એવું માનવામાં આવતું હોય તો તે ભ્રમ છે. ઇન્ટરનેટ ભ્રમ પેદા કરે છે; નિયંત્રણનો ભ્રમ, સત્તાનો ભ્રમ, મુક્ત માહિતી અને સંચારનો ભ્રમ, અમર્યાદિત જાણકારી અને ડહાપણનો ભ્રમ, સમગ્ર વિશ્વને આંતરજોડાણ દ્વારા નજીક લાવતું હોવાનો ભ્રમ.

ઇન્ટરનેટથી શિક્ષણ મળે છે એ કરતાં કંટાળો મળે છે એમ કહેવું વધારે પર્યાપ્ત છે. ઇન્ટરનેટને તમે કલાકો સુધી વળગી રહો, એક એક પાન ભટકો, વિષય વિષય ખૂંદો, દેશ દેખ ફરી વળો અને કમ્પ્યૂટરથી કમ્પ્યૂટર રખડો તો આ પ્રવાસ તમને ક્યાંયે નહીં દોરી જાય. તમે કોઈ એક વિષયને વળગી નહીં રહો તો તમે કશું ચોક્કસ મેળવી નહીં શકો. કમ્પ્યૂટરના અફાટ વિશ્વમાં વિષયાંતરો કરતા રહેવાથી કલાકોના પ્રવાસ પછી કંટાળા સિવાય બીજું કશું હાથ નહીં લાગે. મહિતીઓના દરિયામાં તરતા રહેવાથી કશું જ્ઞાન નહીં મળે. આ માટે તો ઉપલબ્ધ માહિતી કે જાણકારીને પચાવવી પડે, એનું મનન કરવું પડે અને વિવેકબુદ્ધિપૂર્વક એનું મંથન કરવું પડે.

મિડલસેક્સ યુનિવર્સિટીમાં વિજ્ઞાનના વિઝિટિંગ પ્રોફેસર, આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત વિજ્ઞાની અને મૂળે પાકિસ્તાનના વતની એવા ઝિયાઉદ્દીન સરદારના મતે ઇન્ટરનેટમાં પુષ્કળ બીભત્સ સાહિત્ય પડેલું છે. આપણા દેશમાં આનો પરિચય આપણે મેળવી ચૂક્યા છીએ. ઇન્ટરનેટ ઉપર ૬૦ જેટલાં સમાચારજૂથો અને ખાનગી રાહે ચાલતા હજારો બુલેટિન બોર્ડ હાલમાં અસ્તિત્વ ધરાવે છે જેમનું કાર્ય છે બીભત્સતા અને જાતીય વિકૃતિઓને બહેકાવવી. આ બધું 'અભિવ્યક્તિની સ્વતંત્રતા'ના નામે થઈ રહ્યું છે. ઇન્ટરનેટના ગ્રાહકો ઘરે બેઠા કમ્પ્યૂટરના પડદા ઉપર મનપસંદ બીભત્સ ચિત્રો જોઈને પોતાની જાતીય વૃત્તિઓને ભડકાવી રહ્યા છે.

ઇન્ટરનેટનો ઉદ્ભવ કેવી રીતે થયો ? અગાઉ ઉલ્લેખ કર્યું તે સાઈબરસ્પેસ, ઇતિહાસ અને ઇતિહાસ ઘડનારાં વાસ્તવિક લોકોનો નાશ કરશે. આ મુદ્દો સમજવો થોડો મુશ્કેલ છે, પરંતુ અમેરિકન મિલિટરીમાં ઇન્ટરનેટ ટેક્નોલોજીના ઉપયોગ જે રીતે કરવામાં આવી રહ્યો છે એના આધારે એની થોડી સ્પષ્ટતા થશે. અગાઉ અદ્યતન લશ્કરી વિમાનો ઉડાડવાની તાલીમ ત્યાંના લશ્કરી વિમાનચાલકોને નરવી વાસ્તવિકતાના સલામત અને બિનખર્ચાળ માર્ગે આપવામાં આવતી. આમાં અગાઉના લશ્કરી વિમાનચાલકોએ વિમાન ચલાવતી વખતે, લક્ષ્યસ્થાને બૉમ્બ નાખતી વખતે કરેલી ભૂલોનું વિગતવાર દર્શન કરાવવામાં આવતું. ઇન્ટરનેટ આવી ગયા પછી અમેરિકન ડિફેન્સ ઇન્ડસ્ટ્રીએ તેના અન્ય 'બુદ્ધિશાળી' ઉપયોગો વિચારી કાઢ્યા છે. એમાં વાસ્તવિકતાને સ્થાને મનોરંજનને નામે અમેરિકન પાઈલોટોને ઇન્ટરનેટ ઉપર એવાં દૃશ્યો મચડીને બતાવવામાં આવે છે જેમાં ગલ્ફ વૉર દરમિયાન ઇરાકનાં લક્ષિત સ્થાનો ઉપર બૉમ્બ ફેંકીને વિનાશ સર્જવામાં નિષ્ફળ નીવડેલાં યુદ્ધવિમાનોનું રીહર્સલ કરવામાં આવે છે.

વાસ્તવમાં માનવે વિકસાવેલી અન્ય અનેક અદ્યતન ટેક્નોલોજીની માફક સાઈબરસ્પેસનો ઉદ્ભવ પણ લશ્કરમાંથી થયેલો છે. વિશ્વની મહાસત્તાઓ વચ્ચે શીતયુદ્ધની સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે સંભવિત અણુયુદ્ધ વખતે કૉમ્યુનિકેશનના ફૂલપ્રૂફ માર્ગ તરીકે ઇન્ટરનેટનો ઉદ્ભવ થયો. યુનિવર્સિટી સંશોધન કેન્દ્રો અને અમેરિકન મિલિટરી ડિપાર્ટમેન્ટ વચ્ચેના કમ્પ્યૂટર જોડાણ તરીકે ઇન્ટરનેટનો વિકાસ કરવામાં આવ્યો.

વર્તમાન સમસ્યા : સાઈબરસ્પેસનો મુખ્ય ઉદ્દેશ્ય જ બિન-પાશ્ચાત્ય ઇતિહાસને જગતનાં પાનાંઓ ઉપરથી ભૂંસી નાખવાનો છે. ઇન્ટરનેટનાં પાનાંઓ નવીન, વાસ્તવમાં મચડેલી ઐતિહાસિક વિગતો વડે ભરવામાં આવી રહ્યાં છે.

'ધ પાયોનિયર' સામયિકમાં ફ્રેડરિક નોરોના દ્વારા લેવામાં આવેલા ઝિયાઉદ્દીન સરદારના ઇન્ટર્વ્યૂમાં એમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે હાલમાં જે માર્ગે ઇન્ટરનેટ વિકસી રહ્યું છે તે જોતાં ત્રીજા વિશ્વનાં રાષ્ટ્રો માટે એ કોઈ રીતે ઉપયોગી પુરવાર નહીં થાય. હાલમાં ઇન્ટરનેટ દ્વારા (ભારત જેવા) ત્રીજા વિશ્વના બૌદ્ધિકો પ્રથમ વિશ્વના દેશોના બૌદ્ધિકો સાથે સતત સંપર્કમાં રહેશે, જે દ્વારા તેઓ આપણા દેશની આમજનતા અને સમાજથી વધુ ને વધુ વિખૂટા પડતા જશે.

ઇન્ટરનેટ આર્થિક સત્તા અને માહિતીના શસ્ત્ર જેવું બનશે. એનો ઉપયોગ કરીને ધનવાનો વધારે સત્તાવાન બનશે. પણ ગરીબ, બહુમતી જનસંખ્યા વધારે શોષણ પામશે, કેમ કે એક સત્ય આપણે ભૂલવું જોઈએ નહીં કે શિક્ષણના નામે જગતમાં જે કંઈ પ્રયોગો થયા છે એમાં અલ્પસંખ્યક શિક્ષિતોએ બહુસંખ્યક અશિક્ષિત ગરીબોનું જાણેઅજાણે શોષણ કરવામાં પાછું વાળીને જોયું નથી.

ઇન્ટરનેટ વિશે બહુ ઉત્તેજિત થવાની જરૂર નથી. પહેલાં

એની શક્તિઓ અને અશક્તિઓનો અભ્યાસ કરવાની જરૂર છે. ઉપરાંત ત્રીજા વિશ્વના દેશોએ પહેલા પાયાની સેવાઓ વિકસાવવામાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણને સંચાર માટે કાર્યક્ષમ ટેલિફોન નેટવર્કની વધારે જરૂર છે. હાલ જ્યારે બે ગામડાંઓ વચ્ચે ટેલિફોન કરવાની સુવિધા હજુ આપણા માટે એકવીસમી સદીનું સપનું થઈને બેઠી છે ત્યાં ઇન્ટરનેટની લક્ઝરી અને ઝાકઝમાળ આપણને પોષાય તેમ નથી.

- ડૉ. કિરણ શીંગ્લોત ('લોકોસ્ટ ફિચર્સ'માંથી ટૂંકાવીને)

દાંત કેટલી વખત સાફ કરવા જોઈએ ?

દાંત તમે દિવસમાં કેટલી સાફ કરો છો એ અગત્યનું નથી. પણ કેટલા વ્યવસ્થિત અને અસરકારક રીતે સાફ કરો છો એનું મહત્ત્વ છે. આ બાબતમાં આપણા દેશ અને પાશ્ચાત્ય જગતમાં વસતાં લોકો માટે તબીબી ભલામણ અલગ અલગ છે. આપણી ધાર્મિક અને સામાજિક પરંપરાં એવી રહી છે કે સવારે ઊઠીને સૌપ્રથમ દાતણ કે બ્રશ કરવું. રાત્રે બ્રશ કરીને સૂવાની આદત ઘણાં ઓછાં લોકોને હોય છે. એટલે આખો દિવસ આપણે જે કંઈ ખાધા કરીએ છીએ તેના કણો દાંતમાં ભરાઈ રહે છે. આની છારી બાઝે છે અને અનાજના આ કણો દાંતને સતત હાનિ કરતા રહે છે. આ આદતને લીધે જીભ અને લાળની રક્ષણાત્મક અસરનો પણ આપણને લાભ મળતો નથી. જો રાત્રે સૂતા પહેલાં મોં અને દાંતની અંદર ભરાયેલા અનાજના કણોને બ્રશ વડે સાફ કરવામાં આવે તો દાંતની અંદર છારી ઓછી જામે અને દાંતની આવરદા પણ વધે. આથી જ રાત્રે સૂતા પહેલાં બ્રશ કરવાની આદત આપણે ત્યાં લોકોએ કેળવવી જોઈએ એવી તાતી જરૂરી છે. ('આપણું સ્વાસ્થ્ય')

નાસપાતી

જૂન મહિનાના આખરના દિવસોમાં નાસપાતી ફળોની રેંકડીઓ તથા ફળોની દુકાનોમાં દેખાવા માંડે છે. આ ફળ બદહસાન નામથી અફઘાનિસ્તાન પ્રદેશમાં જાણીતું છે. તે સ્વાદિષ્ટ અને મધુર હોવાથી તેને 'અમૃતફળ' કહે છે.

નાસપાતી વીર્યની વૃદ્ધિ કરે છે અને અમૃતસમું મીઠું હોવાથી ત્રિદોષ (વાત, પિત્ત તથા કફ)ને મટાડે છે. તેમાં ખાટો, મીઠો તથા તૂરો રસ હોય છે. મીઠો રસ વિશેષ હોય છે. ફળ પૂરેપૂરું પાકેલું હોય તો અમૃત જેવો મીઠો રસ ધરાવતું હોય છે, એટલે તો તેને વાયુ, પિત્ત તથા કફ એ ત્રણે દોષોને મટાડનાર સર્વોપયોગી નિર્દોષ ફળ માનવામાં આવે છે.

વાયુ, પિત્ત, કફ એ ત્રણે દોષોને મટાડતું હોઈ તે સમશિતોષ્ણ છે. વળી, તેમાં તૂરો રસ હોવાથી નાક, કાન તથા દાંતમાંથી કે ઝાડામાં લોહી પડતું હોય તો તેને બંધ કરે છે. બાળકો, નિર્બળ વૃદ્ધો તથા નિર્બળ રોગીઓને તેનો રસ આપવાથી વીર્ય એટલે શક્તિ વધે છે. તે રક્તસ્રાવને રોકતું હોવાથી નસ્કોરી ફૂટતી હોય તેમને માટે સારું કામ કરે છે. સ્ત્રીઓનાં દરદોમાં પણ શક્તિપ્રદ અને લાભકારક છે. નાસપાતી લોહી શુદ્ધ કરે છે અને શરીરમાં લોહીની વૃદ્ધિ કરે છે. - વૈદ્ય રમણીકલાલ ધી. ઠાકર

બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે, આધાર સૌને સહુનો રહ્યો જ્યાં;
લે છે સહુ કૈં સહુને દઈ કૈં, આભાર સૌનો સહુ ઉપરે છે.


કલાપી

ઈ. ૧૯૨૩ની વાત છે. કોઈ મહાપુરુષ બુડાપેસ્ટની એક હોટેલની રૂમ નંબર ૩૨૩માં ઊતરેલા. આજે એ હોટેલ એ રૂમ ખાલી હોવા છતાં કોઈ પ્રવાસીને એમાં ઉતારો આપતી નથી, કારણ કે એક કાળે ત્યાં પેલી મહાન વ્યક્તિને ઉતારો અપાયો હતો. એના સન્માનમાં ત્યાર પછી તે રૂમમાં કોઈને ઉતારો અપાતો નથી. આ મહાન સર્જક તે રવીન્દ્રનાથ ટાગોર.

*

ગળુંના રૂઢપ્રયોગો

- ગળું કરવું - છેતરવું
- ગળું કાપવું - વિશ્વાસઘાત કરવો
- ગળું પકડવું - પાછળ પડવું
- ગળું ભરાઈ આવવું - લાગણીથી ગળગળા થવું
- ગળે આવવું - જીવ ઉપર આવી જવું
- ગળે ઊતરવું - સમજાવું
- ગળે ટાંટિયા ભરાવા - મુશ્કેલ સ્થિતિમાં મુકાવું
- ગળે પડવું - માથે નાખવું
- ગળે વળગાડવું, નાખવું - જવાબદારી ઓઢાડવી



'બાપા, ભગવાનને પ્રાર્થના કરો કે પૂર આવે જેથી આપણને ખાવા માટે સરકાર તરફથી ફૂડ પેકેટ મળે...' ('સ્ત્રી'માંથી)



સાઇકલ ચલાવતો શ્વાન : ૩ વર્ષનો મોમોટારો નામનો ડાલ્મેટિયન શ્વાન સારી રીતે સાઇકલ ચલાવી શકે છે. જપાનના ટોકિયો નગરના ટોગેન સિટી પાર્કમાં છોકરાંઓ આ સાઇકલસ્વાર શ્વાનને જોવા માટે ટોળે વળે છે.

*

ગણિતગમ્મત

ત્રગડાનો છ વખત ઉપયોગ કરી ૧૦૦ ની સંખ્યા+ બનાવો.

*

વંદા થતા હોય તે ઉપદ્રવવાળા સ્થાને કુંવારપાઠાનો કકડો મૂકવાથી વંદા દૂર જતા રહેશે.

*

કેરીની ગોટલીને સૂકવી તેનું ચૂર્ણ બનાવી તે શરીર પર ઘસીને ન્હાવાથી અળાઈ શમે છે.

*

અભિનેત્રી મેરીલીન મનરોનો, એક સ્વિમિંગ સૂટ, હરાજીમાં પાંચ લાખ રૂપિયામાં વેચાયેલો છે!

*

દક્ષિણ અમેરિકામાં વીસ ફૂટ જેટલા લાંબા મગરો હોય છે.

*

વર્ષો પહેલાં, રોમમાં ઘંટ વગાડીને જનતાને ખબર આપવામાં આવતી હતી : 'ન્હાવાનો સમય થયો છે.'

+ઉકેલ : ૩૩ x ૩ x ૩ + ૩ ÷ ૩ = ૧૦૦

દેશમાં સુરાજ્ય હોય, ત્યારે કંગાળ અને સાધારણ સ્થિતિમાં રહેવું એ શરમભરેલું છે; દેશમાં જ્યારે અંધેર અને પોપાંબાઈનું રાજ્ય ચાલતું હોય, ત્યારે ધનવાન થવું કે સરકારી અમલદાર થવું એ શરમભરેલું છે.
(કોન્ફ્યૂશિયસ)

ઉત્તર અમેરિકાના ઓટાવા શહેરના પિયાસો નામના ગામમાં, એક ગાય સફેદ દૂધને બદલે રંગીન દૂધ આપે છે!

*

'સાહેબ! તમારા ચપરાસી રામુનો પિતા બોલું છું. જરા એને ફોન આપશો?'

સાહેબ : 'એ તો બપોરે જ નીકળી ગયો છે!'

'ક્યાં ગયો છે તેનો કંઈ ખ્યાલ છે?'

'હા, તમને હૉસ્પિટલમાં દાખલ કરવા.'



કલાકણિકા : સાતમાં સદીના ઉત્તરાર્ધમાંની નારા શાસનકાળની જપાનની ધ્યાનસ્થ બુદ્ધપ્રતિમા, જે બ્રૉન્ઝમાંથી બનાવાઈ છે અને જેને સોનાનો ઢોળ ચઢાવાયો છે.